૨૯૭

# ગુજરાત રાજ્યમાં અનુદાન મેળવતાં આદિવાસી છાત્રાલયો
## (એક મૂલ્યાંકન અભ્યાસ)


અહેવાલ લેખન

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

શ્રી ગિરીશ ભટ્ટ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૭


૨૧૭

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| | આભાર | |
| ૧ | પ્રસ્તાવના | ૧ |
| ૨ | મૂલ્યાંકનની ભૂમિકા | ૧૫ |
| ૩ | છાત્રાલયનું કલેવર અને તેના અંગો | ૨૩ |
| ૪ | છાત્રાલયમાં રહેતા બાળકોની સ્થિતિ અને સિધ્ધિઓ | ૧૦૨ |
| ૫ | છાત્રાલયની સમાજ પર અસર | ૧૨૮ |
| ૬ | છાત્રાલય: પ્રશ્નો, તારણો અને સુઝાવો | ૧૩૩ |
| - | પરિશિષ્ટ | ૧૪૫ |
| - | સંદર્ભસૂચિ | ૧૫૮ |

## આભાર

ક્ષેત્રકાર્યની પૂર્વભૂમિકાથી શરૂ કરી અહેવાલ લેખન સુધીમાં ઘણા તરફથી સાથ સહકાર મળ્યા છે. દરેકનો વ્યક્તિગત આભાર માનવો શક્ય નથી, પણ આમાં મહત્વનું માર્ગદર્શન અને દિશાસૂચન કરનાર તેમજ અભ્યાસને અહેવાલરૂપે તૈયાર કરવામાં જેમણે મદદ કરી છે તેમને યાદ ન કરું તો કૃતઘ્ન ગણાઉં.

રાજ્યમાં છાત્રાલયનો ઈતિહાસ જુનો છે, આમ છતાં આને અભ્યાસરૂપે બહાર લાવવામાં કામ થયું નથી તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ પ્રશ્ન અતિ મહત્વનો હોવા છતાં આના તરફ કોઈએ અભ્યાસરૂપે લક્ષ્ય ન આપ્યું તે આશ્ચર્યની બાબત છે.

પરંતુ વર્તમાન સરકારના આદિજાતિ વિકાસ વિભાગનું ધ્યાન આના તરફ ગયું. વિભાગને છાત્રાલયની વર્તમાન સ્થિતિ જાણવાની અને તેના પ્રશ્નો જાણવાની ઈચ્છા થઈ અને તેમણે આ કામ સંશોધનમાં અતિ રસ લેનાર એવી સંસ્થા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યુ એટલું જ નહિં પરંતુ આ વિભાગના કમિશનર શ્રી સોયંતર સાહેબે અભ્યાસ સંબંધી માર્ગદર્શક બાબતો તરફ ધ્યાન દોર્યું અને સૂચનો આપ્યાં તે બદલ તેમનો અને વિભાગ તરફ આભાર વ્યક્ત કરીએ છીએ.

રાજ્યમાં મોટાભાગના છાત્રાલયો સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલે છે. સ્વૈચ્છિક સંસ્થાનું કામ ગુજરાત માટે ગૌરવ રૂપ છે. આવી સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકો જેમાં ખાસ કરીને ભીલ સેવા મંડળના શ્રી જાલજીભાઈ ડિંડોઈ, વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળના સંચાલકશ્રી ચંદુભાઈ પટેલ, ભરૂચ જિલ્લા આદિવાસી સેવા મંડળના શ્રી ધર્મેન્દ્રસિંહ મહિડા તેમજ આ ક્ષેત્રમાં કામ કરી રહેલાં અન્ય વડિલોના તો અમે ઘણા ઋણી છીએ. એમના તરફથી આ વિષય સંબંધે અમોને ઘણું જ શીખવાનું મળ્યું છે.

અમારા અભ્યાસ કાર્યમાં પાયારૂપ અને આધાર સ્થંભ સમા છાત્રાલયના ગૃહપતિ-ગૃહમાતા, છાત્રો, છાત્રોના વાલીઓ, પ્રશાસનમાં કામ કરતા સમાજકલ્યાણ ખાતાના અધિકારીઓ વગેરેનો સહકાર ઘણો જ હતો. તેમના સાથ વગર આટલા ટૂંકા સમયમાં આ કામ થઈ શક્યું ન હોત. આ બધાની યાદ ક્યારેય નહિ વિસરાય. તે સૌના આભારી છીએ.

અને છેલ્લે, છતાં સૌથી મહત્વના એવા આદિવાસી કેન્દ્રના નિયામકશ્રી કે જેઓ જુદા જુદા પ્રશ્નો, વિકાસમાં અને વિષયના મૂલ્યાંકનમાં અતિ રસ લઈ રહ્યા છે, એમણે એમના અનુભવનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપી જરૂરી સૂચનો કરી આ વણખેડાયેલ ક્ષેત્રની શરૂઆત કરી અહેવાલને સમૃધ્ધ કરવામાં પ્રોત્સાહિત કર્યા છે. તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

ગિરીશ ભટ્ટ

## પ્રકરણ-૧

## પ્રસ્તાવના

આદિવાસીઓ આપણા દેશના વાસીઓ છે. આપણી ભારતભૂમિનાં સંતાનો છે. આપણા ભાઈ-બહેનો છે. સ્વરાજયોત્તર કાળમાં આવાં આદિવાસીઓના જીવનના સર્વાંગી વિકાસ માટે, સરકારે ભગીરથ પ્રયત્નો આદર્યા છે. સરકારના આ પ્રયત્નોમાં સેવાભાવી સ્વૈચ્છિક અને બિનસરકારી સંસ્થાઓએ પ્રશંસનીય સાથ આપ્યો છે. આપણા બંધારણે પણ આદિવાસી ભાઈ-બહેનો અને તેમના સંતાનોના સર્વાંગી વિકાસને માટે વૈધાનિક જોગવાઈની સૂચનાઓ આપેલી છે.

આ સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતાં અગત્યનાં માધ્યમોમાંનું એક માધ્યમ શાળા છે. આદિવાસી બાળકોના શિક્ષણને માટે, ખાસ કરીને સ્વરાજ્ય મળ્યા પછી સારી સુવિધાઓ થઈ છે. એ બાળકોનાં શિક્ષણ માટે છાત્રાલયો પણ વધુ થવા લાગ્યાં. આજે ગુજરાતમાં ૧૨૦૦ જેટલાં છાત્રાલયો ચાલે છે, જેમાં આદિવાસી બાળકો માટેનાં ૫૧૨ છાત્રાવાસો છે.

માણસ એકલા અટૂલા રહેવાનું પસંદ કરતો નથી. એને કુટુંબ છે, એને સંબંધીઓ છે, એને પોતાનો સમાજ પણ છે. એણે જ પોતાનું કુટુંબ, સમાજ અને દેશ જેવી સંસ્થાઓ ઉભી કરી છે. માણસને સંસ્કૃત બનાવનારી જે અનેક સંસ્થાઓ છે, તે પૈકી શાળા અગ્રરૂપે આવે છે. એ શાળા જો વસાહતી સ્વરૂપની હોય તો શાળા સંસ્થાની સાથે છાત્રાલય સંસ્થા માણસના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.

છાત્રાલય બાળક ઘડતરના જે અનેક કામો કરે છે તેમાં સંસ્કાર ઘડતર મુખ્ય કહી શકાય. એક રીતે કહીએ તો છાત્રાલય એ મુખ્યતઃ સંસ્કૃતિનું કેન્દ્ર છે, અને સંસ્કૃતિના બધાં અંગો ત્યાં કેળવાવાં જોઈએ, પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચે મુખ્ય ભેદ એ છે કે પ્રકૃતિ એની મેળે વહ્યા કરે છે, જયારે સંસ્કૃતિ બુધ્ધિ પુરઃસર કરાતા પ્રયત્નના સાતત્યથી જ જળવાય છે અને વહે છે. સંસ્કૃતિ કોઈ વ્યાખ્યાનમાં, ચોપડીમાં કે કળા સંગ્રહમાં રહેલી નથી હોતી એ તો જીવનનો વિષય છે, જાગૃતિનો વિષય છે, વિચારપૂર્વક કેળવાયેલી ટેવોનો વિષય છે અને એ બધું છાત્રાલય જીવનથી જ મળી શકે.

આગળ જણાવ્યું તે મુજબ છાત્રાલય બાળકોની કેળવણીમાં ખૂબ જ અગત્યનું અને પાયાનું પ્રદાન કરે છે, અને તે કેળવણી એટલે માત્ર યાદદાસ્ત નહિ, ગતાનુગતિક ક્રિયા નહિ, કે માત્ર સારા સારા વિચારો પર પ્રીતિ એ પણ નહિ પરંતુ, **"નીરક્ષીર ન્યાયે વિચાર કરી પ્રાપ્ત કર્મમાં શાંત મને મથ્યા રહેવાની આવડત આપે તે કેળવણી."** આવી કેળવણી શાળાના ઓરડામાં ખૂબ મર્યાદિત અપાય, શાળાના ઓરડા હકીકતોનો ભંડાર આપે, હકીકતોનું વર્ગીકરણ કરતાં પણ શીખવે, ભાષા-ઈતિહાસ વગેરે વિષયો દ્વારા ભાવનાનું રસાયણ

પણ આપે, પણ કેળવણી જાણવા કે ભાવના સેવવામાં સમાપ્ત થતી નથી. જાણીને કે ભાવના સેવીને છેલ્લે તે કર્મની કસોટીએ ચડાવવાનું હોય છે. તે કર્મની કસોટીએ ચડે છે ત્યારે જ જાણકારી અને ભાવના જ્ઞાનનું સ્વરૂપ લે છે. તરવા માટે જેમ પાણીની, સિપાહી માટે જેમ પરેડના મેદાનની, વ્યાપારી માટે જેમ દુકાનની અને ખેડૂ માટે જેમ ખેતરની જરૂર છે, તેમ વિદ્યાર્થીને પોતાનું જ્ઞાન અને ભાવનાનું તથ્યા-તથ્ય તપાસી, તથ્યને આત્મસાત્ કરવા માટે છાત્રાલય જેવા સમાજની જરૂર છે.

સમાજની સુવ્યવસ્થા અને અભ્યુદય માટે સારાં મા-બાપની જેટલી જરૂર છે તેટલી જ જરૂર સારાં છાત્રાલયોની છે. આટલાં સારાં મા-બાપ પૂરતાં છે. હવે વધારેની જરૂર નથી એમ જેમ મા-બાપ માટે કહી શકાતું નથી, તેમ છાત્રાલયો માટે પણ કહી શકાય તેમ નથી. The more, The merrier ની અંગ્રેજી ઉક્તિ આ કાર્યક્ષેત્રમાં આબાદ લાગુ પડે છે.

આમ છાત્રાલય એ સમાજની એક જરૂરિયાત છે. ખાસ કરીને ગરીબ અને સાધારણ કુટુંબના, આદિવાસી અને પછાતવર્ગના કુટુંબના બાળકોને સાંસ્કારિક વાતાવરણમાં રહીને વ્યાવહારિક કેળવણી લેવાનું એક અગત્યનું સાધન છે, એક મહત્વનું માધ્યમ છે. જો છાત્રાલય ન હોય તો ગામડે-ગામડે રહેનારા આદિવાસી પરિવારો પોતાનાં બાળકોને માધ્યમિક તથા ઉચ્ચ પ્રકારની કેળવણી કઈ રીતે આપી શકે ? જેમ શાળા-કોલેજની સગવડ જરૂરી છે તે જ રીતે છાત્રવૃત્તિ પણ સમાજની એક જરૂરિયાત છે. જેથી ગરીબ અને પછાતવર્ગના બાળકોને અભ્યાસ કરવાની તક મળે છે અને ભવિષ્યમાં તેઓ પોતાનો તથા કુટુંબનો સારી રીતે નિર્વાહ કરી શકે છે; એટલું જ નહિ પણ તે એક સારો નાગરિક બનીને સમાજ, દેશ તથા ધર્મની પણ રક્ષા કરી શકે છે.

આમ, છાત્રાલયના સમુચિત વાતાવરણમાં રાષ્ટ્ર ઘડાય છે, સમાજ ઘડાય છે, શરીર, મન, વાણી, ટેવ, લાગણી, સામાજિકતા- અરે, આખી ભાવિ સંસ્કૃતિ અને સભ્યતા ઘડાય છે.

આ ઉપરાંત બાળકો માટે છાત્રાલયના કેટલાંક યથાર્થ ઉદ્દેશો છે :

(૧) છાત્રો સંઘ જીવનથી કેળવાય

(૨) સ્વાવલંબી જીવન કેળવે

(૩) સહકારની ભાવના કેળવે

(૪) વ્યવસ્થા શક્તિ વિકસાવે

(૫) શારીરિક અને માનસિક સૌષ્ઠવ કેળવે

(૬) ખેલદીલીના ગુણ વિકસાવે

(૭) કાર્યમાં એકાગ્રતા કેળવે

(૮) વિનમ્રતાનો ગુણ વિકસાવે

(૯) નેતાગીરીના ગુણ વિકસાવે

(૧૦) યથાર્થ વલણો ઘડતા થાય

(૧૧) સાંસ્કૃતિક પરંપરાના સંસ્કારો જાળવે

(૧૨) નૂતન ક્ષિતિજોથી પરિચિત થાય- અનુસરે, કેળવે.

(૧૩) ભાવિ જીવન માટે યથાર્થ શક્તિ સંચય કરે.

ઉપરોકત ઉદ્દેશોને નજરમાં રાખી ભારતનાં બીજાં રાજયો કરતાં ગુજરાત એક એવું રાજય છે જયાં આદિવાસી ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત આદિવાસી બાળકોના શિક્ષણ માટે છાત્રાલયો ઠીક સંખ્યામાં ગોઠવાયેલાં છે. ગુજરાતમાં આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં આ છાત્રાલયોએ સારો ભાગ ભજવ્યો છે અને એનું શ્રેય સરકારી તંત્રની સાથે સાથે ગાંધી માર્ગે ચાલનારા સામાજિક કાર્યકરોના ભાગે જાય છે. બીજાં રાજયોમાં આવા સંનિષ્ઠ કાર્યકરોની અછત હોવાથી આ દિશામાં ધાર્યુ પરિણામ લાવી શક્યા નથી તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

**ગુજરાતનાં આદિવાસી છાત્રાલયો**

ગુજરાતની પૂર્વતમ પટ્ટીમાં એટલે કે દાંતાથી ડાંગ સુધીના વિસ્તારમાં લાખોની સંખ્યામાં આદિવાસીઓ છે. આ વિસ્તાર સિવાય રાજયનાં બીજા સ્થળોમાં પણ તેમની વસતિ ઠીક ઠીક છે. જે આદિવાસીઓ અન્ય સમાજથી તદ્દન અલાયદુ જીવન જીવે છે. તેમનો સમાજ, તેમની સંસ્કૃતિ તેમનું વ્યક્તિત્વ વગેરે જુદાં છે, પરંતુ સાથો સાથ તેઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે અન્ય સમુદાયોથી ઘણા પાછળ છે. તેમના આર્થિક અને સામાજિક વિકાસ માટે તેમનામાં શૈક્ષણિક રીતે વિકાસ થવો જરૂરી છે, અને આથી સ્વાતંત્ર્ય પહેલાંના સમયથી આદિવાસીઓના શિક્ષણ માટે પ્રયત્નો થતા રહ્યા પરંતુ તેનું જોઈએ તેવું પરિણામ આવ્યું નહિ.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી અને બંધારણનું ઘડતર થયું. બંધારણમાં પણ પછાત જાતિના ઉત્કર્ષને માટે વિવિધ કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી અને તેમાં બંધારણની કલમ-૪૬માં કેન્દ્ર અને રાજય સરકારને નબળા વર્ગોની શૈક્ષણિક તથા આર્થિક ઉત્કર્ષની ખાસ જવાબદારી સોંપવામાં આવી.

તદાનુસાર પ્રજાના નબળા વર્ગોમાંના અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે રાજ્યે ખાસ પ્રબંધ કરવાનો રહે છે.

બંધારણના નિયમાનુસાર સરકાર છેલ્લાં ૫૦ વર્ષથી અસંખ્ય શિક્ષણ સુવિધાઓ આદિવાસીઓને પૂરી પાડે છે. સરકારને એ વસ્તુ બરોબર સમજાઈ ગઈ હતી કે તેમને (આદિવાસીને) જો બહુ મોટા પાયા પર મદદ નહિ કરાય તો તેઓ તેમની ગરીબાઈ અને પછાતપણાને લીધે સામાન્ય સ્તર સુધી ઊભા નહિ થઈ શકે, અને તેથી છેલ્લી પંચવર્ષિય યોજનામાં ભણતરને લગતી અનેક યોજનાઓ ઘડાઈ અને આપણે વધુ ઊંડાણમાં ગયા વગર કહી શકીએ કે આ જાતિઓનો શૈક્ષણિક વિકાસ છેલ્લા ૫૦ વર્ષમાં જે થયો છે તે અગાઉના ૩૦૦ વર્ષમાં પણ ન હતો.

આજે પણ રાજયનાં આદિવાસી વસતિવાળા કેટલાક ગામોમાં પ્રાથમિક શાળાઓ પણ ખોલી નથી શક્યા. ત્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર સ્કૂલોનો તો સવાલ જ ઉભો નથી થતો. એવા ઘણા કિસ્સાઓ છે કે જેમાં વિદ્યાર્થીઓએ ઘણી કઠિનાઈ પછી પ્રાથમિક શિક્ષણ મેળયા બાદ નજીકના ગામમાં માધ્યમિક સ્કૂલ ન હોવાથી શિક્ષણ પડતું મૂકવું પડે છે, અને આથી શૈક્ષણિક વિકાસ માટે **'હોસ્ટેલ'** નો ધારો આવ્યો અને તેથી કહી શકાય કે પછાતવર્ગને શૈક્ષણિક રીતે અન્ય સમાજની સમકક્ષ લાવવાના ભારતીય બંધારણમાં રાખવામાં આવેલ લક્ષને સિધ્ધ કરવા માટે વિવિધ રાજય સરકારો અને ભારત સરકાર દ્વારા વિવિધ સ્તરે અમલમાં મૂકવામાં આવેલ અનેકવિધ યોજનાઓ પૈકી ''છાત્રાલય યોજના'' ખૂબજ મહત્વની છે.

છાત્રાલય ચાલુ કરવાના કાર્યમાં ફક્ત સરકાર બધું ન કરી શકે અને તે માટે માનદ્ સંસ્થાઓએ ભાગ લેવો જોઈએ. ગુજરાતમાં આ કાર્ય માનદ્ સંસ્થાઓએ ખૂબજ સારી રીતે ઉપાડી લીધું છે. રાજયમાં ઘણી જગ્યાએ આ સંસ્થાઓ સ્કૂલ અને છાત્રાલય બન્ને ચલાવે છે, તો કોઈ વળી ફક્ત છાત્રાલય ચલાવે છે. છાત્રાલય ચલાવવાનું ખૂબજ ખર્ચાળ હોવાથી સરકારની મદદ વગર ચલાવવું શક્ય નથી, અને રાજયમાં સરકારે આ યોજનાને માટે લગભગ બધી મદદ આપવાનું સ્વીકાર્યું છે તેમ કહી શકાય.

રાજયમાં આદિવાસીની મુખ્ય વસતિ ધરાવતા આઠ જિલ્લામાં તેમજ અન્ય બિન આદિવાસી જિલ્લાઓમાં આદિવાસીઓ માટેના સરકારી અને સરકારી અનુદાન મેળવતા છાત્રાલયોની વિગતો જિલ્લાવાર વિગત કોઠા નં.૧:૧માં છે.

કોઠા નં. ૧:૧

રાજયમાં આવેલ અનુસૂચિત જનજાતિનાં જિલ્લાવાર

સરકારી અને સરકારી અનુદાન મેળવતાં કુમાર-કન્યા છાત્રાલયો

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી છાત્રાલય | | સરકારી અનુદાન મેળવતાં છાત્રાલય | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | અમદાવાદ | - | - | - | - | - | - | - |
| ૨. | અમરેલી | - | - | - | - | - | - | - |
| ૩. | કચ્છ | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | - | ૧ | - | ૨ | - | ૨ |
| ૫. | ગાંધીનગર | - | - | - | - | - | - | - |
| ૬. | જામનગર | - | - | - | - | - | - | - |
| ૭. | જૂનાગઢ | - | - | ૪ | - | ૪ | - | ૪ |
| ૮. | ડાંગ | - | - | ૧૨ | ૧૦ | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૯. | પંચમહાલ | ૩ | ૧ | ૭૫ | ૧૪ | ૭૮ | ૧૫ | ૯૩ |
| ૧૦ | બનાસકાંઠા | - | - | ૮ | ૧ | ૮ | ૧ | ૯ |
| ૧૧ | ભરૂચ | ૨ | ૧ | ૩૦ | ૧૭ | ૩૨ | ૧૮ | ૫૦ |
| ૧૨. | ભાવનગર | - | - | - | - | - | - | - |
| ૧૩ | મહેસાણા | - | - | ૧ | - | ૧ | - | ૧ |
| ૧૪ | રાજકોટ | - | - | - | - | - | - | - |
| ૧૫ | વડોદરા | ૨ | ૨ | ૩૭ | ૧૨ | ૩૯ | ૧૪ | ૫૩ |
| ૧૬ | વલસાડ | ૨ | ૧ | ૫૪ | ૩૫ | ૫૬ | ૩૬ | ૯૨ |
| ૧૭ | સાબરકાંઠા | ૧ | - | ૪૪ | ૧૭ | ૪૫ | ૧૭ | ૬૨ |
| ૧૮ | સુરત | ૨ | ૨ | ૬૬ | ૫૪ | ૬૮ | ૫૬ | ૧૨૪ |
| ૧૯ | સુરેન્દ્રનગર | - | - | - | - | - | - | - |
| | કુલ<br>ટકા | ૧૩<br>(૩.૧૭) | ૭<br>(૪.૧૯) | ૩૩૨<br>(૯૬.૨૩) | ૧૬૦<br>(૯૫.૮૧) | ૩૪૫<br>(૬૭.૩૮) | ૧૬૭<br>(૩૨.૬૨) | ૫૧૨<br>(૧૦૦) |

પ્રાપ્તિસ્થાન : સમાજ કલ્યાણ ખાતામાંથી સરકાર દ્વારા અને સરકારી અનુદાન મેળવતા અનુસૂચિત જન જાતિનાં છાત્રાલયોની માહિતી દર્શાવતું પત્રક (૧૯૮૪-૮૫ અંતિત)

ઉપરોક્ત કોઠાથી એ હકીકત સ્પષ્ટ બને છે કે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લામાં આદિવાસી છાત્રાલયોની સંખ્યા વિશેષ છે. તેની સામે બિનઆદિવાસી વસતિ ધરાવતા વિસ્તારમાં આદિવાસી છાત્રાોયોની સંખ્યા ઓછી છે અથવા તો નહિવત્ છે તેમ કહી શકાય. જો કે બિન આદિવાસી વસતિ તરીકે ઓળખાતા આ જિલ્લાઓમાં આદિવાસીની વસતિ કુલ આદિવાસીની વસતિના જેમ ૧૧.૦૪ ટકા છે, એ ન ભૂલાવું જોઈએ.

વળી, કોઠા ઉપરથી એ પણ જોવા મળશે કે રાજયમાં કુમાર છાત્રાલયોની સંખ્યા ૩૪૫ (૬૭.૩૮ ટકા) અને કન્યા છાત્રાલયોની સંખ્યા ૧૬૭ (૩૨.૬૨ ટકા) છે. જયારે સરકારી અને સરકારી અનુદાન મેળવતાં છાત્રાલયમાં સરકારી કુમાર છાત્રાલય ૧૩ (૩.૭૭ ટકા) અને સરકારી અનુદાન મેળવતાં કુમાર છાત્રાલય (૯૬.૨૩ ટકા) હતાં, જયારે સરકારી કન્યા છાત્રાલય ૭ (૪.૧૯ ટકા) અને સરકારી અનુદાન મેળવતાં કન્યા છાત્રાલય ૧૬૦ (૯૫.૮૧ ટકા) હતાં.

એકંદરે કુમાર છાત્રાલયોની સંખ્યા સામે કન્યા છાત્રાલયોની સંખ્યા ઓછી છે. વળી, સરકારી છાત્રાલયોની સંખ્યા તો ઘણી જ ઓછી છે.

રાજયમાં અનુસૂચિત જનજાતિના છાત્રાલય સંબંધી આંકડાકીય ચિત્રથી ત્રણ-ચાર ધ્યાનાકર્ષક બાબતો જેવી મળે છે :

(૧) કુલ છાત્રાલયોમાં સરકારી છાત્રાલયની સંખ્યા બહુ જ ઓછી છે.

(૨) કુમાર છાત્રાલયની સામે કન્યા છાત્રાલયની સંખ્યા પણ ઓછી છે.

(૩) સરકારી છાત્રાલયમાં ધોરણ ૧૨ પછી પ્રવેશ અપાય છે. એ રીતે જોતાં માધ્યમિકમાં અભ્યાસ કરતા છાત્રો કરતાં ઉચ્ચ માધ્યમિકમાં અભ્યાસ કરતા છાત્રો માટે છાત્રાવાસો નહિવત છે.

(૪) બિન આદિવાસી જિલ્લાઓમાં છાત્રાલયોની સંખ્યા માત્ર ૬ જ છે જે આદિવાસી વસતિને ધ્યાનમાં લેતાં છાત્રાલયો ઓછા કહી શકાય.

**છાત્રાલયોનો ઉદ્ભવ અને વિકાસ**

**ઉદ્ભવ :**

છાત્રાલયનો ઈતિહાસ અતિ જૂનો છે. કાળક્રમે તે જુદાં જુદાં નામે અને ચડતા-ઉતરતા ક્રમમાં આજના તબક્કે અતિ મહત્વનું પ્રદાન કરે છે. છાત્રાલયના ઈતિહાસને જાણવા માટે તેના નીચે પ્રમાણે વિભાગો કરી શકાય :

(૧) પ્રાચીન યુગમાં

(૨) મધ્ય યુગમાં (અ) પૂર્વાધ (બ) ઉતરાર્ધ

(૩) અર્વાચીન યુગ

**(૧) પ્રાચીન યુગ**

આ સમયે આશ્રમ પદ્ધતિનો ખૂબજ પ્રચાર થયેલો હતો. આ પ્રાચીન આશ્રમો જ તે સમયે વિદ્યાનાં મંદિરો હતાં. અત્યારની 'રેસીડેન્શીયલ' સ્કૂલોની જેમ તે સમયે વિદ્યાર્થીઓ આશ્રમમાં જ રહેતા અને આશ્રમોમાં જ અભ્યાસ કરતા. સામાન્ય રીતે ૧૪-૧૬ વર્ષનો છોકરો થાય એટલે તે આવા આશ્રમોમાં શિક્ષણ લેવા જતો. ઋષિઓ અને મુનિજનો તેમને શિક્ષણ આપતા. તે સમયના આ આશ્રમો આપણને કુટુંબ સ્વરૂપમાં જોવા મળતા. આચાર્ય પિતા તુલ્ય તો આચાર્ય પત્ની માતા સમાન ગણાતા. ત્યાં વિદ્યાર્થીઓને શિક્ષણ માટેના વિષયોનું તથા વ્યાવહારિકતાનું જ્ઞાન અપાતું. વિદ્યાર્થી તથા ગુરૂજનો વચ્ચે પરસ્પર ખૂબ જ હેત રહેતું. આ આશ્રમોની કેટલીક વિશેષતાઓમાં ગુરુઓનો વિદ્યાવ્યાસંગ, તેમના જીવનની સાદાઈ, ગુરુ શિષ્યનો આધ્યાત્મિક સંબંધ, શિષ્યોની વિદ્યાપરાયણતા તેમનો સુશ્રુષાભાવ, આજ્ઞાંકિતપણું વગેરે હતું.

આ સમયના આશ્રમો લોકાશ્રયે અથવા દાનથી ચાલતા. તેમના ઉપર કોઈની દખલગીરી ન હતી. વળી તે સમયે લોકોમાં એવી સમજ હતી કે ''દરેક જ્ઞાની પુરૂષોએ બાળકને મફત કેળવણી આપવી એ એનો ધર્મ છે'' નિરાધાર કે ગરીબ બાળક જીવન નિર્વાહના વ્યવસાયમાં પડી કેળવણી પ્રાપ્ત કરવાની તક ગુમાવે નહિ એટલા માટે લોકોમાં એવો પ્રચાર કરવામાં આવ્યો હતો કે શિક્ષણ લેનાર વિદ્યાર્થી કોઈના દ્વારે ભિક્ષા માંગવા આવે તો તેને ગૃહસ્થીએ બિલકુલ આનાકાની વગર અન્ન આપવું. મહારાષ્ટ્રમાંતો આ રીતે બે-ચાર ઘેર ફરી ભિક્ષા મેળવી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી હતી.

આ રીતે વિદ્યાર્થીઓ પોતાના નિર્વાહનું સમાજ પાસેથી લઈ અભ્યાસ કરતા એ આ સમયની વિશેષતા છે. વળી, એ સમયે વિદ્યાર્થીઓને કેળવણી આપવાના હેતુઓ પણ ઉત્તમ હતા,જેમકે-

(૧) બાળકોમાં પવિત્ર અને ધાર્મિક જીવન ગાળવાનો ઉત્સાહ આણવો

(૨) ચારિત્રનું ઘડતર કરવું

(૩) વ્યક્તિત્વનો વિકાસ કરવો

(૪) નાગરિક અને સામાજિક ફરજો બજાવવી એ ધર્મ છે એવા ખ્યાલો આપવા

(૫) બાળકને સામાજિક દ્રષ્ટિએ સુખી અને સંતુષ્ટ બનાવવું.

(૬) પ્રજાની સંસ્કૃતિ જાળવી, તેનો પ્રચાર કરી શકે તેવું વાતાવરણ પેદા કરવું.

ટૂંકમાં, બાળકને સમાજનું પવિત્ર અને ઉપયોગી અંગ બનાવવું એ હેતુ આશ્રમ શિક્ષણનો હતો. આ આશ્રમો તે સમયના સમાજ વિકાસના ખૂબ જ અગત્યના અંગો હતા. ત્યાં વિદ્યાર્થીઓ સમજપૂર્વક વિદ્યાભ્યાસ માટે જતા અને મહેનતપૂર્વક અભ્યાસ કરતા, જીવનનું પુરેપૂરું ઘડતર થાય તે પછી તેઓ ત્યાંથી નીકળતા અને નિશ્ચિત બની પોતાનું જીવન ગાળતા. પોતાના થયેલા જીવન ઘડતરથી તેઓ સમાજ જીવનનું ઘડતર કરતા.

(૨) **મધ્ય યુગ :**

(અ) **પૂર્વાર્ધ :**

આ સમયે પ્રાચીન આશ્રમો જેવા નહિ પરંતુ તેથી થોડા જુદા પ્રકારની વિદ્યાપીઠો જોવા મળે છે. તેમાં જુદી જુદી વિદ્યાઓનો અભ્યાસ કરાવવામાં આવતો, પરંતુ આ વિદ્યાપીઠો બહુ સંખ્યામાં ન હતી. તેમ છતાં એક-એક વિદ્યાપીઠમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા, આ વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં રહેતા અને ત્યાં જ અભ્યાસ કરતા. કેટલાક તો પરદેશથી પણ આવતા. આ સમયે વિદ્યાપીઠો રાજયાશ્રયે ચાલતી હતી. રાજાઓ તેનો ઘણો ખર્ચ પૂરો પાડતા. આ સમયની વિશેષતાઓમાં પણ ગુરૂની વિદ્વત્તા, ચારિત્ર્ય, હેત અને વિદ્યાર્થીઓમાં અભ્યાસ શીલતા, આજ્ઞાંકિતપણું, વિદ્યાનું તેજ વગેરે હતાં.

મધ્યયુગની મધ્યસ્થિતિમાં આમાં વિશેષ પરિવર્તન થયું ન હતું. પરંતુ પરિવર્તન થવાનાં ચિન્હ દેખાવાં શરૂ થઈ ગયાં હતાં, અને પરિવર્તનની વિશેષ સ્થિતિ તો મધ્યયુગના ઉત્તરાર્ધમાં આવી.

(બ) **ઉત્તરાર્ધ :**

મધ્ય યુગની ઉત્તરાર્ધમાં આ વિદ્યાપીઠો લુપ્ત થતી ગઈ. તેનું કારણ એ હતું કે આ સમયે આપણા દેશમાં અનેક આક્રમણકારી પ્રજાઓનું આગમન થઈ ચૂક્યું હતું, અને તેમણે ધર્માન્ધતાથી કે દ્વેષથી આ વિદ્યાપીઠોનો નાશ કરવા પ્રયત્ન કર્યો, એવી કેટલીક વિદ્યાપીઠોનો તેમણે નાશ પણ કર્યો. આ વિદ્યાપીઠોની સાથે સાથે તેમાંના સાહિત્યને પણ તેમણે બાળી મૂક્યું - નષ્ટ કરી દીધું તે પછી તો બધી વિદ્યાપીઠો ધીરે ધીરે લુપ્ત થતી ગઈ.

આ પછી તો શિક્ષણ અને કેળવણી માટે તો લગભગ અંધકાર યુગ જ પ્રવર્તે છે, અને તે છેક અર્વાચીન યુગના શરૂઆતનાં કેટલાંક વર્ષો સુધી આપણને જોવા મળે છે. તેમ છતાં કાશી

જેવાં સ્થળો એવાં છે કે જયાં દરેક સમયે આ જાતની વ્યવસ્થા નાના કે મોટા પાયા પર રહી શકી છે. પરંતુ તેને આપણે અપવાદ સ્વરૂપ જ ગણી શકીએ.

આમ આ ગુરુકૂળ જ વિવિધ સમયે વિવિધ પરિબળોથી પરિષ્કરણ પામતું - પામતું બ્રાહ્મણ કાળમાં આશ્રમ, બ્રાહ્મણોત્તર કાળમાં ગુરુકૂળ, બૌધ્ધકાળમાં વિહાર, પછીથી મંદિર, ક્યારેક મઠ, પીઠ, વિદ્યાપીઠ અને એવાં એવાં બીજાં વિવિધ નામો અને સ્વરૂપો ધારણ કરતું ચાલ્યું એ આપણા આજના છાત્રાલયનો પૂર્વ કાળ હતો.

**(૩) અર્વાચીન યુગ :**

અંગ્રેજોના આગમથી અને તેમના હાથમાં રાજયસત્તા આવ્યા પછી તેમના તરફથી શિક્ષણની શરૂઆત અને પ્રચાર શરૂ થયો. આમાંથી જ આગળ જઈને છાત્રાલય જેવી વસ્તુનો ઉદ્‌ભવ થાય છે.

લોર્ડ મૅકોલોએ હિન્દુસ્તાનમાં સ્વદેશી શિક્ષણની જગ્યાએ અંગ્રેજી ભાષા અને અંગ્રેજી ઢબનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. આ શિક્ષણનો પ્રચાર વધારે થવાથી અંગ્રેજી ભણનારાઓની સંખ્યા વધવા લાથી, શરૂઆતમાં તો શહેરોમાં આ શિક્ષણ પદ્ધતિ દાખલ થઈ, પરંતુ ધીરે ધીરે તે ગામડાઓમાં પણ પ્રવેશી. જો કે ગામડાઓમાં તો હજુ અર્ધસ્વરૂપે પ્રવેશી હતી અને તેથી આ ગામડાનાં વિદ્યાર્થીઓને અગવડતામાં મૂકાવું પડ્યું, કારણ કે તેઓ પોતાને ઘરે સ્થાનિક શિક્ષણની સુવિધા જેટલો જ અભ્યાસ કરી શકતા. પછીના અભ્યાસની પૂર્તિ માટે શહેરમાં આવે અથવા તો અભ્યાસ છોડી દે. આના કારણે ઘણા લોકોનો અભ્યાસ અર્ધેથી છૂટી જતો, જયારે કેટલાક જ આગળ શહેરમાં અભ્યાસ માટે જતા.

આ રીતે ગામડાના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે શહેરમાં આવવા લાગ્યા ત્યારે તેમને માટે રહેઠાણનો પ્રશ્ન ઉભો થયો, શરૂઆતમાં તો જેમનાં સંબંધીઓ શહેરમાં હોય તે તેમને ત્યાં રહી અભ્યાસ કરવા લાગ્યા, પરંતુ જેમનાં સંબંધીઓ શહેરમાં ન હોય તે વિદ્યાર્થીઓ તો લોજ અથવા હોટલનો આશરો લેતા. આને છાત્રાલયની શરૂઆતનો તબક્કો ગણી શકાય. પરંતુ હવે તો ધીરે ધીરે વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા થયા અને તેમના રહેવાનો તથા જમવાનો પ્રશ્ન ઉભો થયો. આ પ્રશ્ન હવે સરકારને પણ સ્પર્શ્યો અને લોકોને પણ સ્પર્શ્યો. આથી વિદ્યાર્થીઓ માટે કેટલાક રહેઠાણ ઉભાં થયાં, જેમાં કેટલાંક સરકાર તરફથી અને બીજા કેટલાંક જુદી જુદી જ્ઞાતિઓ તરફથી ઉભાં થયાં. આ જ્ઞાતિવાર રહેઠાણોમાં હેતુ એ હતો કે પોતાની જ્ઞાતિના વિદ્યાર્થીઓ આ વ્યવસ્થાનો લાભ લે અને આગળ ભણી શકે.

આ રહેઠાણોમાં વિદ્યાર્થીઓ એટલે છાત્રો રહેતા હોવાથી તેનું નામ છાત્રાલય પડ્યું. આ રીતે

વિદ્યાર્થીઓને રહેઠાણ મળ્યું તે છાત્રાલયનું પહેલું સ્વરૂપ. વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેતા અને એ પેટે ભાડુ ભરતા. જમવાનું તો બહાર લોજમાં જ ગોઠવી લેવું પડતું અથવા તો બધા વિદ્યાર્થીઓ મળી કેટલાક રસોઈઆઓને કોન્ટ્રાકટ સોંપી દેતા અને તેમાં આવતું ખર્ચ મહિને-મહિને વહેંચી લેતા.

જયાં સુધી શિક્ષણનું પ્રમાણ ઓછું હતું, તેનો પ્રચાર ઓછો થયેલો હતો ત્યાં સુધી તો આ જાતની વ્યવસ્થાવાળા છાત્રા નિવાસો ચાલ્યા. પરંતુ જેમ જેમ શિક્ષણનો પ્રચાર વધ્યો તેમ તેમ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી. આના કારણે સરકારે તથા ખાનગી રીતે પણ આવા છાત્રા નિવાસની આવશ્યકતા સમજી તેમાં વધારો થતો ગયો. આના કારણે આગળ જે વ્યવસ્થા હતી તે ટકી શકી નથી. વળી, છાત્રાલયોમાં આવનાર વિદ્યાર્થીઓની ઉંમરની પણ અસમાનતા રહેવા લાગી. આથી ભોજન વગેરેની વ્યવસ્થા માટે છાત્રાલયમાં જ એક માણસને કોઠારી તરીકે રાખવો અને તે ભોજન અંગેની બધી ખરીદી કરી લાવે અને રસોઈઆ મારફત રસોઈ બનાવરાવે. આ છાત્રાલયનું બીજુ સ્વરૂપ થયું. આ બીજા પ્રકારમાં કોઠારી / ગૃહપતિની વ્યવસ્થા ઉભી થઈ.

આ કોઠારી ગૃહપતિની વ્યવસ્થા થોડો સમય ચાલી, પછી વિદ્યાર્થીઓના વાલી તરફથી એક માંગ ઉભી થઈ કે અમારાં બાળકો છાત્રાલયમાં રહે તો તેમના સંસ્કારોનો વિચાર કરવો જોઈએ, અને તે માટે કોઈક સારી વ્યક્તિને છાત્રાલયમાં રાખવી જોઈએ. જે નીતિનિયમોનું પાલન કરાવે, વિદ્યાર્થીઓને સારી સારી વાતો કરે, વિદ્યાર્થી ખોટે માર્ગે જતો હોય તો તેમને રોકે, અને તેના અભ્યાસમાં મદદરૂપ બને. આ વિચારને અમલી બનાવવા છાત્રાલયમાં એક ગૃહપતિ હોવો જોઈએ કે જે ઉપરોક્ત બધી બાબતોનો ખ્યાલ રાખે. આ બાબતનો ખ્યાલ આવતાંની સાથે જ આ કામને માટે સૌથી પહેલાં શિક્ષક ધ્યાનમાં આવ્યા, શિક્ષક પોતાનું ભણાવાનું કામ પણ કરે સાથે સાથે આ છાત્રાલયની જવાબદારી પણ સંભાળે. છાત્રાલયની કામગીરી અંગે તેને અલગથી વેતન પણ મળે. આમ શિક્ષક વિદ્યાર્થીઓને મદદરૂપ પણ થાય અને છાત્રાલયનું તંત્ર પણ ચલાવે. આ છાત્રાલયનું ત્રીજું સ્વરૂપ થયું. પરંતુ આ સ્થિતિમાં ધીરે ધીરે એવું દેખાવા લાગ્યું કે છાત્રાલય વર્ગ જ બની જતું લાગ્યું. તેમાં વિષયના પુસ્તકોનો અભ્યાસ અને વિષયોની મહત્તા જ વધી ગઈ. આને કારણે શિક્ષણ એ વિદ્યાર્થીઓને ભારરૂપ બનવા લાગ્યું. વળી, અભ્યાસ માટે વિદ્યાર્થીઓના મુક્ત જીવન ઉપર દાબ આવે તેવા શિસ્તના કડક નિયમો પણ ઘડાયા. આના કારણે વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યેની સ્વાભાવિકતા મરતી ગઈ. છાત્રાલય હવે વિષય શિક્ષણ અને પરીક્ષાઓની આરાધનાનું મંદિર બનતું ગયું.

કોઠારી-ગૃહપતિવાળા છાત્રાલયમાં ફક્ત તાંત્રિક વ્યવસ્થા જ જળવાતી, તેમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ તો ખોરંભે ચઢતો. તેમને અભ્યાસમાં માર્ગદર્શન મળી શકતું ન હતું. જયારે શિક્ષક-ગૃહપતિની સ્થિતિમાં અભ્યાસના વર્ગો ઉપર વધારે ભાર મૂકાયો. પણ આને છાત્રાલયનું આખરી

સ્વરૂપ ન ગણાય. છાત્રાલયના સ્વરૂપ વિશે તો પૂર્ણ વિરામ મૂકી જ ન શકાય. કારણ કે છાત્રાલય એ તો કેળવણીની સંસ્થા છે. એટલે યુગે-યુગે તેમાં પરિવર્તન થયા જ કરવાનું. એ રીતે હવે પછી છાત્રાલયના પ્રકારનો જે તબક્કો આવે છે તે કેળવણીકાર ગૃહપતિનો. અર્વાચીનયુગના છાત્રાલયના પ્રકારનું આ છેલ્લું સોપાન છે.

એક તબક્કામાં વિદ્યાર્થીઓનો અભ્યાસ ખોરંભે ચઢતો તો વિષય જ્ઞાનના વર્ગોમાં કયાંક વિદ્યાર્થીનું ઘડતર રહી જતું. તેમની ઈતર શક્તિઓનો વિકાસ અટકી જતો. આથી કેટલાક કેળવણીકારોએ આ અંગે પોતાના વિચારો સમાજ આગળ મૂક્યા. તેમાં વિદ્યાર્થીઓની શક્તિઓ ખીલવવી, તેમને શ્રમના મહત્વનો ખ્યાલ આપવો, સાંસ્કારિક તથા સામાજિક કાર્યોનો ખ્યાલ આપવો, પ્રવાસ પર્યટન દ્વારા વિવિધ પ્રદેશોનો પરિચય કરાવવો, ચર્ચા સભા તથા ઈતર પ્રવૃત્તિ દ્વારા તેમની બૌધ્ધિક શક્તિઓ ખીલવવી, લોકશાહી ઢબનું શિક્ષણ આપવું, વિચારોની સ્વતંત્રતા આપવી, સાહસો ખેડવાની તક ઉભી કરવી, શિક્ષણ લેતાં લેતાં પણ બીજાઓને ઉપયોગી થવાના માર્ગો શીખવવા, શ્રમ દ્વારા પોતાના ખર્ચનો ઉકેલ આણવો, સ્વાવલંબનના પાઠો શિખવવા, સ્વેચ્છાપૂર્વકની શિસ્ત શિખવવી, અને સ્વપરાયણતાની દૃષ્ટિ આપવી તથા આ બધામાંથી વિદ્યાર્થીનું વ્યક્તિત્વ ખીલવવું.

આ વિચારો અસ્તિત્વમાં આવતા ગયા, પરંતુ તેના આચરણમાં તો છાત્રાલયો પાછળ જ હતાં. પરંતુ જયાં સુધી આ છાત્રાલયોને એવા દ્રષ્ટિવાળો કાર્યકર ન મળે ત્યાં સુધી આ શક્ય પણ ન હતું. આને માટે તો એવા કાર્યકર જોઈએ કે જે કેળવણીશાસ્ત્રનો જાણકાર હોય. આમાં ક્યારેક સેવાભાવી સારા કાર્યકરો મળતા હોય છે ત્યારે સંસ્થા આર્થિક રીતે તેમને નિભાવી શકતી નથી, અને જયારે આર્થિક સધ્ધરતા હોય છે ત્યારે સેવાભાવી અને દ્રષ્ટિવાળો કાર્યકર મળતો નથી. એટલે કેળવણીકાર ગૃહપતિની સ્થિતિ તો જ શક્ય છે કે જયારે સંસ્થા આર્થિક રીતે સધ્ધર હોય અથવા તો ત્યાગની ભાવનાથી ઉપરના કાર્યકરો મળી શકતાં હોય. આ રીતે છાત્રાલયના અત્યારના છેલ્લા સ્વરૂપનું આ ચિત્ર આપણી સામે છે. જેમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની કલ્પનાએ આ પ્રકારના છાત્રાલયમાં ગૃહપતિ કેળવણીકાર હોવાથી તાંત્રિક વ્યવસ્થા પણ જળવાશે અને વિદ્યાર્થીઓનાં અભ્યાસની સંગીનતા પણ જળવાશે, ઉપરાંત તેમના જીવનનું ઘડતર પણ કરાશે, આ રીતે છાત્રાલયનાં આ ચોથા સ્વરૂપમાં શિક્ષકો ઘણો અગત્યનો ભાગ ભજવી શકે - જો એ અંગેની ધગશ અને ભાવના રાખે તો.

**છાત્રાલયનો વિકાસ**

આઝાદી પૂર્વે પછાત અને ઊંડાણના વસતા લોકોના કલ્યાણ માટે રાજય ચિંતિંત ન હતું. ગાંધીજી અને એમના જેવા વિચારવાળા દેશનેતાઓ અને દેશ સેવકોને આવા લોકોના સર્વાંગી વિકાસ માટે અતિ

ચિંતા હતી. તેઓએ રચનાત્મક કામ સાથે શિક્ષણને સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીના પ્રયોગો શરૂ કર્યા.

ઊંડાણમાં રહેતા આદિવાસી બંધુઓ પ્રથમથી જ શિક્ષણમાં અતિ પાછળ હતા. આ લોકોને શિક્ષણ આપવાની આગેવાની ખ્રિસ્તી મિશનરીઓએ ઉપાડી. ખ્રિસ્તી મિશનરીઓ શિક્ષણ આપવાની સાથે આ લોકોને ધર્મ પરિવર્તન કરાવતા અને તેમાં તેઓને સફળતા પણ મળી.[૧] પરંતુ તેમનો શિક્ષણ પ્રચાર વ્યાપક ન હતો.

૧૯૧૯માં પંચમહાલમાં દુષ્કાળની પરિસ્થિતિ હતી, તે સમયે પૂ. ઠક્કરબાપા દુષ્કાળ રાહત કાર્ય માટે પંચમહાલમાં ફર્યા અને ત્યારે ત્યાંના ભીલોની દુર્દશા જોઈને તેઓને એ લાગ્યું કે ભીલો અજ્ઞાની છે. બહારના લોકો પોતાના સ્વાર્થ ખાતર ભીલોને દબાવે છે અને તેમનું શોષણ થાય છે. ભીલોની અજ્ઞાનતા, લાચારી દૂર કરવા તેમજ તેઓનાં બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય તેને ધ્યાનમાં રાખી ૧૯૩૭-૩૮માં પંચમહાલ જિલ્લામાં જેસાવાડા ગામે પ્રથમ છાત્રાલયની શરૂઆત કરી. આમ આઝાદી પૂર્વે પ્રથમ છાત્રાવાસ પંચમહાલમાં પૂ. ઠક્કરબાપાના સાનિધ્યથી શરૂ થયું અને ત્યારબાદ ૧૯૪૨-૪૩માં સુરત, વલસાડ જિલ્લાઓમાં ૧૯૪૯-૫૦માં વડોદરા જિલ્લામાં, ૧૯૫૦-૫૧માં સાબરકાંઠા જિલ્લામાં, ૧૯૫૧-૫૨માં ડાંગ જિલ્લામાં અને ૫૨-૫૩માં બનાસકાંઠા જિલ્લામાં શરૂઆત થઈ. આમ આઝાદી પૂર્વે પંચમહાલ, સુરત, વલસાડ અને વડોદરા જિલ્લામાં અને આઝાદી બાદ સાબરકાંઠા, ડાંગ અને બનાસકાંઠા જિલ્લામાં છાત્રાલયો શરૂ થયાં અને કાળક્રમે તેમાં વિકાસ થતો રહ્યો.

ગામ ગુજરાતમાં છાત્રાલયનો ઈતિહાસ સાત દાયકાનો કહી શકાય.

રાજયમાં આદિવાસી છાત્રાલયોનો વિકાસ કયા સમયમાં કેટલો થયો છે તેની વિસ્તૃત માહિતી કોઠા નં.૧:૨માં આપી છે.

---

૧. Naik D. J., Ashram School, Vanyajati, October, 1965, Vol. XII, Page 165

## કોઠો-૧:૨

### રાજયમાં જિલ્લાવાર કયા સમયે શાળામાં છાત્રાલય શરૂ થયા તેની વિગત

| ક્રમ | જિલ્લાનું નામ | ૧૯૫૦ પહેલા | | ૧૯૫૧ થી ૧૯૬૦ | | ૧૯૬૧ થી ૧૯૭૦ | | ૧૯૭૧ થી ૧૯૮૦ | | ૧૯૮૧ થી ૧૯૮૬ | | માહિતી નથી | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧. | ખેડા | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૨ | - | ૨ |
| ૨. | જૂનાગઢ | - | - | - | - | - | - | - | - | - | - | ૪ | - | ૪ | - | ૪ |
| ૩. | ડાંગ | - | - | ૧ | ૧ | - | - | ૬ | ૬ | ૫ | ૩ | - | - | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૪. | પંચમહાલ | ૭ | ૨ | ૪ | - | ૯ | ૧ | ૨૫ | ૭ | ૩૨ | ૫ | ૧ | - | ૭૮ | ૧૫ | ૯૩ |
| ૫. | બનાસકાંઠા | - | - | ૧ | ૧ | ૧ | - | ૩ | - | ૩ | - | - | - | ૮ | ૧ | ૯ |
| ૬. | ભરૂચ | - | - | - | - | - | - | - | - | ૨ | ૧ | ૩૦ | ૧૭ | ૩૨ | ૧૮ | ૫૦ |
| ૭. | મહેસાણા | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૧ |
| ૮. | વડોદરા | - | - | ૧૦ | - | ૧૧ | ૪ | ૧૨ | ૭ | ૬ | ૩ | - | - | ૩૯ | ૧૪ | ૫૩ |
| ૯. | વલસાડ | - | ૨ | ૮ | ૩ | ૧૫ | ૧૨ | ૧૮ | ૧૩ | ૧૫ | ૬ | - | - | ૫૬ | ૩૬ | ૯૨ |
| ૧૦. | સાબરકાંઠા | - | - | ૩ | ૧ | ૫ | ૩ | ૨૭ | ૧૦ | ૧૦ | ૩ | - | - | ૪૫ | ૧૭ | ૬૨ |
| ૧૧. | સુરત | ૨ | ૨ | ૭ | ૬ | ૨૩ | ૧૨ | ૨૩ | ૧૮ | ૧૩ | ૧૮ | - | - | ૬૮ | ૫૬ | ૧૨૪ |
| | કુલ | ૯ | ૬ | ૩૪ | ૧૨ | ૬૪ | ૩૨ | ૧૧૬ | ૬૧ | ૮૫ | ૩૯ | ૩૭ | ૧૭ | ૩૪૫ | ૧૬૭ | ૫૧૨ |
| | ટકા | ૨.૬૧ | ૩.૫૯ | ૯.૮૬ | ૭.૧૯ | ૧૮.૫૫ | ૧૯.૧૬ | ૩૩.૬૨ | ૩૬.૫૩ | ૨૪.૬૪ | ૨૩.૩૫ | ૧૦.૭૨ | ૧૦.૧૮ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | - |
| | | ૧૫ (૨.૯૩) | | ૪૬ (૮.૯૮) | | ૯૬ (૧૮.૭૫) | | ૧૭૭ (૩૪.૫૭) | | ૧૨૪ (૨૪.૨૨) | | ૫૪ (૧૦.૫૫) | | ૫૧૨ (૧૦૦.૦૦) | | |

રાજયમાં સેવાભાવી કાર્યકરોના અનેક પ્રયાસોને લઈને ગુજરાતમાં આઝાદી પૂર્વે ૧૫ છાત્રાલયો શરૂ થયાં હતાં, અને તેમાં પંચમહાલ જિલ્લો સૌથી મોખરે (૯) હતો ત્યારબાદ સુરત (૪) અને વલસાડ (૨)માં શરૂઆત થઈ. સ્વતંત્રતા બાદ મુંબઈ રાજયમાં બાળાસાહેબ ખેરનું જે પ્રધાન મંડળ હતું તેમણે આદિવાસીઓના શિક્ષણના પ્રશ્નમાં રસ લીધો. તેમણે તેમના સમય દરમિયાન મુંબઈ સરકારમાં ઠરાવ પસાર કરાવ્યો, જેમાં નોંધ્યું કે ''અનુસૂચિત જનજાતિ અને પછાત વિસ્તારોમાં રહેનારા લોકોના શૈક્ષણિક પ્રશ્નનો અસરકારક રીતે ઉકેલ લાવવાના હેતુસર સરકાર આદિવાસી બાળકોના શિક્ષણ પાછળ ખાસ રસ લેશે.'' તેઓના પ્રયાસોથી ૧૯૫૭થી ૧૯૬૦ના દાયકામાં ગુજરાતમાં વધારાનાં ૪૬ છાત્રાલયો ખુલ્યાં. પરંતુ છાત્રાલયોની વધુ સઘન વ્યવસ્થા તો ગુજરાત રાજય અલગ થયું ત્યારથી જ થઈ છે તેમ કહી શકાય. જેમાં ૧૯૫૯માં અંદાજપત્ર સમિતિએ પોતાના ૪૮મા અહેવાલમાં કરેલી નોંધ અને ૧૯૬૧માં ઢેબરભાઈના અધ્યક્ષસ્થાન હેઠળ જે કમિશન નિમાયું તેમની કેટલીક શિક્ષણ સંબંધી ભલામણોનું પરિણામ છે તેમ કહી શકાય. જેમાં ૧૯૬૧ થી ૧૯૭૦ના દાયકામાં ૯૬, ૧૯૭૧ થી ૧૯૮૦માં ૧૭૭, ૧૯૮૧થી ૧૯૯૦માં ૨૮૪ અને ૧૯૯૧થી ૧૯૯૪ માર્ચ સુધીમાં ૧૬૭ છાત્રાલય ખુલ્યાં. જે રાજય સરકારનો આદિવાસી શિક્ષણ વિકાસમાં કેટલો વ્યાપક રસ રહેલો છે તે દર્શાવે છે.

આમ છતાં એ હકીકત તરફ પણ ધ્યાન જવું જોઈએ કે રાજયમાં કુમાર છાત્રાલયોની સામે કન્યા છાત્રાલયોની સંખ્યા હજી અડધા કરતાં પણ ઓછી છે. એ ઉપરાંત આપણે આગળ હજી જોયું કે હાલમાં આદિવાસી શિક્ષણમાં જે સતત વધારો થતો રહે છે તેના પ્રમાણમાં હાલના છાત્રાવાસો ઘણા અપૂરતા છે.

# પ્રકરણ-૨

## મૂલ્યાંકનની ભૂમિકા

૧૯૯૧ પ્રમાણે રાજયમાં આદિવાસીની વસતિ ૧૪.૯૨ ટકા છે. ભારતમાં આદિવાસીની વસતિ ધરાવતાં રાજયોમાં ગુજરાતનો નંબર પાંચમો છે. આમ રાજય માટે આદિવાસી એ એક મહત્વનો સમુદાય છે. એ તો નિર્વિવાદ વાત છે કે દેશમાં અને રાજયમાં આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બીજા અન્ય સમુદાયોથી પાછળ રહી જવા પામ્યા છે. આ બધા પછાતપણાના મૂળમાં શૈક્ષણિક પછાતપણું પાયાનું ગણી શકાય. આ સંદર્ભમાં જ પછાતવર્ગ કમિશનના ૧૮મા અહેવાલમાં જણાવ્યું છે કે ''અનુસૂચિત જનજાતિના ઉત્થાન અને વિકાસ માટે તથા આખરે રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં તેઓ એકરૂપ થાય તે માટે તેમનામાં શિક્ષણનો ઝડપથી ફેલાવો થાય એ સૌ પ્રથમ જરૂરિયાત છે. શિક્ષણ એ તેમના દીર્ઘકાલીન ઉત્કર્ષની ગુરૂ ચાવી છે.'' એનો અર્થ એ કે શિક્ષણ, સામાજિક, આર્થિક પરિવર્તનનું અસરકારક સાધન છે. પરંતુ આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે આદિવાસીઓનો મોટો ભાગ જંગલ કે પહાડી વિસ્તારમાં વસેલો છે. આથી ત્યાં પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સવલતો પૂરી પાડી શકાઈ નથી, એ વિસ્તારમાં જઈને શિક્ષણ આપવા માટે શિક્ષકો પણ તૈયાર નથી. વળી એ પણ હકીકત છે કે શિક્ષણ મેળવવાની બાબતમાં એ લોકોનું માનસિક વલણ પણ થોડું મોળું રહેવા પામ્યું છે.

આના સમર્થનમાં છેલ્લા ચાર દાયકાથી આદિવાસી શિક્ષણમાં જે ધીમી પ્રગતિ થઈ છે તેનો આંકડાકીય ખ્યાલ આપવાથી આ અંગે વધુ જાણકારી પ્રાપ્ત થશે. ૧૯૬૧ની વસતિ ગણતરીના આંકડા પ્રમાણે સમગ્રપણે ગુજરાત રાજયમા અને રાજયનાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૦.૫ ટકા અને ૧૧.૭ ટકા હતું. ૧૯૭૧માં આ પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯ ટકા અને ૧૪.૧૨ ટકા હતું. ૧૯૮૧માં આ પ્રમાણ અનુક્રમે ૪૩.૭૦ ટકા અને ૨૧.૧૫ ટકા હતું. જયારે ૧૯૯૧માં આ પ્રમાણ ૬૧.૨૯ ટકા અને ૨૯.૬૭ ટકા થયું. આ ઉપરથી ખ્યાલ આવશે કે રાજયમાં છેલ્લા ત્રણ દાયકામાં શિક્ષણના પ્રમાણમાં ૩૧.૦૦ ટકાનો વધારો થયો, જયારે આદિવાસીઓના શિક્ષણમાં માત્ર ૧૮.૦૦ ટકાનો જ વધારો થયો. આથી સ્વાભાવિક રીતે એવું લાગે કે શિક્ષણના વિકાસની દ્રષ્ટિએ આદિવાસીઓનાં શિક્ષણના વિકાસનો દર બિન-આદિવાસીઓની સરખામણીમાં ધીમો રહ્યો છે. આ દર સુધારવા માટે રાજય તો પ્રયત્નો કરે જ છે, પરંતુ રાજયનીતિ ઉપરાંત પૂ. મહાત્મા ગાંધીજીથી શરૂ કરી સર્વોદય કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આ વર્ગના શિક્ષણ વિકાસમાં ખાસ રસ લીધો છે.

રાજયમાં બંધારણના રાજયનીતિના નિર્દેશાત્મક સિધ્ધાંતોમાં ૪૫મી કલમ દ્વારા જોગવાઈ કરવામાં આવી છે કે રાજય ૧૪ વર્ષની વય સુધીના બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયાસ

કરે. આ નીતિનો સ્વીકાર રાજયમાં થયો હોવા છતાં એકલા રાજય દ્વારા આ વ્યવસ્થા બધાને પહોંચાડી શકાય એમ ન હોવાથી રાજય સરકારે એ માટેની જવાબદારી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને આપી. સ્ટાર્ટ કમિટીએ અગાઉ સ્વૈચ્છિક સંસ્થાઓને આવી જવાબદારી સોંપવા માટે ભલામણ કરી હતી. આદિવાસીઓના શિક્ષણમાં આવી સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો નોંધનીય છે. આદિવાસી શિક્ષણ માટે રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ બે રીતે કામ કરે છે. (૧) આશ્રમશાળા શરૂ કરી બાળકો પ્રાથમિક શિક્ષણ લેતાં થાય અને (૨) બાળકો માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી શકે તે માટે નવાં છાત્રાલયો ખોલવાં. આવી આશ્રમશાળાઓ અને છાત્રાલયોએ આદિવાસીઓનાં શિક્ષણ પરિવર્તનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

રાજયમાં મોટાભાગના છાત્રાલયો (૯૪.૭૮ ટકા) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે અને તે માટે તેમને સરકાર તરફથી અનુદાન મળે છે. છાત્રાલયોમાં દિનપ્રિતિદિન વધારો થતો જાય છે. સરકારશ્રી અને કાર્યકરોને એવું લાગે છે કે ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓના વિકાસ માટે છાત્રાલય એક સફળ સાધન છે. આમ છતાં છેલ્લા થોડા સમયથી બૃહદ સમાજમાં એવી માનયતા વધુને વધુ પ્રચલિત થતી જાય છે કે આદિવાસી વિસ્તારમાં હવે છાત્રાલયો જરૂરી નથી. એના કારણો એવાં આપવામાં આવે છે કે :

(૧) માધ્યમિક શાળાની સંખ્યા વધી છે, આથી વિદ્યાર્થીઓ પોતાના ગામથી આવ જા કરી શિક્ષણ લઈ શકશે.

(૨) છાત્રાલયમાં છાત્રોને પૂરતો અને પૌષ્ટિક ખોરાક તેમજ જરૂરી સવલતો અપાતી નથી.

(૩) સંચાલકોને છાત્રાલયો ખોલવામાં રસ છે, છાત્રોના વિકાસમાં નહિ; અને

(૪) આ ઉપરાંત છેલ્લા પંદરેક વર્ષથી ખુલેલાં છાત્રાલયો વિષે કેટલીક શંકા-કુશંકાઓ, ફરિયાદો પણ સાંભળવા અને જાણવા મળે છે.

આવા તબક્કે છાત્રાલયોની સફળતા કે તે અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઈ લાંબાગાળાની દ્રષ્ટિએ નવાં છાત્રાલયોનો વિકાસ કરવો કેટલો આવશ્યક છે તેમજ ચાલુ છાત્રાયોમાં સુધારા-વધારાને કેટલું સ્થાન છે એ વિષે હાલમાં તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવાનું અનિવાર્ય બન્યું છે. ઉપરાંત જયારે વિકાસનો તબક્કો હોય ત્યારે તેમાં ખામી ન આવે તે માટે તેનું વાસ્તવિક આદર્શ સ્વરૂપ કેવું હોવું જોઈએ તેના વિષે પણ આપણે સભાનપણે વિચારવું જોઈએ. આ સંદર્ભમાં હાલમાં ચાલતા છાત્રાલયોનો આદિવાસી બાળકો કેટલો ઉપયોગ કરે છે ? છાત્રાલય જીવનની આદિવાસી વિદ્યાર્થીઓ અને આદિવાસી સમાજ પર અસર, તેમના કયા પ્રશ્નો છે ? હાલના છાત્રાલયો આદિવાસી બાળકો માટે પૂરતાં છે કે અપૂરતાં ? તેમજ છાત્રાલયોના પ્રશ્નોના સંદર્ભમાં તેનો વ્યવહારુ ઉકેલ શું હોઈ શકે ? વગેરે બાબતો જાણવી જરૂરી બની છે.

છાત્રાલયોનો આદિવાસી શિક્ષણમાં મહત્વપૂર્ણ ફાળો મનાયો હોવા છતાં એમના દ્વારા ખરેખર આદિવાસી બાળકોનાં શિક્ષણ ઉપર શી અસર પડી છે, અને આદિવાસી બાળકોના વિકાસમાં છાત્રાલયોનો

કેટલા અંશે ફાળો છે. સાથે બીજાં કેટલાંક મહત્વપૂર્ણ મુદ્દાઓનો વૈજ્ઞાનિક રીતે બરોબર ખ્યાલ મેળવવો આવશ્યક છે.

આ સમગ્ર મુદ્દાઓનો પદ્ધતિસર અભ્યાસ કરવાથી હાલમાં ચાલતાં છાત્રાલયોની સ્થિતિ વિશે પૂરતો ખ્યાલ મેળવી શકાયે. સાથે આદિવાસી વિસ્તારમાં છાત્રાલયોનાં સ્વરૂપ વિષે તેમજ તેના પ્રમાણ વિષે પણ ખ્યાલ મેળવી શકાય. એટલું જ નહિં ભવિષ્યમાં ઉભાં થતાં નવાં છાત્રાલયોમાં આ સમગ્ર મુદ્દાઓ ધ્યાનમાં લઈ આદિવાસી શિક્ષણમાં અને સમાજમાં સારું એવું યોગદાન આપી શકાય. આમ આ સઘળી હકીકતોને ધ્યાનમાં રાખી છાત્રાલયો અંગેનો ખ્યાલ બૃહદ સમાજ સમક્ષ આપવો પ્રવર્તમાન તબક્કે ઉપયોગી, આવકારદાયક સાથે અનિવાર્ય પણ છે.

**છાત્રાલય મૂલ્યાંકનના ઉદ્દેશો**

(૧) જે આશયોથી છાત્રાલય સ્થપાયા છે તે આશયો બર આવે છે કે નહિ તે તપાસવું

(૨) છાત્રાલયની વર્તમાન સ્થિતિ જાણવી

(૩) છાત્રાલયની આજુબાજુનાં ગામડાંઓ તથા સ્થાનિક આદિવાસીઓનાં બાળકો કેટલાં પ્રમાણમાં ઉપયોગ કરે છે તે જાણવું

(૪) છાત્રાલયોમાં ગૃહપતિ, વિદ્યાર્થીઓના પ્રમાણમાં વસવાટ, પાણી, રમત-ગમત, આરોગ્ય અને શિક્ષણ પ્રોત્સાહનનાં પરિબળો અને સગવડ તપાસવી

(૫) છાત્રાલયોની આદિવાસી સમાજ પર અસર

(૬) સરકારશ્રી તરફથી જે રીતે અનુદાન લેવાય છે તેનો કઈ રીતે ઉપયોગ થાય છે ? તે ઉપયોગ ખરેખર અને નિયમાનુસાર થાય છે કે કેમ તે જાણવું

(૭) આદિવાસી શિક્ષણમાં છાત્રાલયોની ઉપયોગિતા સમજવી

(૮) છાત્રાલયોના પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલો શોધવા

**૧. નિદર્શ પસંદગી :**

પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાય રહે તે રીતે સરકારી અનુદાન મેળવતાં છાત્રાલયોમાંથી અભ્યાસ એકમોની પસંદગી બે-ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી કરી હતી.

(૧) પ્રથમ તો જે છાત્રાલયો ૧૯૮૦ પછી ચાલુ થયાં છે તેને લેવાં એવું નક્કી કર્યું; ત્યાર પછી

(૨) આદિવાસીઓની વધુમાં વધુ વસતિ જે જિલ્લામાં છે એટલે કે રાજયમાં આદિવાસી વસતિ ધરાવતા તરીકે જાહેર થયેલ જિલ્લાઓની પસંદગી આ અભ્યાસ માટે કરી, જેમાં સુરત, પંચમહાલ, વલસાડ, સાબરકાંઠા,વડોદરા, ભરૂચ, બનાસકાંઠા અને ડાંગ જિલ્લા લીધા.

(૩) જિલ્લાની પસંદગી કર્યા બાદ જે છાત્રાલયોની સૂચિ મળી તેને તપાસી એવું નક્કી કર્યું કે જે છાત્રાલયો અભ્યાસ માટે લઈએ તે છાત્રાલયો જુદા જુદા તાલુકાનાં લેવાં.

(૪) જુદા જુદા તાલુકાની પસંદગી કર્યા બાદ યાદી જોતાં એવું લાગ્યું કે અલગ અલગ સંચાલક મંડળ નીચે આવતાં છાત્રાલયો લઈએ તો છાત્રાલયની સ્થિતિ સંબંધિત પ્રશ્નો અંગે વધુ માહિતી લઈ શકાય. એ કારણે શક્ય એટલાં જુદા જુદા સંચાલક મંડળ નીચે ચાલતાં છાત્રાલયો લીધાં.

(૫) છાત્રાલયમાં છાત્ર-છાત્રાઓની સ્થિતિ અંગે ખ્યાલ આવી શકે તેને નજરમાં રાખી જે છાત્રાલયમાં વધુમાં વધુ સંખ્યા હોય તેવાં છાત્રાલય અને બહુજ ઓછી છાત્ર સંખ્યાથી ચાલતાં હોય તેવાં છાત્રાલય - આમ બન્ને પ્રકારના સાંખ્યાકીય ધોરણને નજરમાં રાખ્યાં.

(૬) આ ઉપરાંત ઘણા લાંબા સમયથી છાત્રાલય ચાલતાં હોય તેને એટલે કે છેલ્લા ચાલીસેક વર્ષથી જે સંસ્થા છાત્રાલય ચલાવે છે તેને અને જે ખૂબ જ નજીકના ગાળામાં ચાલુ થયાં છે તેવાં છાત્રાલયોને પણ લીધાં.

ઉપરોક્ત જુદી જુદી બાબતોને નજરમાં રાખી જુદા જુદા વિભાગમાં આવતાં છાત્રાલયોની યાદી તૈયાર કરી તેની ચીઠ્ઠી બનાવી ચીઠ્ઠી ઉપાડીને છાત્રાલયો પસંદ કર્યાં. જે છાત્રાલયોને પસંદ કરવામાં આવ્યાં તેની યાદી આ પ્રમાણે છે :

## કોઠો-૨ :૧
## જે છાત્રાલયો અભ્યાસમાં આવરી લીધા છે તેની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | સરકારી | સ્વૈચ્છિક | સંચાલન કરનાર સંસ્થા | કુમાર | કન્યા | છાત્ર સંખ્યા | છાત્રાલય સ્થાપના વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | વાલોડ | બાજીપુરા | - | | શ્રી ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, વાલોડ | - | | ૨૦ | ૧૯૮૬ |
| ૨. | સુરત | સોનગઢ | સોનગઢ | - | | શ્રી સાર્વજનિક એજ્યુકેશન સો.સોનગઢ | - | | ૫૫ | ૧૯૫૬-૫૭ |
| ૩. | સુરત | વ્યારા | વ્યારા | - | | ગ્રામસેવા સમાજ બાગ | - | | ૬૫ | ૧૯૭૫ |
| ૪. | સુરત | બારડોલી | મઢી | - | | ગ્રામસેવા સંઘ- મઢી | | - | ૩૭ | - |
| ૫. | વલસાડ | ધરમપુર | ધરમપુર | - | | ધરમપુર સેવા મંડળ | - | | ૩૫ | ૧૯૮૧ |
| ૬. | વલસાડ | ધરમપુર | કપરાડા | - | | ગ્રામસેવા સભા, ધરમપુર | | - | ૪૦ | ૧૯૮૦-૮૧ |
| ૭. | વલસાડ | ધરમપુર | માલનપાડા | - | | રામેશ્વર આદિવાસી પ્રગતિ મંડળ,પો.બારોલીયા | | - | ૩૦ | ૧૯૭૮ |
| ૮. | વલસાડ | વાંસદા | વાંસદા | - | | વાંસદા તાલુકા સેવા સંઘ | - | | ૩૮ | - |
| ૯. | વલસાડ | વાંસદા | પીપલખેડ | - | | શ્રમજીવી સંસ્કાર સભા, બાલવાડા | | - | ૨૦ | - |
| ૧૦. | ડાંગ | આહવા | ખાતળ | - | | ડાંગ યુવક સેવા સમિતિ સંચાલિત | - | | ૧૧૫ | ૧૯૭૩ |
| ૧૧. | ભરૂચ | વાલિયા | ગુંદિયા | - | | શ્રી સાર્વજનીક કેળવણી મંડળ | - | | ૧૩૫ | ૧૯૬૯ |
| ૧૨. | ભરૂચ | નાંદોદ | રાજપીપળા | - | | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ,રાજપીપળા | | - | ૧૫૭ | ૧૯૫૬-૫૭ |
| ૧૩. | વડોદરા | સંખેડા | સૂર્પાઘોડા | - | | શ્રી વડોદરા જિલ્લા પછાત વર્ગ સેવા મંડળ,વડોદરા | | - | ૫૮ | ૧૯૬૮ |
| ૧૪. | વડોદરા | છોટાઉદેપુર | કાણાખેડા | - | | શ્રી વનવાસી સેવા પરિષદ | | - | ૩૮ | ૧૯૭૯-૮૦ |
| ૧૫. | વડોદરા | જેતપુર-પાવી | જેતપુર-પાવી | - | | શ્રી વડોદરા જિલ્લા પછાત વર્ગ સેવા મંડળ, વડોદરા | | - | ૮૬ | ૧૯૫૯ |

## કોઠો-૨ :૧ (ચાલુ)
## જે છાત્રાલયો અભ્યાસમાં આવરી લીધા છે તેની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | સરકારી | સ્વૈચ્છિક | સંચાલન કરનાર સંસ્થા | કુમાર | કન્યા | છાત્ર સંખ્યા | છાત્રાલય સ્થાપના વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬. | બનાસકાંઠા | દાંતા | સણાલી | - | | શ્રી સર્વોદય આશ્રમ, સણાલી | - | | ૩૦ | ૧૯૫૨ |
| ૧૭. | બનાસકાંઠા | દાંતા | માંકડી | - | | શ્રી આદિવાસી સેવા સંઘ, ઈકબાલગઢ | | - | ૨૦ | ૧૯૮૩ |
| ૧૮. | બનાસકાંઠા | પાલનપુર | વિરમપુર | - | | શ્રી લોકનિકેતન, રતનપુર | - | | ૪૦ | ૧૯૭૭ |
| ૧૯. | સાબરકાંઠા | વિજયનગર | વિજયનગર | - | | આદિવાસી સેવા સમિતિ, શામળાજી | | - | ૪૫ | ૧૯૭૧ |
| ૨૦. | સાબરકાંઠા | મેઘરજ | પંચાલ | - | | પંચાલ વિસ્તાર સેવા મંડળ | - | - | ૬૦ | ૧૯૭૬ |
| ૨૧. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | પોશીના | - | | વિવિધ ભારતી, પોશીના | - | - | ૭૮ | ૧૯૬૫ |
| ૨૨. | પંચમહાલ | દાહોદ | દાહોદ | - | | ભીલ સેવા મંડળ, દાહોદ | - | - | ૧૪૭ | ૧૯૩૯ |
| ૨૩. | પંચમહાલ | દાહોદ | તેલસુર | - | | ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ | - | | ૪૦ | ૧૯૮૭ |
| ૨૪. | પંચમહાલ | લીમખેડા | લીમખેડા | - | | લીમખેડા તાલુકા કેળવણી મંડળ | - | | ૪૩ | ૧૯૭૦-૭૧ |
| ૨૫. | પંચમહાલ | દે.બારીયા | સાગટાળા | - | | શ્રી સાગટાળા વિભાગ સઘનક્ષેત્ર યોજના | | - | ૧૫૦ | ૧૯૬૨ |
| ૨૬. | પંચમહાલ | ઝાલોદ | ઝાલોદ | - | | ભીલ સેવા મંડળ, દાહોદ | | - | ૭૯ | ૧૯૨૩ |
| ૨૭. | પંચમહાલ | સંતરામપુર | કડાણા | - | | કડાણા વિભાગ કેળવણી મંડળ, કડાણા | | - | ૪૦ | ૧૯૬૬-૬૭ |
| ૨૮. | ડાંગ | આહવા | વઘઈ | | - | ડાંગ-જિલ્લા શિક્ષણાધિકારી | | - | ૫૦ | ૧૯૬૭-૬૮ |
| ૨૯. | સાબરકાંઠા | ભીલોડા | ભીલોડા | | - | નિયામકશ્રી સમાજકલ્યાણ, અમદાવાદ | | - | ૫૦ | ૧૯૮૩-૮૪ |
| ૩૦. | પંચમહાલ | દાહોદ | દાહોદ | | - | નિયામકશ્રી સમાજકલ્યાણ, અમદાવાદ | - | | ૫૦ | ૧૯૭૯ |
| | કુલ | | | ૩ | ૨૭ | | ૧૮ | ૧૨ | ૧૮૫૮ | |

**સંશોધન પ્રવિધિઓ**

છાત્રાલય અધ્યયન માટે જે વૈજ્ઞાનિક સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે આ મુજબ છે

**(૧) નિરીક્ષણ :**

અભ્યાસમાં મોટાભાગની વિગતો અવલોકન પર અવલંબિત હતી. અમોએ છાત્રાલયમાં રહીને, છાત્રાલયમાં અપાતી સગવડ, ભોજન, બાળકોની દિનચર્યા, ગૃહપતિ અને બાળકો, ગૃહપતિ, બાળકો અને વાલીના સંબંધો, બાળકોની ટેવો, તેઓની સફાઈ કરવાની રીત, બાળકોનો છાત્રાલય તરફનો અભિગમ વગેરે જોવું હતું. નિરીક્ષણ બિન્દુઓની સુચિ પરિશિષ્ટ-૧માં છે.

**(૨) મુલાકાત માર્ગદર્શિકા :**

છાત્રાલયના સંચાલકો, ગૃહપતિ, બાળકો, પ્રશાસનમાં કામ કરતા, આ વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓની મુલાકાત લઈ છાત્રાલય સંબંધિત વિગતો મેળવી હતી જેની સૂચિ પરિશિષ્ટ-૨માં છે.

**(૩) અનુસૂચિ :**

૧. અનુસૂચિમાં છાત્રાલયની સ્થાપના, કોના દ્વારા ચાલે છે, છાત્ર-છાત્રાઓની સંખ્યા, તેઓ કઈ જાતિનાં છાત્રો, છાત્રાલયનું વહિવટી માળખું, બાળકો માટેની સુવિધા, કર્મચારીની વિગત, છાત્રાલયના પ્રશ્નો અને ઉકેલ સંબંધી સૂચનો વગેરે મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો.

૨. છાત્રો સંબંધી અનુસૂચિ : ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં છાત્રો પાસેથી આની વિગતો મેળવી હતી. અભ્યાસની મર્યાદા એ અર્થમાં રાખી હતી કે આ પ્રશ્નોની સૂચિ બાળકોને આપી દેવાની હતી અને તેઓ જે કાંઈ પોતાની રીતે સમજે તે પ્રમાણે જવાબ આપે, એવું લાગ્યું કે ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં બાળકો તેમના છેલ્લા ત્રણેક વર્ષના છાત્રાલય જીવનથી આ અંગે કંઈક લખી શકશે. જો કે સૂચિના સંદર્ભમાં અમોએ બાળકોને પૂરતું માર્ગદર્શન આપ્યું હતું. આ અનુસૂચિમાં છાત્રનું ગામ, છાત્રાલયથી તેના ગામનું અંતર, પોતાના ગામની આસપાસ શૈક્ષણિક સુવિધા, છાત્રના કુટુંબનો અભ્યાસ, તેના કુટુંબમાંથી કોઈએ છાત્રાલય જીવન ગાળ્યું હોય તો તે, છાત્રના વાલીનો ધંધો, છાત્રની ભવિષ્યની આકાંક્ષા તેમાં શૈક્ષણિક અને વ્યવસાય વગેરે મુખ્ય મુદ્દાને આવરી લીધા હતા.

ઉપરોક્ત વૈજ્ઞાનિક પ્રવિધિ ઉપરાંત અહેવાલ સંબંધી વધુ પ્રકાશ પડે તે માટે :

૧. છાત્રાલય જે ગામમાં ચાલે છે તે ગામ તેમજ તેમની આજુબાજુમાં આવેલ ગામની મુલાકાત લઈ છાત્રાલયની અસરો જાણી આશરે સો થી સવાસો છાત્રાલયો જોયા.

૨. જે સંસ્થા છાત્રાલય ચલાવે છે તે સંસ્થાના મુખ્ય સંચાલકને મળી સંચાલન અને છાત્રાલય સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરી, વિકાસ અંગેનાં સૂચનો મેળવ્યાં.

૩. છાત્રાલય વ્યવસ્થા સંબંધી જે કોઈ અગાઉ કામ થયું છે તેના અંકો, પુસ્તકો, પત્રિકાઓ, લેખો તેમજ આના સંદર્ભમાં થયેલ કાર્યગોષ્ઠી વગેરેનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો.

# પ્રકરણ - ૩

# છાત્રાલયનું ક્લેવર અને તેના અંગો

## છાત્રાલયનું ક્લેવર

છાત્રાલયમાં સૌથી મહત્વની વસ્તુ વાતાવરણની છે. છાત્રાલયમાં રહેવાથી ચારિત્ર ઘડતર અને જીવન ઘડતર થાય છે. તેની અનુભૂતિ છાત્રોને થવી જોઈએ. છાત્રાલયની મુલાકાતે આવનાર વાલીઓ અને મહેમાનોને છાત્રાલયનું વાતાવરણ ગમી જાય તેવું હોવું જોઈએ, છાત્રાલયનો ડર લાગવો જોઈએ નહીં. સૌને છાત્રાલય તરફ આદર અને આકર્ષણ થાય તેવા છાત્રાલયને આદર્શ છાત્રાલય ગણાવી શકાય.

ટૂંકમાં છાત્રાલય એ ઈંટ માટીનું મકાન નથી. પરંતુ તેની વ્યવસ્થા, તેમાં અપાતી તાલીમ, તેની બાંધણી, તેની અંદરનું વાતાવરણ વગેરેથી છાત્રોને પ્રેરણા મળવી જોઈએ. આ દરેક બાબતને ધ્યાનમાં રાખી છાત્રાલયની ભૌતિક સગવડ તેનું ક્લેવર કેવું છે તેની ચર્ચા આ પ્રકરણમાં કરીશું.

## મકાન

આ અભ્યાસમાં સરકાર દ્વારા સંચાલિત એને સરકારી અનુદાન મેળવતાં છાત્રાલયોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મહદ્અંશે બન્ને પ્રકારના છાત્રાલયના મકાનની વ્યવસ્થાથી સંતોષ થતો નથી.

આપણી પ્રાચીન શિક્ષણ સંસ્થાઓની વ્યવસ્થામાં આશ્રમો કંઈક અલાયદા વાતાવરણમાં હતા. પરંતુ હાલમાં આવું કંઈ જોવા મળતું નથી. અભ્યાસમાં આવરી લીધેલા અને અન્ય છાત્રાલયોની મુલાકાત લેતાં ખ્યાલ આવે છે કે છાત્રાલયના મકાનની સવલત અપૂરતી છે. તેમાં પણ જે છાત્રાલયના મકાનો ભાડાનાં છે તેમાં અગવડતાનું પ્રમાણ વધારે છે. આવા છાત્રાલયને છાત્રાલય તરીકે ઓળખાવી શકાય નહીં. આ છાત્રાલય ચલાવનાર સંસ્થાઓ છાત્રાલય કયા હેતુથી ચલાવે છે તે અંગે પણ પાયાનો પ્રશ્ન ઉદ્ભવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા છાત્રાલયના ગૃહપતિએ જણાવ્યું કે સંસ્થાના સંચાલકોએ છેલ્લાં પાંચ-સાત વર્ષથી છાત્રાલયની મુલાકાત સુધ્ધાં લીધી નથી. જે છાત્રાલયનું સંચાલન જંગલ મંડળી કરે છે. તેવા છાત્રાલય જંગલ મંડળીના મકાનમાં ભાડેથી ચાલે છે. ઘણા ભાડાના મકાનમાં ચાલતાં છાત્રાલયો સંસ્થાના હોદ્દેદારોના મકાનમાં કે તેના નજીકના સગાના મકાનમાં ચાલે છે. આવા છાત્રાલયમાં પણ અપૂરતી સવલત હોય છે અને આના અંગે વિશેષ ધ્યાન સંસ્થાવાળા આપતા નથી. અભ્યાસમાં આવરી લીધેલ છાત્રાલયોની મકાનોની વિગત કોઠા નં.૩.૧માં આપવામાં આવી છે.

કોઠા નં.૩:૧

છાત્રાલયના મકાનની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | મકાનની માલિકી અંગે | સરકારી | સ્વૈચ્છિક | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સરકારી અનુદાનથી | - | ૩<br>(૧૧.૧૧) | ૩<br>(૧૦.૦) |
| ૨. | સંસ્થાનું પોતાનું મકાન | - | ૧૪<br>(૫૧.૮૫) | ૧૪<br>(૪૬.૪૭) |
| ૩. | ભાડાનું મકાન | ૩<br>(૧૦૦.૦) | ૮<br>(૨૯.૬૪) | ૧૧<br>(૩૬.૬૭) |
| ૪. | જંગલ મંડળીનું મકાન | - | ૧<br>(૩.૭૦) | ૧<br>(૩.૩૩૯ |
| ૫. | વિકાસ ઘટકનું મકાન | - | ૧<br>(૩.૭૦) | ૧<br>(૩.૩૩) |
| | કુલ | ૩<br>(૧૦૦.૦) | ૨૭<br>(૧૦૦.૦) | ૩૦<br>(૧૦૦.૦) |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ત્રણે સરકારી છાત્રાલય ભાડાના મકાનમાં બેસે છે. સરકારી છાત્રાલયમાં દાહોદના કન્યા છાત્રાલયના મકાનમાં કંઈક સારી સવલત છે. તે સિવાયના બન્ને કુમાર છાત્રાલયમાં મકાનમાં અપૂરતી સવલત છે. જિલ્લાકક્ષાએ જે સરકારી છાત્રાલય ચાલે છે તે છાત્રાલયને પોતાનાં મકાન બનાવવામાં મુશ્કેલી જણાય છે. અભ્યાસના ૨૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયોમાંથી ૩ છાત્રાલયોએ સરકારના અનુદાનથી મકાન બનાવ્યાં છે. ૧૪ છાત્રાલયોના મકાન એવાં છે કે સંચાલન સંસ્થાઓએ પોતાના પ્રયાસથી છાત્રાલયનું  મકાન બનાવ્યું છે. આવી સંસ્થાઓએ ભારત બહારથી પણ નાણાકીય મદદ મેળવી છે. ૮ છાત્રાલયો ભાડાનાં મકાનમાં, ૧ છાત્રાલય જંગલ મંડળીના મકાનમાં અને ૧ છાત્રાલય વિકાસ ઘટકના મકાનમાં ચાલે છે.

ઉપરોક્ત ચર્ચા મકાનની માલિકી અંગેની થઈ. છાત્રાલય જે મકાનમાં ચાલે છે તેનું છાજ કેવું છે તેની માહિતી કોઠા ૩:૨માં મૂકવામાં આવી છે.

**કોઠા નં.૩:૨**

**મકાનનું છાજ દર્શાવતો કોઠો**

| ક્રમ | છાજનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧. | પતરાનું | ૧૦ |
| ૨. | દેશી નળિયાં | ૫ |
| ૩. | વિલાયતી નળિયાં | ૫ |
| ૪. | ધાબું - R.C.C. | ૧૦ |
| | કુલ | ૩૦ |

જે ૧૦ છાત્રાલયનાં છાજ પતરાનાં છે તેમાં ૧ સરકારી કુમાર છાત્રાલય અને ૯ સ્વૈચ્છિક સંસ્થાનાં છાત્રાલય છે. સ્વૈચ્છિક સંસ્થાનાં છાત્રાલયોમાં ૬ કુમાર અને ૩ કન્યા છાત્રાલયના મકાનનું છાજ ધાબાનું છે. ડાંગ જિલ્લાના એક કન્યા છાત્રાલયના મકાનનું છાજ ધાબાનું છે. આ ધાબામાંથી ચોમાસામાં પુષ્કળ પ્રમાણમાં પાણી પડે છે. આ છાત્રાલયના છાત્રો અને ગૃહમાતા સાથે ચર્ચા કરતાં ખ્યાલ આવ્યો કે સંચાલક મંડળને ઘણીવાર રજૂઆત કરવા છતાં આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી. જે વર્ષે પાકું મકાન બનાવ્યું તે વર્ષથી જ ધાબામાંથી વરસાદનું પાણી પડે છે. આ મકાન બનાવવામાં નાણાંકીય સહાય સરકારે આપી છે.

જે ૪ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના મકાનનું છાજ દેશી નળિયાનું છે તેમાં ૨ કુમાર અને ૩ કન્યા છાત્રાલયના મકાનનું છાજ દેશી નળિયાનું છે. પંચમહાલ અને બનાસકાંઠાના એક-એક છાત્રાલયનું છાજ દેશી નળિયાનું છે. આ છાત્રાલયોના છાજના નળિયાં મોટાં ભાગના તૂટી ગયા છે. તેથી છાજમાંથી સૂર્યના કિરણો છાત્રાલયના રૂમમાં આવે છે. આ છાત્રાલયના છાત્રોએ જણાવ્યું કે વરસાદના દિવસોમાં પણ તેઓ આ જ મકાનમાં રહેતા હતા. આ દિવસોમાં છાત્રાલયના રૂમમાં પુષ્કળ પાણી ભરાતું હતું. વળી છાત્રાલયનું ભોંયતળિયું ગાર-માટીનું બનેલું છે. તેથી વરસાદના દિવસોમાં ખૂબ જ મુશ્કેલી પડે છે. મોટાભાગના છાત્રો રાત્રે સૂવા માટે શાળાના મકાનમાં જાય છે. ૧ સરકારી કુમાર છાત્રાલય અને ૪ સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયનું છાજ વિલાયતી નળિયાનું છે.

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલયમાં મકાનના છાજ ઘણાં નબળાં છે. જે છાત્રાલયમાં પતરાનાં છાજ છે તેમાં ઉનાળામાં સખત ગરમી લાગે છે. જયારે શિયાળામાં વધુ ઠંડક લાગે છે. આમ લાગવાનું મુખ્ય કારણ એ છે કે મકાનની ઉંચાઈ બહુ હોતી નથી. અલબત્ત, વરસાદની મોસમમાં પતરાવાળા છાજના છાત્રાલયોના છાત્રોને ઓછી મુશ્કેલી પડે છે. સંચાલકો પણ છાજ તરીકે પતરાને વધુ પસંદ કરે છે. કારણ કે નળિયા અને ધાબા કરતાં પતરાનું છાજ લાંબો સમય ટકે છે. તેનું સમારકામ પણ ખૂબજ ઓછા પ્રમાણમાં કરવું પડે છે.

**છાત્રાલયમાં રૂમ**

અભ્યાસના ૩૦ છાત્રાલયમાં ૨૪૬ રૂમ છે. એક છાત્રાલય દીઠ સરેરાશ ૮ રૂમો છે. આ રૂમોમાં છાત્રોને રહેવાના રૂમ, ગૃહપતિને રહેવાના રૂમ, કોઠાર, રસોડું વગેરેનો સમાવેશ થાય છે. ૨૪૬ રૂમમાં ૧૨ કાચા અને ૨૩૪ પાકા રૂમ છે. મોટાભાગના છાત્રાલયના રૂમ પાકા જોવા મળ્યા. (જે છાત્રાલયની દિવાલ ઈંટ, ચૂનાની બનાવેલી હોય તેને પાકા રૂમ તરીકે ગણવામાં આવ્યા છે. છાણ અને માટીની દિવાલવાળા રૂમને કાચા રૂમ તરીકે ગણવામાં આવ્યા છે.) અભ્યાસના પંચમહાલ, બનાસકાંઠા, વલસાડ જિલ્લાના એક એક કુમાર છાત્રાલય અને ડાંગ જિલ્લાના એક કન્યા છાત્રાલયના રૂમો કાચા છે.

અભ્યાસના ૩૦ છાત્રાલયના રૂમ અને છાત્રોની સંખ્યા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસ હેઠળના છાત્રાલયમાં એક રૂમમાં સરેરાશ ૧૪ છાત્રો રહે છે. સ્વૈચ્છિક સંસ્થાના કુમાર અને કન્યા છાત્રાલયમાં સરેરાશ એક રૂમમાં ૧૪ છાત્રો રહે છે. સરકારી કુમાર છાત્રાલયમાં સરેરાશ ૧૭ અને સરકારી કન્યા છાત્રાલયમાં સરેરાશ ૫ છાત્રો રહે છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના છાત્રાલયમાં છાત્રોને રૂમમાં રહેવા પૂરતી જગ્યા મળતી નથી. અભ્યાસ હેઠળના વલસાડ, સાબરકાંઠા, પંચમહાલ અને સુરત જિલ્લાના એક એક કુમાર છાત્રાલયના છાત્રો એક જ રૂમમાં રહે છે. આ છાત્રાલયની અનુક્રમે ૩૦, ૨૦, ૬૦ અને ૩૭ માન્ય સંખ્યા છે.

સાબરકાંઠાના એક સરકારી કુમાર છાત્રાલયમાં પણ છાત્રો એક જ રૂમમાં રહે છે. આ છાત્રાલયની માન્ય સંખ્યા ૫૦ની છે. આ છાત્રાલયના માટે નવું મકાન ભાડે રાખવાની કાર્યવાહી ચાલુ છે એવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું. વલસાડ અને સુરત જિલ્લાના એક એક કન્યા છાત્રાલયમાં પણ છાત્રો એક રૂમમાં રહે છે. આ છાત્રાલયની અનુક્રમે ૩૮ અને ૨૦ની માન્ય સંખ્યા છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં છાત્રોને રહેવા માટેની જગ્યા પૂરતા પ્રમાણમાં મળતી નથી. સમાજકલ્યાણ ખાતાના નિયમ મુજબ એક છાત્ર દીઠ ૪૦ સ્કેવર ફૂટ જગ્યા હોવી જોઈએ. અભ્યાસના એક પણ છાત્રાલયમાં આ નિયમનું પાલન થતું નથી. છાત્રાલયની માન્યતા મેળવતી સમયે છાત્રાલયના કુલ રૂમનું ક્ષેત્રફળ બતાવી માન્ય સંખ્યાના આધારે ૪૦ સ્કેવર ફૂટ જગ્યા દર્શાવવામાં આવે છે. સમાજકલ્યાણ ખાતાના અધિકારી જયારે જયારે છાત્રાલયની મુલાકાતે જાય ત્યારે પણ આ જ પ્રમાણે માપ દર્શાવવામાં આવે છે. આદિવાસી વિસ્તારના છાત્રાલયના સંચાલકોની ફરિયાદ છે કે આદિવાસી વિસ્તારના ગામડામાં મોટાં અને સગવડવાળાં મકાન ભાડે મળતા નથી. સરકાર તરફથી મકાન બાંધવા માટે હાલમાં જે અનુદાન મળે છે તે પણ ઘણું ઓછું છે. જે રકમ મળે છે તેમાં પૂરતા પ્રમાણમાં બાંધકામ પણ થતું નથી. અનુદાન ૧૦૦ ટકા મળતું નથી. સંસ્થાએ પોતાના નાણાં મકાન

બાંધકામમાં રોકવા પડે છે. સરકારી અનુદાન લઈને મકાન બનાવવામાં આવે તો મકાન ભાડું પૂરતું મળતું નથી. મકાન બનાવવામ જે નાણા સંસ્થાએ રોક્યા હોય તેનું વ્યાજ અને સરકાર તરફથી મળતા માસિક ભાડાની આવક વધારે થતી હોવાથી સંસ્થા સરકારી અનુદાન લઈને છાત્રાલયનું મકાન બનાવવાની ઓછી તૈયારી બતાવે છે. પરિણામે છાત્રોને અપૂરતી જગ્યા અને ઓછી સવલતવાળા મકાનમાં રહેવું પડે છે.

**રૂમમાં છાત્રોને કઈ રીતે રાખવામાં આવે છે**

આદિવાસી એક જથ્થામાં રહેવાને ટેવાયેલા નથી. તેમનાં ઘર પણ છૂટાંછવાયાં હોય છે. આથી બાળકોને શાળામાં એક સાથે રહેવા ટેવાવું પડે છે. જયારે છાત્રાલયમાં તો જુદા જુદા ગામના અને જાતિના બાળકો છાત્રાલયમાં રહેતા હોય તેથી છાત્રોને રૂમમાં કંઈ રીતે રાખે છે સમજવું જરૂરી છે. કારણકે આદિવાસીની જુદી જુદી જાતિમાં ભાષા-સંસ્કૃતિમાં વિવિધતા હોય છે. વિવિધતા હોવા છતાં છાત્રો એક સ્થાને રહીને ભણે છે. અલબત્ત છાત્રાલયમાં છાત્રોના નાનાં નાનાં સમૂહ થઈ જાય છે. આ સમૂહ જાતિ-ગામ-ફળિયાના આધારે રચાય છે.

જાતિના આધારે રૂમમાં છાત્રોને રાખવામાં નથી આવતા, અલબત્ત ઘણાં છાત્રાલયમાં એક જ જાતિનાં બાળકો વધારે પ્રમાણમાં હોય છે. આવું સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ-વલસાડ જિલ્લાનાં છાત્રાલયમાં વધુ પ્રમાણમાં બને છે. સાબરકાંઠા અને બનાસકાંઠામાં ડુંગરી ગરાસિયા અને ડુંગરી ભીલ જાતિના છાત્રો છાત્રાલયમાં વધારે પ્રમાણમાં હોય છે. જયારે પંચમહાલમાં ભીલ અને પટેલિયા જાતિના છાત્રો છાત્રાલયમાં વધુ હોય છે. ઝાલોદ અને દાહોદમાં ભીલ જાતિના અને જેસાવાડા - નેલસુર વિસ્તારમાં પટેલિયા જાતિના છાત્રો છાત્રાલયમાં વધારે પ્રમાણમાં હોય છે. આ જિલ્લામાં વસતા કોલચા, કાથોડી, નાયકા, વારલી જાતિના છાત્રો છાત્રાલયમાં ઓછા પ્રમાણમાં હોય છે.

અભ્યાસના ૨૦ છાત્રાલયમાં છાત્રોને ધોરણ પ્રમાણે રૂમમાં રાખવામાં આવે છે. ૨ સરકારી કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં છાત્રોને ધોરણ પ્રમાણે રાખવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થા હસ્તકના ૧૦ કુમાર અને ૭ કન્યા છાત્રાલયમાં પણ છાત્રોને ધોરણ પ્રમાણે રૂમમાં રાખવામાં આવે છે. અભ્યાસના જે છાત્રાલયમાં ત્રણ રૂમમાં છાત્રો રહેતા હોય તેવા છાત્રાલયના એક એક રૂમમાં દરેક ધોરણના છાત્રોને અલગ અલગ રૂમમાં રાખવામાં આવે છે. અભ્યાસના ૩ કુમાર અને ૧ કન્યા છાત્રાલયના છાત્રો ત્રણ રૂમમાં રહે છે. જે છાત્રાલયમાં ત્રણ કરતાં ઓછા રૂમમાં છાત્રો રહેતા હોય ત્યાં અથવા તો ધોરણ ૮ અને ૯માં અભ્યાસ કરતા છાત્રોની સંખ્યા વધારે હોય તેવા છાત્રાલયમાં ધોરણ ૮ અને ૯ના છાત્રોને એક રૂમમાં સાથે રાખે છે, અને ધોરણ-૧૦ના છાત્રોને અલગ રૂમમાં રાખવામાં આવે છે. આવું અભ્યાસના ૨ કુમાર છાત્રાલયમાં જોવા મળ્યું છે. ૩ કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં છાત્રાલયના દરેક છાત્રોને એક સાથે રાખવામાં આવે

છે. ૧ કન્યા છાત્રાલયમાં છાત્રોને રૂમમાં ગામવાર રાખવામાં આવે છે. ૧ કુમાર અને ૨ કન્યા છાત્રાલયમાં છાત્રોને પોતાની પસંદગીના ધોરણે રૂમમાં રાખવામાં આવે છે. અલબત્ત આમ કરવામાં એક રૂમમાં છાત્રોની સંખ્યા વધી ન જાય તેની તકેદારી રાખવામાં આવે છે.

ઉપરોક્ત બાબત ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના છાત્રાલયમાં રૂમમાં છાત્રોને રાખવામાં અલગ અલગ ધોરણો અપનાવવામાં આવે છે. તેમાં એક ધોરણમાં અભ્યાસ કરતા છાત્રોને મોટાભાગે એક સાથે રાખવામાં આવે છે. આમ કરવાનો સંચાલકોનો મુખ્ય ઉદ્દેશ એ હોય છે કે એક ધોરણમાં ભણતા છાત્રો સાથે રહે તો અભ્યાસમાં સારું ધ્યાન આપી શકે, કારણકે આ છાત્રો શાળામાં પણ એક જ કલાસમાં સાથે રહેતા હોય તેથી તેમનામાં અમેપણાની ભાવના વધારે હોય. આ ભાવનાને વિકસાવવા માટે જ એક ધોરણમાં અભ્યાસ કરતા છાત્રોને છાત્રાલયમાં એક સાથે રાખવાનું સંચાલકોએ યોગ્ય ગણ્યું છે.

ધોરણ ૧૦ના છાત્રોને અલગ રાખવામાં આવે છે. ૧ રૂમમાં છાત્રો રહેતા હોય તેવા છાત્રાલયમાં પણ ધોરણ-૧૦ના છાત્રોને દિવાળીની રજા બાદ રહેવાની અલગ વ્યવસ્થા કરી આપવામાં આવે છે. આ વ્યવસ્થામાં ગૃહપતિ કે ગૃહમાતાના રૂમમાં કે અન્ય કોઈ રૂમ ત્રણ ચાર માસ માટે ખાલી કરી તે રૂમમાં ધોરણ-૧૦ના છાત્રોને રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. આમ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આ ધોરણમાં અભ્યાસ કરતા છાત્રો એક સાથે વાંચન કરી શકે અને અભ્યાસમાં કાંઈ મુશ્કેલી જણાય તો તેનું નિરાકરણ જૂથ ચર્ચા દ્વારા લાવી શકાય.

ગૃહપતિ કે ગૃહમાતાના રૂમમાં ધોરણ ૧૦ના છાત્રોને રાખવાથી તેની ઉપર ગૃહપતિ કે ગૃહમાતાની સીધી દેખરેખ રહે અને પરીક્ષાની પૂરતી તૈયારી કરે છે કે નહીં ? તેની જાણકારી પણ રહે અને અભ્યાસમાં ગૃહમાતા-ગૃહપતિનું માર્ગદર્શન પણ મળી રહે. આમ કરવાથી છાત્રાલયનું ધોરણ-૧૦નું પરિણામ સારું આવે. જો છાત્રાલયનું ધોરણ-૧૦નું પરિણામ સારું ન આવે તો બીજા વર્ષે છાત્રોની સંખ્યાનું પ્રમાણ જળવાતું નથી અથવા તો અભ્યાસમાં નબળા હોય તેવા છાત્રોને છાત્રાલયમાં રાખવા પડે છે; કારણકે અભ્યાસમાં તેજસ્વી હોય તેવા છાત્રો આવાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવા ઓછા તૈયાર થાય છે.

**છાત્રોને છાત્રાલયમાં મળતી સવલત**

છાત્રાલયમાં છાત્રોને શું શું સવલત મળે છે તેની પણ તપાસ કરવામાં આવી છે. જિલ્લા પંચાયતના સમાજકલ્યાણ ખાતા દ્વારા, આયોજન મંડળ દ્વારા અને જે તે વિસ્તારના આદિવાસી પેટા યોજનાની કચેરી દ્વારા છાત્રાલયની સવલત વધારવા માટે આર્થિક મદદ અથવા તો જુદાં જુદાં સાધનો આપવામાં આવે છે. સાધન સામગ્રીની ચીજવસ્તુ જિલ્લે જિલ્લે અલગ મળતી હોય છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસના ૩૦ છાત્રાલયમાં ૧૮૨૬ છાત્રો છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ૧૬૭૬ છાત્રો રહે છે. સ્વૈચ્છિક

સંસ્થાના ૧૬ કુમાર છાત્રાલયમાં ૯૪૯ છાત્રો અને ૧૧ કન્યા છાત્રાલયમાં ૭૨૭ છાત્રા છે. ૨ સરકારી કુમાર છાત્રાલયમાં ૧૦૦ છાત્રો અને ૧ કન્યા છાત્રાલયમાં ૫૦ છાત્રો રહે છે.

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયોમાં સાબરકાંઠાના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલયને, પંચમહાલના ૧ કુમાર છાત્રાલયને, ડાંગના ૧ કન્યા છાત્રાલયને અને ૩ સરકારી છાત્રાલયને પલંગની સહાય મળી છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૪ છાત્રાલયના ૭૦ કુમાર અને ૧૦૩ કન્યા છાત્રોને પલંગની સવલત મળે છે; જ્યારે ૩ સરકારી છાત્રાલયના ૬૫ કુમાર અને ૫૦ કન્યા છાત્રોને પલંગની સવલત મળે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન છાત્રોને પલંગની સવલત કઈ રીતે આપવામાં આવે છે, તેની તપાસ કરવામાં આવેલ. સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના રૂમમાં પલંગ પાથરેલા જોવા મળ્યા. આ છાત્રાલયમાં છાત્રો કરતાં પલંગની સંખ્યા ઓછી હોવાથી એક પલંગમાં બે છાત્રો સૂવે છે. જ્યારે બન્ને કન્યા છાત્રાલયમાં પલંગનો ઉપયોગ કરવામાં આવતો નથી. સહાયમાં મળેલા પલંગો છાત્રાલયમાં એક ખૂણામાં થપ્પી મારી મૂકી રાખવામાં આવે છે. આ અંગે ગૃહમાતા સાથે ચર્ચા કરતાં તેમણે રાત્રે સૂવાના સમયે પલંગ પાથરવામાં આવે છે તેમ જણાવ્યું પણ છાત્રોની રૂબરૂ મુલાકાત લેતાં ખ્યાલ આવ્યો કે પલંગનો ઉપયોગ ખરેખર કરવામાં આવતો નથી. કારણ કે છાત્રો કરતાં પલંગની સંખ્યા ઓછી છે, અને રૂમ પણ નાનાં છે. તેથી પલંગ પાથરવાથી વધુ અગવડ પડે છે. જે પલંગ છે તે મોટાભાગના તૂટી ગયા છે. પલંગ ઉપર પાથરવાનું ગોદડું બરોબર ન હતું તેથી પલંગ સૂવાના ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. એક સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના છાત્રો લોખંડના પલંગ ઉપર સાદી શેતરંજી કે કંતાન પાથરીને સૂવે છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે સરકાર તરફથી પલંગની સહાય મળ્યા પછી છાત્રોની સંખ્યા વધે તો પણ પલંગ વધારે આપવામાં આવતા નથી. પલંગ ઉપર પાથરવાનું ગોદડું બરોબર ન હોવાથી અને મકાનની અગવડને લઈને પલંગનો ઉપયોગ યોગ્ય રીતે થઈ શકતો નથી.

**ગાદલું**

અભ્યાસના ૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયને ગાદલાંની સવલત મળી છે. તેમાં બનાસકાંઠા, સાબરકાંઠાના એક-એક કુમાર અને કન્યા છાત્રાલયને ગાદલાની સવલત મળી છે. ડાંગના એક કન્યા છાત્રાલયને અને પંચમહાલ, વડોદરાના એક-એક કુમાર છાત્રાલયને ગાદલાંની સવલત મળી છે. સ્વૈચ્છિક સંસ્થાના બનાસકાંઠાના કુમાર અને કન્યા છાત્રાલયને અને વડોદરાના કુમાર છાત્રાલયને પલંગની સવલત મળી નથી, પણ ગાદલાની વ્યવસ્થા (સવલત) મળી છે.

સરકારી ત્રણ છાત્રાલયમાં ડાંગ જિલ્લના એક કુમાર છાત્રાલય સિવાયના અન્ય બે છાત્રાલયમાં ગાદલાની સવલત મળી છે.

અભ્યાસના ૩૦ છાત્રાલયના ૫૯૬ છાત્રોને ગાંદલાની સવલત મળે છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના સંચાલન હેઠળનાં ૭ છાત્રાલયના ૧૬૦ કુમાર અને ૧૩૮ કન્યા છાત્રોને ગોદલાંની સવલત મળે છે. સરકારી બે છાત્રાલયના ૯૪ છાત્રોને ગોદલાની સવલત મળે છે. તેમાં ૪૪ કુમાર અને ૫૦ કન્યા છાત્રોને આ સવલત મળે છે.

સાયુમાસના કન્યા છાત્રાલયમાં સંસ્થાએ છાત્રો માટે પોતાના ખર્ચે ગોદડાં બનાવ્યા છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તરમાં જમીનમાં ભેજ વધારે હોવાથી ગોદડાંનું આયુષ્ય ખૂબ જ ટૂંકું હોય છે. સરકાર એકાદવાર ગાદલાં આપે ત્યારે બાદ તેના રીપેરીંગના ખર્ચ પેટે કાંઈ નાણાં ન આપે તેથી બે-ત્રણ વર્ષમાં ગાદલાં નકામાં થઈ જાય છે. ગાદલાંનું રૂ પણ ખૂબ જ હલકા પ્રકારનું હોય છે. તેથી ગાદલામાં ગાંઠો પડી જાય છે. અમ થવાથી છાત્રોને સૂવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. અભ્યાસના મોટાભાગના છાત્રાલયમાં ગોદલાની સવલત મળવા છતાં તેનો ઉપયોગ જુદાં જુદાં કારણોને લઈને થતો નથી.

**શેતરંજી :**

અભ્યાસના કુમાર છાત્રાલયમાં બે વલસાડના, સાબરકાંઠા અને સુરતના એક-એક છાત્રાલયને અને કન્યા છાત્રાલયોમાં સુરતના બે અને બનાસકાંઠાના એક છાત્રાલયને શેતરંજીની સવલત મળી નથી. અભ્યાસના કુમાર છાત્રાલયમાં વલસાડના ધરમપુર તાલુકાના એક છાત્રાલયને શેતરંજીની સવલત મળી છે. જયારે આ જ તાલુકાનાં બીજાં છાત્રાલયને શેતરંજી મળી નથી. જે બે છાત્રાલયને શેતરંજી નથી મળી તે છાત્રાલયો શેતરંજીની સવલત મેળવનાર છાત્રાલય કરતા જૂનાં છે. જે છાત્રાલયને શેતરંજી નથી મળી તેને ગાદલાની સહાય પણ મળી નથી. કન્યા છાત્રાલયમાં સુરત જિલ્લાના અભ્યાસના સોનગઢ તાલુકાના છાત્રાલય સિવાયના વાલોડ અને વ્યારાના છાત્રાલયને શેતરંજીની સવલત મળી નથી. આ બે તાલુકાના છાત્રાલયોને ગાદલાંની સવલત પણ મળી નથી.

અભ્યાસના કન્યા છાત્રાલયમાં સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના એક એક છાત્રાલયને અને કુમાર છાત્રાલયમાં પંચમહાલ, વડોદરા અને બનાસકાંઠાના એક એક છાત્રાલયને ગાદલાં અને શેતરંજીની સવલત મળી છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે સરકાર દ્વારા જે સવલત આપવામાં આવે છે તેમાં કોઈ ચોક્કસ નીતિરીતિ હોતી નથી. તાલુકાના અમુક છાત્રાલયને સવલત મળે અને અમુક છાત્રાલયને સવલત ન મળે. અમુક છાત્રાલયને એક પ્રકારની સવલત એક કરતા વધારે વાર મળે છે. સવલત આપવામાં પણ કંઈ સ્વૈચ્છિક સંસ્થાનું છાત્રાલય છે તેના સંચાલકો કોણ છે તે બાબતને ખ્યાલમાં રાખી સવલત અપાય છે. અભ્યાસના છાત્રાલયના સંચાલકો પણ આ બાબત સાથે સહમત છે.

અભ્યાસના ત્રણે સરકારી છાત્રાલયને શેતરંજીની સવલત મળી છે. જેમાંથી ડાંગ જિલ્લાના એક કુમાર છાત્રાલયને ગાદલાંની સવલત મળી નથી. બાકીના બે છાત્રાલયને ગાદલાંની સવલત ઉપરાંત શેતરંજીની સવલત મળી છે. ડાંગ જિલ્લાના આ છાત્રાલયને છાત્રોના પ્રમાણમાં પૂરતી શેતરંજી પણ નથી મળી. આ છાત્રાલયની માન્ય સંખ્યા ૫૦ છે. જયારે શેતરંજી ૨૫ મળી છે. એક શેતરંજીમાં બે છાત્રો સાથે સૂવે છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થના ૧૦૬૦ છાત્રોને શેતરંજીનો લાભ મળે છે. તેમાં ૬૧૧ કુમાર અને ૪૪૯ કન્યા છાત્રો છે. જયારે સરકારી છત્રાલયના ૧૧૯ છાત્રોને શેતરંજીનો લાભ મળે છે. તેમાં ૬૯ કુમાર અને ૫૦ કન્યા છાત્રોને શેતરંજીની સવલત મળે છે.

**ઓશીકું**

અભ્યાસના ૩૦ છાત્રાલયમાંથી ૫ કુમાર અને ૩ કન્યા છાત્રાલયના ૩૩૯ છાત્રોને ઓશીકાની સવલત મળે છે. તેમાં ૪ સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના ૧૬૦ છાત્રોને ઓશીકાની સવલત મળે છે. ૨ સ્વૈચ્છિક સંસ્થાના કન્યા છાત્રાલયના ૮૫ છાત્રોને અને ૧ સરકારી કન્યા છાત્રાલયના ૫૦ છાત્રોને ઓશીકાની સવલત મળે છે. સ્વૈચ્છિક સંસ્થાના ત્રણ કન્યા છાત્રલયોને ગાદલાંની સવલત મળે છે. આ ત્રણ છાત્રાલયમાંથી બે છાત્રાલયને ઓશીકાની સવલત મળી છે. જે સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયને શેતરંજીની સવલત મળી છે. તેમાં ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયને ઓશીકાની સવલત મળી છે.

**ચાદર**

અભ્યાસના ૩૦ છાત્રાલયમાંથી ૫ કુમાર અને ૬ કન્યા છાત્રાલયન ૯૫૮ છત્રોને ચાદરની સવલત મળી છે. તેમાં ૩ સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના ૫૧૪ છાત્રોને અને ૨ સરકારી કુમાર છાત્રાલયના ૬૯ છાત્રોને ચાદરની સવલત મળી છે. ૫ સ્વૈચ્છિક સંસ્થાના કન્યા છાત્રાલયના ૩૨૫ છાત્રોને અને ૧ સરકારી કન્યા છાત્રાલયના ૫૦ છાત્રોને ચાદરની સવલત મળે છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧ કુમાર અને ૩ કન્ય છાત્રાલયને શેતરંજી-ગાદલા મળ્યા છે. પણ ચાદર મળી નથી. જયારે ૧ સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયને શેતરંજી- ગાદલું મળ્યું નથી પણ ચાદર મળી છે.

સૂવામાં ગાદલું યા શેતરંજી તેમજ ઓશીકું અને ચાદરની ન્યૂનતમ જરૂરિયાત ગણાય. તેથી સરકારની જુદી જુદી યોજનાઓમાં આ ચીજવસ્તુ છાત્રાલયને આપવામાં આવે છે. ઉપરોક્ત માહિતી ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના જે છાત્રાલયને આ સવલત મળી છે તેમાં એકરૂપતા જળવાતી નથી. જે છાત્રાલયને ઉપરોક્ત સવલત મળે છે તે પણ છાત્રોના પ્રમાણમાં પૂરતી નથી.

ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થી વાલી ગૃહપતિ ગૃહમાતા અને સંચાલકો સાથે આ અંગેની ચર્ચા કરતાં ખ્યાલ આવે છે કે છાત્રાલયમાં ગાદલાં અને ઓશીકાં બહુ ઉપયોગી નીવડતા નથી. જયારે શેતરંજી અને ચાદર ખૂબજ ઉપયોગી નીવડે છે. જે છાત્રાલયને ઉપરોક્ત સવલતો આપવામાં આવે છે તેવો છાત્રોને આ સવલતનો લાભ પૂરતા પ્રમાણમાં આપતા નથી. આમ કરવા પાછળના જુદા જુદા કારણો જાણવા મળે છે. તેમાં છાત્રો આ ચીજવસ્તુ સાચવીને વાપરતા નથી અને આપેલ વસ્તુ ખોઈ નાંખે છે. ખોઈ નાંખેલ વસ્તુના પૈસા ભરતા નથી. સમાજકલ્યાણના અધિકારી કે સંસ્થાના સંચાલકો છાત્રાલયની મુલાકાતે આવે ત્યારે ગૃહપતિઓ ખોવાયેલી વસ્તુનો યોગ્ય અને સંતોષકારક જવાબ આપી શકતા નથી. અથવા તો અધિકારી કે સંચાલકો આ વસ્તુ વિદ્યાર્થી ખોઈ નાંખે છે એ હકીકતને હકીકત તરીકે માનવા ઓછા તૈયાર થાય છે. સંચાલકો ખોવાયેલ વસ્તુની સીધી જવાબદારી ગૃહપતિ/ગૃહમાતાની ગણે છે અને ખોવાયેલ વસ્તુના પૈસા તેની પાસેથી વસુલ કરવાનો પ્રયાસ કરે છે. આમ થવાથી ગૃહપતિ કે ગૃહમાતા આવી વસ્તુ છાત્રોને આપવા માટે ઓછી તૈયારી બતાવે છે.

**થાળી, વાટકો, પ્યાલો**

અભ્યાસના ૩૦ છાત્રાલયમાંથી ૮ કુમાર અને ૫ કન્યા છાત્રાલયના ૧૦૭૩ છાત્રોને થાળી-વાટકો અને પ્યાલાની સવલત મળે છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના, ૨ પંચમહાલના, ૩ વડોદરાના, ૨ સાબરકાંઠાના અને ૧ ભરૂચ જિલ્લાના કુમાર છાત્રાલયના ૬૨૪ છાત્રોને થાળી વાટકાની સવલત મળે છે. જયારે ૨ પંચમહાલ, ૩ વલસાડના, ૨ બનાસકાંઠાના, ૧ સુરત જિલ્લાના છાત્રાલયના છાત્રોને આ સવલત મળતી નથી. અભ્યાસના સાબરકાંઠા અને ડાંગના સરકારી કુમાર છાત્રાલયના છાત્રોને આ સવલતનો લાભ મળતો નથી. સાબરકાંઠાના સરકારી છાત્રાલયમાં ભોજન બનાવવામાં આવતું નથી, પણ સ્થાનિક ભોજનાલયમાં જમાડવામાં આવે છે. તેથી છાત્રાલયમાં આ સાધનની જરૂરિયાત નથી.

જે કન્યા છાત્રાલયને આ સવલતનો લાભ મળે છે તેમાં ૧ પંચમહાલ જિલ્લાનું સરકારી કન્યા છાત્રાલય અને ૪ સ્વૈચ્છિક સંસ્થાનાં કન્યા છાત્રાલયને આ સવલતનો લાભ મળે છે. ૨ પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના એક-એક સ્વૈચ્છિક સંસ્થાના કન્યા છાત્રાલયને આ સવલતનો લાભ મળે છે. અભ્યાસના ૩ સુરતના, ૧ વલસાડના, ૧ પંચમહાલના અને ૧ ભરૂચ જિલ્લાના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના છાત્રોને આ સવલતનો લાભ મળતો નથી. અભ્યાસમાં પસંદગી કરવામાં આવેલ તેમાં ફક્ત કુમાર છાત્રાલયને જ આ સવલતનો લાભ મળે છે. પંચમહાલ જિલ્લાના ૧ સરકારી કન્યા છાત્રાલયને આ સવલતનો લાભ મળે છે.

અભ્યાસના એક જ જિલ્લાના છાત્રાલયમાં પણ અમુક છાત્રાલયને આ સવલત મળી છે તો અમુકને આ સવલત મળી નથી.

અભ્યાસના જે છાત્રાલયને આ સવલતનો લાભ મળ્યો છે તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૪ કુમાર અને ૨ કન્યા છાત્રાલયને છાત્રોના પ્રમાણમાં આ સવલત ઘણી ઓછી મળી છે. અભ્યાસના એક કુમાર છાત્રાલયની માન્ય સંખ્યા ૧૫૭ની છે. તેમાં ફક્ત ૧૨૦ જ થાળી વાટકાના સેટ મળ્યા છે. જયારે એક કન્યા છાત્રાલયની માન્ય સંખ્યા ૧૩૨ની છે. આ છાત્રાલયને ફકત ૫૦ થાળી-વાટકાના સેટ મળ્યા છે. એ કુમાર અને ૧ કન્યા છાત્રાલયને છાત્રો કરતા વધારે થાળી વાટકાના સેટ આપવામાં આવ્યા છે. તેમાં એક કુમાર છાત્રાલયની માન્ય સંખ્યા ૩૮ની છે. આ છાત્રાલયને ૫૦ થાળી-વાટકાના સેટ મળ્યા છે. સ્વૈચ્છિક સંસ્થાના ૨ કુમાર અને ૨ કન્યા છાત્રાલય અને ૧ સરકારી કન્યા છાત્રાલયને જેટલા છાત્રો છે તેટલા થાળી વાટકાનાં સેટ મળ્યા છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે જિલ્લામાં આ સવલત આપી છે તે જિલ્લાના દરેક છાત્રાલયને આ સવલતનો લાભ મળ્યો નથી અને જે છાત્રાલયને આ સવલતનો લાભ મળ્યો છે તેમાં છાત્રોની સંખ્યા કરતાં થાળી વાટકાના સેટ ઓછા મળ્યા છે. તેથી દરેક બાળકને આ સવલત આપવાનું મુશ્કેલ બને છે.

આદિવાસી અને હરિજન છાત્રાલયમાં સરકારી નિયમ મુજબ આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના વિદ્યાર્થીને રાખવામાં આવે છે અને તેમને જે-તે સવલત આપવામાં આવે છે, ત્યારે ફક્ત આદિવાસી અને હરિજન વિદ્યાર્થીને ખ્યાલમાં રાખીને જ જે-તે ચીજવસ્તુ આપવામાં આવે છે. આમ થવાથી એક જ છાત્રાલયમાં જુદી જુદી જાતિના વિદ્યાર્થીમાં અસંતોષની ભાવના પેદા થાય છે.

**કબાટ :**

છાત્રોને ટેબલ-ખુરશીની સવલત આપવામાં આવે તો છાત્રો અભ્યાસ સારી રીતે કરી શકે. આમ છતાં અભ્યાસના ફક્ત ૩ છાત્રાલયના છાત્રોને ટેબલ ખુરશીની સવલત મળે છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૧ કુમાર છાત્રાલય અને બે સરકારી છાત્રાલયને આ સવલતનો લાભ મળે છે. તેમાં ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે.

જે છાત્રાલયને, આ સવલત મળે છે તેમાં સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના ૧૫ છાત્રો અને સરકારી કુમાર છાત્રાલયના ૪૪ છાત્રો અને સરકારી કન્યા છાત્રાલયના ૫૦ છાત્રોને આ સવલતનો લાભ મળે છે.

આ ઉપરથી કહી શકાય છે કે અભ્યાસના છાત્રાલયનાં છાત્રોને શૈક્ષણિક કાર્ય માટે ટેબલ-ખુરશી અને કબાટની સવલત ખૂબજ ઓછા પ્રમાણમાં મળે છે. આના વિકલ્પમાં છાત્રો પોતાની પતરાની બેગનો ઉપયોગ કરે છે. છાત્રો જયારે છાત્રાલયમાં આવે ત્યારે પતરાની બેગ સાથે લાવે છે. આ બેગમાં કપડાં-પુસ્તક-નોટબુક- થાળી વાટકા રાખે છે અને લેખનકાર્ય સમયે બેગનો ઉપયોગ કરે છે.

**પુસ્તક-નોટબુક :**

છાત્રાલય તરફથી પુસ્તક અને નોટબુક આપવામાં આવે છે કે નહીં તેની તપાસ કરવામાં આવેલ. અભ્યાસના ફક્ત વડોદરા જિલ્લાના એક સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયને જ પુસ્તક નોટબુક આપવામાં આવે છે.

વડોદરા અને અન્ય જિલ્લામાં આ સવલત શાળા દ્વારા આપવામાં આવે છે. તેથી છાત્રાલયનાં છાત્રોને આ સવલતનો લાભ મળે છે.

**ગણવેશ :**

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રોને વર્ષમાં બે જોડ ગણવેશ આપવાની પ્રથા છે. ભોજન બીલમાં છાત્રદીઠ માસિક ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. તે ખર્ચમાંથી ગણવેશનો ખર્ચ કરી શકાય છે.

અભ્યાસના ૨૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાંથી ૭ કુમાર અને ૪ કન્યા છાત્રાલયને જ ૧૯૮૫-૮૬ના વર્ષમાં છાત્રોને ગણવેશ આપેલો. આમાં પંચમહાલના ૩ કુમાર અને ર-કન્યા છાત્રાલય, સાબરકાંઠાના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલયે, વલસાડના ૨ કુમાર છાત્રાલયે અને બનાસકાંઠા અને ડાંગના એક કુમાર અને એક કન્યા છાત્રાલયે છાત્રોને ગણવેશ આપ્યો છે. આ છાત્રાલયના ૭૮૯ છાત્રોને ગણવેશ આપવામાં આવ્યો છે. તેમાં ૪૩૨ કુમાર અને ૩૫૭ કન્યા છાત્રોને ગણવેશનો લાભ મળ્યો છે. ડાંગ જિલ્લાના એક સરકારી કુમાર છાત્રાલયના ૫૦ છાત્રોને પણ ગણવેશનો લાભ મળ્યો છે.

કેટલાં છાત્રોને જે તે સવલતનો લાભ મળે છે તેની વિગતો માહિતી કોઠા નં.૩ઃ૩માં આપવામાં આવી છે.

## કોઠો-૩:૩

### છાત્રાલયમાં છાત્રોને મળતી સવલત

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | છાત્રોની સંખ્યા | પલંગ | ગાદલું | શેતરંજી | ઓશીકું | ચાદર | કબાટ | થાળી-વાટકો-પ્યાલો | ખુરશી-ટેબલ | ગણવેશ | પુસ્તક | નોટબુક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૯૪૯ | ૭૦ | ૧૬૦ | ૬૧૧ | ૧૬૦ | ૫૧૪ | ૫૫ | ૬૨૪ | ૧૫ | ૪૩૨ | ૫૦ | ૫૦ |
| | | સરકારી | ૨ | ૧૦૦ | ૬૫ | ૪૪ | ૬૯ | ૪૪ | ૬૯ | - | - | ૪૪ | ૫૦ | - | - |
| | | કુલ | ૧૮ | ૧૦૪૯ | ૧૩૫ | ૨૦૪ | ૬૮૦ | ૨૦૪ | ૫૮૩ | ૫૫ | ૬૨૪ | ૫૯ | ૪૮૨ | ૫૦ | ૫૦ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૭૨૭ | ૧૦૩ | ૧૩૮ | ૪૪૯ | ૮૫ | ૩૨૫ | - | ૩૬૩ | - | ૩૫૭ | - | - |
| | | સરકારી | ૧ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૫ | ૫૦ | ૫૦ | - | - | - |
| | | કુલ | ૧૨ | ૭૭૭ | ૧૫૩ | ૧૮૮ | ૪૯૯ | ૧૩૫ | ૩૭૫ | ૨૫ | ૪૧૩ | ૫૦ | ૩૫૭ | - | - |
| | | | ૩૦ | ૧૮૨૬ | ૨૮૮ | ૩૯૨ | ૧૧૭૯ | ૩૩૯ | ૯૫૮ | ૮૦ | ૧૦૩૭ | ૧૦૯ | ૮૩૯ | - | - |

ગૃહપતિ :

ગૃહપતિની નોકરી ૨૪ કલાકની ગણાય છે. આથી ગૃહપતિએ છાત્રાલયમાં જ રહેવું જોઈએ. અભ્યાસના ૩૦ છાત્રાલયનાં ગૃહપતિઓએ પોતે છાત્રાલયમાં રહે છે તેમ દર્શાવ્યું છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા ગૃહપતિઓ છાત્રાલયમાં મળ્યા નથી. આવું ખાસ કરીને શનિ-રવિમાં કોઈ જાહેર રજા આવતી હોય અને તેની આગલા કે પાછલા દિવસે છાત્રાલયની મુલકાત લીધી હોય ત્યારે બન્યું છે. ગૃહપતિ હાજર નહિ હોવાનાં જુદાં જુદાં કારણો રસોયાએ કે છાત્રોએ જણાવ્યા છે. જેમાં ગૃહપતિ સંસ્થાની મુખ્ય કચેરીએ ગયા છે, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ બોલાવ્યા છે; ગૃહપતિના કુટુંબમાં કોઈનું મરણ થયું છે; કુટુંબના સભ્ય માંદા છે તેની ખબર લેવા ગયા છે. આવાં જુદાં જુદાં કરણો જાણવા મળ્યાં હતાં. એક જ છાત્રાલયના જુદા જુદા છાત્રો અને સહકર્મચારીઓએ ગૃહપતિ ન હોવાના જુદ જુદા કારણો દર્શાવ્યા છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન સમાજ કલ્યાણ અધિકારીને રૂબરૂ મળ્યા ત્યારે આ અંગેની તપાસ કરતાં ખ્યાલ આવે છે કે નજીકના દિવસોમાં ગૃહપતિને કચેરીમાં બોલાવ્યા જ નથી. છાત્રાલય અને શાળાનું સંચાલન કરનાર સંસ્થા એક જ હોય તેવા છાત્રાલયના ગૃહપતિ શનિ-રવિમાં છાત્રાલયમાં હાજર છે કે નહીં તેનો ખ્યાલ સંચાલક મંડળ કે શાળાના આચાર્યને હોતો નથી.

ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા આચાર્યોએ ગૃહપતિ અંગેની કોઈ વિગત જાણતાં નથી તેમ જણાવ્યું. પંચમહાલ જિલ્લાના એક ગામે શાળા સાથે છાત્રાલય છે. આ છાત્રાલયની મુલાકાત સમયે ગૃહપતિ હાજર નહીં હોતાં તે શાળાના આચાર્યને ગૃહપતિ કેમ હાજર નથી તેની માહિતી પૂછતાં તેઓએ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. તદ્ઉપરાંત છાત્રાલયમાં ૧૯૮૬-૮૭ના વર્ષે કેટલાં છાત્રોને છાત્રાલયમાં પ્રવેશ આપ્યો છે તેનો ખ્યાલ પણ આચાર્યને ન હતો. આ શાળામાં બહારથી આવ-જા કરી અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. એટલે કે શાળામાં છાત્રાલયના છાત્રોની સંખ્યાથી જ જે તે વર્ગમાં પુરા વિદ્યાર્થી થાય છે. આમ છતાં શાળાના મુખ્ય શિક્ષકને છાત્રાલયમાં કેટલાં છાત્રો છે તેનો ખ્યાલ ન હતો. આ ઉપરથી કહી શકાય છે કે ઘણી શાળાઓ છાત્રાલય સાથે જોડાયેલી છે. એટલું જ નહીં પણ છાત્રાલયના જ છાત્રો જે તે શાળામાં વધારે હોય તેમ છતાં શાળાના મુખ્ય શિક્ષકને છાત્રાલય અંગેની કોઈ વિગતનો ખ્યાલ નથી હોતો. છાત્રાલયનો વહીવટ બરાબર ન હોવાથી તેની વિગત આપવા ઓછી તૈયારી બતાવે છે. ઘણી શાળાના મુખ્ય શિક્ષકોએ ગૃહપતિ બરોબર ફરજ નથી બજાવતા તેવી ફરિયાદ કરી છે. ગૃહપતિ ઉપર શાળાના મુખ્ય શિક્ષકનો સીધો અંકુશ ન હોવાથી તેઓ ગૃહપતિ પાસેથી બરોબર કામ લઈ શકતા નથી.

ઘણા છાત્રાલયના ગૃહપતિઓ છાત્રાલયમાં રાત્રે રહેતા નથી. આવા ગૃહપતિઓ સાંજના ભોજન બાદ પોતાના ઘરે ચાલ્યા જાય છે અને સવારના આઠ કે નવ વાગે છાત્રાલયમાં આવે છે.

પંચમહાલ જિલ્લાના એક ગૃહપતિએ તો ગૃહપતિની ચાલુ નોકરીએ નિયમિત બી.એડ્. નો અભ્યાસ કર્યો છે. આ છાત્રાલય તાલુકાના મથકે આવેલું છે. જ્યારે બી.એડ્‌ની કોલેજ જિલ્લાના મુખ્ય મથકે છે.

આ દરેક બાબત ઉપરથી ખ્યાલ આવે છે કે ગૃહપતિઓની નોકરી ૨૪ કલાકની હોવા છતાં જુદા જુદા અનેક કારણોને લઈને તેઓ છાત્રાલયમાં પૂરતો સમય આપતા નથી. આ કારણોમાં છાત્રાલયમાં રહેવાની અપૂરતી સગવડ, સરકારી નિયમ પ્રમાણે જે પગાર મળવો જોઈએ તે ન મળે, ગૃહપતિ સંચાલક મંડળના નજીકના સગા હોય અથવા તો સંચાલક મંડળની મુખ્ય કચેરી અને છાત્રાલયના સ્થળ વચ્ચેનું અંતર લાંબુ હોય એવા જુદા જુદા અનેક કારણોને લઈને ગૃહપતિઓ છાત્રાલયમાં ૨૪ કલાક હાજર રહેતા નથી.

સમાજકલ્યાણ છાત્રાલયના નિયમ મુજબ કન્યા છાત્રાલયના ગૃહમાતા છાત્રાલયમાં કુટુંબ સાથે રહી ન શકે, આમ છતાં સ્વૈચ્છિક સંસ્થાના ૫ કન્યા છાત્રાલયનાં ગૃહમાતાઓ કુટુંબ સાથે છાત્રાલયમાં રહે છે. તેમાં ૨ સુરતનાં, પંચમહાલ, ભરૂચ અને ડાંગ જિલ્લાના એક-એક છાત્રાલયનાં ગૃહમાતાઓ કુટુંબ સાથે રહે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણાં છાત્રાલયની મુલાકાત લીધી છે. તેમાં ઘણી કન્યા છાત્રાલયનાં ગૃહમાતાઓ કુટુંબ સાથે રહે છે. સરકારી કન્યા છાત્રાલયમાં પણ ગૃહમાતાઓ કુટુંબ સાથે રહે છે.

**કર્મચારી નિવાસ**

ઘણાં છાત્રાલયમાં ગૃહપતિઓને રહેવા માટેની અલગ વ્યવસ્થા નથી. અભ્યાસ હેઠળની સ્વૈચ્છિક સંસ્થાનાં ૨૨ અને સરકારી સંચાલનનાં ૨ છાત્રાલયમાં ગૃહપતિને રહેવા માટેની અલગ રૂમની વ્યવસ્થા છે. રહેવાની વ્યવસ્થા સંચાલક મંડળે મફત કરી આપી છે. અભ્યાસના વલસાડ જિલ્લાના ૨ અને બનાસકાંઠાના ૧ કુમાર છાત્રાલયમાં અને સાબરકાંઠાના ૧ કુમાર અને એક કન્યા છાત્રાલયમાં ગૃહપતિઓને રહેવા માટે અલગ રૂમની વ્યવસ્થા નથી. જ્યારે સરકારી સંચાલનના સાબરકાંઠાના ૨ કુમાર છાત્રાલયમાં ગૃહપતિને રહેવાની અલગ રૂમ નથી. જે છાત્રાલયમાં ગૃહપતિને રહેવા માટે અલગ રૂમની વ્યવસ્થા નથી તેવા છાત્રાલયના ગૃહપતિઓ છાત્રો સાથે અથવા તો કોઠાર રૂમમાં રહે છે. જે છાત્રાલયમાં ગૃહપતિને રહેવાની અલગ રૂમ છે તેવા મોટાભાગના છાત્રાલયમાં ધોરણ-૧૦નાં છાત્રો ગૃહપતિ સાથે રહે છે.

**રસોડું**

છાત્રાલયમાં અલગ રસોડું હોવું જરૂરી છે. આદિવાસી વિસ્તારના છાત્રાલયમાં મકાનની સવલત પૂરતા પ્રમાણમાં નથી હોતી. તેથી દરેક છાત્રાલયમાં અલગ રસોડાની વ્યવસ્થા હોતી નથી. રસોડું છાત્રાલયના મકાનની નજીકની ખુલ્લી જમીનમાં હોય છે. આ રસોડાની ત્રણ બાજુ વાંસ અને માટીની દિવાલ હોય છે. છાજ દેશી નળિયાનું હોય છે. વરસાદના દિવસોમાં આવા રસોડામાં ખૂબજ મુશ્કેલી પડે છે. આ ઉપરાંત રસોડું અને ભોજન કરવાનું સ્થળ અને કોઠાર અલગ અલગ જગ્યાએ હોય છે. તેથી રસોઈ કરવામાં અને

ત્યારબાદ જમવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. અભ્યાસના ૨૦ સ્વૈચ્છિક સંસ્થાના અને ૨ સરકારી સંચાલનના છાત્રાલયમાં અલગ રસોડાની વ્યવસ્થા છે. સ્વૈચ્છિક સંસ્થાના ૭ અને ૧ સરકારી સંચાલનના છાત્રાલયમાં અલગ રસોડાની વ્યવસ્થા નથી. તેમાં વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠાના એક-એક કુમાર છાત્રાલયમાં અને ડાંગના ૧ કન્યા છાત્રાલયમાં અને વલસાડના ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં અલગ રસોડાની વ્યવસ્થા નથી. સરકારી સંચાલનના સાબરકાંઠાના કુમાર છાત્રાલયમાં પણ અલગ રસોડાની વ્યવસ્થા નથી. જયાં અલગ રસોડાની વ્યવસ્થા નથી તેવાં છાત્રાલયમાં રસોઈ છાત્રો રહેતા હોય ત્યાં અથવા તો ગૃહપતિના રૂમમાં બનાવાય છે. ડાંગ અને વલસાડ જિલ્લાનાં ઘણાં એવાં છાત્રાલય છે કે જેમાં રસોઈ બહાર ખુલ્લામાં બનાવાય છે. રસોઈ માટે લાકડાનો બળતણ તરીકે ઉપયોગ કરે છે તેથી રસોડામાં બે લોખંડના સળીયાની ચૂલ, ૩ ઈંટથી ચણેલ ચૂલ, જમીનમાં ખોદેલ ચૂલ, અથવા તો કોલસાની મોટી ચૂલનો ઉપયોગ કરે છે. પંચમહાલ અને ડાંગ જિલ્લાના અમુક છાત્રાલયમાં રસોઈ બનાવવા માટે કુકરનો ઉપયોગ થાય છે, આથી બળતણનો બચાવ થાય અને છાત્રાલયનું પર્યાવરણ સારું રહે. મોટાભાગના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં એક ટંકે બે જ વસ્તુ બનાવાય છે. તેમાં રોટલી-શાક અથવા તો દાળ-ભાત યા ખીચડી-શાક. જે છાત્રાલયમાં છાત્રોની સંખ્યા ૭૫ થી વધારે હોય ત્યાં દાળ ભાત અને રોટલી બનાવાય છે. અમાં દાળ-ભાતનું પ્રમાણ વધારે હોય છે. રવિવાર કે તહેવારના દિવસે પકવાન બનાવવામાં આવે છે. આમાં લાડુ, મોહનથાળ, શિખંડ, દૂધપાક વગેરે વાનગીઓ સાથે ખમણ, બટાકાવડા, ભજીયાં, સેવ-ગાંઠીયાનું ફરસાણ પણ બનાવાય છે. લીલા શાકભાજીનો ઉપયોગ ખૂબ જ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. સાથે સાથે રસોડામાં ગંદકીનું પ્રમાણ વધારે હોય છે. અલગ રસોડું હોય તેવા છાત્રાલયમાં પણ ગંદકી વધુ હોય છે. ઘણી જગ્યાએ રાંધેલું અનાજ ઉઘાડું પડેલું જોયું. તેમાં વાસી અનાજ પણ હતું. રસોડાની સફાઈ બરોબર ન હોવાથી ચીકાશનું પ્રમાણ વધારે હોય છે.

**કોઠાર**

રસોડું અને કોઠાર માટે અલગ રૂમ હોવા જરૂરી છે. આમ છતાં મોટાભાગના છાત્રાલયમાં આ વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં નથી. અભ્યાસના ૨૨ સ્વૈચ્છિક સંસ્થાના અને ૨ સરકારી સંચાલનના છાત્રાલયમાં કોઠારની અલગ રૂમ છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧, બનાસકાંઠાના કુમાર અને સુરત,પંચમહાલના એક-એક કન્યા છાત્રાલયમાં અને વલસાડ જિલ્લાના ૨ કુમાર અને ૩ કન્યા છાત્રાલયમાં અલગ કોઠારની રૂમ નથી. સાબરકાંઠાના સરકારી કુમાર છાત્રાલયમાં પણ કોઠારના રૂમની વ્યવસ્થા નથી.

૨૫ થી ૩૦ની માન્ય સંખ્યા હોય તેવા છાત્રાલયમાં કોઠારના અલગ રૂમની જરૂર પડતી નથી; કારણ કે આવાં છાત્રાલયો પોતાની જોઈતી વસ્તુ રોજબરોજ ખરીદે છે. ઘઉં અથવા ચોખા ૧૦૦ કિલોના જથ્થામાં ખરીદે અને આ અનાજ ગૃહપતિની રૂમમાં મૂકે, કઠોળની જરૂર પડે ત્યારે ખરીદ કરે છે. મસાલા-તેલ-ગોળ

બે ત્રણ માસના એક સાથે ખરીદે. આ વસ્તુ ખુલ્લા ડબ્બામાં મૂકે છે. ઉંડાણના વિસ્તારમાં જે છાત્રાલય હોય ત્યાં અને અનાજ સંસ્થા મોકલતી હોય તેવા છાત્રાલયમાં અનાજનો જથ્થો હોય છે. આવા છાત્રાલયમાં ગોળ અને અનાજ પતરાના મોટા પીપમાં રાખવામાં આવે છે. તે ઉપરાંત ઘઉં-ચોખા કંતાનની ગુણીમાં રાખે છે.

છાત્રાલયની મુલાકાતે કોઠાર રૂમની તપાસ કરવામાં આવી છે. આમ કરતાં ખ્યાલ આવ્યો કે મોટા ભાગના છાત્રાલયના કોઠારરૂમમાં અનાજ અવ્યવસ્થિત હતું. સારા અનાજની સાથે બગડી ગયેલા અનાજના ઢગલા પણ હતા, તે ઉપરાંત મોટાભાગના અનાજના પીપને ઢાંકણા હતા નહીં. પીપમાં જાળાં બાઝી ગયાં હતાં. મસાલાના ડબ્બાને પણ ઢાંકણ ન હતાં. કેરોસીનના ડબ્બાની નજીક અનાજના પીપ કે ગુણી હતી. તે ઉપરાંત કાંદા-બટાકાની ગુણી યા ઢગલા એક ખૂણામાં પડ્યા હોય, તેમાં સડેલા કાંદા-બટાકા પણ હતા. તેથી કોઠારમાં પ્રવેશતાં જ સડેલા અનાજ કે શાકભાજીની વાસ આવતી હતી.

ડાંગ જિલ્લાના એક છાત્રાલયના છાજમાંથી વરસાદનું પાણી કોઠારરૂમમાં પડતું હતું. તેથી મોટાભાગનું અનાજ ભીંજાઈ ગયું હતું. આ જ જિલ્લાના એક કન્યા છાત્રાલયમાં કોઠાર રૂમ વ્યવસ્થિત હતો. અનાજ પીપમાં ભરેલું હતું. પીપના ઢાંકણ બરોબર બંધ હતા. અનાજ સાફ હતું. તથા પીપ ઉપર જે-તે વસ્તુનું નામ પણ હતું.

મોટાભાગના છાત્રાલયમાં ઘઉં-ચોખા-મકાઈ સિવાયનું અનાજ જરૂર પડે તેમજ ખરીદે છે. અનાજ ગામમાંથી જ ખરીદે છે. તેની ગુણવત્તા પણ સારી હોય છે. જે છાત્રાલયમાં અનાજ એક સાથે ખરીદવામાં આવે છે તેમાં લાંબા સમયે અનાજ બગડવાની ફરિયાદ રહે છે. આમ છતાં પ્રમાણમાં દરેક છાત્રાલયમાં અનાજ સારું જોવા મળ્યું છે.

**ભોજનાલય**

અભ્યાસના ૮ સ્વૈચ્છિક સંસ્થાના અને ૧ સરકારી સંચાલનના છાત્રાલયમાં ભોજનાલયની અલગ વ્યવસ્થા છે. તેમાં ૨ પંચમહાલ, ૧ વડોદરા, ૧ સુરત અને ૧ ભરૂચના કુમાર છાત્રાલયમાં અને ૧ સુરત, ૧ સાબરકાંઠા અને ૧ ડાંગના કન્યા છાત્રાલયમાં ભોજનાલયની અલગ વ્યવસ્થા છે. ડાંગ જિલ્લાના ૧ સરકારી કુમાર છાત્રાલયમાં પણ અલગ ભોજનની વ્યવસ્થા છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અલગ ભોજનાલયની વ્યવસ્થા છાત્રાલયમાં ઓછા પ્રમાણમાં છે. જે છાત્રાલયમાં ભોજનાલયની અલગ વ્યવસ્થા નથી, ત્યાંના છાત્રો છાત્રાલય પાસેની ખુલ્લી જમીનમાં, પરસાળમાં અને છાત્રો જે રૂમમાં રહેતા હોય ત્યાં જ ભોજન લે છે. જે સ્થળે ભોજન લે છે તેની સફાઈ બરોબર થતી નથી. ખાસ કરીને જે છાત્રાલયમાં રૂમમાં ભોજન લેવાય છે, તેવા છાત્રાલયમાં ગંદકીનું પ્રમાણ વધારે રહે છે. ખુલ્લામાં અને પરસાળમાં ભોજન અપાય છે તેવાં છાત્રાલયમાં સામુહિક સફાઈના સમયે ભોજનાલયની સફાઈ કરવામાં આવે છે.

**કાર્યાલય**

છાત્રાલયના વહીવટી કામ માટે કાર્યાલયના અલગ રૂમની ઓછી જરૂર પડે છે. તાલુકાના મુખ્ય મથકે કે જિલ્લાના મુખ્ય મથકે છાત્રાલય હોય અને જે તે સંચાલન સંસ્થાનું કાર્યક્ષેત્ર આ વિસ્તાર પૂરતું હોય તેવાં છાત્રાલયને જ સંસ્થાનું કાર્યાલય હોય છે. આવા છાત્રાલયમાં કાર્યાલય માટે અલગ રૂમ રાખવામાં આવે છે. ૩ વડોદરાના અને પંચમહાલ, સુરત, એક-એક કુમાર છાત્રાલયમાં અને સુરત પંચમહાલ અને સાબરકાંઠાના એક-એક કન્યા છાત્રાલયમાં કાર્યાલય માટે અલગ રૂમની વ્યવસ્થા છે. પંચમહાલ જિલ્લાના સરકારી કન્યા છાત્રાલયમાં પણ કાર્યાલય માટે અલગ રૂમની વ્યવસ્થા છે. અભ્યાસના ૨ સરકારી કુમાર છાત્રાલયમાં કાર્યાલયની વ્યવસ્થા નથી. આમાં એક છાત્રાલયનું દફતર પછાતવર્ગ અધિકારીની કચેરીમાં અને બીજા છાત્રાલયનું દફતર શાળામાં રાખે છે.

**મહેમાનગૃહ**

છાત્રાલયની મુલાકાતે કોઈ મહેમાન આવે તો તેને રહેવા માટે અલગ મહેમાનગૃહની વ્યવસ્થા છે કે નહીં તેની તપાસ કરવામાં આવેલ. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૪ છાત્રાલયમાં મહેમાન ગૃહની વ્યવસ્થા છે. તેમાં પંચમહાલ, વડોદરાના એક-એક કુમાર છાત્રાલયમાં અને સુરતના એક કુમાર અને એક કન્યા છાત્રાલયમાં મહેમાન ગૃહની વ્યવસ્થા છે. સરકારી અધિકારી, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ, સંચાલક મંડળના સભ્યો અથવા છાત્રોના વાલીઓ છાત્રાલયની મુલાકાતે આવે ત્યારે તેઓને રહેવાની વ્યવસ્થા માટે અલગ મહેમાનગૃહની જરૂર પડે છે.

**અન્ય**

છાત્રાલયના રૂમોનો જુદા જુદા હેતુ માટે ઉપયોગ થાય છે તેની માહિતી ઉપરોક્ત વિગતમાં જોઈ. આ સિવાય પણ રૂમનો ઉપયોગ થાય છે. તેમાં પંચમહાલ જિલ્લાના એક કન્યા છાત્રાલયમાં સંચાલક મંડળના પ્રમુખ, મંત્રી અને કારોબારીના સભ્યો રહે છે. જયારે બનાસકાંઠાના એક કન્યા છાત્રાલયના એક રૂમમાં તે જ સંસ્થાના કુમાર છાત્રાલયનો સામાન રાખવામાં આવે છે. આ સ્થળે કુમાર અને કન્યા છાત્રાલય નજીક નજીક છે. જયારે પંચમહાલ જિલ્લાના એક કુમાર છાત્રાલયમાં શાળા અને સંચાલક મંડળનો સરસામાન રાખવામાં આવે છે.

છાત્રાલયનાં રૂમો ઓછા પ્રમાણમાં છે. તેની અસર છાત્રો ઉપર પડે છે. તેમાં ખાસ કરીને રસોડા અને કોઠાર માટે અલગ રૂમની વ્યવસ્થા ઓછા પ્રમાણમાં હોવાથી છાત્રોને રહેવામાં અને ચીજવસ્તુની સંભાળ રાખવામાં ખૂબજ મુશ્કેલી પડે છે. જે તે સવલત કેટલાં છાત્રાલયમાં છે તેની વિગતે માહિતી કોઠા ૩:૪માં આપવામાં આવી છે.

## કોઠો-૩:૪
## છાત્રાલયમાંની સગવડ

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સગવડ | રસોડું | કોઠાર | ભોજનાલય | કાર્યાલય | મહેમાનગૃહ | કર્મચારી નિવાસ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૧૧ | ૧૩ | ૫ | ૫ | ૩ | ૧૨ | ૧ |
| | | સરકારી | ૨ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - |
| | | કુલ | ૧૮ | ૧૨ | ૧૪ | ૬ | ૫ | ૩ | ૧૩ | ૧ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૯ | ૮ | ૩ | ૩ | ૧ | ૧૦ | ૨ |
| | | સરકારી | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - |
| | | કુલ | ૧૨ | ૧૦ | ૯ | ૩ | ૪ | ૧ | ૧૧ | ૨ |
| | | | ૩૦ | ૨૨ | ૨૩ | ૯ | ૯ | ૪ | ૨૪ | ૩ |

**પીવાના પાણીની સવલત**

આગળ આપણે છાત્રાલયમાં રૂમ અને તેના જુદા જુદા ઉપયોગ વિષેની વિગત જોઈ. છાત્રાલયમાં પીવાના પાણી અંગેની કેવા પ્રકારની સગવડ છે તેની વિગત તપાસીએ તો, અભ્યાસના છાત્રાલયમાં પીવાના પાણી અંગે જુદા જુદા પાંચ પ્રકારની સવલત છે. તેમાં ૧૩ છાત્રાલયના છાત્રો કૂવામાંથી પીવાનું પાણી લાવે છે. આમાં સ્વૈચ્છિક સંસ્થાના ૮ કુમાર અને ૪ કન્યા છાત્રાલય તથા સરકારી સંચાલનના ૧ કુમાર છાત્રાલયનો સમાવેશ થાય છે. અભ્યાસના દરેક જિલ્લામાં મોટાભાગના છાત્રાલયોમાં કૂવામાંથી પીવાનું પાણી લાવે છે. દક્ષિણ ગુજરાત સિવાયના જિલ્લામાં કૂવાનાં પાણી ખૂબજ નીચા હોય છે. તેથી પાણી ખેંચવાની મુશ્કેલી પડે છે. અભ્યાસના મોટાભાગના છાત્રાલયમાં પાકા કૂવા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ જિલ્લાના છાત્રાલયમાં પીવાના પાણીની ખૂબ જ મુશ્કેલી છે.

સ્વૈચ્છિક સંસ્થાના ૩ કુમાર અને ૩ કન્યા છાત્રાલય અને સરકારી સંચાલનના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં પીવાનું પાણી નળ દ્વારા મેળવાય છે. જે છાત્રાલય તાલુકાના મુખ્ય મથકે આવેલું હોય અથવા તો જે ગામમાં વારિગૃહ હોય તે ગામના છાત્રાલયને નળની સવલત મળે છે. આવા છાત્રાલયમાં દિવસન અમુક કલાક જ નળમાં પાણી આવે છે. તેથી પાણીનો સંગ્રહ કરી રાખવો પડે છે. અભ્યાસના છાત્રાલયમાં પાણીના સંગ્રહની અપૂરતી વ્યવસ્થા છે. જે છે તેમાં પાણીની ટાંકી, પતરા, સ્ટીલ, પિત્તળનાં પીપ અથવા માટીની કોઠીમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે.

પંચમહાલ જિલ્લાના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલય અને વલસાડ જિલ્લાના ૧ કુમાર છાત્રાલયના છાત્રો નદી યા વહેળામાંથી પીવાનું પાણી લાવે છે. નદી અને વહેળાનું પાણી સ્વચ્છ હોતું નથી. તે ઉપરાંત છાત્રાલયથી નદી દૂર હોય તેથી પણી જાતે ઉંચકી લાવવું પડે છે. પંચમહાલ જિલ્લાના ૧ કુમાર છાત્રાલયમાં હેન્ડ પંપની સવલત છે.

છાત્રાલયમાં પીવાના પાણીની ખૂબ જ મુશ્કેલી હોય છે. તેમાં પણ જે છાત્રાલયમાં પાણી ભરવાની ટાંકી કે કોઠી હોય તો તેની સફાઈ બરોબર થતી નથી. તેમાં લીલ જામી ગયેલી હોય છે. આવું પાણી પીવાના ઉપયોગમાં લેવાથી છાત્રોને ઝાડા-મરડો યા ચામડીના દર્દ થાય છે. અભ્યાસના પંચમહાલ, વલસાડ જિલ્લાના છાત્રાલયના છાત્રોના વાલીને મળતાં ખ્યાલ આવ્યો કે અમુક છાત્રાલયમાં વાલીઓ પોતાનાં બાળકોને મૂકવા ભાગ્યે જ તૈયાર થાય છે, કારણ કે આ છાત્રાલયના મોટાભાગના છાત્રોને વર્ષમાં અવાર-નવાર તાવ આવે, ઝાડા થાય છે કે અન્ય બીમારી થાય છે. આમ બનવાનું મુખ્ય કારણ અશુધ્ધ પાણી છે. મોટા ભાગના છાત્રાલયના છાત્રોના રૂમમાં પીવાના પાણીની સવલત હોતી નથી. અમુક છાત્રાલયમાં સ્ટીલના પીપમાં પીવાનું પાણી ભરવામાં આવે છે. માટીનાં વાસણ છાત્રો વારંવાર તોડી નાંખે

છે તેથી રૂમમાં માટીના માટલાં કે કોઠી ઓછા પ્રમાણમાં રાખવામાં આવે છે. રૂમમાં પીવાનું સાધન મૂકવામાં આવ્યું હોય તો તે મોટાભાગે ખાલી જ હોય છે. સવારના ટૂકડીના કામ સમયે પાણી ભરવામાં આવે છે. ત્યારબાદ પાણી ભરવાની કાળજી ઓછી રખાય છે. વાસણમાં પાણી ભરેલું હોય તો તેને ઢાંકવાનું સાધન ન હોય, પાણી પીવાનો ગ્લાસ ન હોય વગેરે સ્થિતિ પણ જોવા મળી છે. છાત્રો કૂવા ઉપર કે ટાંકીના નળ ઉપર જઈને પાણી પીવે છે. પાણીની કઈ સવલત કેટલાં છાત્રાલયને છે તેની માહિતી કોઠા નં.૩:૫માં મૂકવામાં આવી છે.

## કોઠો-૩:૫

## છાત્રાલયમાં પીવાના પાણીની સવલતની માહિતી

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | કૂવા | હેન્ડપંપ | નળ | ટાંકી | નદી/વહેળામાંથી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૮ | ૧ | ૩ | ૨ | ૨ |
| | | સરકારી | ૨ | ૧ | - | ૧ | - | - |
| | | કુલ | ૧૮ | ૯ | ૧ | ૪ | ૨ | ૨ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૪ | - | ૩ | ૩ | ૧ |
| | | સરકારી | ૧ | - | - | ૧ | - | - |
| | | કુલ | ૧૨ | ૪ | - | ૪ | ૩ | ૧ |
| | | | ૩૦ | ૧૩ | ૧ | ૮ | ૫ | ૩ |

**નાહવાની સગવડ**

આગળ આપણે છાત્રાલયમાં પીવાના પાણીની સવલતની માહિતી જોઈ. અહીં છાત્રાલયમાં બાથરૂમ, પેશાબખાનું અને જાજરૂની સવલતની ચર્ચા કરીશું.

અભ્યાસના ૨૦ છાત્રાલયમાં નાહવાના બંધ બાથરૂમ છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૯ કુમાર અને ૧૦ કન્યા છાત્રાલયમાં અને સરકારી સંચાલનના ૧ કન્યા છાત્રાલયમાં નાહવાના બંધ બાથરૂમ છે.

કન્યા છાત્રાલયમાં છાત્રાઓની સંખ્યાના પ્રમાણમાં  નાહવા માટે બંધ બાથરૂમની વ્યવસ્થા ઓછી છે જેની વિગત નીચેના કોઠા ૩:૬માં આપવામાં આવી છે.

**કોઠા નં:૩:૬**

**કન્યા છાત્રાલયમાં નાહવાની બંધ બાથરૂમ અંગેની વિગત**

| ક્રમ | અભ્યાસ હેઠળના કન્યા છાત્રાલયનો તાલુકો | જે તે છાત્રાલયની માન્ય સંખ્યા | નાહવા માટેના બંધ બાથરૂમની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | વાલોડ | ૨૦ | માહિતી આપી નથી |
| ૨. | સોનગઢ | ૫૫ | ” |
| ૩. | વ્યારા | ૬૫ | ૬ |
| ૪. | ધરમપુર | ૩૫ | ૨ |
| ૫. | વાંસદા | ૩૮ | ૧ |
| ૬. | લીમખેડા | ૪૩ | ૪ |
| ૭. | દાહોદ | ૧૪૭ | ૨૦ |
| ૮. | દાંતા | ૩૦ | ૨ |
| ૯. | વિજયનગર | ૪૫ | ૨ |
| ૧૦. | ડાંગ | ૧૧૫ | નથી |
| ૧૧. | વાલીયા | ૧૩૨ | ૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કન્યા છાત્રાલયમાં છાત્રાઓની પ્રમાણમાં નાહવાની બંધ રૂમ ઓછી છે. જયાં છે ત્યાં અલગ અલગ પ્રકારનો રૂમ હોય છે. તેમાં એક બારણાવાળા મોટા રૂમમાં જુદા જુદા નળ મુકી એકી સાથે ૨૦ થી ૨૫ બહેનો સ્નાન કરી શકે તેવી વ્યવસ્થા હોય છે. ઘણા કન્યા છાત્રાલયમાં એક નાની એવી નાહવાની રૂમ હોય છે.તેનો છાત્રો નાહવા માટે ઓછો ઉપયોગ કરે છે. કારણકે આ રૂમમાં એકથી વધુ છાત્રો નાહી શકે નહીં તેથી નાહવામાં ખૂબજ સમય બગડે છે. તેથી મોટાભાગના કન્યા

છાત્રાલયમાં બહેનો ચડ્ડી અને પેટીકોટ પહેરીને ખુલ્લામાં જ સ્નાન કરે છે. જે સ્થળે નદી વહેળા હોય ત્યાં વહેલા ઉઠીને નાહવા જાય છે.

અભ્યાસના ડાંગ જિલ્લાના એક કન્યા છાત્રાલયમાં નાહવાની વ્યવસ્થા નથી. આ છાત્રાલયનાં છાત્રો પોતે જે રૂમમાં રહે છે તેમાં સ્નાન કરે છે. આવું અન્ય જિલ્લાના અનેક છાત્રાલયમાં પણ બને છે. આમ કરવાથી છાત્રાલય નજીક પાણી ભરાય છે, અને મચ્છર થાય છે.

અભ્યાસના સરકારી કન્યા છાત્રાલયમાં દરેક રૂમમાં નાહવાની વ્યવસ્થા છે અને પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા છે. આમ હોવાથી આ છાત્રાલયના છાત્રોને નાહવાની કોઈપણ જાતની મુશ્કેલી પડતી નથી.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૯ કુમાર છાત્રાલયમાં નાહવાના બંધરૂમની વ્યવસ્થા છે. કુમાર છાત્રાલયમાં પણ છાત્રોની સંખ્યાના પ્રમાણમાં બંધ રૂમ ઓછા છે. આથી નાહવામાં ખૂબ જ વાર લાગે છે. આમ થવાથી છાત્રો ખુલ્લામાં નાહવાનું વધુ પસંદ કરે છે. નાહવા નદી અથવા તળાવ ઉપર જાય છે. જે સ્થળે આવી વ્યવસ્થા નથી ત્યાં છાત્રો કૂવાના થાળામાં સ્નાન કરે છે. જે કુમાર છાત્રાલયમાં પાણીની ટાંકી છે ત્યાં લાઈનબંધ સાત આઠ નળ મૂકવવામાં આવે છે અને આ નળની ત્રણ બાજુ દિવાલ કરવામાં આવે છે. ઘણી જગ્યાએ આવી દિવાલ હોતી નથી.

દરેક છાત્રાલયમાં છાત્રો નિયમિત સ્નાન કરે છે. સ્નાન કરવાનો સમય સવારનો હોય છે. ઘણા છાત્રો સાંજે પણ સ્નાન કરે છે. છાત્રોના વાલીનો સંપર્ક કરતાં ખ્યાલ આવે છે કે છાત્રો છાત્રાલય છોડ્યા પછી પણ સ્નાન કરવાનું ચાલુ રાખે છે. આની અસર કુટુંબના અન્ય સભ્યો ઉપર પણ પડે છે. ખાસ કરીને નાનાં બાળકો ઉપર. તેઓ પણ નિયમિત સ્નાન કરે છે. આમ થવાથી આદિવાસીમાં શારીરિક સફાઈ પ્રત્યેનું વલણ બદલાયું છે. અમુક કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેમની પાસે સ્નાન કર્યા પછી બદલવાનાં કપડાં હોતાં નથી. કારણકે તેમની પાસે કપડાં ઓછાં હોય છે. તેથી તેની સફાઈ બરોબર થતી નથી. પરિણામે ચામડીના રોગો થાય છે.

**શૌચાલય (પેશાબખાનું)**

અભ્યાસના છાત્રાલયમાં શૌચાલયની વ્યવસ્થા યોગ્ય પ્રમાણમાં નથી. જયાં છે ત્યાં બંધ બારણાવાળાં શૌચાલય ઓછાં છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧૪ કુમાર અને ૬ કન્યા છાત્રાલયમાં અને ૧ સરકારી છાત્રાલયમાં શૌચાલયની વ્યવસ્થા છે. આ છાત્રાલયમાંથી અમુકમાં ત્રણ બાજુ પાકી દિવાલવાળા શૌચાલય છે. આવા શૌચાલયનું પ્રમાણ વધુ છે. બીજા ક્રમે પતરાની ચાર દિવાલવાળા શૌચાલય છે. આ પ્રકારના શૌચાલય ઉપરની બાજુ અને નીચેની બાજુ ખુલ્લી હોય છે. એકબાજુ બારણું હોય છે. જમીનથી ૧ થી ૧।।

ફૂટ ઉંચે લાકડાનાં પાટીયાં ગોઠવવામાં આવે છે. ઘણી જગ્યાએ સાદડી બાંધીને શૌચાલય બનાવવામાં આવે છે. જુદા જુદા પ્રકારના શૌચાલય છાત્રાલયમાં હોવા છતાં છાત્રો તેનો ઉપયોગ ઓછા પ્રમાણમાં કરે છે. છાત્રાલયના કોઈ ખુણામાં અથવા નજીકની ખુલ્લી જગ્યામાં કે ફરતી ખુલ્લી જગ્યામાં પેશાબ કરવાનું વધુ પસંદ કરે છે. કુમાર અને કન્યા છાત્રોમાં આમ કરવાનું સરખું વલણ છે.

સરકારી કન્યા છાત્રાલયમાં દરેક રૂમમાં નાહવાની બંધ વ્યવસ્થા છે. આ જ રૂમનો ઉપયોગ શૌચાલય તરીકે કરવામાં આવે છે. ૨ સરકારી કુમાર છાત્રાલયમાં અને સ્વૈચ્છિક સંસ્થાના ૨ કુમાર અને ૫ કન્યા છાત્રાલયમાં શૌચાલયની વ્યવસ્થા નથી.

જાજરૂ

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૯ કુમાર અને ૮ કન્યા છાત્રાલયમાં, સરકારી સંચાલનના ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં જાજરૂની વ્યવસ્થા છે. છાત્રોની સંખ્યાના પ્રમાણમાં જાજરૂની વ્યવસ્થા અપૂરતી છે. દા.ત. અભ્યાસના ઝાલોદના કુમાર છાત્રાલયમાં છાત્રોની માન્ય સંખ્યા ૭૯ છે. આ છાત્રાલયમાં ફક્ત ૬ જાજારૂ છે. આમાં મહેમાનગૃહ અને ગૃહપતિ નિવાસના જાજરૂનો સમાવેશ થઈ જાય છે. પોશીનાના કુમાર છાત્રાલયની માન્ય સંખ્યા ૭૮ છે. અહીં ૪ જાજરૂ છે. નાંદોદના કુમાર છાત્રાલયની માન્ય સંખ્યા ૧૫૭ છે. અહીં ૬ જાજરૂ છે. કન્યા છાત્રાલયમાં પણ છાત્રોના પ્રમાણમાં જાજરૂની સંખ્યા ઓછી હોય છે. અભ્યાસના વ્યારાના કન્યા છાત્રોની માન્ય સંખ્યા ૬૫ છે. અહીં ૫ જાજરૂ છે. દાહોદના કન્યા છાત્રાલયની માન્ય સંખ્યા ૧૪૭ છે. અહીં ૬ જાજરૂ છે. ગુંદિયાના કન્યા છાત્રાલયની માન્ય સંખ્યા ૧૩૨ છે. અહીં ૫ જાજારૂ છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રોના પ્રમાણમાં જાજરૂની સંખ્યા ઘણી ઓછી છે અને જે છે તેમાં ૫૦ ટકા કરતાં વધુ જાજરૂમાં કંઈક ને કંઈક ખામી હોવાથી બંધ રાખવામાં આવે છે. આ ખામીમાં જયાં ફલશના જાજરૂ છે તેમાં મળનો નિકાલ યોગ્ય રીતે થતો નથી. ગોબર ગેસવાળાં જાજરૂમાં ટાંકીમાં ખામી હોવાથી તે બંધ હોય છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયમાં ૨ માં ગોબર ગેસના, ૪માં ખાળકૂવાના અને ૩ છાત્રાલયમાં ફલશના જાજરૂ છે. સ્વૈચ્છિક સંસ્થાના કન્યા છાત્રાલયમાં ૬માં ફલશના અને ૨ માં ખાળકૂવા પ્રકારના જાજરૂ છે. સરકારી સંચાલનના ૨ કુમાર છાત્રાલયમાં ફલશના અને કન્યા છાત્રાલયમાં ખાળકૂવા પ્રકારના જાજરૂ છે. ઘણા છાત્રાલયમાં કાચાં જાજરૂ હોય છે. આ પ્રકારના જાજરૂમાં એક જગ્યાએ જમીનમાં ત્રણ થી ચાર ફૂટનો ચોરસ ખાડો ખોદવામાં આવે છે. તેના ઉપર લાકડાના બે પાટીયા એવી રીતે મુકવામાં આવે છે કે બન્ને વચ્ચે એકથી સવા ફૂટની જગ્યા રહે. આવા જાજરૂમાં નજીકમાં જ ધૂળ હોય છે. જાજરૂ ગયા બાદ ધૂળ નાંખવી પડે છે. આ પ્રકારના જાજરૂને સાદડી અથવા તો પતરાની ત્રણ બાજુ બંધ અને એકબાજુ બંધ પણ ખુલ્લી શકે તેવી દિવાલ બનાવવામાં આવે છે. આ પ્રકારના જાજરૂમાં ધૂળ બરોબર ન નંખાય તો માખી અને મચ્છરનો ઉપદ્રવ રહે છે.

જે છાત્રાલયમાં જાજરૂની વ્યવસ્થા છે તેમાં ઘણા જાજરૂના બારણા બંધ થતાં નથી અથવા તો બારણું બંધ કરવાની સાંકળ હોતી નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન એવાં ઘણાં જાજરૂ જોયાં કે જેનાં બારણા બંધ ન થતાં હોય. આમ થવાથી જાજરૂ જવાની મુશ્કેલી પડે છે. જાજરૂમાં જયારે કોઈ ગયું હોય ત્યારે અમુક છાત્રો બહાર ઉભા રહે છે જેથી કોઈ બારણું ખોલી ન શકે. આવું કન્યા છાત્રાલયમાં પણ જોવા મળ્યું છે.

અભ્યાસના જે ૨૦ છાત્રાલયમાં જાજરૂ છે તેમાંથી ફક્ત ૧૬ છાત્રાલયમાં જ જાજરૂની અંદર પાણીની વ્યવસ્થા છે. બાકીના છાત્રાલયમાં પાણી લઈને જાજરૂ જવું પડે છે. આવા છાત્રાલયમાં જાજરૂ નજીક પાણીનાં પીપ ભરેલા હોય છે.

છાત્રાલયમાં જાજરૂની વ્યવસ્થા હોવા છતાં છાત્રો જાજરૂનો ઉપયોગ ઓછો કરે છે તેવું જોવા મળ્યું, આમ કરવામાં જાજરૂનું બારણુ બંધ ન થતું હોય, પાણી ન આવતું હોય તે ઉપરાંત પરંપરાગત પ્રથા પ્રમાણે ખુલ્લામાં જાજરૂ જવાનું પસંદ કરે છે.

જે છાત્રાલયમાં જાજરૂ છે તેમાં ૧૬ છાત્રાલયના છાત્રો જાજરૂની સફાઈ કરે છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૭ કુમાર અને ૮ કન્યા છાત્રાલય અને સરકારી સંચાલનના ૧ કુમાર છાત્રાલયનો સમાવેશ થાય છે.

૪ છાત્રાલયમાં સફાઈ કામદાર પાસે જાજરૂની સફાઈ કરાવવામાં આવે છે તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૨ કુમાર અને સરકારી સંચાલનના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે.

**ગોબરગેસ**

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના પંચમહાલ, વલસાડ, સુરતના એક-એક કુમાર છાત્રાલયમાં ગોબર ગેસ છે. તેમાં સુરત જિલ્લા સિવાય બાકીના બે જિલ્લામાં ગોબરગેસ બંધ છે.

**લાઈટ (વીજળી)**

અભ્યાસના ૨૦ છાત્રાલયમાં લાઈટની વ્યવસ્થા છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૧૩ કુમાર અને ૯ કન્યા છાત્રાલય અને સરકારી સંચાલનનાં ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે. સ્વૈચ્છિક સંસ્થાના ૧, વલસાડના અને ૨ સાબરકાંઠાના કુમાર છાત્રાલયમાં અને ડાંગ અને ભરૂચ જિલ્લાના કન્યા છાત્રાલયમાં લાઈટની વ્યવસ્થા નથી.

વીજળીની તંગીને લઈને જે છાત્રાલયમાં લાઈટ છે ત્યાં પૂરતો સમય લાઈટ રહેતી નથી. તેથી છાત્રાલયના દૈનિક કામકાજમાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને જયારે રાત્રે લાઈટ નથી હોતી ત્યારે છાત્રોને અભ્યાસના કામમાં ખૂબ જ મુશ્કેલી પડે છે.

લાઈટની સવલતવાળા છાત્રાલયમાં ફાનસની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં હોતી નથી. તેથી લાઈટ

ચાલી જાય ત્યારે ખૂબ જ મુશ્કેલી પડે છે. જે છાત્રાલયમાં લાઈટની વ્યવસ્થા નથી ત્યાં ફાનસ હોય છે. કેરોસીનની મુશ્કેલીને લઈને ફાનસનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવામાં આવે છે. તેથી છાત્રો રાત્રે અભ્યાસ બરોબર કરી શકતા નથી.

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલયમાં ભૌતિક સવલત ઓછા પ્રમાણમાં છે. આમ છતાં મોટાભાગના છાત્રાલયમાં માન્ય સંખ્યા કરતાં વધારે છાત્રો હોય છે. છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે ઘણી અરજીઓ આવે છે. જે-તે છાત્રાલયના સંચાલકો પોતાને અનુકૂળ છાત્રોને છાત્રાલયમાં પ્રવેશ આપે છે. છાત્રાલયમાં ભૌતિક સવલત ઓછી હોવા છતાં છાત્રો છાત્રાલયમાં રહી અભ્યાસ કરવાનું વધુ પસંદ કરે છે. આમ કરવા પાછળનાં અનેક કારણો છે. તેમાં પોતાનાં ગામમાં શિક્ષણની અપૂરતી વ્યવસ્થા તેમજ આર્થિક પરિસ્થિતિને લઈને છાત્રો ઘરે રહી અભ્યાસ નથી કરી શકતા. આદિવાસી યુવાનોમાં શિક્ષણની ભૂખ વધી છે. વાલીઓનું માનવું છે કે છાત્રાલયમાં રહીને બળકો ભણે તો તે સારો અભ્યાસ કરી શકે અને તેનું ઘડતર પણ સારું થાય. આવા જુદા જુદા અનેક પરિબળોને લઈને છાત્રાલયમાં ભૌતિક સવલત ઓછી મળવા છતાં છાત્રો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે.

**કાર્યકરો**

સમાજમાં એવી અવધારણા પ્રવર્તે છે કે સ્વૈચ્છિક સંસ્થામાં સરકારી માન્ય સેટ મુજબ કર્મચારીની સંખ્યા હોતી નથી. આ અવધારણાને તપાસવા માટે અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં સરકારી માન્ય સેટઅપ મુજબના કાર્યકરો છે કે નહીં તે અંગેની માહિતી એકત્ર કરવામાં આવી છે.

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં સરકારી માન્ય સેટઅપમાં ૪૦ છાત્રોની માન્ય સંખ્યા કે તેથી ઓછી સંખ્યાના છાત્રાલયમાં ૧ ગૃહપતિ અને ૧ રસોયો હોય છે. આટલી જ માન્ય સંખ્યાવાળા કન્યા છાત્રાલયમાં ૧ ગૃહપતિ ૧ રસોયો અને ૧ ચોકીદાર હોય છે. જે છાત્રાલયની માન્ય સંખ્યા ૪૦થી વધે તો ૧ વધારાનો મદદનીશ રસોયો રાખી શકાય છે. છાત્રાલયની માન્ય સંખ્યા ૭૦થી વધે તો ૧ વધારાના ગૃહપતિની નિમણૂંક કરી શકાય છે. એટલે કે દર ૪૦ની સંખ્યાએ એક વધારે રસોયો અને દર ૭૦ની સંખ્યાએ એક વધારાના ગૃહપતિની નિમણૂંક કરી શકાય છે. એક કન્યા છાત્રાલયમાં એક જ ચોકીદાર રાખવામાં આવે છે.

૫૦ની માન્ય સંખ્યાવાળા સરકારી છાત્રાલયમાં એક આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ, એક જુનિયર કલાર્ક, બે રસોયા, એક રસોડા કામદાર, એક સફાઈ કામદાર, એક પટાવાળા અને એક ચોકીદાર હોય છે.

કોઠો-૩:૭

## સરકાર માન્ય સેટઅપ મુજબ કાર્યકરોની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | સરકાર માન્ય સેટઅપ મુજબના કાર્યકરોની સંખ્યા | | | | | | | માન્ય સેટઅપ કાર્યકરોની વધઘટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | વધુ | ઓછા | બરોબર |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૧૦ | ૩ | - | ૧ | ૨ | - | - | - | - | ૧૬ |
| | | સરકારી | ૨ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | ૨ |
| | | કુલ | ૧૮ | ૧૧ | ૩ | - | ૧ | ૨ | ૧ | - | - | - | ૧૮ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | - | ૭ | ૧ | - | ૨ | ૧ | - | - | ૨ | ૯ |
| | | સરકારી | ૧ | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| | | કુલ | ૧૨ | - | ૭ | ૧ | - | ૨ | ૧ | ૧ | - | ૨ | ૧૦ |
| | | કુલ | ૩૦ | ૧૧ | ૧૦ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | - | ૨ | ૨૮ |

ડાંગમાં અને અન્ય જિલ્લામાં રાજયનાં શિક્ષણ ખાતા દ્વારા જે છાત્રાલય ચાલે છે તેમાં ૫૦ની માન્ય સંખ્યાએ એ રસોયાની નિમણૂંક કરવામાં આવે છે. જે તે શાળા સાથે છાત્રાલય સંકળાયેલું હોય તે શાળાના એક શિક્ષકને ગૃહપતિનો વધારાનો હવાલો સોંપવામાં આવે છે. આવા શિક્ષકને માસિક રૂા.૨૦/-નું વધારાનું મહેનતાણું ચૂકવવામાં આવે છે.

સ્વૈચ્છિક સંસ્થાના ૧૬ કુમાર અને ૧૬ કન્યા છાત્રાલય, સરકારી સંચાલનના ૧ કુમાર અને ૧ કન્યા છાત્રાલય અને શિક્ષણ ખાતા દ્વારા ચાલતા ૧ કુમાર છાત્રાલયને ખ્યાલમાં રાખી આ અભ્યાસ કરવામાં આવ્યો છે. કોઠા ૩ઃ૭માં અભ્યાસના છાત્રાલયમાં સરકારી માન્ય સેટઅપ મુજબની સંખ્યા પ્રમાણે છાત્રાલયમાં કેટલા કર્મચારી છે અને જો વધ-ઘટ હોય તો કેટલા કર્મચારીની વધ-ઘટ છે તેની માહિતી આપવામાં આવી છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના દાહોદના કન્યા છાત્રાલયમાં માન્ય સેટઅપ કરતા ૧ ગૃહમાતા અને ૧ રસોઈ બનાવનાર કર્મચારી ઓછા છે. સંચાલક મંડળ દ્વારા આ ખાલી જગ્યા પૂરવાની કાર્યવાહી ચાલુ છે. સંચાલક મંડળના પ્રમુખે આ જગ્યા ટૂંક સમયમાં પુરાઈ જશે તેવી માહિતી આપેલ છે.

જયારે સાબરકાંઠાના સરકારી કુમાર છાત્રાલયમાં છાત્રોને ખાનગી ભોજનાલયમાં જમાડવામાં આવે છે. તેથી રસોયાની નિમણૂંક કરવામાં આવી નથી. જયારે વોર્ડનની જગ્યા અંગે કાનૂની કાર્યવાહી ચાલે છે તેથી આ જગ્યા ખાલી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા છાત્રાલયની મુલાકાત લેવામાં આવેલ. તેના આધારે કહી શકાય છે કે મોટાભાગના છાત્રાલયમાં સરકારી માન્ય સેટઅપ મુજબ કાર્યકર હોય છે. પણ ઘણા કન્યા છાત્રાલયમાં લાયકાત મુજબના ચોકીદાર મળતા નથી, તેથી સંચાલકોને આ જગ્યા પૂરવામાં મુશ્કેલી જણાય છે.

ઘણી સંસ્થાના સંચાલકોને કર્મચારીની સંખ્યા ભરવામાં અમુક સમયે મુંઝવણ થાય છે; કારણ કે છાત્રાલયની માન્ય સંખ્યા ઉપરાંત બક્ષીપંચના, ઈ.બી.સી.ના અને લઘુમતિ જાતિના છાત્રોને રાખવામાં આવે છે. જયારે કર્મચારીની નિમણૂંક છાત્રાલયની માન્ય સંખ્યાના આધારે કરવી પડે છે. આથી જે છાત્રાલયમાં પછાત વર્ગ ઉપરાંતના નિયમ મુજબના પૂરતા છાત્રો મળી રહે તેવા છાત્રાલયના કર્મચારીને કામ કરવાની મુશ્કેલી પડે છે. દા.ત. એક પછાત જાતિના છાત્રાલયની માન્ય સંખ્યા ૬૦ હોય તો આ માન્ય સંખ્યા ઉપરાંત ૧૨ બક્ષીપંચના, ૬ ઈ.બી.સી.ના અને ૬ લઘુમતિના છાત્રોને પ્રવેશ આપી શકાય. કુલ છાત્રોની સંખ્યા ૬૦ + ૨૪ = ૮૪ થઈ, જયારે કર્મચારીની મંજૂરી ૬૦ની માન્ય સંખ્યા આધારે જ મળે, આવા છાત્રાલયમાં રસોઈ બનાવનાર કર્મચારીને ખૂબ જ મુશ્કેલી પડે છે. જે-તે સ્થળે જે-તે સંસ્થા પ્રખ્યાતિ પામેલ હોય તેવી સંસ્થાના છાત્રાલયમાં નિયમ મુજબના પૂરતા પ્રમાણમાં છાત્રો મળી રહે છે. તેથી આવી સંસ્થાના કર્મચારીઓ પોતાના કામમાં મુશ્કેલી અનુભવે છે.

### ગૃહપતિની જાતિ

સ્વૈચ્છિક સંસ્થાના ૧૬ કુમાર અને ૧૧ કન્યા છાત્રાલયમાં ૩૩ ગૃહપતિ છે. તેમાં ૧૪ ગૃહમાતા અને ૧૯ ગૃહપતિ છે. કુમાર છાત્રાલયમાં ૧૩ એક ગૃહપતિવાળા અને ૩ બે ગૃહપતિવાળાં છાત્રાલય છે. કન્યા છાત્રાલયમાં ૮ એક ગૃહપતિવાળાં અને ૩ બે ગૃહપતિવાળાં છાત્રાલય છે.

સરકારી છાત્રાલયમાં ૧ કન્યા છાત્રાલયમાં ગૃહમાતા છે. બે કુમાર છાત્રાલયમાં ગૃહપતિ નથી. તેમ ડાંગના એક કુમાર છાત્રાલયમાં માધ્યમિક શાળાના શિક્ષકને માસિક ૨૦ રૂપિયાનું વધુ વેતન આપી ગૃહપતિનું કામ સોપવામાં આવ્યું છે. જ્યારે સાબરકાંઠાના સરકારી કુમાર છાત્રાલયમાં ગૃહપતિની નિમણૂંક કરવામાં આવેલ નથી.

સમાજ કલ્યાણના નિયમ મુજબ જે તે જાતિનું છાત્રાલય હોય ત્યાં તે જ જતિના ગૃહપતિ રાખવા જોઈએ, એટલે કે જે અનુસૂચિત જનજાતિના કે છાત્રાલય હોય તો ત્યાં અનુસૂચિત જનજાતિના જ ગૃહપતિ હોવા જોઈએ. સરકારશ્રીના તા.૨૯-૪-૮૨ના પરિપત્ર ક્રમાંક પવછ/૧૫૮૧/મ-૯૨/હ સેલમાં આ બાબતનો ઉલ્લેખ છે. આ પહેલાં જે ગૃહપતિની નિમણૂંક કરેલ હોય તેમને નોકરીમાં ચાલુ રાખવામાં આવ્યા છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧૬ કુમાર છાત્રાલયના ૧૯ ગૃહપતિમાં ૧૩ અનુસૂચિત જનજાતિના છે. વડોદરાના એક છાત્રાલયમાં અનુસૂચિત જાતિના અને પંચમહાલના અને બનાસકાંઠાના એક-એક છાત્રાલયમાં બક્ષી પંચના ગૃહપતિ છે. સાબરકાંઠા, બનાસકાંઠા અને ભરૂચના એક-એક છાત્રાલયમાં સવર્ણ જાતિના ગૃહપતિ છે, જ્યારે ૧૧ કન્યા છાત્રાલયમાં ૧૪ ગૃહમાતા છે. તેમાં ૮ છાત્રાલયમાં એક એક અને ૩ છાત્રાલયમાં બે ગૃહમાતા છે. કન્યા છાત્રાલયના ૧૪ ગૃહમાતામાં ૧૧ અનુસૂચિત જનજાતિનાં અને ૩ સવર્ણ જાતિનાં ગૃહમાતા છે. તેમાં ૨ પંચમહાલના અને ૧ સાબરકાંઠાના છાત્રાલયમાં સવર્ણ જાતિનાં ગૃહમાતા છે.

જે કુમાર છાત્રાલયમાં અનુસૂચિત જનજાતિ સિવાયના ગૃહપતિ છે તેમાં એકની ૧૯૮૨માં અને એકની ૧૯૮૪માં નિમણૂંક થઈ છે. તે સિવાયનાની નિમણૂંક ૧૯૮૨ પહેલાં થયેલી છે. જ્યારે જે કન્યા છાત્રાલયમાં અનુસૂચિ જનજાતિ સિવાયનાં ગૃહમાતા છે તેમાં એકની નિમણૂંક ૧૯૮૨ પછી થયેલી છે.

આ ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસના ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયમાં આદિવાસી સિવાયના ગૃહપતિ રાખવામાં આવ્યા છે.

જે-તે સંસ્થા પાસે એક કરતાં વધારે છાત્રાલય છે તેવી સંસ્થાવાળા ગૃહપતિની અંદરો અંદર બદલી કરે છે. ગૃહપતિને બાંધ્યો પગાર મળે તેથી પોતાના વતનથી દૂર નોકરી કરવાની મુશ્કેલી પડે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન અમુક સંચાલકો જે અનુસૂચિત જનજાતિના છે તેમણે આ નિયમમાં છૂટછાટ મળે તો સારું તેમ દર્શાવ્યું છે. કારણ કે અનુસૂચિત જનજાતિના લાયકાતવાળા યુવાનો ઓછા મળે છે, કારણકે ગૃહપતિને પગાર ઓછો મળે છે. તેથી સરકારી નોકરી મેળવવાનો વધારે પ્રયાસ કરે છે તે સ્વાભાવિક છે. લાયકાતવાળા અને હોંશિયાર યુવાનો સારી નોકરી મેળવી લે છે. ગૃહપતિની નોકરીમાં ઓછા હોંશિયાર અથવા તો સારી નોકરી જયાં સુધી ન મળે ત્યાં સુધી આ નોકરી કરવા તૈયાર થાય તેવા માણસો મળે છે. તેથી તેઓ છાત્રાલયના દૈનિક કાર્યક્રમમાં ઓછો રસ દાખવે છે. આ ઉપરાંત અનુસૂચિત જનજાતિના ગૃહપતિઓ પોતાના પરંપરાગત લક્ષણોને ખ્યાલમાં રાખી છાત્રાલયનું સંચાલન કરે છે. તેથી છાત્રોનું જે ઘડતર થવું જોઈએ તે થતું નથી. આમ માનનાર સંચાલકોની સામાજિક, આર્થિક, રાજકીય વિચારસરણીમાં પરિવર્તન આવેલું હોય છે.

**ગૃહપતિની ઉંમર**

અભ્યાસના છાત્રાલયના ગૃહપતિમાં સૌથી વધુ ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરના છે. આ વય જૂથમાં ૧૭ ગૃહપતિ છે. આમાં સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ૯ કુમાર અને ૮ કન્યા છાત્રાલયના ગૃહપતિ છે. ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથના ૧૫ ગૃહપતિ છે. આમાં સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના ૮ કુમાર અને ૬ કન્યા છાત્રાલયના ગૃહપતિ છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયના ૨ ગૃહપતિએ પોતાની ઉંમર દર્શાવી નથી.

સરકારી સંચાલનના ૧ કન્યા છાત્રાલયનાં ગૃહમાતા ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથનાં છે. અભ્યાસના છાત્રાલયમાં ગૃહપતિઓ ૨૦ થી ૩૦ વર્ષના વયજૂથના વધારે છે. આનાં પ્રમુખ કારણો જોઈએ તો આદિવાસી વિસ્તારમાં આઝાદી બાદ છાત્રાલય વધુ પ્રમાણમાં શરૂ થયાં છે અને શિક્ષણ પણ આ જ સમયમાં વધ્યું છે. શિક્ષણ વધવાથી યુવાનોમાં પરંપરાગત વ્યવસાયને બદલે નોકરી કરવાનું વલણ વિકસ્યું છે. આઝાદી બાદ શરૂઆતનાં વર્ષોમાં થોડો અભ્યાસ કરેલ આદિવાસી યુવાનને પણ સરકારી નોકરી મળી રહેતી હતી. વર્તમાન સમયમાં આમ થતું નથી. શિક્ષણ વધવાથી સરકારી નોકરી મેળવવામાં સ્પર્ધા પણ વધી છે. તેથી યોગ્ય નોકરી મેળવવામાં મુશ્કેલી પડે છે. આર્થિક પરિસ્થિતિને લઈને ઘણા આદિવાસી કુટુંબના યુવાનો પૂરતો અભ્યાસ કરી શકતા નથી. તેથી તેઓ આ નોકરી સ્વીકારવા તૈયાર થાય છે. આદિવાસી યુવાનોમાં શિક્ષકની નોકરી કરવા તરફનું વલણ વધારે છે. વર્તમાન સમયમાં શિક્ષકની નોકરી મેળવવામાં ૫ થી ૧૫ હજાર રૂપિયા આપવા પડે છે. રોકડા પૈસા ન હોવાથી શિક્ષકની નોકરી મેળવવામાં મુશ્કેલી પડે છે. આવા યુવાનો ગૃહપતિની નોકરી કરવા તૈયાર થાય છે. કારણ કે મોટાભાગના છાત્રાલયના સંચાલકો માધ્યમિક શાળા પણ ચલાવતા હોય છે. પોતાની શાળામાં શિક્ષકની જગ્યા પુરવાની હોય અને ગૃહપતિ શિક્ષકની

લાયકાત ધરાવતા હોય તો તેની પ્રથમ પસંદગી કરે છે. ભવિષ્યમાં શિક્ષકની નોકરી મેળવવા માટે પણ ઘણા આદિવાસી યુવાનો આ નોકરી કરવા તૈયાર થાય છે.

જે બહેનોના પતિ શિક્ષક હોય અથવા શિક્ષક થવાની ઈચ્છા રાખતા હોય તેવાં બહેનો આ નોકરી કરવાની વધુ ઈચ્છા રાખે છે, કારણ કે લગ્ન બાદ પતિ-પત્ની એક સાથે રહી શકે, બદલીની શક્યતા ઓછી, અને બહેનોને આ કામમાં મદદરૂપ પણ થવાય. આદિવાસીમાં જે બહેનો નોકરી કરતી હોય તેમને જીવનસાથી પણ સારા મળે છે. અથવા તો શિક્ષિત આદિવાસી યુવાન નોકરી કરતી સ્ત્રીને જીવન સાથી તરીકે વધુ પ્રમાણમાં પસંદ કરે છે. ગામ હોવાથી શિક્ષિત બહેનો નોકરી કરવા વધુ ઈચ્છા રાખે છે.

વર્તમાન સમયમાં અભ્યાસ પૂરો કર્યો હોય અને યોગ્ય નોકરી ન મળે ત્યાં સુધી આ નોકરી કરવા આદિવાસી યુવાનો તૈયાર થાય છે. બે ત્રણ વર્ષમાં સારી નોકરી મળી જાય એટલે આ નોકરી છોડી દે છે. આવા જુદા જુદા કારણોને લઈને અભ્યાસના છાત્રાલયમાં નાની વયના ગૃહપતિ વધારે પ્રમાણમાં છે.

**ગૃહપતિનું શિક્ષણ**

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૨૭ છાત્રાલયના ૩૩ ગૃહપતિમાંથી ૧૬ ગૃહપતિએ સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો છે. તેમાં ૧૧ કુમારના અને ૬ કન્યા છાત્રાલયના ગૃહપતિ છે. આ કક્ષાનો અભ્યાસ કરેલ સૌથી વધુ ગૃહપતિ બનાસકાંઠામાં છે. આ જિલ્લાના અભ્યાસના ત્રણે છાત્રાલયના ગૃહપતિએ આ કક્ષાનો અભ્યાસ કર્યો છે. જયારે વલસાડ જિલ્લાના પાંચ છાત્રાલયના પાંચ ગૃહપતિઓમાંથી ફક્ત ૧ ગૃહપતિએ જ આ કક્ષાનો અભ્યાસ કર્યો છે. એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ૧૪ ગૃહપતિએ કર્યો છે. તેમાં છ કુમારના અને ૭ કન્યા છાત્રાલયના ગૃહપતિ છે. આ કક્ષાનો અભ્યાસ કરનાર સૌથી વધુ ગૃહપતિ પંચમહાલ જિલ્લામાં છે. અભ્યાસમાં આ જિલ્લાના છાત્રાલયના ૯ ગૃહપતિમાંથી ૬ ગૃહપતિએ આ કક્ષાનો અભ્યાસ કર્યો છે. બનાસકાંઠાના ત્રણ છાત્રાલયનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ત્રણે છાત્રાલયના ગૃહપતિએ સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ કર્યો છે. સાબરકાંઠાના એક કુમાર અને ભરૂચ જિલ્લાના એક કન્યા છાત્રાલયના એક-એક ગૃહપતિએ અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કર્યો છે. ડાંગ જિલ્લાના કન્યા છાત્રાલયના એક ગૃહમાતાએ માધ્યમિક કક્ષાનો અભ્યાસ કર્યો છે.

અભ્યાસના છાત્રાલયના ૩૩ ગૃહપતિઓમાંથી ૩ ગૃહપતિએ બી.એડ્નો અભ્યાસ કર્યો છે. આમાં ૧ કુમાર અને ૨ કન્યા છાત્રાલયના ગૃહપતિ-ગૃહમાતાનો સમાવેશ થાય છે. અભ્યાસના છાત્રાલયના ગૃહપતિની જિલ્લાવાર શૈક્ષણિક માહિતી કોઠા ૩:૮માં આપવામાં આવી છે.

## કોઠો- ૩:૮

### જિલ્લાવાર સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના ગૃહપતિનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | છાત્રાલય સંખ્યા | | શિક્ષણ માધ્યમિક | | એસ.એસ.સી. | | સ્નાતક | | અનુસ્નાતક | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | સુરત | ૧ | ૩ | - | - | - | ૧ | ૧ | ૨ | - | - | ૧ | ૩ |
| ૨. | વલસાડ | ૩ | ૨ | - | - | ૨ | ૨ | ૧ | - | - | - | ૩ | ૨ |
| ૩. | પંચમહાલ | ૪ | ૨ | - | - | ૪ | ૨ | ૨ | ૧ | - | - | ૬ | ૩ |
| ૪. | બનાસકાંઠા | ૨ | ૧ | - | - | - | - | ૨ | ૧ | - | - | ૨ | ૧ |
| ૫. | સાબરકાંઠા | ૨ | ૧ | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | ૨ | ૧ |
| ૬. | ડાંગ | - | ૧ | - | ૧ | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૭. | ભરૂચ | ૧ | ૧ | - | - | - | - | ૨ | ૧ | - | ૧ | ૨ | ૨ |
| ૮. | વડોદરા | ૩ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૩ | - |
| | કુલ | ૧૬ | ૧૧ | - | ૧ | ૭ | ૭ | ૧૧ | ૫ | ૧ | ૧ | ૧૯ | ૧૪ |

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે પંચમહાલ, ડાંગ, વલસાડ જિલ્લામાં એસ.એસ.સી. કે તેથી ઓછો અભયાસ કરેલા ગૃહપતિ વધારે છે. જયારે સુરત, બનાસકાંઠા, ભરૂચ અને વડોદરામાં સ્નાતક કે તેથી વધુ અભ્યાસ કરેલા ગૃહપતિ વધારે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે પંચમહાલ, ડાંગ અને વલસાડમાં વસતા આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને જે છે તેમાં પંચમહાલમાં પટેલિયા જાતિમાં, ડાંગમાં કુનબી જાતિમાં અને વલસાડમાં ધોડિયા જાતિમાં અન્ય જાતિ કરતાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. આ જાતિના લોકો મોટાભાગે પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળામાં શિક્ષકની નોકરી કરવાની વધુ ઈચ્છા રાખે છે. આ જિલ્લાના છાત્રાલયના સંચાલકોને યોગ્ય લાયકાતવાળા ગૃહપતિ ઓછા મળે છે. ડાંગમાં તો યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા ગૃહપતિ ઓછા મળે છે. સુરત, ભરૂચમાં વસતા આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. તેથી યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર મળી રહે છે. જયારે અભ્યાસના બનાસકાંઠા અને વડોદરાના છાત્રાલયમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાતવાળા ગૃહપતિની સંખ્યા વધારે છે. આ છાત્રાલયમાં બિનઆદિવાસી ગૃહપતિ પણ છે.

### ગૃહપતિની તાલીમ

સમાજકલ્યાણ ખાતા દ્વારા ગૃહપતિઓને તાલીમ આપવામાં આવે છે. આવી તાલીમ વર્ષમાં એકાદવાર રાખવામાં આવે છે. તાલીમ બે થી ત્રણ દિવસની રાખવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૮૪-૮૫માં વલસાડ જિલ્લાના અગાસી મુકામે અને પંચમહાલ જિલ્લાના ઝાલોદ મુકામે તાલીમ વર્ગ યોજવામાં આવેલ. આ તાલીમ વર્ગમાં છાત્રાલયના સંચાલન અંગે, છાત્રાલયના બજેટ પ્રમાણે ભોજન વ્યવસ્થા કેમ ગોઠવવી, છાત્રાલયનું રસોડું ભોજનાલય કોઠાર, જાજરૂ, બાથરૂમ, છાત્રોના રૂમની સફાઈ કેમ રાખવી, છાત્રોના શારિરીક અને માનસિક વિકાસ માટે શું શું કરવું જોઈએ તેના વિષેની ચર્ચા કરવામાં આવે છે. છાત્રાલયના તજજ્ઞોને બોલાવી છાત્રાલયના પ્રશ્નો વિષેની છણાવટ કરવામાં આવે છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના ૩૩ ગૃહપતિમાંથી ૧૨ ગૃહપતિએ આવી તાલીમ લીધી છે. તેમાં ૬ કુમાર અને ૬ કન્યા છાત્રાલયના ગૃહપતિ/ગૃહમાતાનો સમાવેશ થાય છે.

### રસોયાની જાતિ

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૨૭ અને સરકારી અને સરકારી સંચાલનના ૩ છાત્રાલયમાં ૫૧ રસોયા કામ કરે છે. તેમાં ૩૭ પુરુષ અને ૧૪ સ્ત્રી છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થના ૩૪ પુરુષ અને ૧૩ સ્ત્રી રસોયા છે. તેમાં ૧૪ છાત્રાલયમાં એક-એક, ૮ છાત્રાલયમાં બે-બે, ૩ છાત્રાલયમાં ત્રણ-ત્રણ અને ૨ છાત્રાલયમાં ચાર-ચાર રસોયા છે. સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ૧ કુમાર છાત્રાલયમાં ૧ સ્ત્રી અને કન્યા છાત્રાલયમાં ૬ પુરુષ રસોયા છે. ૩ સરકારી

છાત્રાલયમાંથી સાબરકાંઠાના એક કુમાર છાત્રાલયમાં રસોયા નથી. સરકારી છાત્રાલયમાં ૪ રસોયા છે. તેમાં ૩ પુરૂષ અને ૧ સ્ત્રી રસોયા છે.

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં કામ કરતા રસોયામાં ૩૧ પુરૂષ અને ૧૨ સ્ત્રી રસોયા અનુસૂચિત જનજાતિના છે. બક્ષીપંચના ૩ પુરૂષ અને ૧ સ્ત્રી રસોયા છે. અન્ય જાતિના ૨ પુરૂષ રસોયા છે. સરકારી છાત્રાલયમાં ૨ પુરૂષ અને ૧ સ્ત્રી અનુસૂચિત જાતિની અને ૧ સ્ત્રી રસોયા અનુસૂચિત જાતિના છે.

અભ્યાસના છાત્રાલયોમાં અનુસૂચિત જનજાતિના ગૃહપતિના પ્રમાણમાં રસોયાની સંખ્યા વધારે છે. ૩૩ ગૃહપતિમાં ૨૫ (૭૩.૫૩%) ગૃહપતિ અનુસૂચિત જનજાતિના છે, જયારે ૫૧ રસોયામાં ૪૪ (૮૬.૨૭%) રસોયા અનુસૂચિત જનજાતિના છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે રસોયાની નિમણૂંકમાં કોઈ શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવતી નથી. આમ હોવાથી સંચાલક મંડળના કોઈ સગાંવહાલાં કે નજીકના સંબંધીને રસોયા તરીકે રાખવામાં આવે છે. ઘણા છાત્રાલયમાં ગામના સ્થાનિક રસોયા રાખવામાં આવે છે. સંચાલક મંડળ વિશ્વાસુ રસોયા રાખે તો તેને ભોજન બીલમાં ઓછું ખર્ચ આવે છે. ૧ સરકારી કુમાર અને કન્યા છાત્રાલયમાં અનુસૂચિત જનજાતિના ૩ પુરૂષ અને ૧ અનુસૂચિત જાતિ સ્ત્રી રસોયા તરીકે છે.

**રસોયાની ઉંમર**

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયોના ૪૭ રસોયામાં ૨૦ રસોયાની ઉંમર ૨૦ થી ૩૦ના વયજૂથની છે. તેમાં ૧૫ પુરૂષ અને ૫ સ્ત્રી આ વયજૂથના છે. ૩૧ થી ૪૦ના વયજૂથના ૧૮ રસોયા છે. તેમાં ૧૦ પુરૂષ અને ૮ સ્ત્રી વયજૂથના છે. ૪૧ થી ૫૦ના વયજૂથમાં ૫ પુરૂષ અને ૩ સ્ત્રીઓ છે, ૨ પુરૂષ રસોયાની ઉંમર ૫૦ વર્ષથી વધારે છે.

સરકારી છાત્રાલયના ૧ પુરૂષ અને ૧ સ્ત્રી રસોયાની ઉંમર ૩૧ થી ૪૦ વર્ષના વયજૂથમાં અને ૨ પુરૂષ રસોયાની ઉંમર ૪૧ થી ૫૦ના વયજૂથમાં છે.

સરકારી છાત્રાલયના રસોયા કરતા સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના રસોયા નાની ઉંમરના છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે સરકારી છાત્રાલયના રસોયાને પગાર ધોરણમાં લેવામાં આવે છે. તેથી આવા રસોયા નોકરીમાં દાખલ થયા બાદ નિવૃત્તિવયે જ છૂટા થાય છે. જયારે સ્વૈચ્છિક સંસ્થાના રસોયાને બાંધ્યો પગાર આપવામાં આવે છે. પગારનું ધોરણ પણ ખૂબ જ નીચું હોય છે. આમ હોવાથી વ્યક્તિ જયાં સુધી બેકાર હોય, અન્ય આવકનું સાધન ન હોય ત્યાં સુધી આ નોકરી કરવા તૈયાર થાય છે. આવકનું બીજું સાધન મળી રહે કે તુરતજ આ નોકરી છોડી દે છે. જે ગામમાં સ્થાનિક રસોયા છે તેમને ખેતીની જમીન પણ હોય છે. ખેતીમાં બારે માસ કામ રહેતું નથી, અને જયારે હોય છે ત્યારે ૧૨ કલાકથી વધારે કામ હોય તેવા દિવસો ઓછા હોય છે. સ્થાનિક વ્યક્તિ રસોયા તરીકે કામ કરે છે. તેઓ સવારે ૬ કે ૭ વાગે આવી ૧૦

વાગ્યા સુધીમાં રસોઈ બનાવી દે, છાત્રોનું ભોજન પૂરું થાય કે તુરતજ ઘરે ચાલ્યા જાય છે. સાંજની રસોઈ બનાવવા ૫ થી ૬ વાગે આવે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા છાત્રાલયમાં છાત્રોને પણ ભોજન બનાવતા જોયા છે. આ દિવસો દરમ્યાન ખેતીની મોસમ ચાલતી હતી. તેથી રસોયા ખેતીનું કામ કરવા રજા ઉપર જાય છે તેમ છાત્રોએ જણાવ્યું. અમુક છાત્રાલયના છાત્રોએ રસોયાની ફરિયાદ કરતાં જણાવ્યું કે તેઓ નિયમિત આવતા નથી. રસોઈમાં અમારે (છાત્રોએ) વધારે મદદ કરવી પડે છે. રસોઈ કાચી રહે છે. આ ફરિયાદ અને આવી અન્ય ફરિયાદ સંચાલકો જાણે છે. છતાં તેઓ સારાં રસોયા રાખી શકતા નથી. કારણ કે રસોયાને પગાર ઓછો અપાય છે. જે પગાર મળે છે, તેમાં આજની મોંઘવારીમાં ત્રણ માણસના કુટુંબનો નિભાવ પણ થતો નથી. તેથી તેને બીજી આવક મેળવવા પ્રયાસ કરવો પડે છે. આમ કરતાં રસોઈ બનાવવામાં ઓછી કાળજી રાખે છે.

**રસોયાનો અભ્યાસ**

અભ્યાસના છાત્રાલયોના ૫૧ રસોયામાં ૨૨ રસોયા અભણ છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના ૧૧ પુરૂષ અને ૧૦ સ્ત્રી રસોયા અને સરકારી સંચાલનના ૧ પુરૂષ રસોયાનો સમાવેશ થાય છે. ધોરણ ૧ થી ૭ સુધી અભ્યાસ કરેલા ૧૮ રસોયા છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૧૪ પુરૂષ અને ૨ સ્ત્રી રસોયા અને સરકારી સંચાલનના છાત્રાલયના ૨ રસોયાનો સમાવેશ થાય છે. ધોરણ ૮ થી ૧૦ સુધીનો અભ્યાસ કરેલ ૬ રસોયામાં સ્વૈચ્છિક સંસ્થાના ૫ પુરૂષ અને ૧ સ્ત્રી રસોયાનો સમાવેશ થાય છે. એસ.એસ.સી. સુધી અભ્યાસ કરેલા એક પુરૂષ અને એક સ્ત્રી રસોયા છે. આ બન્ને રસોયા સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના છે.

સરકારી સંચાલનના છાત્રાલયના રસોયા કરતા સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં અભણ રસોયાનું પ્રમાણ વધુ છે. આમ બનવાનું મુખ્ય કારણ પગારધોરણ છે. સરકારી છાત્રાલયમાં રસોયાની નિમણૂક ચોથા વર્ગના કર્મચારીની લાયકાતના આધારે કરવામાં આવે છે. જ્યારે સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં સંબંધના આધારે રસોયાની નિમણૂક થાય છે. આમ છતાં સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં માધ્યમિક કક્ષા અને એસ.એસ.સી. સુધી અભ્યાસ કરેલા રસોયાની સંખ્યા વધારે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે છેલ્લાં થોડાં વર્ષોમાં આદિવાસીઓમાં શિક્ષણ વધ્યું છે. પણ નોકરીની તકો ઓછી મળે છે. તેમાં પણ પૂરો અભ્યાસ ન કર્યો હોય તેવી વ્યક્તિને ખૂબ જ ઓછા પ્રમાણમાં સરકારી નોકરી મળે છે. તેથી આવા યુવાનો રસોયાની નોકરી કરવા તૈયાર થઈ જાય છે. આ નોકરી મેળવવામાં કોઈ શૈક્ષણિક કે અન્ય લાયકાત માંગવામાં આવતી નથી. આદિવાસીમાં માધ્યમિક કે તેથી વધુ અભ્યાસ કરેલ વ્યક્તિ આશ્રમશાળા કે છાત્રાલયમાં રહીને જ અભ્યાસ કર્યો હોય તેથી ભોજન બનાવતાં આવડતું હોય છે. છાત્રાલયમાં ભોજન પણ સાદું જ એટલે કે દાળ, ભાત, શાક, ખીચડી, મોટાભાગે બનાવવાના હોય છે. આ રસોઈ બનાવવામાં રાંધણ કળાના પ્રવિણ વ્યક્તિ હોવી જરૂરી નથી. ઘણા સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીને

રસોયા તરીકે રાખવામાં આવે છે. આમ કરવાનું મુખ્ય કારણ જે તે વિદ્યાર્થી સંસ્થામાં અમુક વર્ષ રહ્યો હોય એટલે તેના સ્વભાવથી સંચાલકો માહિતગાર હોય, આવા વિદ્યાર્થી આર્થિક કારણ કરતા અભ્યાસમાં નબળા વધારે હોય તેથી આગળ અભયાસ કરી શકે નહીં. આવા વિદ્યાર્થીને સંચાલકો રસોયાની નોકરી આપે છે.

**રસોયાની તાલીમ**

જેમ ગૃહપતિને સમાજકલ્યાણ અને અન્ય સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આવે છે તેમ રસોયાને કોઈ પણ જાતની તાલીમ આપવામાં આવતી નથી. અભ્યાસના છાત્રાલયના એક પણ રસોયાએ કોઈ પણ પ્રકારની નાની કે મોટી તાલીમ લીધી નથી.

**ચોકીદાર**

કન્યા છાત્રાલયમાં નિયમોનુસાર ચોકીદાર રાખવાના હોય છે. અભ્યાસના સુરત જિલ્લાના વાલોડ અને સોનગઢ તાલુકાના એક-એક છાત્રાલયમાં ચોકીદાર નથી. ૯ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલય અને ૧ સરકારી સંચાલનના છાત્રાલયમાં ચોકીદાર છે. દરેક છાત્રાલયમાં અનુસૂચિત જનજાતિના ચોકીદાર છે. ચોકીદારની ઉંમર જોઈએ તો ૨૦ થી ૩૦ વર્ષના ૧, ૩૧ થી ૪૦ની વયના ૪ (જેમાં ૧ સરકારી છાત્રાલયના ચોકીદારનો સમાવેશ થાય છે), ૪૧ થી ૫૦ની વયના ૪ અને ૫૦ વર્ષથી મોટી ઉંમરના ૧ ચોકીદાર છે.

ચોકીદારની ઉંમર જોતાં ખ્યાલ આવે છે કે મોટાભાગના ચોકીદાર ૩૧ થી ૫૦ની વયના છે. સંચાલકો કન્યા છાત્રાલયમાં મોટી ઉંમરના ચોકીદાર રાખવાનું હિતાવહ ગણે છે. કારણકે તેઓમાં જાતિય વૃત્તિ ઉપર કાબુ મેળવવાની શક્તિ હોય છે અથવા તો આ વૃત્તિ ઓછી હોય છે. આ ઉંમરની વ્યક્તિને છાત્રાલયમાં ભણતી બહેનોથી મોટી વયનાં સંતાનો હોય છે. આદિવાસી સમાજમાં પુરૂષ-સ્ત્રીના શારીરિક સંબંધો વિષે ઘણી જુદી જુદી અવધારણા પ્રવર્તે છે. શિક્ષણ વધતાં અને સંપર્કની અસરને લઈને સ્ત્રી-પુરૂષના શારીરિક સંબંધો સાહજીક રીતે બંધાતા નથી. આમ છતાં કન્યા છાત્રાલયમાં આ પ્રશ્ન વિષે સંચાલકો અને ગૃહપતિઓ વધુ તકેદારી રાખે છે. કારણકે આદિવાસી સમાજમાં યુવાનોને જાતિય જ્ઞાન નાની વયમાં મળી રહે છે, કારણકે પોતાની જ ઉંમરના અભણ કે ભણવાનું છોડી દીધેલા યુવાનોના લગ્ન થઈ ગયા હોય છે. તેઓના સંપર્કમાં વિદ્યાર્થી હોય છે. તેમની સાથેની ચર્ચામાં અને તેમના જુદા જુદા તહેવારોમાં - મેળામાં ગીતોમાં જાતિય જ્ઞાન મળી રહે છે. આદિવાસીઓના પરંપરાગત ખોરાક અને પીણાંથી પણ શરીરમાં ગરમી અને ઉત્તેજના વધે છે. તે તૃપ્ત કરવા અને કાંઈક અંશે શારીરિક સંબંધ બાંધી મનોરંજન મેળવવાનો પ્રયાસ કરે છે.

અમુક કુમાર છાત્રાલયના છાત્રોને હસ્તમૈથુનની ટેવ પણ છે, તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું. આ ટેવવાળી વ્યક્તિને નજરોનજર જોવામાં આવ્યો છે. આ યુવાન સવારમાં જાજરુ ગયેલ ત્યાં તે પોતાના

લીંગ સાથે હાથ ઘસીને ઉત્તેજના સમાવવાનો પ્રયાસ કરતો હતો. બીજા છાત્રને જાજરૂ જવાનું દબાણ વધતાં જાજરૂનું બારણું ખેંચ્યું, આ જાજરૂનું બારણું બંધ કરવાની સાંકળ બરોબર ન હતી, તેથી બારણું ખુલી ગયું. જાજરૂમાં બેઠેલો છાત્ર એકદમ ઉભો થઈ બહાર નીકળી ગયો. ત્યાં તેની ચડ્ડી ઉપર વિર્યના ડાઘા પડેલાં જોયા. આ પ્રસંગ ઉપરથી ગૃહપતિ સાથે આ અંગેની ચર્ચા કરી ત્યારે ઘણા છાત્રોમાં આ ટેવ છે તેમ જાણવા મળ્યું. મોટાભાગના ગૃહપતિઓનો અભિપ્રાય છે કે આદિવાસી યુવાનોમાં અકુદરતી રીતે જાતિય સંતોષ મેળવવાની વૃત્તિ ઓછી છે. કારણ કે મોટાભાગના યુવાનો શનિ-રવીમાં ઘરે જતા હોય છે. વધારે જાતિય વૃત્તિવાળા છાત્રો ઘરે જવા આતુર હોય છે. કારણ કે ગામડે બાજુના ગામમાં જાતિય વૃત્તિ સંતોષવા વિજાતીય પાત્ર મળી રહે છે. આમાં કન્યા અને કુમારનું સરખું વલણ છે. કન્યા છાત્રાલયના ગૃહપતિઓ આ બાબત સાથે ઓછા સંમત છે. તેમનું માનવું છે કે અભ્યાસ કરતી બહેનોમાં અને ખાસ કરી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી બહેનોમાં આ વૃત્તિ ઉપર કાબુ મેળવવાની શક્તિ અને વૈચારિક બળ મળી રહે છે. કન્યા અને કુમાર છાત્રાલયના છાત્રો ઉપર કોના અને કેવા પત્રો આવે છે તે બાબતની તપાસ કરતાં મોટા ભાગના છાત્રાલયના ગૃહપતિએ સ્વીકાર કર્યો કે યુવાન છાત્રોમાં વિજાતીય વ્યક્તિના પત્રો વધારે આવે છે. આવા પત્રો પોસ્ટમાં આવે છે. વિજાતીય વ્યક્તિ પણ પત્રમાં પોતાની જાતિ બદલવા નામ બદલી નાંખે છે. તેથી ગૃહપતિને જલ્દી ખ્યાલ ન આવે. ઘણા છાત્રોને આવા પત્રો હાથોહાથ પણ મળે છે.

કન્યા છાત્રાલયમાં ચોકીદાર રાખવાથી કાંઈક અંશે છાત્રાલયમાં જાતિય પ્રશ્નો, મોટી ચીજવસ્તુની ચોરી અને અન્ય નાના મોટા પ્રશ્નો ઓછા ઉદ્ભવે છે. ઘણો ચોકીદારે જણાવ્યું કે ઘણીવાર છાત્રાલયનું ધ્યાન રાખવામાં મુશ્કેલી પડે છે, કારણ કે અમારી પાસે હથિયાર નથી હોતા. હથિયારધારી વ્યક્તિ આવે તો તેનો સામનો કરવો મુશ્કેલ પડે. આમ છતાં કન્યા છાત્રાલયમાં ચોકીદાર રાખવાથી ગૃહપતિ અને છાત્રાઓની નૈતિક હિંમત વધે છે તેવું કન્યા છાત્રાલયના ગૃહમાતાઓએ જણાવ્યું છે.

કન્યા છાત્રાલયના રસોયા કરતાં ચોકીદારમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. અભ્યાસના કન્યા છાત્રાલયના ૧૦ ચોકીદારમાં ૩ અભણ, ૫ પ્રાથમિક શિક્ષણ મેળવેલા અને ૨ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલા છે. ચોકીદારને કયા કામનો અનુભવ છે તે જાણવાનો પ્રયાસ કરતાં જાણવા મળ્યું કે ત્રણ ચોકીદાર જુદા જુદા કાર્યનો અનુભવ ધરાવે છે. તેમાં એક ચોથા વર્ગનો નિવૃત્ત કર્મચારી છે. એકે સી.આર.પી.માં નોકરી કરેલ છે અને એકે છાત્રાલયમાં રસોયા તરીકેની નોકરી કરી હતી. તેથી ઉંમર વધતાં આ કામ કરી શકે તેમ ન હોવાથી તેને ચોકીદાર તરીકે નિમણૂક આપવામાં આવી છે. ઘણા છાત્રાલયમાં આવું થયું છે. રસોયની ઉંમર વધતાં તેમની ચોકીદાર તરીકે નિમણૂક કરી છે. આમ કરવામાં પાછળ બીજો હેતુ પણ છે, ચોકીદાર મોટાભાગે સાંજે ૬ થી ૭ વાગ્યે આવે અને સવારે ચાલ્યા જાય છે. આખી રાત્રિ જાગવાનું હોતુ નથી. તેથી દિવસ દરમ્યાન અન્ય કામે પણ જઈ શકાય.

એવુ જોવા મળ્યું કે મોટાભાગના કન્યા છાત્રાલયમાં છાત્રાલયના મકાનને પાકી દિવાલ હોતી નથી. તેથી છાત્રાલયમાંથી બહાર જવાના રસ્તા એક કરતા વધારે હોય છે. આવા છાત્રાલયમાં ચોકીદારને બહુ જ તકલીફ પડે છે.

**હાલના કાર્યકરોથી છાત્રાલયના કામ અંગેની સ્થિતિ**

છાત્રાલય સંચાલન કાર્ય કરતા વર્તમાન માળખાથી છાત્રાલયનું કાર્ય બરોબર ચાલે છે કે નહીં તેની જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો છે. અભ્યાસના ૩૦ છાત્રાલયમાં ૨૩ છાત્રાલયના ગૃહપતિઓએ હાલના કાર્યકરના માળખાથી સંતોષ છે તેમ જણાવ્યું. આમ જણાવનારમાં સ્વૈચ્છિક સંસ્થાના ૧૩ કુમાર અને ૮ કન્યા છાત્રાલયના અને સરકારી સંચાલનના એક કુમાર અને એક કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે. સ્વૈચ્છિક સંસ્થાના ૩ કુમાર અને ૩ કન્યા છાત્રાલયના ગૃહપતિ અને સરકારી સંચાલનના એક કુમાર છાત્રાલયના ગૃહપતિએ કાર્યકરના વર્તમાન માળખામાં પરિવર્તન લાવવું જોઈએ તેમ દર્શાવ્યું છે. તેમાં ૫ ગૃહપતિએ ગૃહપતિની સંખ્યા વધારવી જોઈએ તેમ જણાવ્યું છે. આમ જણાવનાર સ્વૈચ્છિક સંસ્થાના ૨ કુમાર અને ૩ કન્યા છાત્રાલયના ગૃહપતિ-ગૃહમાતા છે. આમ માનનાર ગૃહપતિનું માનવું છે કે ૭૦ છાત્રોએ એક ગૃહપતિને બદલે ૫૦ છાત્રોએ એક ગૃહપતિ હોવા જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી નવાં છાત્રાલય શરૂ કરવાને બદલે જે છાત્રાલય ચાલે છે તેને ઓછામાં ઓછા બે ગૃહપતિ મળે તેટલી સંખ્યાની માન્યતા દરેક છાત્રાલયને મળવી જોઈએ જેથી છાત્રાલયનું કામ સુંદર ચાલે, એક ગૃહપતિ હિસાબ અને ખરીદી ઉપર દેખરેખ રાખે. આમ થશે તો છાત્રાલયનું સંચાલન સુંદર થશે અને છાત્રોના સર્વાંગી વિકાસમાં ગૃહપતિઓ વધુ મદદરૂપ થઈ શકશે. આજે મોટાભાગના ગૃહપતિઓ છાત્રોના વિકાસમાં ધ્યાન આપી શકતા નથી. કારણ કે છાત્રાલયના હિસાબ અને વહીવટમાં જ સમય પસાર થઈ જાય છે. ગૃહપતિને રજા લઈને જવાનું થાય ત્યારે છાત્રાલયના સંચાલનમાં મુશ્કેલી થાય છે. ગૃહપતિની હાજરી નિયમિત ન હોય તેવાં ઘણાં છાત્રાલય ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યાં, આવા ગૃહપતિની ગેરહાજરીના દિવસે છાત્રાલયનું સંચાલન રસોયા અથવા છાત્રો પોતે કરતા હોય છે, આવું કન્યા છાત્રાલયમાં પણ બને છે.

કુમાર છાત્રાલયના ૨ ગૃહપતિએ જણાવ્યું કે રસોયા ને મદદ કરવા મદદનીશ રસોયા હોવા જોઈએ. આમ માનનાર ગૃહપતિના છાત્રાલયમાં છાત્રોની સંખ્યા વધારે હોય છે. આમ જણાવનાર એક ગૃહપતિના છાત્રાલયમાં ૧૫૦ અને બીજામાં ૪૦ની માન્ય સંખ્યા છે.

એક કુમાર છાત્રાલયના ગૃહપતિએ છાત્રાલયના નાણાંકીય હિસાબ અને અન્ય વહીવટી બાબતની સંભાળ રાખવા કારકુન હોવા જોઈએ તેમ દર્શાવ્યું છે. આ ગૃહપતિ પાસે ૧૫૦ છાત્રો છે. આ ગૃહપતિનું મંતવ્ય હતું કે કાં તો ગૃહપતિની સંખ્યા વધારવાથી અથવા તો કારકુનની નિમણૂંક કરવાથી છાત્રાલયનું કામ સુંદર થઈ શકે.

શિક્ષણ ખાતા દ્વારા ચાલતા ૧ સરકારી છાત્રાલયના ગૃહપતિએ આવા છાત્રાલયમાં પૂરા સમયના ગૃહપતિની નિમણૂંક કરવી જોઈએ તેમ જણાવ્યું છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉપરોક્ત બાબત અંગે જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો છે. મોટાભાગના ગૃહપતિઓ પાસે આમાં ઉપયોગી થાય તેવા ચિંતનનો અભાવ જોવા મળ્યો, જે લોકોએ પોતાના મર્યાદિત વિચારો જણાવ્યા તેમાં પોતાના કાર્યની બાબતને જ મહત્વ આપ્યું છે.

જે છાત્રાલયમાં૧૨૫ થી વધારે છાત્રો છે તેમાં બે ગૃહપતિથી છાત્રાલયનું સંચાલન બરાબર થતું નથી; તેથી આવા છાત્રાલયમાં બે ગૃહપતિ ઉપરાંત એક કારકુનની નિમણૂક કરવી જોઈએ, અથવા તો ત્રણ ગૃહપતિ હોવા જોઈએ, માધ્યમિક અને પ્રાથમિક શાળામાં ૩૦ થી ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક રાખવાની જોગવાઈ છે. આ ધોરણે ગૃહપતિની નિમણૂક થવી જોઈએ. શાળામાં તો ૫ થી ૬ કલાક વિદ્યાર્થી રહે છે. જે સમય છાત્રાલયમાં છાત્રો રહે તેમાં તેની ભોજનના, રહેવાના, તંદુરસ્તીના અને વ્યક્તિગત અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. તે દરેક પ્રશ્નના નિકાલ માટે જે તે પ્રશ્નનું ચિંતન કરવું આવશ્યક છે. મોટાભાગના ગૃહપતિ આમ કરતા નથી. અભ્યાસના છાત્રાલયના ગૃહપતિ કાંઈક અંશે કોઠારી, નામુ લખનાર મુનિમ અને વિદ્યાર્થીના ચોકીદાર હોય તેવું લાગે છે.

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલય અને સરકારી સંચાલનના છાત્રાલયમાં કાર્યકરોના માળખામાં ઘણો તફાવત છે. ૫૦ છાત્રોવાળા એક સરકારી સંચાલનના છાત્રાલયમાં જુદી જુદી કક્ષાના ૭ થી ૮ કર્મચારી હોય છે જયારે સ્વૈચ્છિક સંસ્થાના એટલી જ સંખ્યાના એક છાત્રાલયમાં ૨ કર્મચારી હોય છે. જો કન્યા છાત્રાલય હોય તો ત્રણ કર્મચારી હોય છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં હાલના કાર્યકરોથી યોગ્ય રીતે કામ થતું ન હોય તે સ્વભાવિક છે.

**અનુદાન**

સમાજકલ્યાણ ખાતા તરફથી પછાતવર્ગના છાત્રાલયને જિલ્લા કક્ષાએ સમાજ કલ્યાણ અધિકારીની કચેરી તરફથી અને બક્ષીપંચના છાત્રાલયને સમાજકલ્યાણ અધિકારી (બક્ષીપંચ)ની કચેરી તરફથી અનુદાન આપવામાં આવે છે.

સરકારશ્રીના તા.૨૧-૪-૮૨ના ઠરાવ ક્રમાંક બી.સી.એલ.૧૫૮૦/૯૨૧ ૭, સેલ તા.૧-૬-૮૨થી એક છાત્ર દીઠ માસિક ૧૦૦ રૂપિયા ભોજન બિલ પેટે આપવામાં આવે છે. આ ૧૦૦ રૂપિયામાં બે ટાઈમ ભોજન, નાસ્તો, બળતણ, દળામણ ખર્ચ, શાકભાજી, પાણી ખર્ચ-દીવાબત્તી અને દવાનો ખર્ચ કરી શકાય છે. અનુદાન આપવા માટે છાત્રોની માસિક સરેરાશ હાજરી ગણવામાં આવે છે. તેમાં દરેક મહિના દરમ્યાન હાજર રહેલાં છાત્રોની ખરેખર સંખ્યા (મે' વેકેશનના માસ સિવાય) ગણી કાઢવામાં આવે છે.

છાત્રાલય ચાલુ હોય તે માસ દરમ્યાન અડધા કે તેથી વધુ દિવસ છાત્ર છાત્રાલયમાં હાજર હોય તો તે છાત્રની આખા માસની ગ્રાંટ આપવમાં આવે છે. અનુદાન વર્ષમાં ચાર તબક્કે આપવામાં આવે છે. અનુદાનનો પ્રથમ હપ્તો જુલાઈ માસમાં ચૂકવવામાં આવે છે. આ હપ્તામાં જુન-જુલાઈ, ઓગષ્ટ માસની ગ્રાંટ આપવામાં આવે છે. બીજો હપ્તો ઓકટોબર માસમાં ચૂકવવામાં આવે છે. આ માસમાં સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બર માસની ગ્રાંટ આપવામાં આવે છે. બીજા હપ્તાની ચૂકવણી પહેલા આગલા ત્રણ માસની છાત્રોની હાજરી અને ભોજન બિલ પેટે થયેલ ખર્ચની વિગત અને આગલા વર્ષનું એટલે કે એપ્રિલ થી માર્ચ સુધીનું ઓડીટ સ્ટેટમેન્ટ રજુ કરવાનું રહે છે. ગ્રાંટનો ત્રીજો હપ્તો જાન્યુઆરી માસમાં ચૂકવવામાં આવે છે. આ હપ્તામાં ડીસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરીની ગ્રાંટ ચુકવવામાં આવે છે. આ હપ્તો ચૂકવતાં પહેલા આગલા ત્રણ માસની ગ્રાંટ ચૂકવી હોય તે માસની છાત્રોની હાજરી અને ખર્ચનું પત્રક રજુ કરવું પડે છે. ચોથો હપ્તો માર્ચ, એપ્રિલમાં ચૂકવવામાં આવે છે. આગલા ત્રણ માસમાં જે ગ્રાંટ ચૂકવી હોય તેના આધારે આ માસની ગ્રાંટ ચૂકવવામાં આવે છે.

પરંતુ ખરેખર ગ્રાંટ વર્ષની શરૂઆતમાં અને માર્ચ માસમાં જ ચૂકવાય છે. આવું ગૃહપતિ અને સંચાલકોએ જણાવ્યું. આ અંગે સમાજકલ્યાણ અધિકારીશ્રી સાથે ચર્ચા કરતાં ખ્યાલ આવ્યો કે છાત્રાલયના સંચાલકો યોગ્ય સમયમાં છાત્રોની હાજરીનું પત્રક અને ખર્ચની વિગત મોકલતા નથી. પરિણામે પ્રથમ હપ્તો ચૂકવ્યા બાદ બીજો હપ્તા ચૂકવવામાં મુશ્કેલી પડે છે. આ બાબત કાંઈક અંશે સાચી માનવી પડે છે. કારણ કે છાત્રાલયના અભ્યાસ દરમ્યાન છાત્રાલયનું દફતર જોવાનો પ્રયાસ કરેલ. આમાં ખાસ કરીને છાત્રોનું હાજરી પત્રક અને ખર્ચનું પત્રક જોયું છે, આ પત્રકો જે-તે તારીખ સુધીના તૈયાર ન હતા. ઘણાં છાત્રાલયમાં તો ચાલુ શૈક્ષણિક વર્ષમાં છાત્રાલય શરૂ કર્યા બાદ બે થી ત્રણ માસ સુધી છાત્રોની હાજરીનું પત્રક અને ખર્ચની માહિતી તૈયાર ન હતી. ઘણા છાત્રાલયમાં છાત્રોનું હાજરીપત્રક અધુરું હતું. છાત્રાલયની મુલાકાતના દિવસથી અગાઉના ૧૫ થી ૨૦ દિવસની છાત્રોની હાજરી પૂરવાની બાકી હોય. આ અંગે ગૃહપતિએ પોતાના બચાવમાં જણાવ્યું કે જુદા કાગળમાં હાજરી પૂરી છે. કારણ કે હાજરી પત્રકનો ચોપડો સંસ્થાવાળાએ આપ્યો નથી અને કામ બહુ રહે છે. તેથી હાજરી પૂરી નથી / અથવા હું (ગૃહપતિ) ગેરહાજર હતો તેથી આ દિવસોની હાજરી પૂરવાની રહી ગઈ છે. આવું જ કોઠાર પત્રકમાં પણ બને છે. કોઠારમાંથી કેટલો માલ સામાન રોજ કાઢવામાં આવ્યો છે તેની માહિતી અલગ નોટબુકમાં યા કાગળમાં રાખવામાં આવે છે. ઘણા છાત્રાલયમાં આમ નથી બનતું. મહિનાના અંતમાં એક સાથે હાજરી પત્રક અને કોઠાર પત્રક ભરવામાં આવે છે. આમ કરવાનું મુખ્ય કારણ એ છે કે છાત્રોની હાજરીના પ્રમાણમાં ભોજનનો માલ સામાન કાઢવાનો હોય છે. ઘણીવાર છાત્ર છાત્રાલયમાં હાજર ન હોય તો પણ તેને હાજર ગણવામાં આવે છે. આથી પ્રતિદિન હાજરી પત્રકમાં પૂરવામાં નથી આવતી. ક્ષેત્રકાર્ય દરમ્યાન છાત્રોની અલગ મુલાકાત

લઈને તેઓ કયા દિવસે ગેરહાજર હતી તેની માહિતી લઈને હાજરીપત્રક સાથે સાંકળતાં ખ્યાલ આવ્યો કે છાત્રોની હાજરી પૂરવામાં ગૃહપતિઓ અનિયમિત છે. આને કારણે કોઠાર પત્રક પણ અનિયમિત ભરે છે. છાત્રાલયમાં પત્રક ઉપર એકપણ છાત્રની હાજરી ખૂટે નહીં તે જોવા આમ કરવું પડે છે. આમ કરવાથી મળવાપાત્ર ગ્રાંટમાં કાપ ઓછો આવે છે. જો મળવાપાત્ર ગ્રાંટમાં કાપ આવે તો ગૃહપતિને સંચાલકો તરફથી ઠપકો મળે છે. ભોજન બીલમાં છાત્રદીઠ માસિક ૧૦૦ રૂપિયાની ગ્રાંટ મળે છે. વર્તમાન સમયમાં આ રકમ પૂરતી નથી તેવું સંચાલકો અને ગૃહપતિ કહે છે. આની સાથે આપણે પણ સંમત થવું પડે. ક્ષેત્રકાર્ય દરમ્યાન આ માન્યતા કાંઈક અંશે ખોટી હોય તેમ જણાય છે. અથવા તો છાત્રોને અપૂરતું ભોજન આપીને યા શનિ-રવિ ઘરે મોકલીને ભોજનનો ખર્ચ સરભર કરતા હોય તેમ લાગે છે. સંચાલકો છાત્રદીઠ ભોજન પેટે માસિક કેટલો ખર્ચ કરે છે તેની વિગત નીચેના કોઠામાં આપી છે.

કોઠા નં.૩:૯

છાત્રદીઠ થતો માસિક ખર્ચ

| ક્રમ | એક છાત્ર પાછળ માસિક ખર્ચની વિગત (રૂપિયામાં) | છાત્રાલય | | કુલ |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૧૦૦ થી ઓછો | ૧ | - | ૧ |
| ૨. | ૧૦૦ રૂપિયા | ૭ | ૩ | ૧૦ |
| ૩. | ૧૨૦ રૂપિયા | ૨ | ૨ | ૪ |
| ૪. | ૧૩૦ રૂપિયા | ૩ | ૧ | ૪ |
| ૫. | ૧૪૦ રૂપિયા | - | ૧ | ૧ |
| ૬. | ૧૫૦ રૂપિયા | - | ૧ | ૧ |
| ૭. | ગૃહપતિને ખબર નથી | ૨ | ૨ | ૪ |
| ૮. | માહિતી આપી નથી | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૧૬ | ૧૧ | ૨૭ |

કોઠામાં ગૃહપતિએ તો સંચાલકોએ એક છાત્રદીઠ જે માસિક ખર્ચ કરે તેનો જ આંકડો દર્શાવ્યો તેને કોઠામાં મૂક્યો છે. આ રકમ સાચી છે કે નહીં તે જાણવાનો પ્રયાસ કર્યો છે. પણ તેમાં પૂરતી સફળતા મળી નથી. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે મોટાભાગના છાત્રાલયમાં એક છાત્રદીઠ માસીક ૧૦૦ થી ૧૨૦

રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આટલો ખર્ચ કરનાર ૯ કુમાર અને ૫ કન્યા છાત્રાલયો છે. ૪ છાત્રાલયના ગૃહપતિને એક છાત્રદીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે, તેઓ અંદાજ નથી. ૨ છાત્રાલયના ગૃહપતિએ આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે માસિક છાત્રદીઠ કેટલો ખર્ચ થાય છે. તેનો અંદાજ ગૃહપતિ પાસે ઓછો હોય છે. અભ્યાસના અમુક છાત્રાલયમાંજ છાત્રદીઠ માસિક ખર્ચ કાઢવામાં આવે છે. ઘણા ગૃહપતિને આ ખર્ચ કઈ રીતે ગણાય તેનો પણ ખ્યાલ નથી.

આ ખર્ચના ખરાપણાની તપાસ કરતાં ત્રણ છાત્રાલયમાંથી વાર્ષિક ખર્ચના પત્રક મળ્યા છે જેની વિગત નીચે આપી છે.

**છાત્રાલય નંબર-૧**

| ક્રમ | વિગત | રૂ.પૈસા |
|---|---|---|
| (૧) | કુમાર છાત્રાલય | |
| (૨) | છાત્રાલયનો જિલ્લો - સાબરકાંઠા | |
| (૩) | ખર્ચનો સમય ગાળો તા.૧-૭-૧૯૮૫ થી ૩૦-૪-૧૯૮૬ | |
| (૪) | ગ્રાંટ મળવાપાત્ર છાત્રોની હાજરી (૧૦ માસની) - ૪૪૭ | |
| (૫) | મળવાપાત્ર કુલ ગ્રાંટ - | ૪૪,૭૦૦.૦૦ |
| (૬) | ખરેખર થયેલ ખર્ચ - | ૩૯,૯૦૮.૭૮ |
| (૭) | ખર્ચ થયા વગરની રકમ - | ૪,૭૯૧.૨૨ |
| (૮) | છાત્રદીઠ થયેલ માસિક ખર્ચ - | ૮૯.૨૮ |

**છાત્રાલય નંબર-૨**

| ક્રમ | વિગત | રૂ. પૈસા |
|---|---|---|
| (૧) | કન્યા છાત્રાલય | |
| (૨) | છાત્રાલયનો જિલ્લો - વલસાડ | |
| (૩) | ખર્ચનો સમયગાળો મે'૧૯૮૫ થી એપ્રિલ ૧૯૮૬ | |
| (૪) | મળવાપાત્ર ગ્રાંટ | ૩૫,૦૦૦.૦૦ |
| (૫) | ખરેખર થયેલ ખર્ચ | ૩૫૨૨૪.૬૧ |
| (૬) | વધારાનો ખર્ચ (વાર્ષિક) | ૨૨૪.૬૧ |
| (૭) | છાત્રદીઠ થયેલ માસિક ખર્ચ | ૧૦૦.૬૪ |

છાત્રાલય નંબર-૩

| ક્રમ | વિગત | રૂા.પૈસા |
|---|---|---|
| (૧) | કુમાર છાત્રાલય | |
| (૨) | છાત્રાલયનો જિલ્લો - વલસાડ | |
| (૩) | ખર્ચનું વર્ષ ૧૯૮૫-૮૬ | |
| (૪) | મળવાપાત્ર ગ્રાંટ | ૫૦,૦૦૦.૦૦ |
| (૫) | ખરેખર થયેલ ખર્ચ | ૫૩,૦૮૦.૬૯ |
| (૬) | વધારાનો ખર્ચ (વાર્ષિક) | ૩,૦૮૦.૬૯ |
| (૭) | છાત્રદીઠ થયેલ માસિક ખર્ચ | ૧૦૬.૧૬ |

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે વાર્ષિક ખર્ચની વિગત જે ત્રણ છાત્રાલયમાંથી મળી છે તેમાં એક છાત્રાલયમાં છાત્રદીઠ માસિક ૬૪ પૈસા અને બીજામાં રૂા.૬.૧૬ પૈસાનો વધારે ખર્ચ થયો છે. એક છાત્રાલયમાં માસિક રૂા.૮૯.૨૮ પૈસાનો ખર્ચ થયો છે. આ આંકડાઓ અને ક્ષેત્રકાર્ય દરમ્યાન છાત્રોની પૂછતાછ કરતાં ખ્યાલ આવે છે કે મોટાભાગના છાત્રાલયમાં માસિક ૧૦૦ રૂપિયાથી વધુ ખર્ચ ન થાય તેવા પ્રકારનું ભોજન આપવામાં આવે છે. આમ કરવામાં છાત્રોને શનિ-રવિ ઘરે પણ મોકલી દેવામાં આવે છે.

**અનાવર્તક ગ્રાંટ**

એક છાત્રાલય દીઠ બે વર્ષમાં એકવાર અનાવર્તક ગ્રાંટ આપવામાં આવે છે. આ ગ્રાંટ સરકારના તા.૮-૧-૮ ના ઠરાવ ક્રમાંક બી.સી.એચ.૧૪૭૯-૩૫૮૩હ-સેલ પ્રમાણે આપવાનું નક્કી થયું છે. આ ગ્રાંટમાંથી રસોડાને લગતી વસ્તુ, છાત્રાલય માટેનું ફર્નિચર વગેરેનો ખર્ચ કરી શકાય છે. આ ગ્રાંટ એક છાત્રદીઠ રૂા.૧૦/- રૂપિયા લેખે આપવામાં આવે છે. અભ્યાસના મોટાભાગના છાત્રાલયના ગૃહપતિને આ ગ્રાંટ છેલ્લી ક્યારે મળી તેનો ખ્યાલ નથી.

**કર્મચારીના પગારની ગ્રાંટ**

ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧૫-૪-૧૯૮૫ના ઠરાવ ક્રમાંક ૫વછ/૧૫૮૪/મા.૧૮/હ.સેલ મુજબ સ્વૈચ્છિક સંસ્થાના કર્મચારીનો પગાર વધારવામાં આવ્યો છે.

ગૃહપતિની લાયકાત મુજબ પગાર નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે મુખ્ય રસોયાને માસિક રૂા.૩૦૦ અને મદદનીશ રસોયા અને ચોકીદારને માસિક ૨૫૦નો પગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આમ ગૃહપતિના કુલ પગારના ૮૦ ટકા અને રસોયા, મદદનીશ રસોયા અને ચોકીદારોના કુલ પગારના ૯૦ ટકા ગ્રાંટ સરકાર તરફથી ચૂકવવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે ગૃહપતિને સંસ્થાનો ૨૦% ફાળો ઉમેરીને પગાર ચૂકવવામાં નથી આવતો. સરકાર તરફથી જેટલા પૈસા મળે તે ચૂકવે છે. સંસ્થાના સંચાલકોને આ અંગે પૂછતાં તેમણે એવો અભિપ્રાય દર્શાવ્યો કે સંસ્થા પાસે ગ્રાંટ સિવાય અન્ય કોઈ આવકનું સાધન નથી. તેથી ૨૦ ટકા સંસ્થા ફાળો ઉમેરીને પગાર ચૂકવવાનું મુશ્કેલ છે. આના વિકલ્પ રૂપે ગૃહપતિને છાત્રાલયમાં મફત ભોજન કરવાની છૂટ આપવામાં આવી છે. ઘણા છાત્રાલયમાં ગૃહપતિના આખા કુટુંબના ભોજનની સામગ્રી છાત્રાલયમાંથી મળે છે. અમુક સંસ્થાઓ નિયમ કરતા વધારે પગાર ચૂકવે છે. તેમાં ખાસ કરીને ગૃહપતિની આ કામ પ્રત્યેની ભાવના અને શૈક્ષણિક લાયકાતને ખ્યાલમાં રાખવામાં આવે છે. રસોયા અને મદદનીશ રસોયાને પણ અપૂરતો પગાર ચૂકવવામાં આવે છે.

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૩૩ ગૃહપતિને માસિક પગાર કેટલો ચૂકવવામાં આવે છે તેની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૬ ગૃહપતિને નિયમ કરતા ઓછો, ૧૦ ગૃહપતિને નિયમ કરતા વધારે અને ૬ ગૃહપતિને નિયમ મુજબનો પગાર આપવામાં આવે છે.

અભ્યાસની લાયકાત અને ગૃહપતિના કામનો અનુભવ જેને છે, તેવા ગૃહપતિને નિયમ મુજબ વધારે પગાર ચૂકવવામાં આવે છે. અભ્યાસના પ્રમાણમાં અમુક વર્ષનો કામનો અનુભવ હોય તેવા ૨૫ ગૃહપતિમાં ૧૨ને નિયમ કરતાં ઓછો, ૮ ને નિયમ કરતાં વધારે અને ૫ ને નિયમ મુજબ પગાર આપવામાં આવે છે. ફક્ત શૈક્ષણિક લાયકાત ધરાવનાર ૬ ગૃહપતિમાંથી ૩ ગૃહપતિને ઓછો અને ૩ને નિયમ કરતા વધારે પગાર આપવામાં આવે છે. ગૃહપતિને નિયમ મુજબ પગાર મળે છે કે નહીં તેની માહિતી કોઠા ૩:૧૦માં આપવામાં આવી છે.

કોઠો- ૩: ૧૦

**ગૃહપતિને માસિક કેટલો પગાર મળે છે તેની માહિતી દર્શાવતો કોઠો**

| ક્રમ | શિક્ષણ અને અનુભવની વિગત | નિયમ મુજબ આપવા પાત્ર પગારની રકમ | બરોબર | | વધારે | | ઓછા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | એસ.એસ.સી.થી ઓછું | ૬૦૦ | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૨. | એસ.એસ.સી. | ૬૦૦ | - | - | - | ૧ | ૧ | - | ૧ | ૧ |
| ૩. | એસ.એસ.સી. અને ત્રણ વર્ષનો અનુભવ | ૬૬૦ | - | - | - | - | ૧ | ૩ | ૧ | ૩ |
| ૪. | એસ.એસ.સી. અને પાંચ વર્ષનો અનુભવ | ૭૨૦ | - | ૧ | ૩ | - | ૨ | ૨ | ૫ | ૩ |
| ૫. | સ્નાતક | ૮૪૦ | - | - | - | ૨ | - | ૧ | - | ૩ |
| ૬. | સ્નાતક અને ત્રણ વર્ષનો અનુભવ | ૯૦૦ | - | - | - | - | ૫ | - | ૫ | - |
| ૭. | સ્નાતક અને પાંચ વર્ષનો અનુભવ | ૧૦૦૦ | ૨ | ૩ | ૪ | - | - | - | ૬ | ૩ |
| ૮. | માહિતી આપી નથી | - | - | - | - | - | - | - | ૧ | - |
| | કુલ | | ૨ | ૪ | ૭ | ૩ | ૯ | ૭ | ૧૯ | ૧૪ |

**રસોયાના પગાર અંગે :**

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ૨૭ મુખ્ય રસોયા અને ૨૦ મદદનીશ રસોયા છે. તેમાં ૪ રસોયાને જ નિયમ મુજબ પગાર મળે છે. ૪૨ રસોયાને નિયમ કરતાં ઓછો પગાર આપવામાં આવે છે. ૧ રસોયાએ પોતાને કેટલો પગાર મળે છે, તેની માહિતી આપી નથી. રસોયાને પણ છાત્રાલયના રસોડે જમવાની મફત વ્યવસ્થા સંચાલકો તરફથી કરવામાં આવી છે. આ કારણને લઈને તેમને પૂરતો પગાર આપવામાં નથી આવતો. પ્રથમ દ્રષ્ટિએ રસોયાને પગાર ઓછો મળે છે, તેમ લાગે પણ છાત્રાલયમાં ભોજન કરતા હોવાથી સરવાળે મળવાપાત્ર પગાર કરતા વધુ ફાયદો થાય છે. માસિક ભોજનનો ખર્ચ ૧૦૦ રૂા. ગણીએ તો પણ મળવાપાત્ર પગાર કરતાં વધુ પગાર મળ્યો કહેવાય. રસોયાને માસિક કેટલો પગાર આપવામાં આવે છે તેની માહિતી નીચેના કોઠા ૩:૧૧માં આપી છે.

કોઠા નં.૩:૧૧

**સ્વૈચ્છિક સંસ્થાના રસોયાના પગાર**

| ક્રમ | વિગત | | રસોયા સંખ્યા | બરોબર | વધુ | ઓછો | માહિતી આપી નથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુખ્ય રસોયા | પુરૂષ | ૧૯ | - | - | - | ૧ |
| | માસિક પગાર રૂા.૩૩૦ | સ્ત્રી | ૮ | - | - | ૮ | - |
| ૨. | મદદનીશ રસોયા | પુરૂષ | ૧૫ | ૩ | - | ૧૨ | - |
| | માસિક પગાર રૂા.૨૭૫ | સ્ત્રી | ૫ | - | - | ૫ | - |
| | | કુલ | ૪૭ | ૪ | - | ૪૨ | ૧ |

**પ્રવાસ અંગે**

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયના છાત્રોને વર્ષમાં એકવાર પ્રવાસ માટે સરકાર તરફથી ગ્રાંટ આપવામાં આવે છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧૫ છાત્રાલયના છાત્રોએ ૧૯૮૫-૮૬ના વર્ષમાં પ્રવાસ કર્યો હતો, તેમાં ૧૧ કુમાર અને ૪ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે. આ છાત્રાલયના ૬૬૯માંથી ૩૧૭ કુમાર છાત્રોએ અને ૧૮૧ કન્યામાંથી ૧૧૬ કન્યા છાત્રોએ પ્રવાસમાં ભાગ લીધો હતો. આંકડા ઉપરથી લાગે છે કે કુમાર છાત્રો કરતા કન્યા છાત્રો પ્રવાસમાં વધુ ભાગ લે છે.

**પ્રવાસનું સ્થળ**

જે પંદર છાત્રાલયે પ્રવાસ કર્યો હતો તેમાંથી ૭ છાત્રાલયે અંબાજી, અનાવલ, ગણેશપુરી, દ્વારકા, વીરપુર જેવા ધાર્મિક સ્થળનો પ્રવાસ કર્યો છે. એક છાત્રાલયે ઉત્તર પ્રદેશના ધાર્મિક સ્થળનો પણ પ્રવાસ કરેલ છે. ૩ છાત્રાલયે સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં સ્થળો, મુંબઈ, પુનાનાં ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ કર્યો છે.

એક છાત્રાલયના છાત્રોએ આબુ હવાખાવાના સ્થળનો પણ પ્રવાસ કર્યો છે. ૪ છાત્રાલયના છાત્રોએ છાત્રાલય નજીકના સ્થળોએ પ્રવાસ કર્યો છે. મોટાભાગના છાત્રાલયો ધાર્મિક સ્થળનો પ્રવાસ વધુ કરે છે. આ સ્થળો એવા પસંદ કરે કે તેની સાથે ઐતિહાસિક અને જોવા જેવા સ્થળ પણ જોવાઈ જાય. દા.ત. સૌરાષ્ટ્રના વીરપુર પ્રવાસે જાય, આ સ્થળ જતાં જુનાગઢ પણ જાય, અહીં ધાર્મિક સ્થળ, ઐતિહાસિક સ્થળ અને જોવાલાયક સ્થળ આવેલાં છે. પ્રવાસનું સ્થળ જુદા જુદા હેતુને ખ્યાલમાં રાખી નકકી કરવામાં આવે છે.

## કોઠો- ૩:૧૨
## પ્રવાસ અંગેની વિગત

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | છેલ્લા વર્ષે કેટલા છાત્રાલયો પ્રવાસ કરેલ | છાત્રાલયના છાત્રોની કુલ સંખ્યા | પ્રવાસક સેલ છાત્રાલયના છાત્રોની સંખ્યા | પ્રવાસમાં ભાગ લેનાર છાત્રોની સંખ્યા | કયા સ્થળે પ્રવાસ યોજ્યો હતો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | છાત્રાલયના નજીકના સ્થળે | ધાર્મિક સ્થળે | હવખાવાના સ્થળે | ઐતિહાસિક સ્થળે |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૧૧ | ૯૪૯ | ૬૬૯ | ૩૧૭ | ૪ | ૪ | - | ૩ |
| | | સરકારી | ૨ | - | ૧૦૦ | - | - | - | - | - | - |
| | | કુલ | ૧૮ | ૧૧ | ૧૦૪૯ | ૬૬૯ | ૩૧૭ | ૪ | ૪ | - | ૩ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૪ | ૭૨૭ | ૧૮૧ | ૧૧૬ | - | ૩ | ૧ | - |
| | | સરકારી | ૧ | - | ૫૦ | - | - | - | - | - | - |
| | | કુલ | ૧૨ | ૪ | ૭૭૭ | ૧૮૧ | ૧૧૬ | - | ૩ | ૧ | - |
| | | કુલ | ૩૦ | ૧૫ | ૧૮૨૬ | ૮૫૦ | ૪૩૩ | ૪ | ૭ | ૧ | ૩ |

જે છાત્રાલયે ૧૯૮૫-૮૬માં પ્રવાસ કર્યો છે તેની વિગત કોઠા નં.૩:૧૨માં મૂકવામાં આવી છે.

પ્રવાસ એક દિવસથી આઠ દિવસ સુધીનો રાખવામાં આવે છે. જે લોકો છાત્રાલયના નજીકના સ્થળે પ્રવાસમાં જાય તેઓ એક દિવસનો પ્રવાસ રાખે છે, અને મોટાભાગે પગપાળા પ્રવાસ કરે. ગુજરાતના સ્થળો જોવા જવાના હોય તો બે થી ત્રણ દિવસનો પ્રવાસ રાખવામાં આવે છે. દૂરના સ્થળે પ્રવાસમાં જવાના હોય તો સાત થી આઠ દિવસનો પ્રવાસ રાખવામાં આવે છે. પ્રવાસમાં ભોજનની સામગ્રી સાથે લઈ જવામાં આવે છે. ગૃહપતિ સાથે રસોયાને પણ પ્રવાસમાં લઈ જવામાં આવે છે. જે તે સ્થળે રસોયા રસોઈ બનાવી નાંખે, આથી ભોજન ખર્ચ ઓછું આવે. આમ છતાં એક છાત્રદીઠ રૂપિયા ૨ થી ૨૫૦ સુધીનું ખર્ચ થાય છે. છાત્રદીઠ પ્રવાસ ખર્ચની વિગત કોઠા ૩:૧૩માં મૂકવામાં આવી છે.

કોઠો- ૩:૧૩

પ્રવાસનો ખર્ચ

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | પ્રવાસમાં ગયેલ છાત્રાલયની સંખ્યા | માહિતી આપી નથી | એક બાળકદીઠ પ્રવાસનો થયેલ ખર્ચ (રૂપિયામાં) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૨ | ૧૦ | ૨૫ | ૬૦ | ૭૦ | ૧૦૭ | ૧૫૦ | ૧૬૧ | ૨૦૦ | ૨૫૦ |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૧ | ૫ | - | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ |
| | | સરકારી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | | કુલ | ૧૧ | ૫ | - | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૪ | - | ૧ | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | - |
| | | સરકારી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | | કુલ | ૪ | - | ૧ | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | - |
| | | કુલ | ૧૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

**વાલી ફાળા અંગે :**

સરકારશ્રીના તા.૨૯-૪-૭૯ના ઠરાવ ક્રમાંક બી.સી.એચ.૧૪૭૫/૩૪૭૫થી સ્વૈચ્છિક સંસ્થાના છાત્રો યા છાત્રોના વાલી પાસેથી ૧૦ માસ માટે માસિક રૂા. ૫ સુધીનો વાલી ફાળો લઈ શકે છે. વાલી ફાળામાં મળેલ રકમ ગ્રાંટમાં ગણવામાં આવતી નથી. અભ્યાસના ૨૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલય પૈકી ૧૬ છાત્રાલયમાં વાલી ફાળો લેવામાં આવે છે. આમાં ૯ કુમાર અને ૭ કન્યા છાત્રાલય છે. આ છાત્રાલયમાં ૧ કન્યા છાત્રાલયમાં વાર્ષિક ૨૫ રૂપિયા, ૮ કુમાર અને ૪ કન્યા છાત્રાલયમાં વાર્ષિક ૫૦ રૂપિયા, ૨ કન્યા છાત્રાલયમાં વાર્ષિક ૭૫ થી ૧૦૦ રૂપિયા વાલી ફાળો લેવામાં આવે છે. ૧ કુમાર છાત્રાલયમાં વાલી જેટલો ફાળો આપે તેટલો લેવામાં આવે છે.

ઘણાં છાત્રાલય વાલી ફાળો લેતાં નથી. આમ કરવાના મુખ્ય કારણોમાં છાત્રાલય ઉંડાણના વિસ્તારમાં આવેલું હોય; છાત્રાલયની આજુબાજુના વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ વધુ હોય; છાત્રાલયમાં સવલત ઓછી આપવામાં આવતી હોય અને છાત્રોનો ધસારો ન રહેતો હોય; જે શાળા સાથે છાત્રાલય જોડાયેલું હોય તે શાળાનું ધોરણ ૧૦નું પરિણામ ઓછું આવતું હોય; છાત્રાલયની માન્ય સંખ્યા જેટલાં પણ છાત્રો મળતા ન હોય, નવું નવું છાત્રાલય હોય, આવાં જુદાં જુદાં અનેક કારણોને લઈને જે તે સંસ્થા વાલી ફાળો લેતી નથી. કોઠાના આંકડા ઉપરથી એમ લાગે છે કે કુમાર કરતા કન્યા છાત્રાલયમાં વાલીફાળો વધુ લેવામાં આવે છે. પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન આથી વિરુધ્ધનું જોવા મળ્યું. તેમાં કન્યા છાત્રાલય કરતા કુમાર છાત્રાલયમાં વાલી ફાળો વધુ લેવામાં આવે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે કન્યા કરતાં કુમાર છાત્રો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવા વધુ તૈયાર થાય છે. જયારે કન્યા છાત્રાલયમાં છાત્રોનો પ્રમાણમાં ઓછો ધસારો રહે છે. ઘણાં છાત્રાલયો નિયમ કરતાં વધુ ફાળો લે છે. આવા છાત્રાલયની ગ્રાંટ કપાતી નથી. આમ કરનાર છાત્રાલયે વાલી ફાળાની પહોંચ આપવાને બદલે સંસ્થામાં ફાળો આપ્યો હોય તે પ્રકારની પહોંચ આપે છે. જે છાત્રાલય શહેરની નજીક યા શહેરમાં આવેલાં હોય, જે-તે શાળાનું ધોરણ ૧૦નું પરિણામ સારું આવતું હોય તેવી શાળા સાથે જોડાયેલાં છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા વાલીઓ વધુ ફાળો આપવા તૈયાર થાય છે. અભ્યાસના પંચમહાલ જિલ્લાના એક કુમાર છાત્રાલયે વાર્ષિક ૫૦ રૂપિયાનો વાલી ફાળો લેવામાં આવે છે તેમ મુલાકાત સમયે જણાવ્યું છે. આ છાત્રાલયના નોટીસબોર્ડમાં ખેતી કરનાર વાલીના બાળકે વાર્ષિક ૧૦૦ રૂપિયા અને નોકરી કરતા વાલીના બાળકે વાર્ષિક ૨૦૦ રૂપિયા વાલી ફાળો આપવાની સૂચના લખી હતી. ઘણાં છાત્રાલયમાં ગૃહપતિએ રૂબરૂમાં જે રકમ દર્શાવી હોય તેના કરતા છાત્રોએ વાલી ફાળો વધુ આપ્યો હોય તેમ જાણવા મળ્યું. અભ્યાસનાં છાત્રાલયો કેટલો વાલી ફાળો લે છે તેની વિગત કોઠા નં.૩:૧૪માં મૂકવામાં આવી છે.

## કોઠો- ૩:૧૪
## વાલીના ફાળાની માહિતી

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | વાલી ફાળો લો છો | | ૨૫ રૂપિયા | ૫૦ રૂપિયા | ૭૫ રૂપિયા | ૧૦૦ રૂપિયા | વાર્ષિક જેટલો આપે તેટલો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | | | | | |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૯ | ૭ | - | ૮ | - | - | ૧ |
| | | સરકારી | ૨ | - | ૨ | — | - | - | - | - |
| | | કુલ | ૧૮ | ૯ | ૯ | - | ૮ | - | - | ૧ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૭ | ૪ | ૧ | ૪ | ૧ | ૧ | - |
| | | સરકારી | ૧ | - | ૧ | - | - | - | - | - |
| | | કુલ | ૧૨ | ૭ | ૫ | ૧ | ૪ | ૧ | ૧ | - |
| | | કુલ | ૩૦ | ૧૬ | ૧૪ | ૧ | ૧૨ | ૧ | ૧ | ૧ |

**વાલીફાળાનો ઉપયોગ :**

વાલી ફાળાની રકમમાંથી રમતગમતનાં સાધનો, વર્તમાન પત્રો, પુસ્તકો અને ગણવેશ પેટે ખર્ચ કરી શકાય છે. જે છાત્રાલયો વાલી ફાળો લે છે તેમાં જુદા જુદા પ્રકારનો ખર્ચ કરવામાં આવે છે. જેની વિગત કોઠા નં.૩:૧૫માં મૂકવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે વાલી ફાળાની રકમ વાપરવા અંગે સરકારે જે માર્ગદર્શન આપ્યું છે તે સિવાયના હેતુ માટે પણ ખર્ચ કરવામાં આવે છે. તેમાં પ્રવાસ, કર્મચારીનો મુસાફરી ખર્ચ વગેરેમાં વાલી ફાળો વાપરવામાં આવે છે. અમુક છાત્રાલયના ગૃહપતિએ વહીવટમાં, છાત્રાલયના ઉપયોગમાં આ ખર્ચ બતાવ્યો છે.તેમાં ખાસ કરીને ગૃહપતિ અને રસોયાના પગારમાં સંસ્થાએ ફાળો આપવો પડે, તેમાં આ રકમ વાપરવામાં આવે છે તેવું વધારે જોવા મળે છે.

**કોઠા નં.૩:૧૫**

**વાલી ફાળાનો ઉપયોગ શું કરે છે તેની માહિતી**

| ક્રમ | વિગત / વાલી ફાળાનો ઉપયોગ | છાત્રાલયનો પ્રકાર | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| | **વાલી ફાળો લેતા છાત્રાલયની સંખ્યા** | ૯ | ૭ |
| ૧. | દૈનિક પત્રના લવાજમમાં | ૨ | - |
| ૨. | શૈક્ષણિક પ્રવાસમાં | ૧ | ૧ |
| ૩. | દેવામાં | ૨ | - |
| ૪. | ગણવેશમાં | ૧ | - |
| ૫. | છાત્રાલયના ઉપયોગમાં | ૨ | ૩ |
| ૬. | રમતગમતના સાધનોમાં | - | ૨ |
| ૭. | વહીવટમાં | ૧ | - |
| ૮. | મુસાફરી ખર્ચમાં | ૧ | - |
| ૯. | ગૃહપતિને ખબર નથી | ૨ | ૧ |
| | **કુલ (એક કરતાં વધુ ઉપયોગ)** | **૧૨** | **૭** |

**છાત્રાલયના દફતર અંગે :**

સમાજકલ્યાણ ખાતાએ છાત્રાલયમાં કેવા પ્રકારનું દફતર હોવું જોઈએ તેના અંગે માર્ગદર્શન આપેલ છે. તેમાં

(૧) જનરલ રજિસ્ટર

(૨) છાત્રો અને સ્ટાફનું હાજરીપત્રક

(૩) હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટેની વિદ્યાર્થીઓની અરજીઓનાં વર્ષવાર રજીસ્ટર અને ફાઈલ

(૪) અનાજ તેમજ રસોડામાં વપરાતી બીજી ચીજ વસ્તુઓની રોજીંદી ખરીદી અને વપરાશ દર્શાવતું સ્ટોક પત્રક

(૫) દરેક છાત્રોનો પ્રગતિ હેવાલ હોસ્ટેલ છોડી ગયા પછીના ત્રણ વર્ષ સુધીના છાત્રોના અનુવર્તી હેવાલ સહિત.

(૬) ગ્રંથાલય રજીસ્ટર, ગ્રંથાલય પુસ્તકો આપ-લે રજીસ્ટર

(૭) ડેડસ્ટોક રજીસ્ટર

(૮) મિલકત અંગેનું રજીસ્ટર

(૯) રોજમેળ અને ખાતાવહી

(૧૦) યોગ્ય રીતે ફાઈલ કરેલાં મૂળ વાઉચર

(૧૧) પરીક્ષાના પરિણામોની ફાઈલ

(૧૨) સંચાલન સમિતિ અને નિયંત્રણ સમિતિની બેઠકોની કાર્યનોંધનો ચોપડો.

(૧૩) મુલાકાત પોથી

(૧૪) સૂચના પોથી

(૧૫) હોસ્ટેલની કામગીરીનો વાર્ષિક અહેવાલ

આ દફતર ગૃહપતિના કબજામાં રાખવાનું સૂચવવામાં આવ્યું છે. એક જ સ્થળે એક કરતાં જુદી જુદી પ્રવૃત્તિ કરનાર સંસ્થાના છાત્રાલયનું દફતર સંસ્થાની કચેરીમાં રાખવાની છૂટ આપવામાં આવી છે.

છાત્રાલયના ગૃહપતિને દફતર અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમના જે પ્રતિભાવ જાણવા મળ્યા તે જાણવા જેવા છે.

સ્વૈચ્છિક સંસ્થાના ૨૬ છાત્રાલયનું દફતર ગૃહપતિ પાસે રહે છે. તેમાં ૧૫ કુમાર અને ૧૧ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે. મોટાભાગના ગૃહપતિ પાસે છાત્રો અને સ્ટાફનું હાજરી પત્રક, કોઠાર પત્રક, ડેડસ્ટોક રજીસ્ટર, મુલાકાતપોથી હોય છે. અમુક ગૃહપતિ પાસે વાઉચર ફાઈલ, રોજમેળ અને ખાતાવાહી, ગ્રંથાલય પુસ્તકો આપ-લે રજિસ્ટર પણ હોય છે. છાત્રોએ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા જે અરજી કરી હોય તેની માહિતી યોગ્ય રીતે રાખવામાં આવતી નથી. આથી જે તે વર્ષે છાત્રાલયમાં પ્રવેશ મેળવવા કેટલાં છાત્રોએ અરજી કરી અને તેમાંથી કેટલાંને પ્રવેશ આપવામાં આવ્યો તે અંગેની યોગ્ય અને પૂરતી માહિતી મળી શકતી નથી. આ અંગે મોટાભાગના ગૃહપતિએ જણાવ્યું કે સંચાલક મંડળના પ્રમુખ-મંત્રી છાત્રોને પ્રવેશ આપે છે. ઘણીવાર છાત્રો તેમની ચીઠ્ઠી લઈને આવે એટલે તેમને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે, અને છાત્રોની અરજી પાછળથી લેવામાં આવે છે. અમુક છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર

છાત્રોની જ અરજીની યોગ્ય જાળવણી થાય છે, બાકીનાની નહીં. એટલે કે જેમને પ્રવેશ આપવામાં આવતો નથી તેમની પ્રવેશ માટેની અરજી પણ ફાઈલમાં નિભાવાતી નથી કે રજીસ્ટરમાં નોંધાતી નથી. અમુક છાત્રાલયમાં છાત્રોની પ્રવેશ અરજીની ફાઈલ જે તે વર્ષની જ જોવા મળે છે. મોટાભાગનાં છાત્રાલયો ભૂતપૂર્વ છાત્રોનો પ્રગતિ અહેવાલ રાખતા નથી. પરીક્ષાના પરિણામની ફાઈલ પણ વ્યવસ્થિત હોતી નથી. સમાજકલ્યાણ અધિકારી જયારે આ માહિતી મંગાવે ત્યારે તે માહિતી મોકલી આપે છે. પણ છાત્રવાર પરિણામની ફાઈલ રાખવામાં આવતી નથી. સંચાલન સમિતિ અને નિયંત્રણ સમિતિની બેઠકોની કાર્યવાહીની નોંધ પણ ગૃહપતિ પાસે હોતી નથી. આ માહિતી સંચાલક સંસ્થાના મંત્રી-પ્રમુખ પાસે અથવા તો સંસ્થાના મુખ્ય કાર્યાલાયમાં હોય છે.

અભ્યાસના પંચમહાલ જિલ્લાના એક સ્વૈચ્છિક સંસ્થાના કુમાર છાત્રાલયનું દફતર સંચાલક મંડળ પાસે રહે છે. આ સંસ્થાની મુખ્ય ઓફીસ અને છાત્રાલયનું સ્થળ અલગ અલગ છે.

સરકારી સંચાલનના સાબરકાંઠાના એક કુમાર છાત્રાલયનું દફતર પછાતવર્ગ અધિકારીની કચેરીમાં અને શિક્ષણ ખાતાના ડાંગના કુમાર છાત્રાલયનું દફતર શાળાના કાર્યાલયમાં રાખવામાં આવે છે. પંચમહાલના સરકારી કન્યા છાત્રાલયનું દફતર છાત્રાલયમાં રાખવામાં આવે છે.

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયનું દફતર ગૃહપતિ પાસે નહીં રાખવાનાં કારણો સંચાલકોએ જણાવ્યા તેમાં ગૃહપતિને દફતરનું સંચાલન કરવાનું ઓછું ફાવે છે. તેથી ચોપડામાં ચેક ચાક વધારે થાય છે. આમ થવાથી જરૂરિયાત પૂરતું દફતર (છાત્રોનું હાજરી પત્રક, કોઠાર પત્રક, કર્મચારીનું હાજરી પત્રક, ડેડસ્ટોક પત્રક) છાત્રાલયમાં રાખવામાં આવે છે. ઘણીવાર ગૃહપતિઓ નિયમિત રીતે દફતર લખતા નથી. છાત્રાલયનું અનાજ સંસ્થા દ્વારા ખરીદાય છે તેથી આ અંગેના ચોપડા સંસ્થામાં રાખે તો સગવડ વધારે રહે. આવાં જુદાં જુદાં કારણો સંચાલકોએ જણાવ્યાં છે.

૨૨ છાત્રાલયના ગૃહપતિએ જણાવ્યું કે છાત્રાલયના દફતરનું સંચાલન અમે કરીએ છીએ. આમ જણાવનારાઓમાં ૧૩ કુમારનાં અને ૯ કન્યાનાં છાત્રાલય છે. આમ જણાવનાર ગૃહપતિ હકીકતમાં તો ફક્ત છાત્રોની હાજરી, કોઠાર પત્રક અને કર્મચારીના હાજરીના પત્રકનું જ સંચાલન કરે છે. બાકીનું દફતર તેમની પાસે જોવા મળ્યું નથી. અલબત્ત જે ગૃહપતિને આ કામનો અનુભવ છે. તેઓ છાત્રાલયના સમગ્ર દફતરનું સંચાલન કરે છે.

પંચમહાલના ૨ કુમાર, ડાંગ અને ભરૂચ જિલ્લાના એક-એક કન્યા છાત્રાલયનું દફતર સંસ્થાના મંત્રી અથવા સંસ્થાનો હિસાબ રાખનાર કર્મચારી દફતરનું સંચાલન કરે છે. સાબરકાંઠાના એક કુમાર છાત્રાલયનું દફતર મંત્રી સંભાળે છે.

ઉપરોકત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં નિયમ મુજબનું દફતર રાખવામાં આવતું નથી. તેમાં છાત્રોનો પ્રગતિ અહેવાલ જેવા અગત્યના વિષયનું દફતર બરોબર ન રાખવાથી છાત્રાલય સંસ્થાની અગત્યતા અંગે વધુ માહિતી મેળવવામાં મુશ્કેલી પડે છે.

**સમાજ કલ્યાણ અધિકારીની મુલાકાત :**

સમાજ કલ્યાણ અધિકારી યા પછાતવર્ગ કલ્યાણ અધિકારી સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયની વર્ષમાં બે વાર ઓચિંતી મુલાકાત લેશે તેવું નિયમમાં છે. વાસ્તવિક રીતે જોઈએ તો આ અધિકારી પાસે એટલું બધું કામ રહે છે, તેથી જિલ્લાના મોટાભાગના છાત્રાલયમાં એકાદવાર પણ મુલાકાત લઈ શકતા નથી અથવા મુલાકાત લે તો નિયમ મુજબના દફતરની ચકાસણી કરી શકતા નથી. આમ બનવાથી સ્વૈચ્છિક સંસ્થાનાં ઘણાં છાત્રાલયો મોટાભાગના નિયમોનું પાલન કરતાં નથી. અલબત્ત અધિકારીને છાત્રાલય નિયમ પ્રમાણે ચાલતું નથી તેવી માહિતી મળે તો તેઓ જે-તે છાત્રાલયની કડક તપાસ કરે છે, અને તેનો અહેવાલ સમાજકલ્યાણના નિયામકશ્રીને મોકલે છે. મોટાભાગના છાત્રાલયો રાજયના કે સ્થાનિક રાજકીય આગેવાનો દ્વારા ચાલે છે. તેથી અધિકારીઓ યોગ્ય રીતે તપાસ કરી શકતા નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન એક છાત્રાલય એવું જોયું કે આ છાત્રાલય સમાજકલ્યાણ ખાતાના દફતર ઉપર ચાલે છે. સ્થળ ઉપર છાત્રાલયનો જે સામાન મળ્યો હોય તે એક ભાડાના રૂમમાં રાખવામાં આવ્યો હતો. માન્ય સંખ્યા કરતાં ઓછા છાત્રો હોય તેવાં છાત્રાલય દરેક જિલ્લામાં જોવા મળ્યાં. આમાંના ઘણા છાત્રાલયની તપાસ જે તે અધિકારીએ કરેલી છે.

## કોઠો- ૩:૧૬
## સમાજકલ્યાણ અધિકારીની મુલાકાતની માહિતી

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | સમાજકલ્યાણ અધિકારીએ ૧૯૮૫-૮૬ના વર્ષમાં કેટલીવાર છાત્રાલયની મુલાકાત લીધી | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૦થી વધુ વાર | મુલાકાત માટે આવતા નથી | અવાર નવાર | માહિતી આપી નથી |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૧ | ૨ | ૩ | ૩ | - | ૧ | ૧ | - | - | ૨ | - | ૧ | - | ૨ |
| | | સરકારી | ૨ | - | ૧ | - | - | - | - | - | | - | - | ૧ | - | - | - |
| | | કુલ | ૧૮ | ૧ | ૩ | ૩ | ૩ | - | ૧ | ૧ | - | - | ૨ | ૧ | ૧ | - | ૨ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૩ | ૨ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | ૧ |
| | | સરકારી | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | | કુલ | ૧૨ | ૩ | ૩ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | ૧ |
| | | કુલ | ૩૦ | ૪ | ૬ | ૩ | ૪ | ૧ | ૨ | ૨ | - | - | ૨ | ૧ | ૧ | ૧ | ૩ |

૧૯૮૫-૮૬ના વર્ષમાં જે તે સમાજકલ્યાણ અધિકારી છાત્રાલયમાં કેટલીવાર મુલાકાત લીધી તેની માહિતી ગૃહપતિએ જ આપી છે. તે કોઠા નં.૩:૧૬માં મૂકવામાં આવી છે. આના ઉપરથી ખ્યાલ આવે છે કે મોટાભાગના છાત્રાલયમાં વર્ષમાં ત્રણથી ચાર વાર અધિકારી મુલાકાત લે છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૭ છાત્રાલયમાં પાંચ કરતાં વધુ વાર અધિકારીએ મુલાકાત લીધી છે. ત્રણ છાત્રાલયના ગૃહપતિએ આ અંગેની માહિતી આપી નથી.

સરકારી સંચાલનના ત્રણમાંથી એક કુમાર અને કન્યા છાત્રાલયમાં વર્ષમાં બે વાર અને ડાંગના એક શિક્ષણ ખાતા દ્વારા ચાલતાં કુમાર છાત્રાલયમાં ૧૦થી વધુ વાર અધિકારીઓએ મુલાકાત લીધી હતી. આ છાત્રાલયમાં જિલ્લા શિક્ષણ અધિકારી અથવા તો તેના પ્રતિનિધિ મુલાકાત લે છે.

ગૃહપતિઓએ અધિકારીઓ છાત્રાલયની મુલાકાત લે છે તેમ જણાવ્યું પણ મુલાકાત પોથીમાં કે અન્ય દફતર ઉપરથી ખ્યાલ આવે છે કે વર્ષમાં એકાદવારથી વધારે વાર અધિકારીઓ મુલાકાત લેતા નથી. અથવા તો મુલાકાત લેવા છતાં દફતરમાં તે વિષેની નોંધ કરતા નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન મુલાકાતપોથી જોતાં ખ્યાલ આવ્યો કે અધિકારીની મુલાકાત અંગેની માહિતીનો ઉલ્લેખ ભાગ્યે જ હતો. ઘણાં છાત્રાલયમાં અધિકારીએ જે દિવસની મુલાકાત લીધી હોય તે દિવસના છાત્રોના હાજરીપત્રકમાં કેટલાં છાત્રો હાજર છે તે વિષેની માહિતીનો ઉલ્લેખ કરી પોતાની સહી કરેલી જોવા મળી.

અભ્યાસના છાત્રાલયના છાત્રોએ જણાવ્યું કે જયારે અધિકારી છાત્રાલયની મુલાકાત લે છે ત્યારે અમોને અવશ્ય મળે છે. અમારા પ્રશ્નો જાણવામાં કાળજી રાખે છે, અને તેના નિરાકરણ માટે યોગ્ય સલાહ અને માર્ગદર્શન ગૃહપતિને આપે છે. છાત્રો ભોજનની અને રહેઠાણની ફરિયાદ અધિકારી પાસે કરે છે. ઘણા અધિકારીઓએ જણાવ્યું કે છાત્રો સંચાલકોના પ્રભાવમાં હોય છે. તેથી તેઓ છાત્રાલય અંગે કોઈ ફરિયાદ કરતા નથી. આ અંગે છાત્રો અને વાલીનો અભિપ્રાય જાણવાનો પ્રયાસ કરવામાં આવતા તેઓનું મંતવ્ય છે કે જો સંચાલકો સામે ફરિયાદ કરીએ તો બાળકને બીજા વર્ષે છાત્રાલયમાં પ્રવેશ ન આપે. આમ થાય તો બાળકને આગળ અભ્યાસ કરવાની મુશ્કેલી પડે અથવા તો ફરિયાદ કરનાર છાત્રોના બીજાં ભાઈ-બહેન કે તે જ ગામના બીજા વિદ્યાર્થીને ભવિષ્યમાં છાત્રાલયમાં પ્રવેશ ન આપે તો અભ્યાસ કરવાનું મુશ્કેલ બને છે.

છાત્રાલય વિષેનો છાત્રોનો અભિપ્રાય કેવો હોય છે તેની માહીતી છાત્રોએ બીજા છાત્રાલયના છાત્રોને લખેલ પત્ર ઉપરથી ખ્યાલ આવે છે જેની માહિતી નીચે આપવામાં આવી છે :

પત્ર - ૧

શ્રી રામ                                                                                    તા.૨૪-૭-૮૬

શ્રી ભગવાન                                                                              વાર : ગુરૂવાર

પ્રિય-ભાઈઓ,

સવિનય સાથે લખી જણાવવાનું કે આપ ભાઈઓ પહેલા તો ભગવાનની પ્રાર્થના કરતા રાજીખુશીમાં હશો. હું પણ ભગવાનની પ્રાર્થના કરતો રાજી ખુશીમાં છું.

ત્યારબાદ લખી જણાવવાનું કે આપણા ગમના પાંચ ભાઈઓ સાથ સંગાથમાં રહેજો, અને રાજી ખુશીમાં રહેજો અને અભ્યાસ કરવાનું રાખજો, કારણ કે આપણે પહેલું વાંચેલું હોય તો આપણે પરીક્ષામાં સારી રીતે લખી શકીએ, અને સારી રીતે અભ્યાસ કરવાનું રાખજો, અને સવારમાં ઉઠીને પણ વાંચવાનું રાખજો. હું પણ અહીં સારી રીતે અભ્યાસ કરું છું. તમે પાંચે ભાઈ સારી રીતે રહેજો અને તોફાન મસ્તી કરવાની નહી. તમને પહેલા તો ફાવતુ ના હોય પણ એનું કારણ એ કે તમે કોઈ છાત્રાલયમાં રહેલા નથી, એટલે કે પહેલા તો ફાવતું ના હોય, પણ એક થી બે મહિના થઈ જાય તો તમને ફાવી જશે, અને બીજુ ખાસ લખી જણાવવાનું કે આ કાગળ મળે ને તરતજ કાગળ લખવાનું રાખજો. તમારી શાળામાં ખાવા પીવાનું ઓછું મળે છે. એવા સમાચાર હું વારંવાર સાંભળું છું અને તમે અભ્યાસ કરવાનું રાખજો. પારકી આશા સદાનિરાશ એમ કહેવત છે. પારકાની આશાએ આપણે અભ્યાસ કરવાનું ન રાખી એને તો આપણે પરીક્ષામાં હું લખવું એની સમજ જ ન પડે.

બીજુ ખાસ જણાવવાનું કે શાળામાં પીરીયડ પ્રમાણે અભ્યાસક્રમ ચાલતો હશે તો એક પીરીયડ છોડશો નહી.

પોપટભાઈ, લક્ષ્મણભાઈ, રમેશભાઈ, છગનભાઈ, રાયચંદભાઈ તમો પાંચે ભાઈઓ રાજીખુશીમાં રહેજો અને રજા સિવાય ઘેર કે બહાર ફરવા જતા નહિ અને આઠમું ધોરણ ત્યાં ભણજો અને નવમા ધોરણમાં કયાં બીજે ભણવા જશું.

ઠે. (પત્ર લખનાર છાત્રના છાત્રાલયનું નામ)

બીજુ મારુ નામ. પો.તા.જિ.

લિ. તમારા ભાઈઓમાંથી છૂટો પડી ગયેલો રઘાભાઈ નાંણાભાઈ - ધોરણ-૭

માબાપને ભૂલ શો નહીં.

જય ખોડીયારમાં

જય ભવાની

જય અંબે

કાગળ લખવાનો સમય ૧૧ વાગે

પત્ર-૨

તા.૨૪-૭-૮૬

વારઃ ગુરૂવાર

સવિનય વિનંતી સાથે લખી જણવવાનું કે તમારો કાગળ અમને મળી ગયો છે અને કાગળ વાંસીને અમે રાજી થયા છીએ પણ એક વિનંતી કે મારી શાળામાં મેં જગ્યાનું પુછયુ તે જગ્યા નથી તે બદલ આ વર્ષતું ત્યાં ગમે તેવી મુસીબત હોય તો પણ સલાવી લે જે તને તો મે કિધુ તોય તે ને માનુ અને હવે ગમે તેવી મુસીબત હોય તો શું કરું મારી શાળામાં જગ્યા નથી ભરતી ફુલ થઈ ગઈ છે. મારી શાળામાં તમને દાખલ કરે તેવું લાગતું નથી. લ.બલુભાઈ સોનાભાઈ પરમાર અને બુચુંટ અને સડીનો  સમાચાર હું શનિવારે બપોરના બે વાંગે ઘેર જઈને હું તારો સમાચાર સાંભળાવી એક તારો નાવા માટે રૂમાલ તે પણ હું કહી છ તને ખાવા માટે ગમે તેવી મુસીબત હોય તો પણ આ વર્ષે ચલાવી લેજે અમને પણ ખાવા માટે બહુ તબલી છે પણ અમે શુકરીએ ગમે તે શાળામાં ખાવા માટે તખલી તો હોય જે તુ તારી શાળા સોડીને મારી શાળા આવે તો પણ મારી શાળામાં પણ એવું જ હોય છે. મારી એટલી વિનંતી કે કોઈની સાથે, રહીને બગડતો નહીં. ભુલ હોય તો સુધારીને ફરીથી લખજે.

કાગળ મળે તો તરતજ ફરીથી લખજે હું પણ મારી રીતે રહીને અભ્યાસ કરું છું.

**નોંધ :** આ પત્રમાં જે શબ્દની નીચે રેખા દોરી છે તે શબ્દો લેખકના છે. મૂળપત્રમાં જે તે શાળા (છાત્રાલય) નું નામ છે; જે પ્રગટ કરવું યોગ્ય કે જરૂરી નથી તેથી તે શબ્દો બદલીને મારી શાળા/તારી શાળા એમ સલખ્યું છે.

ઉપરોકત બે પત્ર ઉપરથી જે વિગતનો ખ્યાલ આવે છે તે નીચે મુજબ છે.

(૧) માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતાં બાળકોનું ગુજરાતી કેટલું કાચું છે.

(૨) છાત્રાલયમાં રહેવાની અને ખાસ કરીને ભોજનની કેટલી તકલીફ છે.

(૩) છાત્રાલયની વ્યવસ્થા અનુકૂળ ન પડવા છતાં અભ્યાસ કરે છે. આ અંગે મિત્રો એકબીજાને સલાહ આપે છે. તે ઉપરથી શિક્ષણનું મહત્વ આદિવાસીમાં કેટલું વધ્યું છે તેનો ખ્યાલ આવે છે.

(૪) અમુક વર્ષ એક સાથે અભ્યાસ કરેલ મિત્રો જુદા જુદા સ્થળે અભ્યાસ કરવા છતાં મિત્રનો સંબંધ કાયમ રાખવાની કેટલી કાળજી રાખે છે.

(૫) એક ગામના વિદ્યાર્થી એક સાથે છાત્રાલયમાં રહેવાનો પ્રયાસ કરે છે. આ રીતે પોતાનામાં એકતા જાળવવાનો પ્રયાસ કરે છે.

(૬) રજાના દિવસોમાં ઘરે જાય ત્યારે એકબીજાના સમાચાર ઘરનાને આપે છે, અને ઘરેથી ચીજવસ્તુ લાવવામાં પણ મદદ કરે છે. આ ઉપરથી તેમના સામાજિક સંબંધ કેટલાં મજબૂત છે તેનો ખ્યાલ આવે છે.

(૭) છાત્રાલયમાં સગવડ પૂરતી ન મળે તો પણ સંચાલકો સાથે કે અન્ય કોઈ સાથે સંબંધ બગડે નહીં તેની કાળજી પોતે રાખે છે અને બીજાને આમ કરવા સલાહ આપે છે.

(૮) અભ્યાસ કરતા આદિવાસી યુવાનોમાં હિન્દુ દેવદેવી વિષેની શ્રધ્ધા કેટલી વધતી જાય છે.

(૯) શાળામાં અને છાત્રાલયમાં લખેલા સુવાક્યનો ઉપયોગ પોતાના પત્રમાં કરી લખાણ વિકસાવવાના પ્રયાસ સાથે જીવનઘડતરમાં પણ આ સુવાક્યની અસર થાય છે.

(૧૦) પરીક્ષામાં સારા ગુણથી પાસ થવા વાંચવાની સલાહ મિત્રોને આપે છે.

(૧૧) જે લોકો છાત્રાલયમાં નવાં દાખલ થયા તેને પત્ર દ્વારા છાત્રાલયનું જીવન કેળવવા અને છાત્રાલયની મુશ્કેલીનો સામનો કરવા નૈતિક હિંમત વધારવાનો પ્રયાસ મિત્રો દ્વારા કરવામાં આવે છે.

(૧૨) જે અંગ્રેજીના શબ્દો વારંવાર બોલાય છે તેની જોડણી ખોટી લખવા છતાં તે શબ્દનો ઉપયોગ પત્રમાં કરે છે. આથી આવા શબ્દ આદિવાસીની બોલીમાં સહજ રીતે વણાઈ જાય છે.

**સમય-પાલન**

જાત મહેનત એ આદિવાસીઓ માટે નવું વર્તન નથી, સખત-મહેનત કરીને જ તેઓ પોતાનું જીવન જીવતા હોય છે. સમયની સભાનતા અને સમયપત્રક પ્રમાણે કામ કરવું તે નવું વર્તન ગણી શકાય. પોતાના પરંપરાગત જીવનમાં આદિવાસીઓ સમય વિષે સજાગ ન હતા. તેઓમાં આશ્રમી કેળવણી અને છાત્રાલયની કેળવણી - શિક્ષણને લઈને સમયપત્રક પ્રમાણે કામ કરતા થયા છે. સમયપાલનની અસર સ્પષ્ટપણે તેમના વર્તન પર પડેલી દેખાય છે. ઘણા છાત્રાલયમાં સમયપાલન ને ચૂસ્તપણે વળગી રહેવામાં આવે છે. જયારે મોટાભાગના છાત્રાલયમાં આમ થતું નથી. આમ છતાં દરેક છાત્રાલયમાં દિવસમાં કયા સમયે કયું કામ કરવું તેની માહિતી રાખવામાં આવે છે. જે નીચે મુજબની હોય છે.

<u>દિનચર્યા</u>

| | |
|---|---|
| ૫-૩૦ | ઉત્થાન |
| ૫-૩૦ થી ૬-૦૦ | અંગતકામ |
| ૬-૦૦ થી ૬-૩૦ | પ્રાર્થના |
| ૬-૩૦ થી ૭-૦૦ | છાત્રાલયનાં કામો (સફાઈ વગેરે) |
| ૭-૦૦ થી ૭-૩૦ | નાસ્તો |
| ૭-૩૦ થી ૮-૦૦ | શારીરિક શ્રમ- વ્યાયામ |
| ૮-૦૦ થી ૯-૦૦ | સ્નાન વગેરે |
| ૯-૦૦ થી ૧૦-૦૦ | સ્વાધ્યાય |
| ૧૦-૦૦ થી ૧૦-૩૦ | ભોજન |
| ૧૦-૩૦ થી ૧૭-૦૦ | શાળા |
| ૧૭-૦૦ થી ૧૭-૪૫ | અંગતકામો |

| | |
|---|---|
| ૧૭-૪૫ થી ૧૮-૩૦ | છાત્રાલયના કામા |
| ૧૮-૩૦ થી ૧૯-૧૫ | ભોજન |
| ૧૯-૧૫ થી ૨૦-૦૦ | પ્રાર્થના સંમેલન |
| ૨૦-૦૦ થી ૨૧-૩૦ | સ્વાધ્યાય |
| ૨૧-૩૦ થી ૫-૩૦ | સૂવાનું |

મોટાભાગના છાત્રાલયમાં ઉપર મુજબની દિનચર્યાનું પત્રક હોય છે. ઘણાં છાત્રાલયમાં સવારે જાગવાના સમયમાં ફેરફાર હોઈ શકે. આ ફેરફાર ઋતુ પ્રમાણેનો પણ હોય છે. સવારે જાગવાના સમયે ઘંટ વગાડવામાં આવે પણ મોટાભાગના છાત્રો જાગતા નથી. આમ છતાં એક પ્રણાલિકાને અનુસરવા અને જો સમયપત્રક રાખવામાં ન આવે તો તે એક ઉણપ ગણાય, આમ ન લાગે તે માટે છાત્રાલયમાં દિનચર્યાનું પત્રક રાખવામાં આવે છે. સવારના ભોજન આપવાના સમયમાં બહુ ફેરફાર થતો નથી. સાંજે સમયમાં ફેરફાર થવાની શક્યતા વધુ છે.

દિનચર્યા રાખવાથી છાત્રોને અમુક અંશે પ્રવૃત્તિમય રાખી શકાય છે, અને ઘડિયાળના કાંટે કામ કરવાની આવડત છાત્રોમાં કેળવાય છે. આથી તેમનામાં ચપળતા અને કામની ઝડપ આવે છે. સમય વિષે સભાન બનવાથી ભવિષ્યમાં ઔદ્યોગિક શહેરી જીવન જીવવામાં અને નોકરી કરવામાં ઓછી મુશ્કેલી પડે છે.

સરકારી સંચાલનના છાત્રાલયમાં આને બહુ મહત્વ આપવામાં આવતું નથી. આવા છાત્રાલયમાં શારીરિક શ્રમ ઓછો કરવાનો હોવાથી આમ બને છે. આ છાત્રાલયમાં નક્કી કરેલા સમયે ભોજન મળી રહે છે.

**શ્રમ**

ગાંધીવાદી વિચારસરણીમાં જે અગીયાર મહાવ્રતો દર્શાવ્યા છે તેમાં શરીર શ્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં શ્રમ ઉપર ભાર મૂકવામાં આવે છે. અલબત્ત આજે મહદ્અંશે આ ગાંધીવાદી વિચારને ખ્યાલમાં રાખીને શરીરશ્રમ કરવામાં આવતો નથી, પણ નાણાંકીય મુશ્કેલીને લઈને છાત્રો પાસે શરીરશ્રમ કરાવવામાં આવે છે. તેવું છાત્રો તેના વાલી અને છાત્રાલયની મુલાકાતે જનાર વ્યક્તિને લાગે છે. દા.ત. રસોયાને જે પગાર આપવામાં આવે છે તેથી તેને સંતોષ નથી. આમ હોવાથી તે રસોઈના કામમાં છાત્રોની પૂરતી મદદ લે છે. ઘણાં છાત્રાલયમાં તો રસોયા દાળ-શાકમાં મસાલો નાખવાનું અને રોટલી રોટલાનો લોટ બાંધી આપવાનું જ કામ કરે છે. બાકીનું કામ છાત્રો કરે છે. અનાજ ધોવું, શાકભાજી કાપી આપવાં, લોટ દળવા જવું, રોટલી-રોટલા વણવાં તેને શેકવાં વગેરે રસોઈને

લગતા કામો રસોઈ ટૂકડીએ જ કરવાના હોય છે. રસોયાની સેવા ન લઈને આદર્શ શ્રમનો નમૂનો ઉભો ન કરી શકાય ? છાત્રાલયના અન્ય કામોમાં પણ શ્રમનું પ્રાધાન્ય જળવાતું હોય તેમ નથી લાગતું. દા.ત. પાણી ટુકડી ભાગ્યે જ દિવસમાં એકવાર પીવાનું પાણી ભરતી હોય છે. ત્યારબાદ પાણી ખૂટી જવા છતાં પાણી ભરવામાં આવતું નથી. આવું જ સફાઈ ટૂકડીનું હોય છે. તેઓ છાત્રાલયની સફાઈ બરોબર કરતા નથી. જે છાત્રાલયમાં જાજરૂની વ્યવસ્થા છે તેવા છાત્રાલયમાં તેની સફાઈ સફાઈ કામદાર પાસે કરાવવામાં આવે છે. જે છાત્રાલયમાં આમ નથી થતું ત્યાં સપ્તાહમાં એકાદ-બે વાર જાજરૂની સફાઈ થાય છે.

સંચાલકો કદાચ આ બાબત સાથે સંમત ન થતા હોય તે સ્વાભાવિક છે. કારણ કે સ્વૈચ્છિક સંસ્થાના મોટાભાગના સંચાલકોનો મૂળ સ્વભાવ ગાંધીવાદી વિચારસરણી મુજબનો યા તેને અનુરૂપ વિચારસરણી વાળો હોય છે. તેથી તેઓ શરીરશ્રમ વિશેના ઉપરોક્ત વિચાર સાથે ઓછા સંમત થાય છે. પણ ઉંડાણથી આ અંગેનો વિચાર અને છાત્રાલયનું નિરીક્ષણ કરવામાં આવે તો આવું જ તથ્ય નીકળે.

શરીરશ્રમમાં આગલા ઉપલા ધોરણના છાત્રો કામથી છટકવાનો પ્રયાસ કરે છે. આમ કરવામાં તેઓ સફળ પણ થાય છે. આમ છતાં છાત્રાલયમાં જુદા જુદા પ્રકારની ટુકડીઓ પાડવામાં આવે છે. તેના નાયકો ઉપલા ધોરણના છાત્રો જ હોય છે. છાત્રાલયની ટુકડી અંગેની માહિતી કોઠા નં.૩.૧૭માં આપવામાં આવી છે. તેના ઉપરથી ખ્યાલ આવે છે કે મોટાભાગના છાત્રાલયમાં રસોડા, સફાઈ, પાણી અને પ્રાર્થનાની ટુકડી હોય છે તે સિવાયની ટુકડી બહુ ઓછી હોય છે. એક કન્યા છાત્રાલયમાં વડીલોની સેવા કરવાની અને એક અનામત ટુકડી છે. આ ટુકડીના નામ ઉપરથી તેની કામગીરી વિષે ઓછો ખ્યાલ આવે છે. આ કન્યા છાત્રાલયમાં છાત્રાલય સંચાલકો રહે છે, અને છાત્રાલય નજીક સંચાલક મંડળના અમુક કાર્યકરો રહે છે. તેમાં એક બે વૃધ્ધ (એકલા) કાર્યકરો છે. તેઓને ત્યાં પાણી ભરી આપવું, ઘરની સફાઈ અને અન્ય નાનાં મોટાં કામ કરવા માટે આ ટુકડી (વડીલોની સેવા) ની રચના કરવામાં આવી છે. હકીકતમાં આ એક પ્રકારે છાત્રોનું શોષણ જ કહી શકાય. આ છાત્રાલયનાં છાત્રો અને તેના વાલીને પણ આવાં કામો છાત્રો કરે તે ગમતું નથી. આ ઉપરથી પણ ખ્યાલ આવે છે કે છાત્રો શ્રમ કરવા ઓછા તૈયાર થાય છે. અનામત ટુકડી એટલે એવી ટુકડી કે જે કોઈ ટુકડીમાં સભ્યો પૂરતા ન હોય ત્યારે આ ટુકડીના સભ્યોને તે કામ કરવામાં મદદ કરવી પડે છે. બાકીની ટુકડીના નામ ઉપરથી તેની કામગીરી વિષે ખ્યાલ આવે છે.

**કોઠા નં.૩:૧૭**

**છાત્રાલયમાં સમિતિઓ**

| ક્રમ | સંચાલનનો પ્રકાર વિગત | કુમાર | | | કન્યા | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્વૈચ્છિક | સરકારી | કુલ | સ્વૈચ્છિક | સરકારી | કુલ | |
| | છાત્રાલય સંખ્યા | ૧૬ | ૨ | ૧૮ | ૧૧ | ૧ | ૧૨ | ૩૦ |
| ૧. | પ્રાર્થના | ૭ | - | ૭ | ૫ | - | ૫ | ૧૨ |
| ૨. | કોઠાર | ૪ | - | ૪ | ૫ | - | ૫ | ૯ |
| ૩. | રસોડા | ૧૨ | ૧ | ૧૩ | ૧૧ | - | ૧૧ | ૨૪ |
| ૪. | સફાઈ | ૧૩ | ૧ | ૧૪ | ૧૦ | - | ૧૦ | ૨૪ |
| ૫. | મહેમાન | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૨ |
| ૬. | પ્રવાસ | ૧ | - | ૧ | - | - | - | ૧ |
| ૭. | આરોગ્ય | ૭ | - | ૭ | ૨ | - | ૨ | ૯ |
| ૮. | ખેતીવાડી | ૧ | - | ૧ | - | - | - | ૧ |
| ૯. | બાગ | ૨ | - | ૨ | ૨ | - | ૨ | ૪ |
| ૧૦. | કસરત | ૧ | - | ૧ | - | - | ૧ | ૧ |
| ૧૧. | પાણી | ૭ | ૧ | ૮ | ૭ | - | ૭ | ૧૫ |
| ૧૨. | સાંસ્કૃતિક કાર્યક્રમ | ૩ | - | ૩ | - | - | - | ૩ |
| ૧૩. | ભોજન પીરસવું | ૧ | - | ૧ | - | - | - | ૧ |
| ૧૪. | સમૂહકાર્ય | ૨ | - | ૨ | - | - | - | ૨ |
| ૧૫. | વડીલોની સેવા | - | - | - | ૧ | - | ૧ | ૧ |
| ૧૬. | અનામત | - | - | - | ૧ | - | ૧ | ૧ |

**અનાજની ખરીદી અંગે**

ગૃહપતિનાં જે કાર્ય નક્કી કરવામાં આવ્યાં છે તેમાં છાત્રોને ભોજન બરોબર મળી રહે તે માટે જરૂર પૂરતું અનાજ ખરીદવાની કામગીરી પણ સોંપવામાં આવી છે. અભ્યાસના ૨૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાં ૯ કુમાર અને ૭ કન્યા છાત્રાલયમાં અનાજની ખરીદી સંસ્થા દ્વારા સીધે સીધી કરવામાં આવે છે. ૪ કુમારના અને ૪ કન્યા છાત્રાલયમાં આ જવાબદારી ગૃહપતિને સોંપવામાં આવી છે. ૩ કુમાર છાત્રાલયમાં ગૃહપતિને સાથે રાખીને અનાજ ખરીદવામાં આવે છે. મોટાભાગના છાત્રાલયમાં સંસ્થા દ્વારા અનાજ ખરીદવામાં આવે છે. આમ બનવા માટેનાં કેટલાંક કારણો સંચાલકોએ દર્શાવ્યાં છે તે આ મુજબ છે :

ભોજન બીલ પેટે જે રકમ મળે છે તેના કરતા વધુ ભોજન ખર્ચ થાય છે. સંસ્થા પોતાના પરિચિત વેપારીને ત્યાંથી અનાજ ખરીદે તો ભાવમાં રાહત મળે છે. ભોજન બીલની ગ્રાંટ નિયમિત મળતી નથી. તેથી માલ ઉધાર લાવવો પડે, ઉધાર માલ સંસ્થાના પરિચિત વેપારી જ આપી શકે. ઘણી સંસ્થાઓ પાસે એક કરતાં વધુ છાત્રાલય છે. તેઓ દરેક છાત્રાલયનું અનાજ એક સાથે સંયુક્ત રીતે ખરીદે છે, અને જે-તે છાત્રાલયને જોઈતા પ્રમાણમાં અનાજ મોકલી આપે છે. આવા જુદા જુદા કારણોને લઈને ગૃહપતિને આ જવાબદારીમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. જે છાત્રાલયમાં ગૃહપતિ જાતે અનાજ ખરીદે છે તેમાં મોટાભાગના છાત્રાલયમાં સંસ્થાએ નક્કી કરેલ વેપારી પાસેથી અનાજ ખરીદવામાં આવે છે. ગૃહપતિની ઓળખાણ વેપારી સાથે કરાવી દે છે. આથી ગૃહપતિને જયારે જરૂર પડે ત્યારે વેપારી માલ આપી દે છે. આ ગૃહપતિઓએ કેવું અને કયા ભાવનું અનાજ લેવું તે નક્કી કરવાનો અધિકાર ગૃહપતિને નથી હોતો. લાંબા સમયથી એકની એક સંસ્થામાં ગૃહપતિ તરીકેનું કામ કરનાર ગૃહપતિને પોતાની ઈચ્છા મુજબનું અનાજ ખરીદવાની સત્તા સંચાલકો ક્યારેય આપે છે. આવા ગૃહપતિએ ભોજન બિલની જે ગ્રાંટ મળે તેનાથી વધુ ખર્ચ ન થાય તેની તકેદારી વધુ રાખવી પડે છે. બીજા ગૃહપતિઓને આ તકેદારી રાખવાની જ હોય છે. પણ અનાજ જેટલું અને જેવું મોકલે તે પ્રમાણે રસોઈ બનાવવાની હોય છે, તેથી આ અંગે થોડી રાહત રહે છે.

સરકારી સંચાલનના છાત્રાલયમાં સમાજ કલ્યાણ અધિકારી જે વેપારીનું ટેન્ડર પાસ કરે તેની પાસેથી જ જોઈતા પ્રમાણમાં અનાજ ખરીદવાનું હોય છે. આમાં ગૃહપતિએ તો કયું અનાજ જોઈએ છે તે જ જણાવવાનું હોય છે.

**અનાજ કોની પાસેથી ખરીદે છે**

૨૭ સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયમાંથી ૨૪ છાત્રાલયમાં અનાજ વેપારી પાસેથી ખરીદવામાં આવે છે. આમ થવાનું મુખ્ય કારણ નાણાંકીય છે. સંસ્થા પાસે રોકડ નાણાં ઓછાં હોય છે. જયારે ગ્રાંટ આવે ત્યરે બીલના પૈસા ચૂકવી શકે. આથી ઉધાર અનાજ લાવે છે. જે વેપારી જ આપી શકે. એક કુમાર અને એક કન્યા છાત્રાલયમાં ખરીદ વેચાણ સંઘમાંથી અને ૧ કન્યા છાત્રાલયમાં સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી અનાજ ખરીદવામાં આવે છે.

**નાપાસ થયેલાં છાત્રો અંગે**

નાપાસ થવાના કોઈ ખાસ સંજોગો ન હોય તો એક ધોરણમાં એક વર નાપાસ થયેલ છાત્રને બીજા વર્ષે છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવતો નથી. અભ્યાસના બનાસકાંઠાના એક કન્યા છાત્રાલયમાં અને સાબરકાંઠાના એક કુમાર છાત્રાલયમાં નાપાસ થયેલા છાત્રોને પ્રવેશ આપવામાં આવ્યો છે. આ છાત્રોની ગ્રાંટ સમાજકલ્યાણ ખાતા દ્વારા મળે છે કે નહીં ? તે પ્રશ્નનો જવાબ સંચાલકોએ કે ગૃહપતિએ આપ્યો નથી.

છાત્રો સાથે ચર્ચા કરતાં ખ્યાલ આવ્યો કે ઘણા છાત્રો નાપાસ થવા છતાં બીજે વર્ષે છાત્રાલયમાં દાખલ થાય છે. દા.ત. એક છાત્ર ધોરણ ૮માં છાત્રાલયમાં રહે છે, અને નાપાસ થાય છે. આ છાત્ર પોતે ધોરણ ૭ જે શાળામાં ભણ્યો હોય તેના પ્રમાણપત્રની ડુપ્લીકેટ નકલ લઈ આવશે અને તે કોપી જે છાત્રાલયમાં પ્રવેશ મળે તેમ હોય તેવી શાળામાં આપશે અને ફરી ધો.૮માં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરશે. વર્તમાન સમયમાં શાળાનું ધો.૮ અને ધો.૯નું પરિણામ ૯૫ ટકાથી વધુ આવતું હોય છે. ભાગ્યે જ કોઈ છાત્રને નાપાસ કરવામાં આવે છે. આમ છતાં નાપાસ થયેલ છાત્રો ફરી છાત્રાલયમાં દાખલ થવા અંગેની યુક્તિ પ્રયુક્તિ શોધી નાંખે છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલય સંસ્થાનું વિદ્યાર્થીને કેટલું આકર્ષણ છે. આને પામવા તેઓ સમાજ માન્ય ન હોય તેવી રીત રસમો અપનાવવા તૈયાર થાય છે.

**વધારાના શિક્ષણ અંગે**

સમાજકલ્યાણ ખાતા દ્વારા છાત્રોને ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયમાં વધારાનું શિક્ષણ મળી રહે તે માટે શિક્ષક રોકીને માર્ગદર્શન આપવા વધારાની ગ્રાંટ આપવામાં આવે છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૯ કુમાર અને ૩ કન્યા છાત્રાલયમાં વધારાના શિક્ષણ અંગેની વ્યવસ્થા હતી. જયારે સરકારી સંચાલનના ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલય અને સ્વૈચ્છિક સંસ્થાના ૭ કુમાર અને ૮ કન્યા છાત્રાલયમાં વધારાના શિક્ષણની વ્યવસ્થા ન હતી. આવા છાત્રાલયના ઘણા ગૃહપતિને વધારાના શિક્ષણ અંગે સમાજકલ્યાણ ખાતા તરફથી ગ્રાન્ટ મળે છે, તેની જાણકારી પણ નથી.

વધારાના શિક્ષણની વ્યવસ્થા થવાથી છાત્રોનો અભ્યાસ સુધરે છે. તેમ ગૃહપતિઓએ અને છાત્રોએ જણાવ્યું. વધારાનું શિક્ષણ દિવાળી પછી ગોઠવવામાં આવે છે. આમ થવાથી વાર્ષિક પરીક્ષા પહેલાં ત્રણ વિષયમાં પૂરતું માર્ગદર્શન છાત્રોને મળે છે. આમ થવાથી છાત્રોનું પરીક્ષાનું પરિણામ સારું આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે ઘણા વાલીઓ પોતાના બાળકોને શા માટે પણ છાત્રાલયમાં દાખલ કરે છે.

**છાત્રોના વિકાસ માટેની પ્રવૃત્તિ**

છાત્રાલયમાં રહીને વિદ્યાર્થી અભ્યાસ કરે તો તેનો વિકાસ દરેક ક્ષેત્રે થવો જોઈએ તેવી ધારણા સમાજ રાખે છે. તેમાં પણ આદિવાસી સમાજના લોકો એમ માને છે કે વિદ્યાર્થી આશ્રમ શાળા કે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે તો જ તૈયાર થાય છે. આથી છાત્રાલયમાં છાત્રોના વિકાસની કઈ કઈ પ્રવૃત્તિ ચાલે છે તેની તપાસ કરવામાં આવેલ તેમાં શારીરિક વિકાસની (૨૬) બૌધ્ધિક વિકાસ (૨૪) ધાર્મિક ભાવના વિકસાવવાના (૨૫) અને મનોરંજનની પ્રવૃત્તિ (૧૯) છાત્રાલયમં ચલાવવામાં આવે છે. શારીરિક વિકાસની પ્રવૃત્તિમાં જુદા જુદા પ્રકારની રમત અંગે કસરત અને શારીરિક શ્રમની પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. બૌધ્ધિક

વિકાસની પ્રવૃત્તિમાં જુદા જુદા પુસ્તકનું વાંચન, વકતૃત્વ સ્પર્ધા, કોયડા ઉકેલ, ચર્ચાસભા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં અવે છે. આદિવાસીઓમાં હિન્દુ ધર્મની અને તેનાં દેવ-દેવી વિષેની શ્રધ્ધા વધતી જાય છે. આમ થવામાં આશ્રમ અને છાત્રાલયની કેળવણી એ મહત્વનો ભાગ ભજવ્યો છે. છાત્રાલયમાં જુદા જુદા ધાર્મિક તહેવારની ઉજવણી કરવામાં આવે છે. નિયમિત પ્રાર્થના, શ્લોકો, ભજન બોલાવવામાં આવે છે. પ્રાર્થના સભામાં ધાર્મિક પુસ્તક જેવા કે રામાયણ, મહાભારતનું વાંચન કરવામાં આવે છે. ડાંગના એક કન્યા છાત્રાલયમાં તો ગાયત્રીનો યજ્ઞ અને રક્ષાબંધનને દિવસે કન્યા છાત્રોને જનોઈ આપવાની વિધિ પણ કરવામાં આવે છે. આ વિસ્તારની ઘણી મોટી ઉંમરની આદિવાસી સ્ત્રીઓ જનોઈ પહેરે છે. જયારે યુવાન સ્ત્રીઓને આમ કરવું નથી ગમતું છતાં છાત્રાલયમાં રહે ત્યાં સુધી જનોઈ પહેરે છે. છાત્રાલય છોડે તેની સાથે જનોઈ પહેરવાનું બંધ કરે છે. મનોરંજનની પ્રવૃત્તિમાં રાસ, ગરબા, નૃત્ય, ટી.વી.નો કાર્યક્રમ જોવો વગેરે પ્રવૃત્તિ કરવામાં આવે છે. જે છાત્રાલયમાં આવી પ્રવૃત્તિ વધુ થાય છે તે છાત્રાલયના છાત્રોનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. પરિણામે કોલેજનું શિક્ષણ અને ત્યારબાદ નોકરી મેળવવાની પરીક્ષા આપવામાં આવી પ્રવૃત્તિ ઘણી ઉપયોગી થાય છે. અલબત્ત હિન્દુ ધર્મની અસર વધુ થાય તેવા પ્રયાસો યુવાન આદિવાસીને ઓછા ગમે છે. તેમનો પોતાના પરંપરાગત ધર્મ (એનિમિઝમ) કુદરતના બળો અને નિર્જીવ પદાર્થો ઉપર વધારે આસ્થા હોય છે. આમ છતાં છાત્રાલયમાં અભ્યાસ કરવા કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તેવો તૈયાર થાય છે. આ જ બતાવે છે કે તેમનામાં શિક્ષણની જાગૃતિ અને છાત્રાલય સંસ્થાનું કેટલું મહત્વ છે.

**નિયંત્રણ સમિતિ અંગે**

ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી પછાતવર્ગ માટેની હોસ્ટેલોને માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા નિયમોમાં છાત્રાલય માટે નિયંત્રણ સમિતિ રચવા અંગેનો નિયમ છે. પછાત વર્ગ કલ્યાણ અધિકારી કે સમાજ કલ્યાણ અધિકારી એ માન્ય રાખેલ ત્રણ સભ્યોની નિમણૂક સંચાલક સંસ્થાએ કરવાની હોય છે. આ સમિતિનું કાર્ય છાત્રાલયમાં ખોરાકની પર્યાપ્તતા અને યોગ્યતા, વસ્તુઓની ખરીદી, નિયમિતતા અને શિસ્તનું નિરીક્ષણ કરીને છાત્રાલયની કામગીરી યોગ્ય રીતે થાય છે કે નહીં તેની જાણકારી રાખવાનું છે. આ માહિતી એકત્ર કરવા સમિતિ ત્રણ મહિને એકવાર મળશે અને તેનો હેવાલ વ્યવસ્થાપક સમિતિને આપશે.

અભ્યાસના છાત્રાલયમાં નિયંત્રણ સમિતિ છે કે નહીં તેની જાણકારી મેળવવામાં આવેલ તે ઉપરથી ખ્યાલ આવે છે કે સ્વૈચ્છિક સંસ્થાના ૬ કુમાર અને ૬ કન્યા છાત્રાલયમાં નિયંત્રણ સમિતિ નથી. તેવું ગૃહપતિએ જણાવ્યું છે. જયારે ૧૦ કુમાર અને ૫ કન્યા છાત્રાલયમાં નિયંત્રણ સમિતિ છે, પણ નિયંત્રણ સમિતિમાં કોણ કોણ સભ્ય છે તેની મિટીંગ કયારે મળે છે તે અંગેની વિગત ગૃહપતિ જણાવી શક્યા નથી.

ઘણા છાત્રાલયમાં મુલાકાત સમયે અનુભવ થયો છે કે સમાજકલ્યાણ ખાતાએ છાત્રાલય માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા નિયમો જે છે તેમાંથી અમારા પ્રશ્નોનો જવાબ ગૃહપતિ આપતા. આમાં ખાસ કરીને વાલી ફાળો, નિયંત્રણ સમિતિને લગતા પ્રશ્નોનો જવાબ આ નિયમોને ખ્યાલમાં રાખીને આપ્યો છે. ઘણા ગૃહપતિ પાસે નિયમોની માહિતી ન હતી. તેમણે નિયંત્રણ સમિતિને લગતા પ્રશ્નોનો જવાબ આ નિયમોને ખ્યાલમાં રાખીને આપ્યો છે. તેમણે નિયંત્રણ સમિતિ નથી તેવો જવાબ આપ્યો છે. આ પ્રશ્નનો હામાં અને નામાં જવાબ આપનાર ગૃહપતિઓ ચોક્કસ રીતે નિયંત્રણ સમિતિ અંગે કંઈ પણ પ્રકારની માહિતી આપી શક્યા નથી. ઘણા ગૃહપતિને તો નિયંત્રણ સમિતિ એટલે શું તેની જાણકારી પણ નથી.

**દૈનિક પત્રો અંગે**

છાત્રો દેશ અને વિદેશના સમાચારની જાણકારી મેળવી શકે તે માટે છાત્રાલયમાં દૈનિક અખબાર મંગાવવામાં આવે છે. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧૩ કુમાર અને ૮ કન્યા છાત્રાલય અને સરકારી સંચાલનના એક કુમાર અને એક કન્યા છાત્રાલયમાં દૈનિક અખબાર લેવામાં આવે છે. તેમાં સંદેશ, ગુજરાત સમાચાર, જનસત્તા જેવા અમદાવાદથી પ્રકાશીત થતા પેપર ઉપરાંત ગુજરાત મિત્ર, લોકસત્તા, પ્રતાપ જેવા જિલ્લા કક્ષાના પેપર પણ લેવામાં આવે છે. અમુક છાત્રાલય ફક્ત જિલ્લા કક્ષાનાં જ પેપર લે છે. અમુક છાત્રાલયમાં અમદાવાદથી અને જિલ્લામાંથી પ્રકાશીત થતાં પેપર લેવામાં આવે છે.

દૈનિક પેપર સિવાય ધાર્મિક સામાજિક મેગેઝીન પણ લેવામાં આવે છે. તેમાં અખંડ આનંદ, ધર્મ સંદેશ, જનકલ્યાણ, ગાયત્રી યુગ શક્તિ, ગુજરાતના અંક, નવનીત, શ્રી, સ્ત્રી વગેરે સામાયિક લેવામાં આવે છે. ઘણા છાત્રાલયમાં કોઈ પણ પ્રકારનું પેપર કે સામાયિક લેવામાં આવતાં નથી. આવા છાત્રાલયો વાલી ફાળો પણ લેતા નથી.

દૈનિક પેપર લેવાથી છાત્રોમાં વાંચનની વૃત્તિ વિકસે છે અને રોજબરોજનાં રાજકીય, સામાજિક, આર્થિક અને રમતગમત અંગેના સમાચારની જાણકારી મેળવી પોતાનું સામાન્ય જ્ઞાન વધારે છે. તેમ ગૃહપતિનું માનવું છે. આ મત સાથે આ અહેવાલના લેખકો ઓછા સહમત છે. કારણ કે ક્ષેત્રકાર્ય દરમ્યાન છાત્રોને સામાન્ય જ્ઞાન અંગેના પ્રશ્નો પૂછેલ તેમાં ગુજરાતના મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રી, ગર્વનર, દેશના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કોણ છે. તેવા સામાન્ય પ્રશ્નો પૂછેલ. મોટાભાગના છાત્રોએ આ પ્રશ્નોના જવાબ ખોટા આપ્યા છે. અલબત વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સંબંધિત જવાબ મોટાભાગનાએ સાચો આપ્યો છે. ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રીનો જવાબ પણ સાચો આપેલ છે. જે-તે ખાતાના પ્રધાન અને ગર્વનર અંગેનો જવાબ સંતોષકારક આપ્યો નથી. રમત-ગમતના સવાલમાં ક્રિકેટ અંગેના પ્રશ્નોના જવાબ સાચા મળ્યા છે. અન્ય રમત અંગેની જાણકારી છાત્રોને ઓછી હોય તેવું લાગ્યું.

એક છાત્રાલયના સંચાલક મંડળમાં ગુજરાતના મુખ્યમંત્રી પોતે છે. આ છાત્રાલયના ધો.૮ના છાત્રને ગુજરાતના મુખ્યમંત્રી કોણ છે તેની ખબર ન હતી. પણ મંડળના પ્રમુખ કોણ છે. (મુખ્યમંત્રી જ છે) તેની તેને જાણકારી છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલયના છાત્રોમાં સામાન્ય જ્ઞાનની કક્ષા નબળી છે.

**સાંસ્કૃતિક પ્રવૃત્તિ :**

આદિવાસી વિસ્તારની દરેક પ્રકારની શિક્ષણ સંસ્થા અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ એવું માને છે કે આદિવાસી બાળકોને 'સંસ્કાર' આપવાનું કામ અમારું છે. તેમના મનોરંજનના પરંપરાગત કાર્યક્રમમાં અસંસ્કારિતા છે. તેથી આમાંથી મુક્ત કરાવી સુસંસ્કૃતિ અને ઉચ્ચ કક્ષાના મનોરંજન તરફ વાળવા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. સાંસ્કૃતિક કાર્યક્રમ અને મનોરંજનના કાર્યક્રમમાં તફાવત નથી. છતાં આવા કાર્યક્રમને સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે જ ઓળખાવે છે. છાત્રાલયમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારો, ગાંધી જયંતી, (૨જી ઓકટોબર) રાષ્ટ્રીય નેતાઓની જન્મ જયંતિ તથા પુણ્યતિથિ વગેરેની ઉજવણી મુખ્ય હોય છે. આમાં પ્રભાતફેરી, રમત સ્પર્ધા, વકતૃત્વસ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ધ્વજવંદન તથા કવાયત, સમૂહભોજન વગેરે અનુકૂળતા મુજબના કાર્યક્રમોનું આયોજન થાય છે. ઘણા છાત્રાલયમાં પણ શાળામાં જે કાર્યક્રમનું આયોજન થયું હોય તેમાં છાત્રાલયના છાત્રો સક્રિય અને આગળ પડતો ભાગ લે છે. જે જગ્યાએ છાત્રોની સંખ્યા વધારે હોય અથવા તો કુમાર અને કન્યાનું એક સાથે એક સંસ્થાનું છાત્રાલય હોય તેવા છાત્રાલયમાં આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટક, રાસગરબા, ટૂચકા, ગીત કવ્વાલી વગેરેનો સમાવેશ થાય છે. આદિવાસી સંસ્કૃતિને ખ્યાલમાં રાખી આવા કાર્યક્રમનું આયોજન થતું નથી. અલબત્ત એક બે છાત્રાલયમાં પરોક્ષ રીતે સંસ્કૃતિની જાળવણીનો પ્રયાસ કરેલો દેખાય છે. દા.ત. ૨૬ જાન્યુઆરીના દિવસે પરંપરાગત નાચગાન અને એક અદ્યતન ગીત રજૂ કરેલ. એક નાટકનો કાર્યક્રમ હતો તેમાં ભૂવાનું પાત્ર અગત્યનું દર્શાવેલ.

અહીંના ગૃહપતિને આ અંગે વધુ પૂછતાં તેમણે જણાવ્યું કે હોળી એ મહત્વનો તહેવાર છે. આની ઉજવણી કરવા દરેક છાત્રો પોતાને ઘરે ચાલ્યા જાય છે. એવો જ બીજો તહેવર ગણેશચોથનો છે. આ અને બીજા અનેક છાત્રાલયમાં ગણેશચોથ પરંપરાગત મુજબ ઉજવવામાં આવે છે. અલબત્ત આવું મોટાભાગના છાત્રાલયમાં નથી થતું.

અભ્યાસના છાત્રાલયમાં કેવા પ્રકારનો સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવે છે તેની માહિતી કોઠા ૩:૧૮માં મૂકવામાં આવી છે.

**કોઠો- ૩: ૧૮**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલય ની સંખ્યા | સંગીત | | કલાવર્ગ | | નાટક તાલીમ | | નૃત્ય | | ભજન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૧૧ | ૫ | ૨ | ૧૪ | ૧૧ | ૫ | ૧૨ | ૪ | ૧૫ | ૧ |
| | | સરકારી | ૨ | - | ૨ | - | ૨ | - | ૨ | - | ૨ | ૧ | ૧ |
| | | કુલ | ૧૮ | ૧૧ | ૭ | ૨ | ૧૬ | ૧૧ | ૭ | ૧૨ | ૬ | ૧૬ | ૨ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૭ | ૪ | ૬ | ૫ | ૬ | ૫ | ૮ | ૩ | ૧૧ | - |
| | | સરકારી | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - |
| | | કુલ | ૧૨ | ૭ | ૫ | ૬ | ૬ | ૬ | ૬ | ૯ | ૩ | ૧૨ | - |
| | | કુલ | ૩૦ | ૧૮ | ૧૨ | ૮ | ૨૨ | ૧૭ | ૧૩ | ૨૧ | ૯ | ૨૮ | ૨ |

**આરોગ્યની તપાસ**

છાત્રાલયના છાત્રોની વર્ષમાં એકવાર આરોગ્યની તપાસ થવી જોઈએ. આ અંગે સમાજકલ્યાણ ખાતાએ માર્ગદર્શન પણ આપ્યું છે.

સ્વૈચ્છિક સંસ્થાના ૮ કુમાર અને ૪ કન્યા છાત્રાલયમાં છાત્રોની આરોગ્ય અંગેની તપાસ કરવામાં આવે છે. જે છાત્રાલયમાં આરોગ્યની તપાસ કરવામાં આવે છે તેમાં ૫ કુમાર છાત્રાલયમાં વર્ષમાં એકવાર, એક કુમાર અને એક કન્યા છાત્રાલયમાં વર્ષમાં બે વાર અને ૧ કુમાર છાત્રાલયમાં વર્ષમાં ત્રણવાર આરોગ્યની તપાસ કરાવવામાં આવે છે. ૧ કુમાર અને ૩ કન્યા છાત્રાલયે આ અંગેની માહિતી આપી નથી.

શાળામાં વર્ષમાં એકવાર આરોગ્યની તપાસ કરાવવામાં આવે છે. આથી એક જ સંચાલક સંસ્થાની શાળા અને છાત્રાલય હોય તે સ્થળે છાત્રાલયમાં આરોગ્યની તપાસ કરાવવામાં આવતી નથી.

**આરોગ્યની સવલત**

સમાજકલ્યાણ ખાતાની સૂચના છે કે દરેક છાત્રાલયમાં પ્રાથમિક સારવારનાં સાધનો હોવાં જોઈએ. અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૧૨ કુમાર અને ૮ કન્યા છાત્રાલયમાં અને ૨ સરકારી કુમાર છાત્રાલયમાં આરોગ્યનાં સાધનોની સવલત છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૩ કુમાર છાત્રાલયમાં ખાનગી ડૉક્ટરને ત્યાં, ૫ કુમાર અને ૫ કન્યા છાત્રાલયમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, ૪ કુમાર અને ૨ કન્યા છાત્રાલયમાં પ્રાથમિક સારવારની પેટી રાખવામાં આવે છે. એક કન્યા છાત્રાલયમાં આર્યુવેદિક દવાખાનામાં સારવાર આપવામાં આવે છે. ૨ સરકારી કુમાર છાત્રાલયમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવે છે. તાલુકાના મુખ્ય મથકે અથવા તેની નજીકના વિસ્તારમાં છાત્રાલય આવેલું હોય તેવાં છાત્રાલયના છાત્રોને પ્રા.આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવે છે. કારણકે સરકારી દવખાનામાં દવાનો ખર્ચ ઓછો આવે છે. આવા છાત્રાલયમાં નાની એવી બીમારીમાં પણ પ્રા.આરોગ્ય કેન્દ્રમાંથી દવા લાવવામાં આવે છે. આવાં છાત્રાલયો પ્રાથમિક સારવારની પેટી પણ રાખતાં નથી, અને તેની જરૂર જણાતી નથી.

છાત્રાલયનાં  છાત્રોને અપચો, ઝાડા, ચામડીના રોગો અને મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાં થાય છે. તેમાં અપચા-ઝાડા અને ચામડીના રોગો અપૂરતા પોષણવાળો ખોરાક લેવાથી યા ખોરાક લેવામાં કાળજી ન રાખવાથી થાય છે.

આંતરડામાં ખોટી ગરમી થવાથી ચામડીના રોગો થાય છે. છાત્રાલયની નજીક ગંદકી થવાથી મચ્છરનો ત્રાસ વધુ રહે. આથી મેલેરિયા વધુ પ્રમાણમાં થાય છે. છાત્રોની બીમારી ગમે તે પ્રકારની હોય, બીમાર છાત્રને તુરતજ તેને ઘેર મોકલી આપે છે. આમ કરવાથી સંચાલકોને બીમાર છાત્રની સંભાળ અને દવાનો ખર્ચ કરવો પડતો નથી.

**મુકરર કરેલ છાત્રોની સંખ્યા :**

અભ્યાસમાં જુદી જુદી છાત્ર સંખ્યાવાળા છાત્રાલય પસંદ કરવામાં આવ્યા છે. જેની વિગત કોઠા ૩:૧૯માંથી પ્રાપ્ત થાય છે. અભ્યાસમાં ૨૦ થી ૧૦૦ અને તેથી વધુ છાત્રોની સંખ્યાવાળા છાત્રાલય પસંદ કર્યા છે. આમ કરવાથી છાત્રાલયના પ્રશ્નો વધુ સમજવામાં અનુકૂળ રહે, કારણ કે છાત્રાલયના ઘણા પ્રશ્નો છાત્ર સંખ્યા સાથે સંકળાયેલા છે. દા.ત. ૨૦ની માન્ય સંખ્યાવાળા છાત્રાલયમાં શિસ્ત અને સમયપાલન, ભોજન અંગેના ઓછા પ્રશ્નો હોય છે. જ્યારે ૬૦થી વધુ સંખ્યાવાળા છાત્રાલયમાં આ અંગેના જટિલ પ્રશ્નો હોય છે. મોટાભાગે દરેક છાત્રાલયમાં રહેઠાણના પ્રશ્નો હોય છે. તેમાં ઓછી સંખ્યાવાળા છાત્રાલયમાં સવલત અંગેના પ્રશ્નો હોય છે. આવાં છાત્રાલયના છાત્રોને ઓછી સુવિધા મળે છે. જ્યારે વધારે સંખ્યાવાળા છાત્રાલયમાં છાત્રોના પ્રમાણમાં સવલતો પૂરતી મળતી નથી. છાત્રાલયનાં પ્રશ્નો યોગ્ય રીતે સમજવા માટે જુદી જુદી માન્ય સંસ્થાવાળા છાત્રાલયને અભ્યાસમાં પસંદ કર્યા છે.

### કોઠો- ૩:૧૯
### મુકરર કરેલ છાત્રોની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | મુકરર કરેલ છાત્રોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ થી ૨૦ | ૨૧ થી ૪૦ | ૪૧ થી ૬૦ | ૬૧ થી ૮૦ | ૮૧ થી ૧૦૦ | ૧૦૦થી વધુ |
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૨ | ૭ | ૨ | ૨ | ૧ | ૨ |
| | | સરકારી | ૨ | - | - | ૨ | - | - | - |
| | | કુલ | ૧૮ | ૨ | ૭ | ૪ | ૨ | ૧ | ૨ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૧ | ૩ | ૩ | ૧ | - | ૩ |
| | | સરકારી | ૧ | - | - | ૧ | - | - | - |
| | | કુલ | ૧૨ | ૧ | ૩ | ૪ | ૧ | - | ૩ |
| | | કુલ | ૩૦ | ૩ | ૧૦ | ૮ | ૩ | ૧ | ૫ |

**સંચાલક મંડળની પ્રવૃત્તિ**

છાત્રાલયની માન્યતા આપતાં પહેલાં સમાજ કલ્યાણ ખાતું સંચાલક મંડળમાં કયા પ્રકારના અને કેવી પ્રતિભાવાળી વ્યક્તિ છે, તેની ચકાસણી કરે છે. સાથોસાથ સંચાલક મંડળ સમાજકલ્યાણ અને શિક્ષણના ઉત્કર્ષના ક્ષેત્રે કેવું કામ કરે છે તે બાબતનો પણ ખ્યાલ રાખે છે, અભ્યાસના છાત્રાલયના મંડળો શિક્ષણના ઉત્કર્ષ માટે કઈ કઈ પ્રવૃત્તિ કરે છે તેની માહિતી કોઠા ૩:૨૦માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના મોટાભાગના છાત્રાલયના સંચાલક મંડળ પાસે માધ્યમિક શાળા અને ઉત્તર બુનિયાદી શાળા છે, છાત્રાલયનું પ્રમાણ વધુ છે. બાલવાડીનું પ્રમાણ ખૂબજ ઓછું છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલયના સંચાલક મંડળને છાત્રાલય ચલાવવામાં વધુ રસ છે. છાત્રાલયની મંજૂરી આપતા સમયે જે તે સ્થળે માધ્યમિક કે ઉત્તરબુનિયાદી શિક્ષણની સવલત છે કે નહીં, તેની ચકાસણી કરવામાં આવે છે. આથી આ સંસ્થા ધરાવનાર સંચાલક મંડળો છાત્રાલયની માંગણી કરે છે. જેથી છાત્રાલયનાં બાળકોને શાળામાં પ્રવેશ આપી શકાય અને તેથી શાળામાં સંખ્યાનો પ્રશ્ન ઓછો રહે છે. જે સંસ્થા પાસે આશ્રમશાળા હોય તેઓ પોતાની સંસ્થામાં અભ્યાસ કરેલ બાળકને આગળ ઉપર અભ્યાસ કરવા માટે છાત્રાલયની વ્યવસ્થા પૂરી પાડવાનો પ્રયાસ કરે છે. તેથી માધ્યમિક કે ઉત્તર બુનિયાદી શાળા અને છાત્રાલય પણ શરૂ કરે છે. આમ થવાથી આદિવાસી સમાજમાં સમાન વિચારસરણીવાળી વ્યક્તિઓનો સમૂહ તૈયાર થાય છે. જેની સીધી અસર સ્થાનિક અને અન્ય ચૂંટણી ઉપર પડે છે. એક જ સંસ્થામાં વિદ્યાર્થી ૧૦ થી ૧૨ વર્ષ અભ્યાસ કરીને બહાર નીકળે ત્યારે સંચાલક મંડળની વિચારધારાને અનુમોદન આપતો થઈ જાય છે. આદિવાસી વિસ્તારમાં મોટાભાગની શિક્ષણ સંસ્થાઓનું સંચાલન રાજકીય આગેવાનો કરતા હોય છે. આ લોકોને ચૂંટણીમાં વધુ રસ હોય છે. આથી છાત્રાલય છોડી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ચૂંટણીમાં સીધો કે આડકતરો ઉપયોગ કરે છે.

લાંબા સમયે આશ્રમ શાળા અને છાત્રાલયમાં સંચાલક મંડળો, પ્રૌઢ શિક્ષણ, આંગણવાડી, સિવણ કેન્દ્રો પણ ચલાવે છે. પંચમહાલ જિલ્લાના એક છાત્રાલયનું સંચાલક મંડળ પી.ટી.સી. કોલેજ ચલાવે છે. વલસાડ જિલ્લાના એક છાત્રાલયનું સંચાલક મંડળ વનવિદ્યાપીઠ ચલાવે છે. ભરૂચ જિલ્લાના એક છાત્રાલયનું સંચાલક મંડળ વિનયન અને વાણિજયની કોલેજ ચલાવે છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસી વિસ્તારની શિક્ષણ સંસ્થાના સંચાલકો સમાજની જરૂર પ્રમાણે ઉચ્ચકક્ષાના અભ્યાસની સવલત પૂરી પાડવાનો પ્રયાસ કરે છે.

### કોઠો- ૩: ૨૦

### છાત્રાલયનું સંચાલન મંડળ અન્ય કઈ પ્રવૃત્તિ કરે છે તેની માહિતી

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | સંચાલનનો પ્રકાર | છાત્રાલયની સંખ્યા | આશ્રમશાળા | છાત્રાલય | માધ્યમિક શાળા | ઉત્તર બુનિયાદી શાળા | બાલવાડી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કુમાર | સ્વૈચ્છિક | ૧૬ | ૫૮ (૯) | ૧૩૧ (૧૨) | ૩૯ (૮) | ૩૩ (૮) | ૩૭ (૭) |
| | | સરકારી | ૨ | - | - | - | - | - |
| | | કુલ | ૧૮ | ૫૮ | ૧૩૧ | ૩૯ | ૩૩ | ૩૭ |
| ૨. | કન્યા | સ્વૈચ્છિક | ૧૧ | ૩૯ (૬) | ૭૪ (૯) | ૨૮ (૧૦) | ૧૨ (૬) | ૩૪ (૬) |
| | | સરકારી | ૧ | - | - | ૧ | - | - |
| | | કુલ | ૧૨ | ૩૯ | ૭૪ | ૨૮ | ૧૨ | ૩૪ |
| | | કુલ | ૩૦ | ૯૭ (૧૫) | ૨૦૫ (૨૧) | ૬૭ (૧૮) | ૪૫ (૧૪) | ૭૧ (૧૩) |

### છાત્રાલયનાં મકાન

સ્વૈચ્છિક સંસ્થાના ૧૦ કુમાર અને ૭ કન્યા છાત્રાલયનું મકાન સંચાલક મંડળની માલિકીનું છે. તેમાં ૫ કુમાર અને ૩ કન્યા છાત્રાલયને સરકાર તરફથી મકાન બાંધવાની સહાય મળી છે. ૪ કુમાર અને ૧ કન્યા છાત્રાલયને મકાન બાંધવામાં સરકાર તરફથી મદદ મળી નથી. ૩ કન્યા છાત્રાલયના ગૃહપતિને મકાન બાંધકામની સહાય મળી છે કે નહીં તેનો ખ્યાલ નથી. સાબરકાંઠાના ૧ કુમાર છાત્રલયને સ્વીટ્ઝરલેન્ડની એક સંસ્થા દ્વારા મકાન બાંધવાની સહાય મળી છે. પંચમહાલ જિલ્લાના ૨ કુમાર અને ૧ કન્યા છાત્રાલયને, બનાસકાંઠા, ભરૂચના એક-એક કન્યા છાત્રાલયને અને વડોદરાનાં ૩ કુમાર છાત્રાલયને મકાન બાંધવા સરકાર તરફથી સહાય મળી છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાના છત્રાલયનું મકાન બાંધવામાં ઓછા પ્રમાણમાં સહાય અપાય છે. ઘણી સ્થાનિક સંસ્થાઓ દેશ બહારથી પણ મકાન બાંધવા સહાય મેળવવાનો પ્રયાસ કરે છે.

### ભાડાના મકાન

સ્વૈચ્છિક સંસ્થાના છાત્રાલયનું મકાન ભાડાનું હોય તો સંસ્થાને કરવેરા સહિત ચૂકવેલ ભાડાના ૫૦ ટકા રકમ મકાન ભાડા પેટે સમાજકલ્યાણ ખાતું સહાયક ગ્રાન્ટ તરીકે ચૂકવે છે. આ ગ્રાન્ટ મેળવવા કાર્યપાલક ઈજનેર પાસેથી વાજબી ભાડા અંગેનું પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી છે. જો કાર્યપાલક ઈજનેર મકાનભાડું ઓછું આકારે તો તે મુજબના ૫૦ ટકા લેખે ભાડું ચૂકવવામાં આવે છે.

અભ્યાસના ૪ કુમાર અને ૪ કન્યા છાત્રાલયનું મકાન ભાડાનું છે. છાત્રાલય દીઠ મકાન ભાડું કેટલું છે અને સમાજકલ્યાણ ખાતું કેટલું ભાડું ચૂકવે છે તેની માહિતી નીચે આપી છે.

કોઠા નં.૩:૨૨

મકાન ભાડાની વિગત દર્શાવતો કોઠો

| | ક્રમ | સંસ્થા માસિક ભાડું કેટલું ચૂકવે છે તે રકમ | સમાજ કલ્યાણ ખાતા દ્વારા મકાનભાડા અંગેની મળતી સહાયક ગ્રાન્ટની વિગત |
|---|---|---|---|
| કુમાર છાત્રાલય | ૧ | ૧૦૦/- | નથી મળતી |
| | ૨ | ૧૩૦/- | ૬૫/- |
| | ૩ | ૫૧૦/- | ૫૧૦/- |
| | ૪ | ૨૦૦૦/- | ૧૦૦૦/- |
| કન્યા છાત્રાલય | ૧ | ૧૦૦/- | ૧૦૦/- |
| | ૨ | ૩૦૦/- | ખબર નથી |
| | ૩ | ૬૫૦/- | માહિતી આપી નથી |
| | ૪ | ૧૨૦૦/- | ૩૮૨/- |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે છાત્રાલય માટેનું મકાન માસિક રૂા.૧૦૦/- થી ૨૦૦૦/- સુધીના ભાડે રાખવામાં આવે છે.

ઈંટ-ચૂનાના મકાનનું ભાડું વધારે હોય છે, જ્યારે કાચું મકાન હોય તો તેનું ભાડું ઓછું હોય છે. ઘણા છાત્રાલયમાં સંચાલક મંડળના હોદ્દેદારો અથવા સભ્યનું મકાન ભાડેથી રાખવામાં આવે છે. આમ કરવાથી આ સભ્યની ગૌણ આવક વધે છે અને પોતાનું પૈસાનું રોકાણ મકાનમાં કર્યું હોય તેનું પૂરતું વળતર પણ મળે છે. તાલુકા કક્ષાએ આ ગામડામાં પાકું મકાન ઉંચા ભાડાથી રાખવા કોઈ તૈયાર થતું નથી. આથી તેઓ પોતાનું મકાન છાત્રાલયને ભાડે આપી દે છે. જ્યારે નાનાં ગામડામાં ભાડાનું મકાન મેળવવાની ખૂબજ મુશ્કેલી પડે છે. તેથી ગમે તેવું અને ગમે તેનું મકાન ભાડેથી રાખી લેવામાં આવે છે. આવાં મકાનનું ભાડું પ્રમાણમાં ઓછું હોય છે.

ગૃહપતિને છાત્રાલય માટે કેટલીક અને કયા હેતુની ગ્રાન્ટ મળે છે તેની જાણકારી કેટલી ઓછી છે તેનો ખ્યાલ આવે છે. કારણ કે સમાજકલ્યાણના નિયમ મુજબ ૫૦ ટકાથી વધુ મકાન ભાડાની સહાય ચૂકવાય નહીં. આમ છતાં એક કુમાર અને એક કન્યા છાત્રાલયના ગૃહપતિએ સંસ્થા જેટલું મકાન ભાડું ચૂકવે છે તેટલી રકમ સમાજ કલ્યાણ ખાતા દ્વારા મળે છે તેમ જણાવ્યું છે. ૧ કન્યા છાત્રાલયમાં નિયમ કરતાં ઓછી સહાય મળે છે તેમ જણાવ્યું છે. આ છાત્રાલયના ગૃહપતિએ જણાવ્યું છે કે કાર્યપાલક ઈજનેરનું પ્રમાણપત્ર (ભાડું વધ્યા પછીનું) આપવાનું બાકી છે. તેથી આ મકાન ભાડાંની સહાય ઓછી મળે છે અને સંસ્થાએ ખર્ચ ભોગવવો પડે છે. ભાડાનાં ઘણાં છાત્રાલય અંગે એવું જાણવા મળ્યું કે સમાજકલ્યાણ ખાતા તરફથી જે રકમ મળે તેટલું જ ભાડું મકાન માલિકને ચૂકવાય છે. તેમની પાસેથી ભાડાંની પહોંચ વધારે લેવાય છે. દા.ત. મકાન માલિક પાસેથી ૨૦૦ રૂપિયાના ભાડે મકાન રાખવામાં આવ્યું હોય અને તે મુજબની ભાડાની પહોંચ લેવામાં આવે, પણ ખરેખર મકાન ભાડું ૧૦૦ રૂપિયા ચૂકવે જે સમાજ કલ્યાણ ખાતાએ અનુદાન તરીકે આપેલ હોય. છાત્રાલયનું દફતર ઝીણવટથી જોતાં આ અંગેની વિગત સાચી હોય તેમ લાગ્યું છે.

સરકારશ્રીની સંસ્થાનાં ત્રણે છાત્રાલયના મકાનનું ૧૦૦ ટકા ભાડું સમાજકલ્યાણ ખાતા તરફથી ચૂકવવામાં આવે છે કારણ કે તે છાત્રાલય સરકાર સંચાલિત છે.

**જમીન**

અભ્યાસના સ્વૈચ્છિક સંસ્થાના ૬ કુમાર અને ૩ કન્યા છાત્રાલય પાસે ૩૫ એકર અને ૩૦ ગુંઠા જમીન છે. તેમાં ક્યારીની (૧૪), જીરાયત (૨૧.૧૦) અને બાગાયત (૦.૨૦) જમીન છે. તેમાં પિયતની (૧૪.) અને બિન પિયતની (૨૩.૩૦) જમીન છે. પિયત કૂવા દ્વારા કરવામાં આવે છે. અભ્યાસના વર્ષમાં

દુષ્કાળ હોવાથી જમીન પિયત કરવામાં આવતી ન હતી. જે છાત્રાલય પાસે જમીન છે તેની ખેતીની ઉપજ સંચાલક મંડળ હસ્તક રહે છે. અભ્યાસના ફક્ત ૩ છાત્રાલયે જ ગ્રાન્ટ સિવાયનાં અન્ય નાણાંકીય સાધન છે તેમ જણાવ્યું છે. અ બાબત ઉપરથી ખ્યાલ આવે છે કે જમીન હોવા છતાં અમુક છાત્રાલય ખેતી કરતા નથી અથવા તો ખેતીને લાયક જમીન છાત્રાલય પાસે નથી.

# પ્રકરણ-૪

## છાત્રાલયમાં રહેતાં બાળકોની સ્થિતિ અને સિધ્ધિઓ

આ પ્રકરણમાં અ વિભાગમાં અભ્યાસનાં છાત્રાલયમાં અને અન્ય છાત્રાલય ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં છાત્રોની મુલાકાત લઈને તેઓ છાત્રાલય વિશે શું માને છે અને એમની દ્રષ્ટિએ આ સંસ્થાનું શું મહત્વ છે તેની વિગત આપવામાં આવી છે અને બ વિભાગમાં છાત્રાલય જીવનથી બાળકોને શું મળ્યું તેમજ બાળકોની સિધ્ધિ અંગેની ચર્ચા કરી છે.

**છાત્રોની ઉંમર :**

છાત્રોની ઉંમરની વિગત નીચે કોઠામાં આપી છે. ૪૦૯ છાત્રોમાં ૧૯૫ કુમાર અને ૨૧૪ કન્યા છાત્રો છે. તેમાંથી ૧૫,૧૬, ૧૭ વર્ષના અનુક્રમે ૧૨૬, ૧૨૯, ૭૬ છાત્રો છે. ત્યાર પછી ઉંમર ઓછી થતી જાય છે અને ૨૦ વર્ષથી વધુ વયના માત્ર ૩ છાત્રો છે. તેનો અર્થ એ થયો કે છાત્રાલયમાં ૧૫ થી ૧૭ વર્ષની વયના જ મોટાભાગના છાત્રો છે. આ વયની કન્યા અનુક્રમે ૭૭,૭૭, ૨૯ છે અને કુમારો ૪૯, ૫૨, ૪૭ છે. આમાંથી મુખ્ય વાત એ તરી આવે છે કે આ બધા જ છાત્રો કિશોર અવસ્થામાંથી કુમાર વયમાં દાખલ થતા હોય છે. જેને માનસશાસ્ત્રની દ્રષ્ટિએ માર્ગદર્શનની ઘણી જરૂર હોય છે.

**જાતિ પ્રમાણે છાત્રોનું વર્ગીકરણ**

અભ્યાસના ૪૦૯ છાત્રોનું જાતિ પ્રમાણેનું વર્ગીકરણ કોઠા ૪:૧માં આપવામાં આવ્યું છે. કોઠા ઉપરથી ફલિત થાય છે કે ભીલ, કુંકણા, ચૌધરી, ગામીત, વસાવા, તડવી જાતિના અનુક્રમે ૮૨,૮૧,૩૭,૩૨,૩૦,૩૦ છાત્રો છે. બીજી જાતિના છાત્રો છે, પણ તેમની સંખ્યા ઓછી છે.

આ કોઠા ઉપરથી જે કેટલાંક તથ્યો નજરે પડે છે તે નીચે પ્રમાણે છે :

(૧) કેટલીક જાતિમાં કુમાર અને કન્યા બન્નેની છાત્રાવાસમાં ભરતી થાય છે. દા.ત. ભીલ, ડુંગરી ગરાસીયા, પટેલીયા, ચૌધરી, કુંકણા, ધોડિયા.

(૨) કેટલાક જાતિમાં માત્ર કુમારો છાત્રાવાસમાં ભરતી થાય છે. કન્યાઓ ઓછા પ્રમાણમાં છાત્રાવાસમાં ભરતી થાય છે.

દા.ત. તડવી (૩૦), ડુંગરીભીલ (૨૪), કોટવાળીયા (૧), જાતિના એકલા કુમારો જ છાત્રાલયમાં છે. આ જાતિની એક પણ કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી નથી.

(૩) કેટલીક જાતિમાં કન્યાઓનો છાત્રાવાસ પ્રવેશ કુમાર કરતા વધારે પ્રમાણમાં દેખાય છે. દા.ત. કુંકણામાં ૫૮ કન્યા અને ૨૩ કુમાર છે. ધોડિયામાં ૯ કન્યા અને ૨ કુમાર છે. ગામીતમાં ૩૦ કન્યા

અને ૨ કુમાર છે. વસાવામાં ૨૩ કન્યા અને ૩ કુમાર છે.

(૪) ઉંમરના હિસાબે ૧૫ અને ૧૬માં કન્યાની સંખ્યા વધારે છે અને ૧૭મા વરસની ઉંમરમાં કુમારની સંખ્યા વધારે છે. મતલબ કે ૧૭નું વર્ષ પૂરું થતાં કન્યાઓ છાત્રાલય છોડી જતી લાગે છે. જયારે કુમારની સંખ્યા ઓછી થાય છે.

(૫) કેટલીક જાતિમાં છાત્રાવાસ પ્રવેશનું પ્રમાણ અને તેથી તે જાતિમાં ભણતરનું પ્રમાણ પણ ઓછું જણાય છે. દા.ત. નાયકાના માત્ર ૪ કુમાર છે. કોટવાળીયાના માત્ર ૧ કુમાર છે અને વારલીના ૬ કુમાર છાત્રાલયમાં રહીને ભણે છે. આ જાતિઓ ભણતરની રીતે પછાત રહી ગઈ છે.

કોઠો- ૪ : ૧

**જાતિ પ્રમાણે છાત્રોની ઉંમર દર્શાવતો કોઠો**

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | ભીલ | | ડુંગરી ભીલ | | પટેલીયા | | ડુંગરી ગરાસીયા | | રાઠવા | | તડવી | | નાયકા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | ૧૫ વર્ષથી નીચેના | ૩ | ૫ | - | - | ૨ | ૩ | ૧ | - | ૧ | - | ૩ | - | - | - |
| ૨. | ૧૫ વર્ષ | ૧૦ | ૨૨ | ૨ | - | ૪ | ૬ | ૧ | ૨ | ૩ | - | ૬ | - | - | - |
| ૩. | ૧૬ વર્ષ | ૧૨ | ૧૩ | ૮ | - | ૪ | ૭ | ૨ | ૧ | ૬ | - | ૧૩ | - | ૩ | - |
| ૪. | ૧૭ વર્ષ | ૧૦ | ૪ | ૪ | - | ૧ | - | ૬ | ૧ | ૭ | - | ૫ | - | ૧ | - |
| ૫. | ૧૮ વર્ષ | ૩ | - | ૬ | - | - | - | ૩ | - | ૩ | - | ૩ | - | - | - |
| ૬. | ૧૯ વર્ષ | - | - | ૧ | - | - | - | ૨ | - | ૧ | - | - | - | - | - |
| ૭. | ૨૦ વર્ષ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮. | ૨૦ વર્ષથી વધુ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૯. | ઉંમર બતાવી નથી | - | - | - | - | - | - | ૨ | ૨ | - | - | - | - | - | - |
| | કુલ | ૩૮ | ૪૪ | ૨૪ | - | ૧૧ | ૧૬ | ૧૭ | ૬ | ૨૧ | - | ૩૦ | - | ૪ | - |

કોઠો- ૪ : ૧ (ચાલુ)

જાતિ પ્રમાણે છાત્રોની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | ચૌધરી | | વસાવા | | ગામીત | | વારલી | | ધોડિયા | | કોટવાળીયા | | કુંકણા | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧. | ૧૫ વર્ષથી નીચેના | ૧ | ૨ | - | ૩ | - | ૨ | - | ૧ | - | - | - | - | - | ૭ | ૧૧ | ૨૩ | ૩૪ |
| ૨. | ૧૫ વર્ષ | ૮ | ૯ | - | ૪ | ૧ | ૧૪ | - | ૧ | ૧ | ૧ | - | - | ૩ | ૧૮ | ૪૯ | ૭૭ | ૧૨૬ |
| ૩. | ૧૬ વર્ષ | ૬ | ૬ | - | ૧૨ | - | ૧૧ | - | - | ૧ | ૬ | - | - | ૭ | ૨૧ | ૫૨ | ૭૭ | ૧૨૯ |
| ૪. | ૧૭ વર્ષ | ૧ | ૩ | ૧ | ૭ | ૧ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૮ | ૧૦ | ૭ | ૨૯ | ૭૬ |
| ૫. | ૧૮ વર્ષ | ૧ | - | ૧ | ૧ | - | - | ૧ | - | - | ૧ | - | - | ૨ | ૧ | ૨૩ | ૩ | ૨૬ |
| ૬. | ૧૯ વર્ષ | - | - | ૧ | - | - | ૧ | - | ૧ | - | - | - | - | ૨ | ૧ | ૭ | ૩ | ૧૦ |
| ૭. | ૨૦ વર્ષ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૧ |
| ૮. | ૨૦ વર્ષથી વધુ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૩ | - | ૩ |
| ૯. | ઉંમર બતાવી નથી | - | - | - | - | - | - | ૨ | ૨ | - | - | - | - | - | - | ૨ | ૨ | ૪ |
| | કુલ | ૧૭ | ૨૦ | ૩ | ૨૭ | ૨ | ૩૦ | ૨ | ૪ | ૨ | ૯ | ૧ | - | ૨૩ | ૫૮ | ૧૯૫ | ૨૧૪ | ૪૦૯ |

## કોઠી- ૪ : ૧ (ચાલુ)
## જાતિ પ્રમાણે છાત્રોની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | કઈ જાતિનું છાત્રાલય છે | ચૌધરી | | વસાવા | | ગામીત | | વારલી | | ધોડિયા | | કોટવાળીયા | | કુંકણા | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧. | ૧૫ વર્ષથી નીચેના | ૧ | ૨ | - | ૩ | - | ૨ | - | ૧ | - | - | - | - | - | ૭ | ૧૧ | ૨૩ | ૩૪ |
| ૨. | ૧૫ વર્ષ | ૮ | ૯ | - | ૪ | ૧ | ૧૪ | - | ૧ | ૧ | ૧ | - | - | ૩ | ૧૮ | ૪૯ | ૭૭ | ૧૨૬ |
| ૩. | ૧૬ વર્ષ | ૬ | ૬ | - | ૧૨ | - | ૧૧ | - | - | ૧ | ૬ | - | - | ૭ | ૨૧ | ૫૨ | ૭૭ | ૧૨૯ |
| ૪. | ૧૭ વર્ષ | ૧ | ૩ | ૧ | ૭ | ૧ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૮ | ૧૦ | ૭ | ૨૯ | ૭૬ |
| ૫. | ૧૮ વર્ષ | ૧ | - | ૧ | ૧ | - | - | ૧ | - | - | ૧ | - | - | ૨ | ૧ | ૨૩ | ૩ | ૨૬ |
| ૬. | ૧૯ વર્ષ | - | - | ૧ | - | - | ૧ | - | ૧ | - | - | - | - | ૨ | ૧ | ૭ | ૩ | ૧૦ |
| ૭. | ૨૦ વર્ષ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૧ |
| ૮. | ૨૦ વર્ષથી વધુ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૩ | - | ૩ |
| ૯. | ઉંમર બતાવી નથી | - | - | - | - | - | - | ૨ | ૨ | - | - | - | - | - | - | ૨ | ૨ | ૪ |
| | કુલ | ૧૭ | ૨૦ | ૩ | ૨૭ | ૨ | ૩૦ | ૨ | ૪ | ૨ | ૯ | ૧ | - | ૨૩ | ૫૮ | ૧૯૫ | ૨૧૪ | ૪૦૯ |

**છાત્રોનો તાલુકો**

સમાજકલ્યાણ ખાતામાં નિયમ છે કે જે તાલુકાનું છાત્રાલય હોય તે જ તાલુકાના છાત્રો છાત્રાલયમાં રાખી શકાય. અભ્યાસમાં આ વિગત તપાસવામાં આવી છે. કારણ કે સમાજમાં એવી અવધારણા છે કે પછાત તાલુકાના છાત્રાલયમાં વિકસીત તાલુકાના વધુ છાત્રોને પ્રવેશ આપવામાં આવે છે. આમ કરવામાં સંચાલક મંડળ અને ગૃહપતિ મુખ્ય ભાગ ભજવે છે. સંચાલક મંડળમાં જે તે વિભાગના સભ્યો વધારે હોય, તેનું મંડળમાં માન અને પ્રતિષ્ઠા હોય. તેવા લોકો પોતાના તાલુકાના વિદ્યાર્થીને પોતાના તાલુકામાં પ્રવેશ ન અપાવી શકે તો પોતાની જ સંસ્થાની અન્ય તાલુકામાં આવેલી શાળામાં પ્રવેશ અપાવે છે. અમુક છાત્રાલયમાં એવું જોવા મળ્યું કે છાત્રાલયમાં જે તે તાલુકાના ગૃહપતિ હોય તે જ તાલુકાના છાત્રો તે છાત્રાલયમાં વધુ હોય છે. અભ્યાસના ૪૦૯ છાત્રોમાં ૧૭૨ (૪૨.૦૫%) છાત્રો અન્ય તાલુકાના છે. આમ કરવામાં કન્યા છાત્રો કરતા કુમાર છાત્રોની સંખ્યા વધારે જોવા મળી છે. જેની માહિતી કોઠા ૪:૨ ઉપરથી આપણને પ્રાપ્ત થાય છે.

**કોઠા નં.૪:૩**

**અમુક છાત્રો પોતાના તાલુકાની બહાર અભ્યાસ કરે છે તેની વિગત**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પોતાના તાલુકાના છાત્રાલયમાં અભ્યાસ કરે છે. | ૧૦૩ (૫૨.૮૨) | ૧૩૪ (૬૨.૬૨) | ૨૩૭ (૫૭.૯૫) |
| ૨. | બીજા તાલુકાના છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે | ૯૨ (૪૭.૧૮) | ૮૦ (૩૭.૩૮) | ૧૭૨ ક૪૨.૦૫) |
| | **કુલ** | **૧૯૫** (૧૦૦.૦) | **૨૧૪** (૧૦૦.૦) | **૪૦૯** (૧૦૦.૦) |

**છાત્રોના ગામમાં કેટલા ધોરણની શાળા છે :**

જે તે ગામમાં જેટલા ધોરણની શાળા હોય તે ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને છાત્રાલયમાં પ્રવેશ આપી શકાય નહીં. આમ છતાં અભ્યાસના ૪૦૯ છાત્રોમાંથી તેવા ૧૮ છાત્રોને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. જેની વિગત નીચેના કોઠા ૪:૩માં આપવામાં આવી છે. અભ્યાસના ૩૦ છાત્રાલયમાંથી ૮ છાત્રાલયે આ નિયમને ખ્યાલમાં રાખ્યા વગર છાત્રોને પ્રવેશ આપ્યો છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાનાં ૩ કુમાર અને ૪ કન્યા છાત્રાલય અને સરકારી સંચાલનનાં ૧ કુમાર છાત્રાલયનો સમાવેશ થાય છે. ગૃહપતિએ શા માટે આમ કર્યું તેની વિગત તપાસતાં જાણવા મળ્યું કે છાત્રની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી, શિક્ષણનો પ્રવાહ અલગ હોવાથી અને ભૌગોલિક પરિસ્થિતિને ખ્યાલમાં રાખી આમ કરવામાં આવ્યું છે. શિક્ષણ ખાતાના ૧ કુમાર છાત્રાલયના ગૃહપતિને આ નિયમની ખબર નથી અને ૩ ગૃહપતિએ આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના ૧ કુમાર અને ૨ કન્યા છાત્રાલયનો સમાવેશ થાય છે.

કોઠા નં.૪:૩

છાત્રોના ગામમાં કેટલાં ધોરણની શાળા છે

| ક્રમ | ગામમાં કેટલા ધોરણની શાળા છે | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૧ થી ૨ ધોરણ | ૧ | - | ૧ |
| ૨. | ૧ થી ૩ ધોરણ | ૧૧ | ૮ | ૧૯ |
| ૩. | ૧ થી ૪ ધોરણ | ૮૫ | ૭૧ | ૧૫૬ |
| ૪. | ૧ થી ૫ ધોરણ | ૮ | ૧૨ | ૨૦ |
| ૫. | ૧ થી ૬ ધોરણ | ૮ | ૭ | ૧૫ |
| ૬. | ૧ થી ૭ ધોરણ | ૭૪ | ૧૦૩ | ૧૭૭ |
| ૭. | ૮ થી ૯ ધોરણ | - | ૧ | ૧ |
| ૮. | ૧ થી ૧૦ ધોરણ | ૮ | ૯ | ૧૭ |
| ૯. | ૧ થી ૧૨ ધોરણ | - | ૧ | ૧ |
| ૧૦. | માહિતી આપી નથી | - | ૨ | ૨ |
| | કુલ | ૧૯૫ | ૨૧૪ | ૪૦૯ |

**છાત્રોનાં કુટુંબમાં શિક્ષણ**

અભ્યાસના ૪૦૯ છાત્રોના કુટુંબમાં કુલ ૩૧૯૫ સભ્ય છે. આ ઉપરથી માલુમ પડે છે કે એક છાત્રનું ૭.૮૧ સભ્યનું કુટુંબ છે. કન્યા છાત્રોનું ૭.૪૫ અને કુમાર છાત્રોનું ૮.૨૧ સભ્યનું કુટુંબ છે. આ ઉપરથી ફલિત થાય છે કે વધારે સભ્ય સંખ્યાવાળા કુટુંબનાં જ બાળકો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. ઓછી સભ્ય સંખ્યાવાળા કુટુંબના બાળકો ઘરે રહીને અભ્યાસ કરવાનું વધારે પસંદ કરે છે. આમ કરવાથી ઘરનું કામકાજ જેવું કે ખેતી પશુપાલનનું કામ, નાના ભાઈ-બહેનને રાખવાનું કામ પણ કરી શકે. તેથી ઓછા સભ્યવાળા કુટુંબના બાળકો ઘરે રહી અભ્યાસ કરવાનું વધારે પસંદ કરે છે.

અભ્યાસના છાત્રોમાં સભ્યોમાં ૩૫.૬૫ ટકાએ શિક્ષણ લીધું છે. તેમાં ૪૬.૨૫ ટકા પુરૂષ અને ૨૫.૦૨ ટકા સ્ત્રીઓએ શિક્ષણ લીધું છે. આ ઉપરથી ફલિત થાય છે કે છાત્રાવાસમાં રહીને અભ્યાસ કરતાં કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તેટલું વધ્યું નથી.

છાત્રોના કુટુંબના જે સભ્યોએ શિક્ષણ લીધું છે તેમાં ૧૯૧ (૨૬.૨૨%) પુરૂષ અને ૯૧ (૨૨.૮૧%) સ્ત્રીઓએ છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો છે. ૧૧૬ (૧૫.૯૮%) પુરૂષ અને ૯૭ (૨૪.૩૧%) સ્ત્રીઓ હાલમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. આ સંખ્યામાં અભ્યાસના છાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ ઉપરથી ફલિત થાય છે કે છેલ્લા વર્ષમાં કન્યા છાત્રો વધુ પ્રમાણમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ

કરવા તૈયાર થાય છે. આમ બનવાનું એક કારણ એ પણ હોઈ શકે કે છેલ્લા વર્ષોમાં કન્યા છાત્રાલયની સંખ્યા વધવાથી અને સાથે સાથે આદિવાસી બહેનોમાં શિક્ષણ પણ વધ્યું હોય. આ ઉપરથી બીજી એક બાબત પ્રસ્તુત થાય છે કે અભ્યાસના છાત્રોના કુટુંબમાં છાત્રાલય જીવનનો સારો એવો પરિચય છે. તેથી કદાચ પ્રસ્તુત છાત્રોને છાત્રાલયમાં મૂકવા માટે આ સભ્યો કારણભૂત થયા હોય. આ અંગેની વધુ વિગત કોઠા ૪:૪માં આપવામાં આવી છે.

કોઠા નં.૪.૪

**અભ્યાસના છાત્રોનાં કુટુંબમાં અક્ષરજ્ઞાન ધરાવનાર સભ્યોની માહિતી**

| ક્રમ | વિગત | કુમાર | | કન્યા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | કુટુંબના કુલ સભ્યોની સંખ્યા | ૮૯૭ | ૭૦૩ | ૭૦૩ | ૮૯૨ | ૧૬૦૦ | ૧૫૯૫ |
| ૨. | કુટુંબના કુલ અક્ષરજ્ઞાન ધરાવતા સભ્યો | ૩૧૫ | ૯૫ | ૪૨૫ | ૩૦૪ | ૭૪૦ | ૩૯૯ |
| ૩. | છાત્રાલયમાં રહીને અભ્યાસ કરેલ કુટુંબના સભ્યોની સંખ્યા | ૭૪ | ૨૧ | ૧૧૭ | ૭૦ | ૧૯૧ | ૯૧ |
| ૪. | હાલમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં કુટુંબના સભ્યો | ૩૦ | ૨૨ | ૮૬ | ૭૫ | ૧૧૬ | ૯૭ |
| | **કુલ છાત્રો સંખ્યા** | ૧૯૫ | | ૨૧૪ | | ૪૦૯ | |

**છાત્રોના માતા-પિતાનું શિક્ષણ :**

અભ્યાસનાં છાત્રોમાં માતા-પિતાનું શિક્ષણ તપાસવા જેવું છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૪૭૯ છાત્રોમાંથી ૨૩૮ (૫૮.૧૯%) ના પિતા અને ૩૬૫ (૮૯.૨૫%) ની માતા અભણ છે. આ કોઠા ઉપરથી અન્ય એક બાબત એ ફલિત થાય છે કે કુમાર છાત્રો કરતાં કન્યા છાત્રોના માતા-પિતા ઓછા અભણ છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ કરેલા માતા-પિતા પોતાના સ્ત્રી સંતાનને છાત્રાલયમાં રાખી વધુ અભ્યાસ કરાવે છે. ૧૧૬ (૨૮.૩૬%) છાત્રોનાં પિતા અને ૩૪ (૮.૩૧%) છાત્રોની માતા ધો.૧ થી ૭ સુધી ભણેલા છે. આમાં પણ કુમાર છાત્રો કરતાં કન્યા છાત્રોમાં વાલી વધારે છે. ૨૮ છાત્રોના પિતા અને પાંચ છાત્રોના માતા ધોરણ ૧૦ થી વધુ ભણ્યા છે. તેમાં પી.ટી.સી. નો અભ્યાસ કરેલ વાલીની સંખ્યા વધુ છે. આ ઉપરથી કહી શકાય કે છાત્રોના માતા-પિતાનું શિક્ષણ ઓછું છે. પણ કન્યા છાત્રોના વાલીઓમાં દરેક સ્તરે શિક્ષણનું પ્રમાણ વધુ છે જેની વિગત નીચેના કોઠા ૪:૫માં આપવામાં આવી છે.

કોઠો- ૪ : ૫

છાત્રોનાં માતા-પિતાનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | કુમાર | | કન્યા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પિતા | માતા | પિતા | માતા | પિતા | માતા |
| ૧. | અભણ | ૧૩૦ (૬૬.૬૬) | ૧૮૫ (૯૪.૮૭) | ૧૦૮ (૫૦.૪૭) | ૧૮૦ (૮૪.૧૧) | ૨૩૮ (૫૮.૧૯) | ૩૬૫ (૮૯.૨૫) |
| ૨. | ધો.૧ થી ૪ | ૩૪ (૧૭.૪૩) | ૪ (૨.૦૫) | ૨૩ (૧૦.૭૫) | ૧૨ (૫.૬૧) | ૫૭ (૧૩.૯૩) | ૧૬ (૩.૯૧) |
| ૩. | ધો.૫ થી ૭ | ૧૮ (૯.૨૩) | ૬ (૩.૦૮) | ૪૧ (૧૯.૧૬) | ૧૨ (૫.૬૧) | ૫૯ (૧૪.૪૩) | ૧૮ (૪.૪૦) |
| ૪. | ધો.૮ થી ૧૦ | ૯ (૪.૬૨) | - | ૧૨ (૫.૬૧) | ૫ (૨.૩૩) | ૨૧ (૫.૧૩) | ૫ (૧.૨૨) |
| ૫. | ધો.૧૦ થી વધુ | ૨ (૧.૦૩) | - | ૧૧ (૫.૧૪) | ૧ (૦.૪૭) | ૧૩ (૩.૧૮) | ૧ (૦.૨૪) |
| ૬. | પી.ટી.સી. | ૨ (૧.૦૩) | - | ૧૩ (૬.૦૭) | ૪ (૧.૮૭) | ૧૫ (૩.૬૭) | ૪ (૦.૯૮) |
| ૭. | ખબર નથી | - | - | ૬ (૨.૮૦) | - | ૬ (૧.૪૭) | ૦ |
| | કુલ | ૧૯૫ (૧૦૦.૦) | ૧૯૫ (૧૦૦.૦) | ૨૧૪ (૧૦૦.૦) | ૨૧૪ (૧૦૦.૦) | ૪૦૯ (૧૦૦.૦) | ૪૦૯ (૧૦૦.૯) |

**છાત્રોનાં વાલીનો વ્યવસાય :**

અભ્યાસના ૪૦૯ છાત્રોમાંથી ૩૩૪ના (૮૧.૬૬%) પિતા અને ૨૮૬ (૬૯.૯૩%) ની માતા ખેતી કરે છે. ખેતી કરવામાં કુમાર છાત્રોના માતા-પિતાની સંખ્યા કન્યા છાત્રોના માતા-પિતા કરતાં વધારે છે. ૪૦(૯.૭૮%) છાત્રોના પિતા અને ૫ (૧.૨૨%) ની માતા નોકરી કરે છે. નોકરીનો વ્યવસાય કરવામાં કુમાર છાત્રોના વાલી કરતાં કન્યા છાત્રોનાં વાલીની સંખ્યા વધારે છે. આ ઉપરથી ફલિત થાય છે કે નોકરી કરતાં વાલીની કન્યાઓ છાત્રાલયમાં રહીને વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે. મજૂરી અને અન્ય પ્રકારનો વ્યવસાય કરનાર વાલીના સંતાનો ઓછા પ્રમાણમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. આ વ્યવસાય કરનાર વાલીના કન્યા સંતાનો ખૂબ જ ઓછા પ્રમાણમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. આમ બનવાનું મુખ્ય કારણ કુટુંબની આર્થિક પરિસ્થિતિ છે. મજૂરી કરનાર વાલીનાં સંતાનોને મજૂરી કામ કરવા જવું પડે છે. તેથી છાત્રાલયમાં નિયમિત હાજર રહી ન શકાય. આથી છાત્રાલયમાં આવાં છાત્રો કાં તો દાખલ થતા જ નથી અથવા તો છાત્રાલયના સંચાલકો આવા મા-બાપના બાળકોને પ્રવેશ આપવા-ઓછા તૈયાર થાય છે. કારણ કે છાત્રાલયમાં છાત્રો અનિયમિત રહે તો તેના શિક્ષણ ઉપર અને છાત્રાલયની ગ્રાન્ટ ઉપર અસર પડે છે. મજૂરી કરનાર વાલીની અન્ય વ્યક્તિ સાથેની ઓળખાણ પણ મર્યાદિત હોય છે. તેથી ઘણીવાર આવાં વાલીના બાળકોને છાત્રાલયમાં પ્રવેશ મળતો નથી. છાત્રોની આ પ્રશ્ન સમજવામાં અથવા તેને સમજાવવામાં કોઈક ભૂલ થયેલી હોય તેમ લાગે છે. કારણકે માત્ર ૮૯ છાત્રોના માતા ઘરકામ કરે છે તેમ દર્શાવ્યું છે. હકીકતમાં દરેક છાત્રોની માતા ઘરકામ કરે છે. આ ઉપરાંત અન્ય વ્યવસાય કરે છે. છાત્રોના વાલીના વ્યવસાયની માહિતી કોઠા નં.૪:૬માં મૂકવામાં આવી છે.

**કોઠો- ૪ : ૬**

**છાત્રોનાં માતા-પિતાનો વ્યવસાય**

| ક્રમ | વ્યવસાયની વિગત | પિતા | | માતા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | ખેતી | ૧૭૦ (૮૭.૧૮) | ૧૬૪ (૭૬.૬૪) | ૧૫૩ (૭૮.૪૬) | ૧૩૩ (૬૨.૧૫) | ૩૩૪ (૮૧.૬૬) | ૨૮૬ (૬૯.૯૩) |
| ૨. | મજૂરી | ૧૮ (૯.૨૩) | ૧૩ (૬.૦૭) | ૨૧ (૧૦.૭૭) | ૭ (૩.૨૭) | ૩૧ (૭.૫૮) | ૨૮ (૬.૮૫) |
| ૩. | નોકરી | ૬ (૩.૦૮) | ૩૪ (૧૫.૮૯) | - | ૫ (૨.૩૪) | ૪૦ (૯.૭૮) | ૫ (૧.૨૨) |
| ૪. | ઘરકામ | - | ૩ (૧.૪૦) | ૨૦ (૧૦.૨૬) | ૬૯ (૩૨.૨૪) | ૩ (૦.૭૪) | ૮૯ (૨૧.૭૬) |
| ૫. | અન્ય | ૧ (૦.૫૧) | - | ૧ (૦.૫૧) | - | ૧ (૦.૨૪) | ૧ (૦.૨૪) |
| | કુલ | ૧૯૫ (૧૦૦.૦) | ૨૧૪ (૧૦૦.૦) | ૧૯૫ (૧૦૦.૦) | ૨૧૪ (૧૦૦.૦) | ૪૦૯ (૧૦૦.૦) | ૪૦૯ (૧૦૦.૦) |

### છાત્રોનાં વાલીની જમીન અંગેની માહિતી

અભ્યાસનાં ૩૫૬ (૮૭.૦૪%) વાલી પાસે જમીન છે. કુમાર અને કન્યા છાત્રોનાં વાલીમાં જમીન ધરાવનાર વાલીના પ્રમાણમાં બહુ તફાવત નથી. આમ છતાં કન્યા છાત્રોના વાલીનું પ્રમાણ કંઈક વધુ છે. જે વાલી પાસે જમીન છે તેમાં ૬૪.૮૯ ટકા વાલી પાસે ૫ એકર કે તેથી ઓછી જમીન છે. આટલી જમીન ધરાવનાર વાલીમાં કુમાર છાત્રોનાં વાલીની સંખ્યા વધારે છે. પાંચ એકરથી વધુ જમીન ધરાવનાર કુમાર છાત્રોનાં ૧૪.૭૯% વાલી છે અને કન્યા છાત્રોના ૧૮.૧૮% વાલી છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે વધારે જમીન ધરાવનાર ખેડૂતોની કન્યાઓ છાત્રાલયમાં રહીને વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે. ૮.૨૮% કુમાર અને ૨૭.૮૧% કન્યા છાત્રોને વાલી પાસે કેટલી જમીન છે તેની ખબર નથી. આ ઉપરથી ફલિત થાય છે કે કન્યા છાત્રોના વાલી પાસે વધારે જમીન છે, અને આવા જ વાલીઓ છાત્રાલયમાં પોતાનાં સ્ત્રી સંતાનોને અભ્યાસ કરવા મૂકે છે. જમીન અંગેની વધુ વિગત કોઠા ૪:૭માં આપવામાં આવી છે.

**કોઠા નં.૪:૭**

**જમીનની વિગત દર્શાવતો કોઠો**

| ક્રમ | જમીનની વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | જમીન છે? હા | ૧૬૯ (૮૬.૬૭) | ૧૮૭ (૮૭.૩૮) | ૩૫૬ (૮૭.૦૪) |
| ૨. | જમીન નથી | ૨૬ (૧૩.૩૩) | ૨૭ (૧૨.૬૨) | ૫૩ (૧૨.૯૬) |
| ૩. | 'હા' તો કેટલા એકર<br>૦ થી ૨ાા | ૪૩ (૨૫.૪૫) | ૨૫ (૧૩.૩૭) | ૬૮ (૧૯.૧૦) |
| ૪. | + ૨ાા થી ૫ | ૮૭ (૫૧.૪૮) | ૭૬ (૪૦.૬૪) | ૧૬૩ (૪૫.૭૯) |
| ૫. | + ૫ થી ૭ાા | ૮ (૪.૭૩) | ૧૭ (૯.૦૯) | ૨૫ (૭.૦૨) |
| ૬. | + ૭ાા થી ૧૦ | ૧૦ (૫.૯૨) | ૯ (૪.૮૧) | ૧૯ (૫.૩૪) |
| ૭. | ૧૦ થી વધુ | ૭ (૪.૧૪) | ૮ (૪.૨૮) | ૧૫ (૪.૨૧) |
| ૮. | જમીન કેટલી છે તેની ખબર નથી | ૧૪ (૮.૨૮) | ૫૨ (૨૭.૮૧) | ૬૬ (૧૮.૫૪) |
| | **કુલ**<br>**ટકા** | **૧૬૯**<br>**(૧૦૦.૦૦)** | **૧૮૭**<br>**(૧૦૦.૦૦)** | **૩૫૬**<br>**(૧૦૦.૦૦)** |

**છાત્રોએ ધો.૫ થી ૭ કયાં રહીને અભ્યાસ કર્યો**

અભ્યાસનાં આ છાત્રોને પૂછવામાં આવ્યું હતું કે તેમણે પાંચ થી સાત ધોરણનો અભ્યાસ કયાં રહીને કર્યો છે. તેના જવાબમાં જે ઉત્તર મળ્યા તેની માહિતી કોઠા ૪:૮માં આપી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૧ (૪૬.૭૦ %) છાત્રોએ ઘરેથી આવજા કરી અને ૧૪૩ (૩૪.૯૬ %) એ આશ્રમશાળામાં રહીને અને ૫૭ (૧૩.૯૪%) એ છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો છે. ૧૮ (૪.૪૦%) છાત્રોએ આ પ્રશ્નોનો જવાબ આપ્યો નથી. આ ઉપરથી ફલિત થાય છે કે પૂર્વગામી સંસ્થા નિવાસ છાત્રાલય નિવાસ માટે પ્રેરક બને છે. ઘરે રહીને ભણનાર પણ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવા તૈયાર થાય છે.

**કોઠા નં.૪:૮**

**છાત્રોએ ધો.૫ થી ૭ કયાં રહીને અભ્યાસ કર્યો**

| ક્રમ | ધો.૫ થી ૭ કયાં રહીને અભ્યાસ કર્યો | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ઘરેથી | ૯૮<br>(૫૦.૨૬) | ૯૩<br>(૪૩.૪૬) | ૧૯૧ -<br>(૪૬.૭૦) |
| ૨. | આશ્રમ શાળામાં રહીને | ૬૦<br>(૧૩.૮૫) | ૮૩<br>(૧૪.૦૨) | ૧૪૩<br>(૧૩.૯૪) |
| ૩. | માહિતી આપી નથી | ૧૦<br>(૫.૧૨) | ૮<br>(૩.૭૩) | ૧૮<br>(૪.૪૦) |
| | કુલ<br>ટકા | ૧૯૫<br>(૧૦૦.૦) | ૨૧૪<br>(૧૦૦.૦) | ૪૦૯<br>(૧૦૦.૦) |

**છાત્રો કયા ધોરણથી છાત્રાલયમાં દાખલ થાય છે ?**

છાત્રાલયમાં કયા ધોરણથી છાત્રો દાખલ થાય છે તે વિગત તપાસ માટે છાત્રોને પૂછવામાં આવ્યું હતું કે તમે કયા ધોરણથી છાત્રાલયમાં દાખલ થયા છો. આ પ્રશ્ન છાત્રાલયનાં અભ્યાસની દ્રષ્ટિએ મહત્વનો છે. કારણ કે આદિવાસી બાળકોમાં અધવચ્ચેથી શાળ છોડી દેનારની સંખ્યા સારા પ્રમાણમાં હોય છે. આમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં છાત્રો અપવાદરૂપ છે તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું. અભ્યાસના ૪૦૯ છાત્રોમાંથી ૨૪૫ (૫૯.૦૦%) છાત્રો ધોરણ ૮ થી છાત્રાલયમાં દાખલ થયા છે. ધો.૯ અને ૧૦માં છાત્રાલયમાં દાખલ થનાર છાત્રોની સંખ્યા ઓછી છે. જે છાત્રોને ધો.૮ થી પોતાની પસંદગીના છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તે બીજા વર્ષે ગમે તે છાત્રાલયમાં પ્રવેશ મેળવે છે. જે શાળાનું ધો.૧૦નું પરિણામ સારું આવતું હોય ત્યાં વિદ્યાર્થી ભણવા માટે વધુ ઈચ્છા રાખે છે. આવી શાળાનાં છાત્રાલયમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થી પ્રયાસ કરે છે અને પ્રવેશ મળે તો ત્યાં દાખલ પણ થાય છે. ઘણા છાત્રો ધો.૮ થી ૧૦ દરમિયાન

એક કરતાં વધારે છાત્રાલયમાં રહે છે. આમ કરવાનું મુખ્ય કારણ પોતાના મિત્રો બીજાં છાત્રાલયમાં હોય ત્યાં ભણવાની ઈચ્છા હોવાથી અથવા પોતાના છાત્રાલયની કાર્યપ્રણાલિકામાં છાત્રને સંતોષ નહોય તેથી બીજા તેઓ વર્ષે અન્ય છાત્રાલયમાં દાખલ થાય છે. છાત્રો કયા ધોરણથી છાત્રાલયમાં દાખલ થાય છે તેની વિગત કોઠા નં.૪:૯માં આપી છે.

**કોઠા નં.૪:૯**

**છાત્રાલયમાં છાત્ર કયા ધોરણથી દાખલ થાય છે**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ધો. ૮ થી | ૧૦૪<br>(૫૩.૩૩) | ૧૪૧<br>(૬૫.૮૯) | ૨૪૫<br>(૫૯.૯૦) |
| ૨. | ધો.૯ થી | ૭<br>(૩.૫૯) | ૮<br>(૩.૭૪) | ૧૫<br>(૩.૬૭) |
| ૩. | ધો. ૧૦ થી | ૭<br>(૩.૫૯) | ૪<br>(૧.૮૭) | ૧૧<br>(૨.૬૯) |
| ૪. | માહિતી આપી નથી | ૭૭<br>(૩૯.૪૯) | ૬૧<br>(૨૮.૫૦) | ૧૩૮<br>(૩૩.૭૪) |
| | **કુલ** | ૧૯૫<br>(૧૦૦.૦) | ૨૧૪<br>(૧૦૦.૦) | ૪૦૯<br>(૧૦૦.૦) |

**છાત્રાલયમાં શા માટે દાખલ થયા ?**

છાત્રાલયમાં શા માટે દાખલ થયા તેમ પૂછવામાં આવ્યું તેના જવાબમાં છાત્રોએ રસપ્રદ અને જાણવા જેવી વિગત આપી છે. દરેક છાત્રોએ પ્રથમ પસંદગીમાં જે બાબત જણાવી છે તેની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે. ૪૦૯ છાત્રોમાંથી ૭૪ (૩૭.૯૫%) કુમાર અને ૪૧ (૧૯.૧૫%) કન્યાએ ગામમાં અભ્યાસની સવલત ન હોવાથી છાત્રાવાસમાં દાખલ થયા છે તેમ કહ્યું. ૫૭ (૨૯.૨૩%) કુમાર અને ૮૬ (૪૦.૧૮%) કન્યાએ વધુ સારો અભ્યાસ કરવા માટે છાત્રાલયમાં પ્રવેશ લીધો છે તેમ કહે છે. આ વાત જો એમની માનસ સ્થિતિ દર્શાવતી હોય તો છાત્રાલય સંસ્થા આદિવાસીમાં ઘણી ઉપયોગી પ્રવૃત્તિ છે. તે વાત પુરવાર થાય છે. વળી આમ માનનારમાં કુમાર કરતાં કન્યાનું પ્રમાણ વધુ છે. તે બાબત વિશેષ મહત્ત્વની છે. તે ઉપરથી કહી શકાય છે કે આદિવાસી કન્યાઓમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં છાત્રાલય સંસ્થા ઘણી મહત્વની છે. ૩૬ (૧૮.૪૬%) કુમાર અને ૧૯ (૮.૮૮%) કન્યા છાત્રોએ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી છાત્રાલયમાં પ્રવેશ લીધો છે. તેમ કહ્યું છે. આગળ છાત્રોમાં વાલીનો વ્યવસાય

અને જમીન અંગેની માહિતી જોઈ તેમાં મોટા ખેડૂત, નોકરી કરતા અને વધુ અભ્યાસ કરેલ વાલીના સ્ત્રી સંતાનો છાત્રાલયમાં રહી વધુ અભ્યાસ કરે છે તે બાબતની નોંધ લીધેલ. આ બાબત અહીં વધુ સુદઢ થાય છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર કન્યા છાત્રોનું પ્રમાણ કુમાર છાત્રો કરતાં ઘણું ઓછું છે. ૩૪ (૧૫.૮૯%) કન્યા છાત્રોએ સમુહજીવનમાં રહેવાથી એકતા કેળવાય છે તેમ દર્શાવ્યું છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે વર્તમાન સમયમાં જુદા જુદા સમાજવર્ગ વચ્ચે જે વૈમનસ્ય વધતું જાય છે તે ઘટાડવામાં છાત્રાલય સંસ્થા ઘણી ઉપયોગી છે તેવું અભ્યાસના છાત્રોએ જણાવ્યું છે. અલબત્ત, આ બાબત એક પણ કુમાર છાત્રે દર્શાવી નથી. આ ઉપરથી ફલિત થાય છે કે કિશોર વયની આદિવાસી કન્યાઓમાં જાગૃતિ લાવવામાં છાત્રાલય સંસ્થા ઘણી ઉપયોગી પુરવાર થાય તેમ છે. આ ઉપરાંત છાત્રાલયમાં રહેવાથી સંસ્કાર મળે છે. અભ્યાસમાં દરેક પ્રકારની સગવડ મળે છે. આવાં જુદાં જુદાં કારણો છાત્રાલય પ્રવેશ અંગેનાં દર્શાવ્યાં છે. જેની માહિતી કોઠા નં.૪:૧૦માં મૂકવામાં આવી છે.

**કોઠા નં.૪:૧૦**

**છાત્રાલયમાં શા માટે દાખલ થયા**

| ક્રમ | છાત્રાલયમાં દાખલ થવાનું કારણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | સારી રીતે અભ્યાસ કરવાના હેતુથી | ૫૭<br>(૨૯.૨૩) | ૮૬<br>(૪૦.૧૮) | ૧૪૩<br>(૩૪.૯૬) |
| ૨. | વધુ અભ્યાસની ગામમાં સવલત નથી અને ભૌગોલિક મુશકેલી પડે છે તેથી | ૭૪<br>(૩૭.૯૫) | ૪૧<br>(૧૯.૧૫) | ૧૧૫<br>(૨૮.૧૨) |
| ૩. | છાત્રાલયમાં રહેવાથી સંસ્કાર મળે છે તેથી | ૮<br>(૪.૧૦) | ૧૯<br>(૮.૮૮) | ૨૭<br>(૬.૬૦) |
| ૪. | સમૂહ જીવનમાં રહેવાથી એકતા કેળવાય છે તેથી | - | ૩૪<br>(૧૫.૮૯) | ૩૪<br>(૮.૩૧) |
| ૫. | અભ્યાસ માટે દરેક પ્રકારની સગવડ મળે તે માટે | ૨<br>(૧.૦૩) | ૧<br>(૦.૪૭) | ૩<br>(૦.૭૩) |
| ૬. | ગામની શાળામાં પ્રવેશ નહીં મળવાથી | ૯<br>(૪.૬૨) | ૧<br>(૦.૪૭) | ૧૦<br>(૨.૪૪) |
| ૭. | ઉ.બુ. શાળામાં અભ્યાસ કરવા માટે | ૧<br>(૦.૫૧) | - | ૧<br>(૦.૨૫) |
| ૮. | આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી | ૩૬<br>(૧૮.૪૬) | ૧૯<br>(૮.૮૮) | ૫૫<br>(૧૩.૪૫) |

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૯. | પોતાના ગામ નજીક માધ્યમિક અભ્યાસની વ્યવસ્થા ન હોવાથી | - | ૧ (૦.૪૭) | ૧ (૦.૨૫) |
| ૧૦. | આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી | ૮ (૪.૧૦) | ૧૨ (૫.૬૧) | ૨૦ (૪.૮૯) |
| | **છાત્રોની કુલ સંખ્યા** | **૧૯૫** (૧૦૦.૦) | **૨૧૪** (૧૦૦.૦) | **૪૦૯** (૧૦૦.૦) |

**છાત્રાલયની સગવડ અંગે**

છાત્રોને છાત્રાલયમાં જે સગવડ મળે છે તેમાંથી શું ફાયદો થાય છે તેના અંગે પૂછતાં એમના પ્રતિભાવ જે મળ્યા તે જાણવા જેવા છે. ૩૩૦ (૮૦.૬૮%) છાત્રોએ જણાવ્યું કે અભ્યાસમં ઘર કરતાં સારી સગવડ મળે છે. આમ માનનાર કુમાર અને કન્યા છાત્રોનું પ્રમાણ સરખું છે. ૮૧(૧૯.૮૦%) છાત્રોએ છાત્રાલયમં રહેવાથી જુદી જુદી પ્રવૃત્તિની જાણકારી મળે અને તે શિખવાથી સારું વ્યક્તિત્વ ઘડતર થાય છે તેમ દર્શાવ્યું છે. જો આ છાત્રોની માનસ સ્થિતિ હોય તો છાત્રાલય સંસ્થા આદિવાસી વિસ્તારમાં કેટલી મહત્વની ભૂમિકા અદા કરે છે તેનો આપણને ખ્યાલ આવે. આ ઉપરાંત ૨૪ (૫.૮૭%) છાત્રોએ આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો પણ આગળ અભ્યાસ કરી શકાય છે તેમ દર્શાવ્યું છે. આમ દર્શાવનાર કુમાર છાત્રોની સંખ્યા વધુ છે. ૪૪(૧૦.૭૬%) છાત્રોએ જુદા જુદા વિષયનું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મળે છે તેમ દર્શાવ્યું છે. આમ દર્શાવનારમાં કન્યા છાત્રોનું પ્રમાણ વધુ છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે કિશોર વયના આદિવાસીઓના વિકાસમાં છાત્રાલય સંસ્થા અગત્યની ભૂમિકા ભજવે છે અને છાત્રાલયની સંસ્થા તરીકેની ઉપયોગિતા છાત્રોની દ્રષ્ટિએ ઘણી છે. તેમ લાગે છે અને છાત્રાલયની સંસ્થા તરીકેની છબી છાત્રોમાં આજ સુધી સારી સ્થાપિત થઈ છે તે નિર્વિવાદ છે. છાત્રાલયની સગવડ અંગેના ફાયદાની વિગત કોઠા નં.૪:૧૧માં મૂકવામાં આવી છે.

**કોઠો- ૪ : ૧૧**

**છાત્રાલય સગવડ અંગેના ફાયદા**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ઘર કરતાં અભ્યાસ કરવામાં સારી સગવડ મળે | ૧૫૮<br>(૮૧.૦૩) | ૧૭૨<br>(૮૦.૩૭) | ૩૩૦<br>(૮૦.૬૮) |
| ૨. | આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો પણ આગળ અભ્યાસ કરી શકાય | ૧૫<br>(૭.૬૯) | ૯<br>(૪.૨૧) | ૨૪<br>(૫.૮૭) |
| ૩. | જુદા જુદા વિષયનું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મળે | ૧૬<br>(૮.૨૧) | ૨૮<br>(૧૩.૦૮) | ૪૪<br>(૧૦.૭૬) |
| ૪. | જુદી જુદી પ્રવૃત્તિની માહિતી મળે અને તે શિખવાની તક પણ મળે | ૩૪<br>(૧૭.૪૪) | ૪૭<br>(૨૧.૯૬) | ૮૧<br>(૧૯.૮૦) |
| ૫. | ઈચ્છા મુજબનો અભ્યાસ કરવામાં મુશકેલી ન પડે | ૧<br>(૦.૫૧) | - | ૧<br>(૦.૨૪) |
| ૬. | માહિતી આપી નથી | ૯<br>(૪.૬૨) | ૧૭<br>(૭.૯૪) | ૨૬<br>(૬.૩૬) |
| | કુલ છાત્રોની સંખ્યા | ૧૯૫ | ૨૧૪ | ૪૦૯ |

**છાત્રાલયમાં છાત્રોને કઈ કઈ અગવડ પડે છે?**

છાત્રોને છાત્રાલય જીવનમાં કઈ કઈ અગવડ પડે છે તે જાણવા માટે છાત્રોને સ્પષ્ટપણે પૂછવામાં આવ્યું હતું કે તેમને છાત્રાલયમાં કઈ કઈ અગવડ પડે છે. તેના જવાબ ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે છાત્રાલયમાં રહેતા છાત્રોની ભૌતિક સુખની આકાંક્ષા વધે છે કારણકે આ પ્રશ્નના જવાબમાં છાત્રોએ મોટાભાગની ભૌતિક સુખસગવડ અંગેની અગવડ દર્શાવી છે. દા.ત. ઘરે વીજળી, શેત્રંજી, ગાંદલાં, જાજરૂ, બાથરૂમ ન હોય તો તેને અગવડ નથી ગણતા અથવા તો આ સગવડ વગર ચલાવી લેવાય છે. પણ છાત્રાલયમાં આ સગવડ ન હોય તો તેને અગવડ ગણવામાં આવે છે. આ ઉપરથી છાત્રાલય જીવનમાંથી પસાર થતાં છાત્રોની ભૌતિક સુખની આકાંક્ષા કેટલી વધે છે તેનો ખ્યાલ આવે છે. આને લઈને છાત્રોને જીવનમાં માનસિક સંઘર્ષ કરવો પડે છે. ઘણા છાત્રોમાં આ સંઘર્ષમાં ટકવાની શક્તિ ઓછી હોય તો તેઓ ગુનાહિત પ્રવૃત્તિ જેવી કે ચોરી, મારઝૂડ તરફ વહે છે. ઘણા છાત્રો આ સંઘર્ષથી અભ્યાસમાં વધુ ધ્યાન આપી આ સગવડો મેળવવાનો પ્રયાસ કરે છે. ઘણા કિશોર પુખ્તવયમાં વિષયગામી રસ્તે જઈ આર્થિક રીતે સમૃધ્ધ થાય છે. તેની પાછળ પણ આ જ પરિબળ કંઈક અંશે કારણભૂત ગણાય. કુમાર છાત્રો કરતાં કન્યા છાત્રોએ અગવડતા ઓછી દર્શાવી છે. આ ઉપરથી કહી શકાય છે કે કન્યા છાત્રોમાં જે ભૌતિક સુખની આકાંક્ષા વધવી જોઈએ તે વધતી નથી. અથવા તો તેને પ્રદર્શિત કરવામાં સંકોચ અનુભવે છે. છાત્રોએ જે જુદા જુદા પ્રકારની ૧૪ અગવડ દર્શાવી છે તેની વિગતે માહિતી કોઠા નં.૪:૧૨માં આપવામાં આવી છે.

**કોઠા નં.૪:૧૨**

**છાત્રાલયમાં છાત્રોને કઈ અગવડ પડે છે**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ગણવેશ | ૪૨<br>(૨૧.૫૪) | ૭<br>(૩.૨૭) | ૪૯<br>(૧૧.૯૮) |
| ૨. | શેત્રંજી-ગાદલાં | ૩૨<br>(૧૬.૪૧) | ૩૪<br>(૧૫.૮૯) | ૬૬<br>(૧૬.૧૪) |
| ૩. | પાણી/નળ, નાહવા-કપડાં ધોવાની | ૭૫<br>(૩૮.૪૬) | ૩૦<br>(૧૪.૦૨) | ૧૦૫<br>(૨૫.૬૭) |
| ૪. | શ્રમ વધારે કરવો પડે છે<br>(ખેતી, રસોઈ, લાકડા એકત્ર કરવામાં) | ૧૧<br>(૫.૬૪) | ૧<br>(૦.૪૭) | ૧૨<br>(૨.૯૩) |
| ૫. | જાજરૂ-બાથરૂમ અને નાવણિયાની મુશ્કેલી છે | ૯<br>(૪.૬૨) | ૭<br>(૩.૨૭) | ૧૬<br>(૩.૯૧) |

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૬. | અભ્યાસ કરવામાં જોઈએ તેટલી અનુકૂળતા મળતી નથી | ૧ (૦.૫૧) | - | ૧ (૦.૨૪) |
| ૭. | વીજળીની મુશ્કેલી છે (નિયમિત વીજળી છાત્રાલયમાં હોતી નથી) | ૧૨ (૬.૧૫) | ૧૫ (૭.૦૦) | ૨૭ (૬.૬૦) |
| ૮. | ભોજન, નાસ્તો, સાબુ, તેલ જોઈએ તેટલા પ્રમાણમાં મળતાં નથી | ૪૩ (૨૨.૦૫) | ૫ (૨.૩૪) | ૪૮ (૧૧.૭૪) |
| ૯. | રહેવાની મુશ્કેલી છે, મકાન પાકાં નથી | ૧૪ (૭.૧૮) | ૩૮ | ૫૨ (૧૨.૭૧) |
| ૧૦. | રેડીયો, ટી.વી., પંખો, રમતગમતનાં સાધનોની પૂરતી વ્યવસ્થા નથી | ૪૧ (૨૧.૦૩) | ૧ (૧૭.૭૭) | ૪૨ (૧૨.૨૭) |
| ૧૧. | છાત્રાલયમાં સફાઈ જોઈએ તેવી થતી નથી, તેથી મચ્છરનો ત્રાસ છે | - | ૪ (૧.૮૭) | ૪ (૦.૯૮) |
| ૧૨. | પલંગ આપ્યા નથી | ૩ (૧.૫૪) | ૧ (૦.૪૫) | ૪ (૦.૭૩) |
| ૧૩. | છાત્રાલયમાં કોઈ પણ પ્રકારની અગવડ નથી | ૧૧ (૫.૬૪) | ૮૦ (૩૭.૩૮) | ૯૧ (૨૨.૨૫) |
| ૧૪. | જવાબ આપ્યો નથી | ૧૨ (૬.૧૫) | ૨૫ (૧૧.૬૮) | ૩૭ (૯.૦૫) |
| ૧૫. | પૂરતી સગવડ છે | - - | ૧ (૦.૪૭) | ૧ (૦.૨૪) |
| | કુલ | ૧૯૫ | ૨૧૪ | ૪૦૯ |

**નોંધ :** એક છાત્રે એક કરતાં વધુ અગવડ દર્શાવી છે.

**છાત્રોને કયાં સુધી અભ્યાસ કરવો છે ?**

આ છાત્રો નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પ્રાપ્ત કરી શકે છે, તેવું તેમને લાગે છે અને તેને પરિણામે એમની આકાંક્ષાઓ વધતી જાય છે તેવું પણ જણાય છે. અમે છાત્રોને પૂછ્યું હતુ કે તમારે કયાં સુધી અભ્યાસ કરવો છે તેના જવાબમાં તેમણે જે પ્રતિભાવ આપ્યો તેની વિગત કોઠા ૪:૧૩માં મુકવામાં આવી

છે. કોઠામાંથી ફલિત થાય છે કે ૧૬૩ (૩૯.૮૫%) છાત્રો પી.ટી.સી. સુધી અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. આવી ઈચ્છા રાખવામાં કન્યા છાત્રોનું પ્રમાણ વધુ છે. ૭૭ (૧૮.૮૩%) છાત્રો ધોરણ બાર સુધી અને ૪૭(૧૧.૫૦%) છાત્રો કોલેજ સુધી અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. કન્યા કરતાં કુમાર છાત્રો ધોરણ બાર અને કોલેજ સુધીનો અભ્યાસ કરવાની વધુ ઈચ્છા રાખે છે. કેટલાંક છાત્રોનો એમ.એ.બી.એડ્ (૫) એમ.બી.બી.એસ (૨), એમ.એસ.ડબલ્યુ (૧) એલ.એલ.બી. (૨) તાંત્રિક અભ્યાસ (૪) સુધી ભણવા માટે તૈયાર છે. ૧૯ (૪.૬૫%) છાત્રોએ આ પ્રશ્નોનો જવાબ નથી આપ્યો. આમ છતાં છાત્રોની અભ્યાસની આકાંક્ષાનું સ્તર હજુ નિમ્ન જણાય છે. દા.ત. વર્તમાન સમયમાં વાણિજય શાખા અને વિજ્ઞાન શાખાનો અભ્યાસ કરેલ યુવાનોને નોકરી જલ્દી મળે છે. તેવી માન્યતા સમાજમાં છે. પણ આ છાત્રો આ શાખાનો અભ્યાસ કરવા બહુ ઓછા તૈયાર થાય છે. તાંત્રિક અભ્યાસ કરવાની તૈયારી પણ ઓછી દેખાય છે. એક બાબત અહી નોંધવી જોઈએ કે આદિવાસી યુવાનો શિક્ષકની નોકરી કરવા વધારે તૈયાર થાય છે. જે છાત્રોને ધોરણ ૧૦માં સારાં ગુણ મળવાની આશા હશે તેમને પી.ટી.સી.નો અભ્યાસ કરવો છે તેમ દર્શાવ્યું. બાકીનાએ ધો.૧૨ સુધી ભણવું છે તેમ દર્શાવ્યું છે. ધો.૧૨ પાસ પછી કઈ વિદ્યા શાખામાં અભ્યાસ કરવો તે અંગે સભાનપૂર્વક વિચાર ન કર્યો હોવાથી કઈ શાખામાં અભ્યાસ કરવો છે તે ચોક્કસ રીતે જણાવી શક્યા નથી.

**કોઠા નં.૪:૧૭**

**છાત્રોને કયાં સુધી અભ્યાસ કરવો છે**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ધો.૧૦ સુધી | ૨૫ (૧૨.૮૨) | ૫ (૨.૩૫) | ૩૦ (૭.૩૩) |
| ૨. | ધો.૧૨ સુધી | ૪૦ (૨૦.૫૧) | ૩૭ (૧૭.૩૦) | ૭૭ (૧૮.૮૩) |
| ૩. | પી.ટી.સી. સુધી | ૪૨ (૨૧.૫૪) | ૧૨૧ (૫૬.૫૫) | ૧૬૩ (૩૯.૮૫) |
| ૪. | કોલેજ સુધી | ૨૮ (૧૪.૩૬) | ૧૯ (૮.૮૮) | ૪૭ (૧૧.૪૯) |
| ૫. | બી.એ. સુધી | ૧ (૦.૫૧) | ૧ (૦.૪૬) | ૨ (૦.૪૯) |
| ૬. | બી.એસ.સી. સુધી | ૧ (૦.૫૧) | - | ૧ (૦.૨૫) |

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૭. | બી.એસ.સી.બી.એડ્ સુધી | ૩ (૧.૫૪) | - | ૩ (૦.૭૩) |
| ૮. | બી.એ.બી.એડ્ | ૮ (૪.૧૦) | ૧ (૦.૪૬) | ૯ (૨.૨૦) |
| ૯. | એમ.એ. | ૨ (૧.૦૩) | - | ૨ (૦.૪૯) |
| ૧૦. | એમ.એ.બી.એડ | ૪ (૨.૦૫) | ૧ (૦.૪૬) | ૫ (૧.૨૩) |
| ૧૧. | એમ.બી.બી.એસ. | ૨ (૧.૦૩) | - | ૨ (૦.૪૯) |
| ૧૨. | એમ.એસ.ડબલ્યુ | ૧ (૦.૫૧) | - | ૧ (૦.૨૪) |
| ૧૩. | એલ.એલ.બી. | ૨ (૧.૦૩) | - | ૨ (૦.૪૯) |
| ૧૪. | તાંત્રિક અભ્યાસ | ૪ (૨.૦૫) | - | ૪ (૦.૯૮) |
| ૧૫. | નર્સનું | - | ૧ (૦.૪૬) | ૧ (૦.૨૪) |
| ૧૬. | જયાં સુધી પૈસાની તકલીફ ન પડે | ૧૪ (૭.૧૮) | ૧ (૦.૪૬) | ૧૫ (૩.૬૭) |
| ૧૭. | નોકરી મળે ત્યાં સુધી | - | ૧૮ (૮.૪૨) | ૧૮ (૪.૪૦) |
| ૧૮. | શિક્ષક | ૫ (૨.૫૬) | - | ૫ (૧.૨૩) |
| ૧૯. | વાણિજય શાખાનું શિક્ષણ | - | ૩ (૧.૪૦) | ૩ (૦.૭૩) |
| ૨૦. | માહિતી આપી નથી | ૧૩ (૬.૬૭) | ૬ (૨.૮૦) | ૧૯ (૪.૬૫) |
| | કુલ | ૧૯૫ (૧૦૦.૦) | ૨૧૪ (૧૦૦.૦) | ૪૦૯ (૧૦૦.૦) |

**છાત્રો કયો વ્યવસાય કરવાની ઈચ્છા રાખે છે ?**

આ છાત્રો અભ્યાસ પૂરો કરીને કયો વ્યવસાય કરવાની ઈચ્છા રાખે છે તે જાણવા તેમને પૂછવામાં આવ્યું હતું કે તમે અભ્યાસ બાદ કયો વ્યવસાય કરવાની ઈચ્છા રાખો છો. આ પ્રશ્નના જે પ્રતિભાવ મળ્યા તેની વિગત કોઠા ૪:૧૪માં આપવામાં આવી છે. કોઠાની વિગત ઉપરથી ફલિત થાય છે કે મોટાભાગના છાત્રો નોકરી કરવાની ઈચ્છા રાખે છે. છાત્રો સ્વરોજગારીનો ધંધો અને ડોકટર, વકીલ જેવા ઉચ્ચ વ્યવસાય કરવાની અપેક્ષા ઓછી રાખે છે. ૨૯૧(૭૧.૧૫%) છાત્રોને જે નોકરી મળે તે કરવાની ઈચ્છા રાખે છે. આવી ઈચ્છા રાખનારમાં કન્યા છાત્રોનું પ્રમાણ વધુ છે. શિક્ષક (૬૩), પ્રાથમિક શાળામાં શિક્ષક (૮)ની નોકરી કરવાની ઈચ્છા રાખે છે. આગળ આપણે જોયું કે ઘણા છાત્રો પી.ટી.સી.નો અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. આમ કરવામાં બહેનોનું પ્રમાણ વધુ છે. જયારે પી.ટી.સી. ના અભ્યાસ બાદ શિક્ષકની નોકરી કરવાની ઈચ્છા કુમારો વધુ રાખે છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આ છાત્રોને અભ્યાસ અને તેને લગતા વ્યવસાય અંગેની માહિતી અલ્પ પ્રમાણમાં છે. આમ છતાં અમુક છાત્રો ડૉકટર, વકીલ, દરજીનો ધંધો, કોઈપણ ધંધો કરવાની ઈચ્છા રાખે છે. જુદા જુદા પ્રકારનો વ્યવસાય કરવાની ઈચ્છા કુમાર છાત્રોએ વધુ રાખી છે. કન્યા છાત્રોએતો નોકરી કરવાની જ ઈચ્છા દર્શાવી છે.

**કોઠા નં.૪:૧૪**

**છાત્રો અભ્યાસ કરી કયો વ્યવસાય કરવાની ઈચ્છા રાખે છે તેની માહિતી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | નોકરી | ૧૦૨ (૫૨.૩૧) | ૧૮૯ (૮૮.૩૨) | ૨૯૧ (૭૧.૧૫) |
| ૨. | પ્રાથમિક શાળામાં શિક્ષક | ૬ (૩.૦૮) | ૨ (૦.૯૩) | ૮ (૧.૯૬) |
| ૩. | શિક્ષક | ૫૩ (૨૭.૧૮) | ૧૦ (૪.૬૭) | ૬૩ (૧૫.૪૦) |
| ૪. | જંગલ ખાતામાં નોકરી | ૨ (૦.૫૧) | - | ૨ (૦.૨૪) |
| ૫. | પોલીસ ખાતામાં નોકરી | ૨ (૧.૦૩) | - | ૨ (૦.૪૯) |
| ૬. | ધંધો | ૧૦ (૫.૧૩) | - | ૧૦ (૨.૪૫) |

| ક્રમ | વિગત | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૭. | ખેતી | ૪<br>(૨.૦૫) | - | ૪<br>(૦.૯૮) |
| ૮. | દરજીનો ધંધો | ૧<br>(૦.૫૧) | - | ૧<br>(૦.૨૪) |
| ૯. | વકીલ | ૨<br>(૧.૦૩) | - | ૨<br>(૦.૪૯) |
| ૧૦. | ડૉક્ટર | ૨<br>(૧.૦૩) | ૨<br>(૦.૯૩) | ૪<br>(૦.૯૮) |
| ૧૧. | નર્સ | - | ૩<br>(૧.૪૦) | ૦<br>(૦.૭૩) |
| ૧૨. | તાંત્રીક કામને લગતી નોકરી | ૪<br>(૨.૦૫) | - | ૪<br>(૦.૯૮) |
| ૧૩. | ચિત્રકાર | ૧<br>(૦.૫૧) | - | ૧<br>(૦.૨૫) |
| ૧૪. | માહિતી આપી નથી | ૭<br>(૩.૫૮) | ૮<br>(૩.૭૫) | ૧૫<br>(૩.૬૭) |
| | **કુલ** | **૧૯૫**<br>(૧૦૦.૦) | **૨૧૪**<br>(૧૦૦.૦) | **૪૦૯**<br>(૧૦૦.૦) |

**છાત્રોની છાત્રાલય જીવનથી ગુણાત્મક વિકાસ - છાત્રોની સિધ્ધિઓ :**

છાત્રાલયમાં રહેતા બાળકોની સિધ્ધિ અંગે આગળનાં ભાગમાં આપણે બાળકોની સિધ્ધિમાં કેટલાંક આંકડાઓ અને બાળકોએ આપેલી વિગતોનાં કેટલાક મુદ્દા જોયા. પરંતુ માત્ર આંકડાઓથી બાળકોએ શું મેળવ્યું છે તેનો ખ્યાલ નહીં આવે. બાળકોની સિધ્ધીનો યથાસ્થિતિ ખ્યાલ તો તેણે મેળવેલ ગુણાત્મક સિધ્ધી ઉપર પણ છે.

આ ગુણાત્મક વિકાસ કે સિધ્ધિ એટલે છાત્રાલય કાળ દરમ્યાન બાળક પોતાના જીવનમાં જીવનના વિકાસમાં પોતે કેટલું કેટલું મેળવ્યું, પોતે શું પ્રાપ્ત કર્યું અને પોતે શું બન્યો છે એના ઉપરથી જ ખ્યાલ આવે અને આખરે કોઈપણ સંસ્થાનો ઉદ્દેશ એ તેમાં રહેતા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે છે. બુકર ટી.વૉશિંગ્ટન લિખિત ''છાત્રોને'' એ પુસ્તકમાં પોતે શરૂ કરેલી રસકેજી સંસ્થા સંબંધે બોલતાં કહે છે કે ''આ સંસ્થાનો

ધ્યેય પાઠ્ય પુસ્તકોનું શિક્ષણ આપવું એ જ માત્ર નથી, ભણનારાને સુખ સગવડ મળે એ જ માત્ર આશય નથી, પરંતુ બુધ્ધિ અને હૃદયનો વિકાસ થાય અને એ વિકાસને પરિણામે બીજાઓને પણ એ વિકાસ પ્રાપ્ત કરાવવા તેમને અભિલાષા થાય એ આ સંસ્થાનો આદર્શ છે.'' છાત્રાલય અભ્યાસ દરમ્યાન અવલોકનથી, મુલાકાતથી, ચર્ચા દ્વારા, બાળકોએ શું મેળવ્યું છે તેની જાણકારી મેળવતાં કંઈક આ પ્રકારનું જોવા મળે છે:

**(૧) સમૂહમાં રહેવાની ભાવના**

કુટુંબમાં સભ્યોની કંઈક મર્યાદા હોય છે. વળી, સભ્યો વચ્ચે નજીકનાં સંબંધને કારણે પણ મર્યાદા હોય છે. પરંતુ એ જ કુટુંબનું બાળક જ્યારે છાત્રાલયમાં આવે છે ત્યારે એ વિદ્યાર્થી સમૂહમાં જોડાય છે. અહીં બધા જ વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રદેશના, જુદા જુદા વાતાવરણમાંથી આવતા જુદા જુદા કુટુંબમાંથી આવેલા હોય છે. પરંતુ છાત્રવાસ દરમ્યાન આ બધી બાબતો ગૌણ બનતી જાય છે અને બાળકમાં સમૂહ જીવન જીવવાની ભાવના વિકસે છે અને સુદઢ બને છે. આ સમૂહ ભાવનાને કારણે બાળક પોતાના અંગત પ્રશ્નો કે લાગણીને પણ છોડી દે છે, અને સમૂહ જે કાંઈ કરે છે જે પ્રમાણે વર્તે છે તે પ્રમાણે પોતાનું જીવન અને વ્યવહાર ગોઠવે છે.

**(૨) ટેવોનું ઘડતર**

છાત્રાલયમાં આવ્યા બાદ બાળકમાં અમુક ટેવોનું ઘડતર પણ થાય છે. છાત્રાલયનાં જે કાંઈ નિયમો હોય, છાત્રાલયે જે કાંઈ વ્યવસ્થા ગોઠવી હોય તેમાં બાળક એકમેક થઈ જાય છે, અને આ છાત્રાલયનાં નિયમો બાળકો માટે ટેવો જેવા બની જાય છે. આ બધીજ ટેવો જુદા જુદા સમયે જીવનમાં ઉપયોગી પણ થાય છે. જેમકે બે ટાઈમ સમય પ્રમાણે ભોજન લેવું. મૂતરડીમાં જે પેશાબ કરવા જવું. જાજરૂમાં જ સંડાસ જવું વગેરે ટેવ તેમના વ્યક્તિગત જીવનમાં પણ ઉપયોગી થાય છે.

(૩) છાત્રાલય જીવનથી બાળકમાં નિયમિતતાનો ગુણ વિકસે છે. જેમાં સવારે ઉઠવાથી શરૂ કરી પોતાની અંગત ક્રિયાઓ પતાવવી, પ્રાર્થના, સફાઈ, ખાવું, વાંચવું, રમવું, સૂવું વગેરે બાબતોથી નિયમિતતા આવે છે અને બાળક પણ ઘડિયાળના કાંટે પોતાની દરેક પ્રવૃત્તિને ગોઠવે છે. આમ જે બાળકો છાત્રાલય જીવન પહેલાં સમય બાબતની અંદર જાણે અજાણે નિયમિત ન હતા તે છાત્ર કાળ દરમ્યાન પોતાના દરેક વ્યવહારો સમયસર કરે છે અને એ રીતે બાળકમાં નિયમિતતા આવે છે.

**(૪) સ્વાવલંબન**

પોતાની દરેક ક્રિયા જાતે કરવાનો ગુણ પણ બાળકમાં છાત્રવાસ દરમ્યાન જ ખીલે છે. જેમાં બાળકે પોતાના રૂમની સફાઈ કરવી, પોતાનો બિસ્તરો બરોબર કરવો, પોતાનો સામાન વ્યવસ્થિત રાખવો, પોતાનાં વાસણો પોતે માંજવાં, પોતાનાં કપડાં ધોવાં વગેરે બાબતો બાળક જાતે કરે છે.

(૫) **સહકારની ભાવના**

છાત્રાલય દરમ્યાન બાળકમાં સહકારની ભાવના પણ વિકસે છે. જેમાં બાળક અન્ય બાળકોને તેમના કામમાં મદદ કરે છે. માંદગીનાં સમયે એકબીજા બાળકોને મદદરૂપ બને છે. મહેમાનોની સરભરા કરે છે. ગૃહપતિનું કામ કરે છે અને એ બાળક રસોડામાં પણ મદદ કરે છે. આમ જીવનનાં સમગ્ર પાસાંનો વિકાસ થાય એ રીતે બાળક છાત્રાલયની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સહકારથી કામ કરે છે.

(૬) **સ્વચ્છતા**

છાત્રાલય જીવન દરમ્યાન બાળકમાં સ્વચ્છતાનાં ગુણો પણ વિકસે છે. બાળકો પોતાની રહેવાની જગા બરાબર સાફ કરે છે. તેનું આંગણું પણ સ્વચ્છ રાખે છે તેના કપડાં પણ સ્વચ્છ રાખે છે, અને પોતાનું શરીર સ્વચ્છ દેખાય તે માટે જાગૃત રહે છે અને આ સ્વચ્છતાનો ગુણ જયારે એ પોતાના કુટુંબમાં જાય છે ત્યારે પણ જાળવી રાખે છે, અને ઘરમાં તેમજ કુટુંબનાં સભ્યોમાં સ્વચ્છતા રહે તે માટે આગ્રહી બને છે. ઘણીવાર બાળકની સ્વચ્છતા જોઈ કુટુંબનાં અન્ય સભ્યો પણ સ્વચ્છતા માટે જાણે અજાણે કંઈક પ્રયાસ કરે છે.

(૭) **વ્યવહારુ બને છે**

છાત્રાલયવાસ દરમ્યાન બાળક વ્યવહારુ પણ બને છે. બાળકે કઈ રીતે વર્તવું. વડીલો સાથે કેમ વર્તવું, પોતાના સમોવડીયા સાથે કેમ રહેવું, મહેમાનો આવે ત્યારે શું કરવું ત્યાંથી શરૂ કરી પોતાના અંગત જીવનમાં પણ વ્યવહારુ બનતો જાય છે. દા.ત. પોતાના પાસે કેટલા પૈસા છે, કેટલા વાપર્યા ? જે બાકી પૈસા છે તે કેમ અને કયાં વાપરવા ? આવી આવી બાબતોમાં પણ બાળકો વ્યવહારુ બનતા જાય છે.

(૮) **નેતૃત્ત્વ**

છાત્રાલયમાં છાત્રે પોતાની દરેક પ્રવૃત્તિ પોતે જ કરવાની હોય છે. ઘણી પ્રવૃત્તિઓ તેઓએ સંસ્થા માટે પણ કરવાની હોય છે. આ માટે ગૃહપતિ છાત્રાલયમાં વિવિધ સમિતિઓ બનાવે છે. તે સમિતિનાં નેતા તરીકે છાત્ર જ હોય છે. આ છાત્રોમાંથી મંત્રી બને છે. જેમાં રસોડા મંત્રી, સફાઈ મંત્રી, આરોગ્ય મંત્રી, સ્વાગત સમિતિના મંત્રી, ભોજન ટૂકડીના મંત્રી વગેરે હોય છે. આ મંત્રીઓ જુદી જુદી સમિતિમાં વારફરતી બદલાય પણ છે અને આથી આ છાત્રોમાં દરેક પ્રવૃત્તિના સંદર્ભમાં પોતે શું અને કેવું કામ કરવું તે અંગે જાણકાર બને છે અને એ રીતે બાળકમાં નેતા તરીકેના ગુણ વિકસે છે. તેના પરિપાકરૂપે બાળક આગળ જતાં સમાજમાં, રાજકીય રીતે કે બીજી પ્રવૃત્તિમાં નેતા તરીકે આગળ આવવા પ્રયત્નશીલ બને છે.

(૯) હરીફાઈ

છાત્રાલય જીવન દરમ્યાન બાળકમાં હરીફાઈનો ગુણ પણ વિકસે છે. જેમાં પોતાની વ્યક્તિલક્ષી બાબતો જેવી કે પોતાની અંગત સ્વચ્છતાથી શરૂ કરી વાંચન, પરીક્ષાનું પરિણામ, રમત ગમત, સંગીત, નૃત્ય વગેરેમાં બાળક અન્ય બાળકની આગળ જવા માટે પ્રયત્ન કરે છે.

(૧૦)વાંચન

છાત્રાલયમાં વિવિધ પ્રકારનાં સામયિકો, વિવિધ પ્રકારનાં વર્તમાન પત્રો, જુદા જુદા ધર્મગ્રંથો વગેરે આવે છે. બાળક પ્રથમ તો વાંચવા તરફ દૂર્લક્ષ સેવે છે, પરંતુ છાત્રાલયમાં થોડો સમય રહ્યા બાદ બાળક આ બધું વાંચવા માટે પ્રેરાય છે. આ વાંચન ઉપરાંત પોતાના શિક્ષણને સંબંધિત એવા સાહિત્ય અને વાંચન પણ બાળકે કરવાના હોય છે. જે પહેલાં ગૃહપતિ ફરજિયાત કરાવે છે. પરંતુ થોડા સમય બાદ બાળક જાતે જ નિયમિત રીતે વાંચતો થાય છે. આમ વાંચન તરફની અભિરુચિ ખીલે છે.

(૧૧)અભ્યાસેતર પ્રવૃત્તિઓ :

છાત્રાલયમાં અભ્યાસ ઉપરાંતની પણ પ્રવૃત્તિ થાય છે કેમ કે છાત્રાલય એ માત્ર શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ બાળકના ચારિત્ર્ય ઘડતર કરવાનું કામ પણ તેમાં થાય છે. અને આથી બાળકને ઘણીવાર છાત્રાલય સમયમાં શૈક્ષણિક કાર્ય કરતાં અન્ય પ્રવૃત્તિઓ વિશેષ રહે છે. જેમ કે સમૂહ પ્રાર્થના, સમૂહસફાઈ વગેરે. સાથે સાથે બાળકો પ્રવર્તમાન પ્રશ્નોથી વાકેફ થાય તે માટે મહેમાનોના પ્રવચનો, બાળકોને રાસ-ગરબા, નૃત્ય, સંગીત વગેરેની તાલીમ આ બધી બાબતો અભ્યોસેતર છે, પણ સાચી રીતે જોતાં જીવનનાં અભ્યાસ માટે અતિ ઉપયોગી એવી આ બાબતો છે.

## પ્રકરણ-૫

# છાત્રાલયની સમાજ પર અસર

છાત્રાલય જીવન દરમિયાન ઉપરોક્ત જુદી જુદી બાબતોનો છાત્રોને અને છાત્રો જે સમાજમાંથી આવે છે તે સમાજને એ બાબતોનો કે પ્રસંગોનો અનુભવ થાય છે અને આથી છાત્રાલયોનો ઉદ્દેશ કેવળ સારાં નાગરિકો કે શિક્ષણમાં મદદરૂપ થવા સુધી પર્યાપ્ત ન રહેતાં છાત્રોને સેવકો બનાવવાનું કામ પણ એ સંસ્થાઓનું છે, અને આખરે જે છાત્રો તૈયાર થઈને સમાજમાં જાય છે તેની અસર સમાજમાં થશે જ તેમાં કોઈ શંકા નથી.

આપણે એ વસ્તુ જોઈ શકીએ છીએ કે આજે સમાજ કેળવણીની દિશા તરફ વળ્યો છે, તેનાં ફળ સ્વરૂપ જીવનની કેળવણીને મૂર્તિમંત કરવા અનેક છાત્રાલયો અસ્તિત્વમાં આવ્યાં, અને હજુ નવાં નવાં શરૂ થતાં જાય છે. છાત્રાલય સંસ્કાર ઘડતરનું, માનવીય ઘડતરનું કાર્ય કરે છે. આવો ખ્યાલ આમ જનતામાં પ્રતિદિન દ્રઢ થતો જાય છે, અને છાત્રાલય જીવનનાં મીઠાં ફળો સમાજને ચાખવા મળ્યાં છે. આથી જ વાલીઓ પોતાના સંતાનોને છાત્રાલયમાં મળતી જીવનની કેળવણી વધુ કેમ મળે તેનો વિચાર કરતા થયા છે. આથી જ વાલીઓ પોતાના બાળકોને છાત્રાલયમાં દાખલ કરવા, પ્રવેશ અપાવવા પડાપડી કરતા હોય છે. આમાં ઘણા બાળકો છાત્રાલય જીવન વગર વંચિત રહેતા હોય છે. એવા સમયે એ બાળકો અને તેના વાલી છાત્રાલયમાં મર્યાદિત સંખ્યામાં લેવાતાં નિયમો પ્રત્યે ધૃણાની તિરસ્કારની લાગણી દર્શાવતા જોઈ શકાય છે. મતલબ કે છાત્રાલય એ વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત ન રહેતાં તેના સમાજને પણ કંઈક ને કંઈ અસર કરે છે તો એ અસરો કેવી છે, તેનો વ્યાપ કેટલો, આ બધા મુદ્દાની ચર્ચા છાત્રાલય વ્યવસ્થાની ચર્ચા કરીએ ત્યારે કરવી આવશ્યક છે. આથી હવે છાત્રાલય જીવનની છાત્રાલય સંસ્થાની આસપાસના સમાજ ઉપર કેવી અને કેટલી અસર છે તેને વિષે જોઈએ :

### (૧) શિક્ષણની તક :

આદિવાસી બાળકોના શૈક્ષણિક વિકાસ માટે ગુજરાતમાં પ્રતિવર્ષ આશ્રમશાળાઓમાં વધારો થતો રહે છે અને તે આશ્રમશાળાને કારણે જ હજારો આદિવાસી બાળકો પ્રાથમિક શિક્ષણ લેતાં થઈ રહ્યાં છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ પ્રાથમિક શિક્ષણ બહાર આદિવાસી બાળકોને અભ્યાસમાં જો કોઈ મદદરૂપ થતું હોય તો તે છાત્રાલય છે. આની સૌથી મહત્વની અને પાયાની અસર આદિવાસી સમાજમાં થઈ હોય તો તે છે કે આદિવાસી બાળકો ઉચ્ચ શિક્ષણ લેતા થયા છે.

કોઈપણ છાત્રાલયનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવશે કે જ્યાં છાત્રાલયો શરૂ થયા છે તેવાં વિસ્તારોમાં પ્રથમ શિક્ષણની સ્થિતિ શું હતી અને આજે શું છે. આજે છાત્રાલયો માટે સંખ્યાનો

પ્રશ્ન પણ નથી રહ્યો. ઉલટું સંખ્યાને નિયંત્રિત કરવા માટે નિયમ આવ્યા અને આજે ઘણાં છાત્રાલયોમાં બાળકો પ્રવેશથી વંચિત રહી જાય છે. અને પ્રવેશથી વંચિત રહેતાં બાળકો પોતાના સ્વ-ખર્ચથી છાત્રાલયમાં દાખલ થાય છે તેવા કિસ્સા પ્રતિદિન વધતા જાય છે, અને જે સ્વ-ખર્ચ પણ નથી કરી શકતા તેમાંના ઘણા બાળકોએ આંદોલનનો માર્ગ પણ અખત્યાર કર્યો હતો તેવા દાખલા છે. આમ શિક્ષણ તરફની ભૂખ જે ન હતી તે હવે ઉઘડી છે. છાત્રાલયની આસપાસના ગામડાઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને સુધર્યું પણ છે.

જે આદિવાસી કુટુંબો પોતાની આર્થિક સ્થિતિને લઈને પોતાના બાળકોને શિક્ષણ નહોતાં આપી શકતા તેઓ આજે છાત્રાવાસને લીધે પોતાના બાળકોને શિક્ષણ આપી શકે છે.

**(૨) શિક્ષણમાં નિયમિતતા**

છાત્રાવાસમાં ૨૪ કલાકનું શૈક્ષણિક વાતાવરણ જળવાઈ રહે છે. હાઈસ્કૂલમાં માત્ર ૧૧ થી ૫ના સમય દરમિયાન બાળકો આંકડા ભેગા કરવાનું કામ કરે છે. જયારે છાત્રાલયમાં તો આંકડાઓની સાથે સાથે ગુણાત્મક શિક્ષણ પણ લે છે. છાત્રાવાસોને લીધે માધ્યમિક શાળાઓ પણ વધુ નિયમિત બની છે. કારણકે છાત્રાલયો વેકેશન સિવાય નિયમિત ચાલે છે. જેને લઈને માધ્યમિક શાળા પણ નિયમિત રહે છે.

**(૩) સમય પાલન**

છાત્રાલય જીવનને લઈને આદિવાસી બાળકોમાં સમયપાલન આવ્યું છે. જેમાં સવારે પ્રાતઃકાળમાં ઉઠવું, દાતણ કરવું, પ્રાર્થના કરવી, સફાઈ કરવી, ભોજન લેવું, સ્કૂલમાં જવું, સાંજે રમતો રમવી, વાંચન કરવું અને સૂવું આ બધું અમુક સમયે જ થાય છે. આથી બાળક પણ છાત્રાલયના સમયમાં કાર્યક્રમના તાલે ભાગ લેવા માંડે છે અને પોતે સમયના તાલે તાલ મીલાવતો થઈ ગયો છે. આ બધા ક્રમોની વત્તાઓછા પ્રમાણમાં પોતાના ઘરે ગયા પછી પણ અસર જળવાઈ રહે છે.

**(૪) રહેણી-કરણી**

બાળક છાત્રાલયમાં રહે તેથી તેની રહેણી-કરણીમાં પણ પરિવર્તન આવ્યું છે. છાત્રાલયને લઈને બાળક અન્ય બાળકો સાથે સંપર્કમાં આવે છે. શિક્ષકો સાથે પણ સંપર્કમાં આવે છે અને બીજા મોટા સમૂદાયોના સંપર્કમાં પણ આવે છે. આ બધામાંથી બાળક કંઈક ને કંઈક મેળવે છે, કંઈને કંઈ શિખે છે, અને બધાની અસર લઈને પોતાના ઘેર જાય છે, અને એનાં ફળસ્વરૂપે બાળકમાં શૈક્ષણિક, ધાર્મિક, સમાજ જીવનના પ્રશ્નોની અને રાજકીય બાબતો પરની જાણકારી વધવા લાગી છે.

બાળક છાત્રાલયમાં હોય છે તે દરમ્યાન તેનાં મા-બાપ, ભાઈઓ, સંબંધીઓ તેને મળવા માટે આવે છે અને આ બધા જ છાત્રાલયનાં વાતાવરણથી પરિચિત થાય છે, અને આવનાર સભ્યો ઉપર જાણે અજાણે બોલવા, ચાલવા, પહેરવા, ઓઢવા, બીજાંની સાથે વાતો કરવામાં બીજાની સાથે વ્યવહાર કરવામાં પરિવર્તન આવવા માંડે છે. નવા વાતાવરણને કારણે તેઓ બીજા સમાજનું અનુકરણ કરતા થાય છે, અને તેની અસર પોતાનાં ઘરમાં પણ દેખાઈ આવે છે. અને ઘરમાં પણ વડિલો છાત્રાલય જીવનની તેના શિક્ષણની વાતો કરે છે, પાડોશીમાં વાતો કરે છે અને ગામમાં પણ વાતો કરે છે. અને તેને લઈને ધીમે ધીમે અન્ય વાલીઓ પણ પોતાનાં બાળકને છાત્રાલાયમાં મોકલવા વિચારે છે.

## (૫) સમાજજીવનમાં પરિવર્તન

ભૌગોલિક પરિસ્થિતિને કારણે આદિવાસીઓ અન્ય સમાજથી વિખૂટા હતા પરંતુ તે સાથે આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને લઈને તેઓ વિકસતા સમાજથી અલગ પડી ગયા હતા તેથી તેમનું મોટાભાગનું જીવન તેમની પરંપરાને લઈને ચાલે છે. તેઓના જીવનમાં એવી ઘણી બાબતો છે કે જે પહેલેથી જ ચાલી આવતી હોય તે ચાલુ છે. કદાચ આ બાબત તેમના સમાજ માટે ગૌરવરૂપ હોઈ શકે. પરંતુ સાથે એવી કેટલીક બાબતો છે કે જે તેના માટે બાધારૂપ કે કદાચ શ્રાપરૂપ પણ છે, અને તેથી તેનો સમાજ વર્ષોથી શોષાતો આવેલો છે. તેમની અંધશ્રધ્ધા, તેમની અજ્ઞાનતા, તેમનાં રૂઢિગત ખ્યાલો એ બધામાંથી તેમને બહાર કાઢવામાં આવાં છાત્રાલયોએ પણ આડકતરી રીતે તેમનું યથાયોગ્ય પ્રદાન કર્યું છે.

રાજયમાં અનેક સામાજિક કાર્યકરો અને શૈક્ષણિક સંસ્થાઓએ આ માટે ઘણુ મહત્વનું કામ કર્યું છે અને તે આદિવાસી સમાજ માટે પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાંખ્યું છે. ટૂંકમાં આ બધામાં પરિવર્તન લાવવા માટે છાત્રાલય આર્શીવાદરૂપ નીવડ્યાં છે તેમ કહી શકાય.

## (૬) વ્યાવસાયિક પરિવર્તન

છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં બાળકોમાં આગળ દર્શાવ્યું તે પ્રમાણે નિયમિતતા આવે છે. તે અભ્યાસ છોડી ન દેતાં, વધુ અભ્યાસ કરવા માટે પ્રવૃત્ત બને છે. છાત્રાલયમાં રહીને માધ્યમિક શિક્ષણ લેનાર બાળક ઉચ્ચ શિક્ષણ તરફ જાય છે અને જેઓ પછીથી કોઈપણ પ્રકારની નોકરી કરે છે, અથવા બિન આદિવાસી સમાજના સભ્યો જે પ્રકારનાં વ્યવસાયો કરે છે તે પ્રકારનાં વ્યવસાયો કરતા થાય છે, અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં બાળકોમાં વ્યવસાયિક આકાંક્ષા શું છે ? તે પૂછતાં મોટાં ભાગનાં બાળકોએ પોતાનાં પરંપરાગત વ્યવસાયોને બદલે અન્ય વ્યવસાયોની ઈચ્છા દર્શાવી હતી. જેની વિસ્તૃત ચર્ચા આગળનાં પ્રકરણમાં આવી ગઈ છે. આજે આ બાળકો માટે અન્ય વ્યવસાયો કરવાનું કે

નોકરી કરવાનું શક્ય પણ બન્યું છે કેમ કે રાજય સરકાર તરફથી તેમને નવા વ્યવસાયો માટે લોન મળે છે, નોકરી માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. આજે રાજયમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરેલાં કેટલાંક વિદ્યાર્થીઓમાંથી સરકારી નોકરીમાં ઉચ્ચ સ્થાને રાજકીય આગેવાનો તરીકે કે અન્ય વ્યવસાય કરતાં જોઈ શકાય છે. અમુક બાળકોએ તો છાત્રાલય જીવનને પચાવ્યું છે તેના મહત્વને સમજયા છે અને તેથી કોઈ સ્થળે એવા બાળકોએ પોતે જ છાત્રાલયો ચાલુ કર્યા હોય તેવા દાખલાં છે. તો કોઈ વળી સમાજસેવાના કાર્યમાં છે.

**(૭) શોષણ વિમુખતા**

નિરક્ષરતાને લઈને આદિવાસી સમાજમાં તેમનું શોષણ થતું હતું. તે આજે શિક્ષણના પ્રસારને લઈને દૂર થયું છે. જે બાળકો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી ફરી પાછા પોતાના સમાજમાં ગયા છે ત્યાં તેમને રોજબરોજનાં જીવનવ્યવહારમાં પણ રસ લેવા માંડ્યો છે. જે લોકો દ્વારા તેમનું શોષણ થતું હતું તેમને તેઓ ઓળખવા લાગ્યા છે. તેઓ કઈ કઈ રીતે શોષણ કરે છે તેમનો ખ્યાલ પણ તેમને આવતો ગયો છે અને આ બધામાંથી આદિવાસી સમાજને મુક્ત કરવા માટે તેઓ પ્રયત્નશીલ રહે છે. આની અસર જોઈએ તેટલી થઈ નથી. પરંતુ ભવિષ્યમાં આને લઈને જે શોષણની બાબતમાં ઘણું થશે તેમાં કોઈ શંકા નથી.

**(૮) લોકજીવનનું કેન્દ્ર**

છાત્રાલયો એ લોકજીવનનું કેન્દ્ર પણ છે. છાત્રાલયમાં બાળકોના વિકાસને ધ્યાનમાં રાખી બાળકો તેમની સંસ્કૃતિનાં કેટલાંક તત્વોને જાળવી રાખે તે માટે રાસ-ગરબા, નાટક, ફિલ્મો, સ્લાઈડો, લોકનૃત્યો યોજી સમાજનાં લોકજીવનને ઉપયોગી તેવું કામ કરે છે. આ જ વારસો બાળક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના સમાજમાં જાળવે છે.

**(૯) અરસપરસનું ઉત્તરદાયિત્વ**

છાત્રાલયમાં જે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે તેમાં અરસપરસનું ઉત્તરદાયિત્વ પણ જોવા મળે છે. છાત્રાલય પોતાના વાર્ષિક ઉત્સવો ઉજવે છે અને તેમાં છાત્રોના વાલીઓને સમાજના આગેવાનોને અને આસપાસના લોકોને નોતરે છે. જયારે ધાર્મિક તહેવારોની ઉજવણીમાં આ જ છાત્રાલયો સમાજનો સાથ પણ મેળવે છે. એ જ રીતે વર્ષમાં અમુક વખતે છાત્રો અને લોક સમૂદાયોના બાળકો વચ્ચે રમત-હરિફાઈઓ ગોઠવી બન્ને સમાજનાં બાળકોને વધુ નજીક લાવે છે. એ જ રીતે ઘણાં છાત્રાલયો અન્ય છાત્રાલયોનાં બાળકોને પોતાને ત્યાં આમંત્રે છે અને ઘણીવાર છાત્રોનાં વાલીઓનું

પણ સંમેલન બોલાવે છે. ટૂંકમાં આ બધાની પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે છાત્રાલયો અને સમાજ એકમેકથી વધુ નજીક આવે.

### (૧૦) એક પ્રેરક ભૂમિકા તરીકે

ગુજરાતના આદિવાસી છાત્રાલયો સમાજ માટે એક પ્રેરક ભૂમિકા રૂપે પણ છે. એ અર્થમાં કે છાત્રાલયોમાં રહીને બાળકોનો શૈક્ષણિક વિકાસ તો થાય જ છે. પરંતુ સાથે સાથે તેમના જીવનનો, સંસ્કારિતાનો વિકાસ અને ચારિત્ર્યનું ઘડતર પણ થાય છે અને આની અસર તેના સમાજ પર પણ પડે છે. આમ છાત્રાલયનો ઉદ્દેશ, શિક્ષણ પૂરતો કે સારા નાગરિકો બનાવવામાં જ પર્યાપ્ત નથી થતો પણ સાચા સેવકો ઘડવાનું કામ પણ સંસ્થા દ્વારા થાય છે.

સમગ્રરીતે જોતાં છાત્રાલયની અસર બાળકો ઉપર અને તેના સારાય સમાજ ઉપર થાય છે. કદાચ તેમાં કયાંય ત્રુટિ લાગે તો આપણે એને ન જોવું જોઈએ અને જે નાનાભાઈ ભટ્ટે કહ્યું છે તેમ ''મહાપુરૂષોના જીવનમાં એક બાજુ તેમના જીવનની ઉચ્ચતા અને બીજી બાજુ તેમના જીવનની આવી તેવી નિર્બળતા આપણને દેખાય ત્યારે આપણા જેવા સામાન્ય માણસોએ તેમના જીવનની મહત્તા ઉપર વધારે લક્ષ આપવું અને આવી નાની મોટી નબળાઈઓ માનવ જીવન સાથે સાથે થોડી ઘણી આવી ગઈ હોય તેને સામાન્ય ગણીને તેના તરફ ઉપેક્ષા કરવી એ જ, મહાપુરૂષોને મેળવવાનો સાચો માર્ગ છે.'' આવું જ છાત્રાલય જીવનનું પણ છે.

## પ્રકરણ-૬

# ગુજરાતનાં આદિવાસી છાત્રાલયો : પ્રશ્નો, તારણો અને સુઝાવો

આદિવાસી બાળકોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે રાજય તરફથી આદિવાસી વિસ્તારોમાં છાત્રાવાસો શરૂ કરવામાં આવ્યા. આમાંના કેટલાંક છાત્રાવાસોનું સંચાલન રાજય સરકાર તરફથી થાય છે. તો મોટાભાગના બીજાં છાત્રાલયો ચલાવવાની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડી છે. આદિવાસી બાળકોમાં શિક્ષણ વધુ પ્રસરે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તન, મન અને ધનથી બધું કરી જ છૂટે છે. આમાં સરકારશ્રી તરફથી નિયમાનુસાર અનુદાન મળે છે.

રાજયમાં આદિવાસી બાળકો માટે છેલ્લા ૪૦-૫૦ વર્ષથી છાત્રાલયો ચાલે છે. આમાં ચડતી પડતી પણ આવી છે. પરંતુ છાત્રાલયોને અભ્યાસરૂપે જોવાનો હજુ સુધી પ્રયાસ થયો હોય તેવું જણાતું નથી. રાજયનાં છાત્રાલયો અત્યારે સંક્રાતિકાળમાંથી પસાર થઈ રહ્યાં છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. છાત્રાલયોને અને તેના સંચાલકોને ઘણા પ્રશ્નો છે. તેમાં કામ કરતાં કાર્યકરો અને બાળકોના પણ કેટલાંક પ્રશ્નો છે અને આ સંબંધમાં વધુ જાણવાની સરકારશ્રીને ઈચ્છા પણ છે. એટલે છાત્રાલય મૂલ્યાંકન અભ્યાસ પ્રવર્તમાન સમયમાં અતિ ઉપયોગી અને જરૂરી અભ્યાસ થશે તેમાં શંકા નથી.

અભ્યાસ દરમિયાન છાત્રાલય વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકો, છાત્રાલયના કાર્યકરો, છાત્રો અને છાત્રોનાં વાલીઓને મળ્યા બાદ છાત્રાલય વ્યવસ્થા સંબંધી તેના જુદાં જુદાં પાસાં સંબંધી ઘણુ ઘણુ જાણવા મળ્યું, આને સુયોગ્ય રીતે સમજવા માટે તેના વિવિધ વિભાગ પાડ્યા છે. જેમાં છાત્રાલયના પ્રશ્નો, એ માટેના શક્ય ઉકેલો, અભ્યાસનાં તારણો અને છાત્રાલય વ્યવસ્થાને વધુ ઉપયોગી કરવા માટેના કેટલાક સૂઝાવો રજૂ કર્યા છે. આ બધાનો યોગ્ય ઉપયોગ થશે તો રાજયનાં છાત્રાલયો અત્યારે જે દ્રષ્ટાંતરૂપે ચાલે છે તેમાં ઉમેરો થશે, અને ગુજરાતના છાત્રાલયો દેશ માટે નમૂનારૂપ બનશે.

### છાત્રાલય વ્યવસ્થાના પ્રશ્નો

#### (૧) છાત્રાલયનું વાતાવરણ

માનવી ઉપર સૌથી વધુ અસર વાતાવરણની પડે છે, અને તેમાં બાળકો ઉપર આ અસર જલ્દીથી વર્તાય છે. આથી છાત્રાલય અને તેની આસપાસ 'છાત્રાલય' જેવું વાતાવરણ લાગવું જોઈએ. આજે ઘણા છાત્રાલયોમાં છાત્રાલયનું વાતાવરણ કેટલેક અંશે ઓછું થતું જતું હોય તેમ દેખાય છે. સૂકું અને મંદ વાતાવરણ, લાદેલું અનુશાસન, આસપાસનો ઘોંઘાટ, ગૃહપતિ સાથે છાત્રોનો આત્મીયતાનો અભાવ આ બધાને લઈને આળસ, અપ્રામાણિકતા, બેધ્યાનપણા અને અસ્થિરતા વગેરે સર્જાય છે.

**(૨) નવા વાતાવરણમાં પ્રવેશતા અનુભવાતી મુંઝવણ**

છાત્રાલયમાંથી બાળક જતા રહેવાનાં કિસ્સા બને છે. બાળક માત-પિતા અને કુટુંબનું પ્રેમાળ વાતાવરણ છોડી નવા, અપરિચિત વાતાવરણમાં આવી પડે છે. આ સંજોગોમાં છાત્રાલયમાં તે બેચેન રહે છે, નિરસ બને છે અને તેને જતા રહેવાનું સતત મન થાય છે.

છાત્રાલયમાં પણ સંચાલકો, ગૃહપતિ, ગૃહમાતા તરફથી આત્મીય હુંફ બાળકોને મળે તો રહેવાની અનુકૂળતા સાધવાની તેને તક મળે.

**(૩) છાત્રાલય જીવનમાં અનુભવાતી મુશ્કેલી**

રહેવામાં અનુકુળતા થયા પછી સમૂહ જીવનમાં પાઠ ભણવા, બધા સાથે રહેવું, પ્રાર્થવું, ભજવું, જમવું, વાંચવું, વિચારવું, સ્વાવલંબી બનવું વગેરેમાં પણ બાળક અનુકૂળ ન બને તેવું પણ બનતું હોય છે.

આમાં જુદા જુદા સમાજમાંથી આવતાં હોવાથી જુદા જુદા સંસ્કાર, ભિન્ન-ભિન્ન ટેવો, વલણો, માન્યતાઓ અને વર્તન હોવાથી સહજ રીતે જ બાળકોને ગમતું નથી.

**(૪) છાત્રાલયમાં વાસ**

અભ્યાસમાં આવરી લીધેલા તેમજ અન્ય છાત્રાવાસો જોયા તેના પરથી એટલું કહી શકાય કે છાત્રાલયમાં છાત્રો સરળતાથી અને વ્યવસ્થિત રીતે રહી શકે તેવી સગવડો ઓછી છે. કાંતો એક નાના રૂમમાં ૧૦ થી ૧૨ છાત્રો રહે છે અથવા તો મોટા હોલમાં બધા જ છાત્રોને સાથે રહેવાનું હોય છે. આ વ્યવસ્થા બાળકોના અભ્યાસ અને વિકાસ માટે બરોબર નથી.

**(૫) ભૌતિક સગવડના પ્રશ્નો**

વિદ્યાર્થી છાત્રાલયમાં રહીને સારી રીતે અભ્યાસ કરી જીવન ઘડતરની કેળવણી મેળવે તે માટે સરકારે કેટલીક લઘુત્તમ ભૌતિક સગવડો નક્કી કરી છે, પરંતુ નિયમાનુસાર આપવી પડતી કેટલીક આવશ્યક સગવડોનો પણ કેટલાંક છાત્રાલયમાં અભાવ છે. જેમકે કેટલાંક છાત્રાલયોમાં પીવાના પાણીની સગવડ, રૂમમાં મોકળાશથી રહી શકે તેવી અને તેટલી જગ્યા, વીજળીનો પૂરતો પ્રકાશ મળી રહે તેવી સગવડ વગેરે.

**(૬) ભોજનના પ્રશ્નો**

ભોજનમાં રુચિનો પ્રશ્ન એક બાજુ રહેવા દઈએ તો પણ છાત્રોને સ્વાસ્થ્યપૂર્ણ, નિયમિત, પૌષ્ટિક અને પ્રમાણસર ભોજન ન મળતું હોય તેવું જોવાયું છે. ઘણાનું એવું કહેવું છે કે ''બાળકોને

ઘરે આનાથી નબળું મળે છે તેથી ચલાવી લે છે.'' ભોજનમાં પણ તેને માટેની સ્વચ્છતા, સફાઈ અને ભોજનની વિવિધતાના કેટલાંક પ્રશ્નો છે.

**(૭) સફાઈ**

છાત્રાલયમાં બાહ્ય સફાઈનું ધોરણ ઠીક-ઠીક સચવાય છે. છતાં થોડા અપવાદો બાદ કરતાં જાજરૂ, પેશાબખાના, તેમાંથી ઉત્પન્ન થતા ખાતરનો પૂરા વૈજ્ઞાનિક ઢબે સદ્‌ઉપયોગ આજના ગામ સમાજ સાથે તેનો અનુબંધ વગેરેનું શિક્ષણ આપવામાં આજના છાત્રાલયો ભાગ્યે જ સફળ થતાં જોઈ શકાય છે.

**(૮) અભ્યાસના પ્રશ્નો**

વિદ્યાર્થીઓનો છાત્રાલયમાં રહેવાનો ઉદ્દેશ સારું શિક્ષણ મેળવવાનો હોય છે. પરંતુ છાત્રાલયમાં સારા અભ્યાસ માટેના વાતાવરણની અને ભૌતિક સગવડની ઉણપોને કારણે છાત્રો સારી રીતે અભ્યાસ કરી શકતા નથી. છાત્રાલયોમાં શૈક્ષણિક માર્ગદર્શનની જરૂર છે.

**(૯) આરોગ્યના પ્રશ્નો**

સરકારશ્રીના નિયમાનુસાર છાત્રાલયમાં દવાઓની પ્રાથમિક સુવિધા રાખવી આવશ્યક છે. આમ છતાં મોટાભાગના છાત્રાલયોમાં આ સુવિધાનો અભાવ છે. બાળકને આરોગ્ય સંબંધી કોઈ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે નાની-નાની બાબતોમાં પણ દવાખાને કે ખાનગી ડોક્ટરને ત્યાં દોડી જવું પડે છે.

આ ઉપરાંત જાજરૂ-મૂતરડીની ગંદકી, બાળકોમાં ચેપી રોગ, આસપાસનું દુર્ગંધ મારતું અને અનારોગ્યમય વાતાવરણ, ભોજનાલયમાં અસ્વચ્છતા, કોઠાર વ્યવસ્થિત ન હોવો વગેરે કારણે છાત્રાલયોમાં આરોગ્ય જોખમાય છે.

**(૧૦) બાળકોમાં જૂની ટેવોને ત્યજવાની મુશ્કેલી**

ખાસ કરીને બાળક છાત્રાલયમાં અનુકૂળ થઈ જાય પછી તેને નિયમિત કાર્યક્રમોમાં ભાગ લેતા કરવા સારી ટેવો પાડવી, તેનામાં સદ્‌ગુણ વિકસાવવા, ચારિત્રનું ઘડતર કરવું, જીવન ઘડતરના પાઠો ભણાવવા વગેરે બાબતોમાં બાળકને પોતાની જૂની ટેવો આડે આવે છે.

**(૧૧) વાલીઓમાં શિક્ષણ અંગેની સૂઝનો અભાવ**

રજામાં ઘરે ગયેલા બાળકને વધુ સમય રોકવો, એકાદ-બે રજા હોય તો પણ બાળકને ઘરે બોલાવવો વગેરેને લીધે બાળકની ઘર તરફથી માયા વધતી જ રહે છે, અને બાળકના આગ્રહ વશ

બની તેનાં શિક્ષણમાં અજાણપણે સૂઝના અભાવને લીધે મા-બાપ ખલેલ પહોંચાડે છે. બાળક ભણે છે તેનાથી ડરી જવાની જરૂર નથી. જે ખરું હોય તે તેની પાસે કરાવવું, જે ખોટું હોય તે કઠોરતાથી પણ દૂર રાખવું. આ કરશે તો વાલીઓ, બાળકોની અને શિક્ષણની વધુ સારી સેવા કરી શકશે.

**(૧૨) કુટુંબનો આર્થિક દરજ્જો**

છાત્રાલયમાં બાળકને રહેવા અને જમવાની સુવિધા મફત છે. આમ છતાં બાળકની પોતાની અંગત જરૂરિયાત માટે થોડા ઘણા પૈસાની જરૂર પડે છે. આવી જરૂરી એવી સુવિધા પૂરી પાડવામાં આર્થિક રીતે અસમર્થ વાલીઓ લાચાર બને છે અને બાળકના શિક્ષણમાં અવરોધ આવે છે. છાત્રાલયમાં પણ 'ગરીબ રાહત નિધિ' જેવી પ્રવૃત્તિ શરૂ કરી તેમાં મદદ આપવાની વ્યવસ્થા થાય તો આ સમસ્યા હલ કરી શકાય.

**(૧૩) ગૃહપતિની મુશ્કેલી**

છાત્રાલય સંચાલન અંગેના નિયમોમાં કેટલીક વિસંગતતાઓ તથા સ્પષ્ટ સુરેખ વહીવટી માળખું ન હોવાને કારણે ગૃહપતિઓ મુંઝવણ અનુભવતા હોય છે અને આ બધામાં છેવટે સહન કરવાનો વારો છાત્રોને આવે છે.

કેટલાક ગૃહપતિઓની દ્રષ્ટિએ તેમના કાર્યક્ષેત્રમાં સંચાલકોનો જે હસ્તક્ષેપ થાય છે તેથી તેમનું કાર્ય વધુ મુશ્કેલ બને છે. છાત્રાલયોમાં છાત્રનું હાજરી-પત્રક, હિસાબ પત્રક વગેરેની કાર્યવાહીમાં સંસ્થાના વડાની સૂચના નિર્ણાયક ગણાય. જો તેમાં ગૃહપતિ વાદવિવાદમાં ઉતરે તો નોકરી છોડવાનો વારો આવે.

**(૧૪) કર્મચારી ગણ**

છાત્રાલય વ્યવસ્થા સંભાળવા અને ચલાવવામાં જે કર્મચારીગણ છે તેની સંખ્યા ઘણી ઓછી છે. વળી, કર્મચારીગણને જે વેતન આપવામાં આવે છે તે તો ઘણું ઓછું છે. આને લઈને કર્મચારીગણ છાત્રાલયમાં સ્થિરતાથી રહેતા નથી. હાલમાં તો એમ કહી શકાય કે તેઓને અન્ય કંઈ કામ ન મળવાથી છાત્રાલયમાં રહે છે. આની અસર છાત્રાલય વ્યવસ્થા, છાત્રાલય સંચાલન અને બાળકોના ઘડતર પર પણ પડે છે. આથી છાત્રાલય વ્યવસ્થાના આ મહત્વના અને પાયાના પ્રશ્ન તરફ વધુ ધ્યાન આપવાની તાતી આવશ્યકતા છે.

**(૧૫) સરકારી અનુદાન**

છાત્રાલયના મકાન, કૂવા વગેરેના ખર્ચ માટે આપવામાં આવતું અનુદાન ઘણું ઓછું છે, જેટલું અનુદાન નક્કી કરવામાં આવે છે તેનાથી યોગ્ય સુવિધાવાળું મકાન બની શકતું નથી. ઘણીવાર

મકાન બનાવવાની અરજી કર્યા બાદ તેની મંજૂરી બે-ત્રણ વર્ષે મળે છે. આ સમય દરમિયાન મકાન બાંધવા માટેની જરૂરી સામગ્રીની કિંમત વધી ગઈ હોય છે. જયારે આ સંબંધે અનુદાન જૂના અંદાજો મુજબ જ આપવામાં આવે છે. આથી છાત્રાલય મકાન બાંધકામ માટેના નિયમોમાં ફેરફાર કરી નિયમો વ્યવહારુ અને ઉપયોગી કરવા જોઈએ.

**તારણો :**

અગાઉ છાત્રાલય અભ્યાસ સંબંધી આપેલ પ્રકરણો અને તેના વિશ્લેષણથી કેટલાક સ્પષ્ટ તારણો નીકળે છે.

(૧) જે જે આદિવાસી વિસ્તાર (જિલ્લા)માં આદિવાસી છાત્રાવાસો ઉપર વધુ ધ્યાન અપાયું છે ત્યાં આદિવાસી શિક્ષણનું પ્રમાણ વધુ છે. એટલે છાત્રાવાસોને શિક્ષણના અભિન્ન અંગ તરીકે ગણીને એને વધારવા અને વિકસાવવા પ્રયત્નો થવા જોઈએ.

(૨) જયાં જયાં સરકારી અને બિન સરકારી પ્રયત્નો છાત્રાવાસ માટે થયા ત્યાં સમગ્ર દ્રષ્ટિએ આદિવાસી છાત્રાવાસીની અને આદિવાસી શિક્ષણની સ્થિતિ ઘણી સારી છે. સ્વૈચ્છિક સંસ્થાઓને આ કામમાં વધુને વધુ સામેલ કરવી જોઈએ.

(૩) આદિવાસી કન્યાઓ માટે હજી વધુ છાત્રાવાસોની વ્યવસ્થા થવી જરૂરી છે.

(૪) હવે છાત્રાવાસો એવી જગ્યાએ કાઢવાં જોઈએ કે એમાં વસતાં બાળકોનાં ગામોથી એ બહુ દૂર ન હોય.

(૫) આરોગ્યપ્રદ વાતાવરણમાં છાત્રાલય શરૂ કરવા બાબતે મોટાભાગના સંચાલકોએ તકેદારી રાખી છે; છતાં છાત્રાલય વાતાવરણ ઊભું કરવા તરફ વધુ ધ્યાન આપવું જોઈએ.

(૬) છાત્રોને રહેવા માટે રૂમમાં ૪૦ ચો.ફૂટની જે સગવડ નિયમની રીતે નક્કી કરી છે તે પ્રમાણેની સગવડ સંચાલકો ઉભી કરી શક્યા નથી.

(૭) જે છાત્રાલયોમાં જાજરૂની સવલત છે તેવાં છાત્રાલયમાં છાત્રો આ સુવિધાનો બહુ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

(૮) મુલાકાત લીધેલ છાત્રાલયમાંથી માત્ર ચારથી પાંચ છાત્રાલયમાં જ પ્રાથમિક સારવારની દવાની પેટી જોવા મળી હતી.

(૯) છાત્રોનાં વાલી પાસેથી વાલી ફાળો લેવામાં આવે છે. જેનો ઉપયોગ દૈનિક વર્તમાનપત્રો અને સામયિકો માટે થવો જોઈએ. પરંતુ મોટાભાગના સંચાલકો આનો ઉપયોગ અન્ય રીતે કરે છે.

(૧૦) આદિમજૂથનાં છાત્રોને ખાસ કિસ્સામાં નિયમમાં છૂટછાટ મૂકીને પણ છાત્રાલયમાં પ્રવેશ આપવાનું ઠરાવ્યું હોવા છતાં તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો નથી.

(૧૧) હાલ ભોજન પેટે અપાતાં અનુદાનમાં ભોજન ખર્ચ સાથે બળતણ, દળામણ, પાણી ખર્ચ, દવા અને વીજળી ખર્ચને ગણવામાં આવે છે. આથી છાત્રોને પૂરતો અને પૌષ્ટિક ખોરાક અપાતો નથી.

(૧૨) જે શાળાનું પ્રતિવર્ષ ધો.૧૦નું પરિણામ સારું આવે છે તેવી શાળા સાથેના છાત્રાલયમાં છાત્રોનો ધસારો વધારે પ્રમાણમાં રહે છે.

(૧૩) છાત્રાવાસોમાં પ્રતિવર્ષ કેટલાંક બાળકો પ્રવેશથી વંચિત રહે છે.

(૧૪) જે વાલીઓનાં બાળકો છાત્રાલય પ્રવેશથી વંચિત રહી જાય છે તેમાંના જે વાલીઓની આર્થિક સ્થિતિ સારી હશે તેઓ સ્વખર્ચે પણ બાળકોને છાત્રાલયમાં મૂકી અભ્યાસ કરાવે છે.

(૧૫) એવું ચર્ચાઈ રહ્યું છે કે નિવાસી શાળા શરૂ થતાં છાત્રાલયમાં છાત્રોની સંખ્યા ઘટશે, પરંતુ વાસ્તવિકતા એ છે કે નિવાસી શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી રાજયના કોઈપણ સ્થળનો અનુસૂચિત જનજાતિનો વિદ્યાર્થી હશે.

(૧૬) નવાં છાત્રાલયો ઉંડાણનાંગામોમાં શરૂ કરવાં જોઈએ.

(૧૭) નવાં છાત્રાલયો શરૂ કરતાં છાત્રાલયનાં ગામ સિવાય નજીકનાં ગામોમાં ૫ થી ૭ ધોરણની શાળા ન હોય તો છાત્રાલયની માન્ય સંખ્યાના ૧૫ ટકા બાળકો આવા ગામનાં હોય તો તેને પણ ખાસ કિસ્સા તરીકે ગણીને છાત્રાલયમાં પ્રવેશ આપવો જોઈએ.

**સુઝાવો**

છાત્રાલય સંબંધી સુઝાવો ત્રણ વિભાગમાં વહેંચ્યા છે. (૧) સરકાર માટેના (૨) સંચાલકો માટેના (૩) ગૃહપતિ માટેના

**૧. સરકાર માટેનાં સુઝાવો**

**(અ) છાત્રાલય વ્યવસ્થાનાં સંદર્ભમાં**

(૧) આદિવાસી વિસ્તારમાં મોટાભાગે ચાર ધોરણ સુધીની શાળા હોય છે. ૫, ૬, ૭ ની શાળા કે માધ્યમિક શાળા નજીકમાં ન હોવાથી બાળકો આગળ ભણી શકતાં નથી. આથી ૫ કિ.મી.ના વિસ્તારમાં એક છાત્રાલય હોય તો તેઓ આગળ અભ્યાસ કરી શકે.

(૨) સરેરાશ ૨૦ માધ્યમિક છાત્રાલય દીઠ એક છાત્રાલય ધો.૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે હોવું જોઈએ.

(૩) ૫ થી ૧૦ પ્રાથમિક શાળાના જૂથ વચ્ચે એક માધ્યમિક શાળા અને ૪ થી ૫ માધ્યમિક શાળાના જૂથ વચ્ચે એક ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલય અને મોટું છાત્રાલય હોવું જોઈએ. આ મુજબની અલગ વ્યવસ્થા સરકારશ્રીએ વિચારવી જોઈએ.

(૪) કોઈપણ સંજોગોમાં બે માઈલથી વધારે ચાલીને શાળામાં જવું પડે એમ હોય ત્યાં શાળા સાથે છાત્રાલય પણ રાખવું.

(૫) છાત્રાલય માટે પંચાયત તરફથી જો જમીન મળે તો જમીન સંબંધમાં વધુ ભાંજગડમાં ન પડવું જોઈએ.

(૬) સંચાલકોને સમાજકલ્યાણ ખાતા તરફથી મકાન અંગે નકશો આપવો જોઈએ, અને તે પ્રમાણે સંસ્થા મકાન બનાવે તેવું કાંઈક કરવું જોઈએ. મકાન અંગ્રેજી અક્ષર E કે C આકારનું હોય તે ઈચ્છવા યોગ્ય છે.

(૭) જે સંસ્થા સારી રીતે ચાલી હોય ત્યાં પ્રતિવર્ષ માન્ય સંખ્યા વધારવી જોઈએ.

(૮) માન્ય સંખ્યા પ્રથમથી ૪૦ કરવી જોઈએ.

(૯) એક સંચાલક મંડળ નીચે કેટલાં છાત્રાલય આપવા તેનું મહત્તમ મર્યાદાનું ધોરણ નક્કી કરવું જોઈએ.

(૧૦) બિનઆદિવાસી જિલ્લામાં આદિવાસીની વસતિ છે, તેવાં જિલ્લામાં નવાં છાત્રાલય શરૂ કરવાં જોઈએ.

(૧૧) આદિવાસી કન્યાઓ માટે વધુ છાત્રાલયોની વ્યવસ્થા થવી જોઈએ.

(૧૨) છાત્રાલયોનું નિરંતર નિરીક્ષણ થવું જોઈએ અને સ્વયંપૂર્ણ છાત્રાલયો કેમ ચલાવવા એ વિષે સલાહ આપનાર મંડળ ઉભું કરવું આવશ્યક છે.

(૧૩) અમુક છાત્રાલયોમાં પીવાના પાણની સુવિધા પૂરતી ન હોય તેવું જોવામાં આવ્યું. દરેક છાત્રાલયને પૂરતું પાણી મળી રહે તે આવશ્યક છે.

(૧૪) દરેક છાત્રને સૂવા માટે પાટ, પાથરવા માટે શેતરંજી અને ઓશીકું તો મળવા જ જોઈએ.

(૧૫) છાત્રાલય ફરતી દિવાલ અથવા તારની વાડ કરી આપવાની વ્યવસ્થા થાય તો સારું.

(૧૬) છાત્રાલયમાં સંગીત શિક્ષકની નિમણુંક થાય તો સારું.

(૧૭) છાત્રાલયમાં છાત્રોને શૈક્ષણિક જ્ઞાન મળી રહે તે માટે ટી.વી. આપવા જોઈએ.

(૧૮) છાત્રાલય સાથે આરોગ્ય સુવિધા હોવી જોઈએ.

(૧૯) છાત્રોને આરોગ્ય અને બુધ્ધિ વિકાસને લગતાં ચિત્રો બતાવવાં જોઈએ.

(૨૦) છાત્રોના સારા અભ્યાસ માટે છાત્રાલયમાં કોચીંગ વ્યવસ્થા છે. પરંતુ આનો સમયગાળો ટૂંકો છે, આથી આ વ્યવસ્થા વધુ સમય માટે ચાલે તેમ કરવું, અમુક છાત્રાલયમાં આનું અમલીકરણ થતું ન હોય તેવું જોવામાં આવ્યું છે. છાત્રોના શૈક્ષણિક વિકાસ માટે કોચીંગ વ્યવસ્થા અનિવાર્ય ગણવી જોઈએ.

(૨૧) સરકારશ્રી દ્વારા ચાલતાં અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતાં છાત્રાલયોનો તુલનાત્મક અભ્યાસ અને મૂલ્યાંકન થવાં જોઈએ.

(૨૨) મકાન, જમીન, પાણી વગેરેમાં ઉદાર નીતિ રાખવી જોઈએ. આ સુવિધા આપવાથી ગરીબ ગામડામાં આ કામ થઈ શકશે.

(૨૩) છાત્રાલય વ્યવસ્થા વધુ સુધરે તે માટે સંપર્ક અધિકારીની નિમણૂંક કરવી જોઈએ.

(૨૪) છાત્રાલય સંચાલનને જો વ્યવસ્થિત અને ફળદાયી બનાવવું હોય તો શાળા સાથે તેનું સુયોગ્ય અનુસંધાન કરવું જ પડે.

(૨૫) છાત્રાલયના વિદ્યાર્થીઓ બધા કામમાં અનુભવી બને અને છાત્રાલય એક સુંદર સુઘડ ઘર જેવું બની રહે તે જોવું અતિ આવશ્યક છે.

**(બ) ગૃહપતિ-ગૃહમાતાના સંદર્ભમાં :**

(૨૬) ગૃહપતિ-ગૃહમાતાને સંચાલનની તાલીમ આપવી જોઈએ અને આ માટે ગૂજરાત વિદ્યાપીઠે તાલીમ શરૂ કરેલ છે. તેનો ઉપયોગ કરવો જોઈએ. એવું જણાયું છે કે ગૃહપતિ બાળકોનું માનસ, તેમનાં શિક્ષણની અભિરુચિ વગેરે જાણતા નથી. આ બધા વિષે ગૃહપતિને તાલીમ આપવી જોઈએ.

(૨૭) પત્રાચાર દ્વારા ગૃહપતિઓની તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ.

(૨૮) છાત્રાલય સંચાલનની સમગ્ર કાર્યપ્રણાલી ગૃહપતિને આવડવી જોઈએ.

(૨૯) શિક્ષણની સંકલ્પના પ્રમાણે છાત્રાલય સંચાલન કળા જટિલ થતી જાય છે ત્યારે ગૃહપતિ-ગૃહમાતામાં એ જટિલતા દૂર કરવાના કૌશલ્યો, જ્ઞાન અને હૈયાસુઝ હોવા જોઈએ.

(૩૦) ગૃહપતિને વર્ષમાં એકાદવાર અન્ય છાત્રાલયની મુલાકાત લેવાની છૂટ આપવી જોઈએ.

(૩૧) ગૃહપતિ/ગૃહમાતા અને રસોઈયાઓને તેમના અભ્યાસ અને અનુભવને ધ્યાનમાં લઈ તેમને મેટ્રિક, સ્નાતક કે ટ્રેઈન્ડ સ્નાતક સમકક્ષ પગાર, પ્રો.ફંડ ભથ્થાં વગેરે આપવાં જોઈએ.

(૩૨) ગૃહપતિ/ગૃહમાતા અને રસોઈયાઓને પગાર નિયમિત મળે તે માટેની આચારસંહિતા ઘડવી જોઈએ અને તેમની નોકરીની સલામતી હોવી જોઈએ.

(૩૩) સ્વૈચ્છિક રીતે ચાલતાં છાત્રાલયનાં ગૃહપતિ અને રસોઈયાઓની નિમણુંક અને નોકરીમાંથી રાજીનામું મંજૂર કરવા અંગેની સત્તા સરકારે પોતાનાં હસ્તક લેવી જોઈએ. ગૃહપતિની નિમણૂંક થયા પછી તેમને છૂટા કરતા સમયે સમાજકલ્યાણ અધિકારી પાસે નિવેદન કરવાનું અનિવાર્ય ગણાવું જોઈએ. જેથી સંચાલકો પોતાની મરજી મુજબ ઈચ્છે ત્યારે ગૃહપતિને છૂટા ન કરી શકે.

(૩૪) રસોઈયાઓને પણ સારું અને પૌષ્ટિક ભોજન બનાવવાની અને રસોડાની સારી સફાઈ માટેની તાલીમ આપવી જોઈએ. હાલમાં ગૂજરાત વિદ્યાપીઠના પ્રૌઢ શિક્ષણ વિભાગે આ તાલીમ વર્ગ કર્યો હતો. આવા બીજા તાલીમ વર્ગો કરાવી તેમાં રસોઈયાઓને તાલીમ અપાવવી જોઈએ.

**(ક) સરકારશ્રી તરફથી મળતા અનુદાન ગ્રાન્ટ સંબંધી :**

(૩૫) એક સંચાલક મંડળ દ્વારા વધુ સંસ્થાઓ ચાલતી હોય તેવા કિસ્સા છે. જેમાં ગ્રાન્ટ સંસ્થાની મુખ્ય કચેરીમાં અપાય છે. પરંતુ અવલોકન અને ચર્ચા દ્વારા એવું લાગ્યું કે દરેક સંસ્થાવાર જ ગ્રાન્ટ આપવી જોઈએ. આ પણ પૂરતું નથી. સંસ્થાવાર ગ્રાન્ટ વપરાવી જોઈએ અને તેને સંચાલન મંડળની બીજી સંસ્થાઓની ગ્રાન્ટ સાથે ભળી જતી અટકાવવી જોઈએ.

(૩૬) છાત્રાલયો ચલાવવામાં અનુકૂળતા રહે તે માટે એડવાન્સ ગ્રાન્ટ બે હપ્તામાં આપવી જોઈએ, પહેલો હપ્તો જૂલાઈમાં અને બીજો હપ્તો માર્ચમાં આપવો જોઈએ. હાલ ચાર હપ્તે ગ્રાન્ટ અપાય છે. પરંતુ તેમાં નિયમિતતા જળવાતી નથી, વળી, સમાજ કલ્યાણની કચેરી પર એથી ભારણ વધે છે. આ અંગે ખાસ સૂચન એ છે કે આમ સમયસર ગ્રાન્ટ સંસ્થાને ન મળતાં સંસ્થાઓ ઉધાર ખરીદે છે તેથી ભાવ અને ગુણવત્તા બંનેમાં સહન કરવું પડે છે.

(૩૭) છાત્રાલયને નિયમાનુસાર ગ્રાન્ટ મળી રહે તે જોવું જોઈએ, છાત્રદીઠ ભોજન ગ્રાન્ટ રૂ.૧૫૦-૦૦ તો હોવી જ જોઈએ. સરકારે છાત્રાલય માટે જે કોઠાર કાઢવાનું નક્કી કર્યું તેની ગણતરી કરીએ તો માસિક રૂ. ૧૩૪-૦૦ થવા જાય છે. જ્યારે અત્યારે છાત્રદીઠ ગ્રાન્ટ માત્ર રૂ.૧૦૦-૦૦ અપાય છે.

(૩૮) ભોજન સાથે અન્ય ખર્ચ જેવાકે બળતણ, વીજળી, પાણીખર્ચ વગેરેને ભેગા ન ગણવા જોઈએ, છાત્રાલય માટે થતા મુસાફરી ખર્ચ, પાણી ખર્ચ અને સ્ટેશનરી ખર્ચ અનુદાન માટે માન્ય ગણવા જોઈએ.

(૩૯) છાત્રદીઠ દર એકાંતરે વર્ષે સાધન ગ્રાન્ટ માટે રૂા.૫૦-૦૦ આપવા જોઈએ. તેમાંથી છાત્રાલયને ઉપયોગી કોઈપણ સાધનો ખરીદી શકાય. સાધન ગ્રાન્ટ વધુ મળે તો જ છાત્રાલયો સાધન સજ્જ બની શકે.

(૪૦) ગ્રાન્ટ સંબંધી વિચાર પ્રતિવર્ષે કરવો જોઈએ.

(૪૧) આદિજાતિ પેટાયોજના કચેરી, જિલ્લા આયોજન મંડળ વગેરેએ પણ પોતાનાં વિસ્તારનાં છાત્રાલયો માટે સાધન ગ્રાન્ટ આપવી જોઈએ.

(૪૨) ૧૯૮૫-૮૬ થી રમત-ગમત અને સામયિકોની ગ્રાન્ટ બંધ કરી છે તે તાકીદે ચાલુ કરવી જોઈએ.

(૪૩) છાત્રો માટે પ્રવાસ આયોજન ગ્રાન્ટ આપવી જોઈએ.

(૪૪) મકાન બાંધકામ અને તેને વિસ્તારવા માટે નાના હપ્તાની અને લાંબાગાળાની ઓછા વ્યાજની લોન સરકારે આપવી જોઈએ.

**૨. સંચાલકો માટેના સૂચનો**

(૧) રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ આદિવાસી શિક્ષણ વિકાસમાં સુંદર યોગદાન આપ્યું છે. સ્વૈચ્છિક સંસ્થાઓની ભવ્ય પરંપરા આપણા રાજયમાં છે. એટલે શિક્ષણ ક્ષેત્રે બીજાં રાજયોની સરખામણીમાં આપણે ત્યાં ઘણી સારી કામગીરી થઈ છે. આ બાબતમાં સંચાલકોએ વધુ કાર્યક્ષમ કામ કરી પ્રણાલિકા જાળવી રાખવી જોઈએ.

(૨) રાજયમાં હવે ઉંડાણના વિસ્તારમાં નવાં છાત્રાલયો ચાલુ કરવા સંચાલકોએ આગળ આવવું જોઈએ.

(૩) છાત્રાલય સાથે જો જમીનની સગવડ રાખી, કેળા પપૈયા ઉગાડવાનું નક્કી કરે, તેમજ થોડાં શાકભાજી પણ ઉગાડે તો ઝાઝા ખર્ચ વિના બાળકોને ઉત્કૃષ્ટ ખોરાક મળી રહે.

(૪) છાત્રાલયમાં ગૌણ વ્યવસાય તરીકે કોઈ ઉદ્યોગ ગોઠવવો જોઈએ. દા.ત. વસ્ત્રવિદ્યા, ઈલેકટ્રોનિક્સ, સાઈકલ, રેડિયો રીપેરીંગ વગેરે ગોઠવી શકાય.

(૫) છાત્રાલયમાં આદિવાસી વિદ્યાર્થીઓ સોગિયા ન બની જાય કે બીજાં આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં પોતે કંઈક જુદા છે એવો અહંભાવ સેવતા ન થઈ જાય એની કાળજી રાખવી.

(૬) છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી છાત્રાલય કામમાં મદદરૂપ થાય એવી રીતે વ્યવસ્થા કરવી.

(૭) છાત્રોના રહેવાના ઓરડાની સફાઈ, પાણી ભરવું, કપડાં ધોવાં, વાસણ માંજવા વગેરે બધા કામો માટે નોકર ન હોય. પરંતુ તે કામો બાળકો જાતે જ કરે એવી વ્યવસ્થા કરવી. આ તથા આવા પ્રકારનાં કામો દરેક છાત્ર કરતો થાય તો તેની પાછળ ખર્ચેલો પૈસો લેખે લાગે તેમ બને અને તે ઘરે જશે ત્યારે ઘરમાં પણ સહેજે સંકોચાશે નહિ.

(૮) ઘણા છાત્રાલયોમાં રૂમની લંબાઈ પ્રમાણે પ્રકાશ માટે ગોળાની સુવિધા પૂરતી નથી હોતી તો દરેક બાળકને પ્રકાશ મળી રહે તે જોવું જોઈએ.

(૯) બાળકોનો સામાન વ્યવસ્થિત રહી શકે તે માટે રૂમોમાં કબાટની વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૧૦) છાત્રાલયો માટે સ્થાનિક આરોગ્ય કેન્દ્ર જોઈએ. જેમાં ઘણા સરકારશ્રી સાથે મળી કરવાનાં રહેશે. તેમાં બાળકોના આરોગ્યની તપાસ થવી જોઈએ.

(૧૧) જે છાત્રાલયોમાં જાજરૂની સુવિધા છે તેવાં છાત્રાલયોનાં બાળકો જાજરૂ માટે બહાર જતા હોય તેવું જોવામાં આવ્યું. બાળકો જાજરૂ માટે બહાર જ કેમ જાય છે તે જાણવું જોઈએ. બાળકો જાજરૂનો ઉપયોગ કરતા થાય તેવું તેમને સમજાવવું જોઈએ. આમ કરવાથી બાળકોમાં ટેવ કેળવાશે. વળી, સફાઈકામ પણ તેના દ્વારા કરાવવાથી સફાઈ અંગેની જાગૃતિ પણ આવશે.

(૧૨) દરેક બાળકને અઠવાડિયે એક સાબુ મળે તેવી જાતની વ્યવસ્થા કરવી જોઈએ.તેથી બાળક સ્વચ્છ રહી શકે.

(૧૩) છાત્રાલયના નિરીક્ષણ માટે વાલી મંડળ પણ સ્થાપવું જોઈએ.

(૧૪) છાત્રાલયની સમિતિમાં સમાજમાંથી પણ સભ્યોને લેવા જોઈએ.

(૧૫) છાત્રાલયમાં વધુ અભ્યાસ અંગેના માર્ગદર્શન માટે સરકારી કે બિન સરકારી તજજ્ઞોની મદદ મેળવવી જોઈએ.

(૧૬) છાત્રાલયના સંચાલનને જો વ્યવસ્થિત અને ફળદાયી બનાવવું હોય તો શાળા સાથે તેના સુયોગ્ય અનુબંધ કરવો જોઈએ.

(૧૭) ગૃહપતિને વર્ષમાં એકાદ વખત અન્ય છાત્રાલયો જોવાની છૂટ આપવી જોઈએ.

૩. **ગૃહપતિ-ગૃહમાતા માટેનાં સુઝાવો :**

(૧) ગૃહપતિ-ગૃહમાતાએ વિદ્યાર્થીઓ સાથે ભોજન કરવું જોઈએ.

(૨) ગૃહપતિ ગૃહમાતાએ છાત્રોનું મિત્ર બનવું જોઈએ, ફોજદાર નહિ.

(૩) ગૃહપતિ-ગૃહમાતાનું જીવન, વ્યક્તિત્વ વગેરે નમૂનારૂપ હોવું જોઈએ જેથી છાત્રો તેમાંથી શીખ લે.

(૪) છાત્રાલય જીવન એ વ્યક્તિત્વ ઘડવાની પ્રયોગશાળા છે એટલે તેના ગૃહપતિએ છાત્રોના નેતા તરીકે કામ કરવાનું હોય છે અને બાળકોમાં નવાં મૂલ્યો કેળવવાનાં હોય છે.

(૫) ગૃહપતિ લોકશાહી વલણવાળા જોઈએ, આ વલણ તેનાં વર્તનમાં પાયારૂપ હોવું જોઈએ.

(૬) છાત્રનાં શ્રધ્ધા તેમજ વિશ્વાસનું પાત્ર ગૃહપતિએ બનવું જોઈએ. તેથી છાત્ર કુમાર્ગે જતાં અટકશે. આ અંગે ગૃહપતિએ પોતાનાં આંતરિક જીવન શુધ્ધ રહે તે માટે જાગૃતપણે જહેમત ઉઠાવવી જોઈએ.

(૭) છાત્રાલય સંસ્થા મનોવિજ્ઞાનની એક પ્રયોગશાળા છે. એ પ્રયોગશાળામાં કામ કરનાર પાસે મનોવિજ્ઞાનનું જ્ઞાન જોઈએ. વિજ્ઞાન મારફત પ્રયોગ કરવાની આવડત જોઈએ, અને પછી પરિણામો ઉપરથી નવી નવી પદ્ધતિઓ શોધવાની કુશળતા જોઈએ. ગૃહપતિમાં આ બધું જ હોય તો જ ગૃહપતિ વિદ્યાર્થીઓમાં સાચું ચારિત્ર ઘડતર કરી શકે.

(૮) છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી છાત્રાલય કામમાં મદદરૂપ થાય એવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) છાત્રાલયનું પ્રેરકબળ બનતાં તેને આવડવું જોઈએ.

## પરિશિષ્ટ-૧

## ગુજરાતનાં આદિવાસી છાત્રાલય : મૂલ્યાંકન અભ્યાસ

**નિરીક્ષણ બિંદુઓ :**

(૧) છાત્રાલયની આદિવાસી સમાજ ઉપર અસર, (શિક્ષણ, સામાજિક રીત-રિવાજ, પરંપરાગત ધાર્મિક માન્યતા, ખોરાક, રહેઠાણ, બાળકની ઘરની અને છાત્રાલયની દિનચર્યા)

(૨) છાત્રાલયમાં બાળકના રહેવાથી કુટુંબમાં શું ફેરફાર થાય છે તે જોવું.

(૩) ગૃહપતિ અને બાળકો, ગૃહપતિ અને વાલી, બાળકો અને વાલીના સંબંધો. તેમાં છાત્રાલય નિવાસ, ભોજન, શિક્ષણ, પિતાના વ્યવસાયમાં બાળકોની મદદ વગેરે તપાસવું.

(૪) નિયમિત અનુદાન સિવાય છાત્રાલય માટેની જરૂરિયાતની વસ્તુ સરકાર તરફથી કેટલી મળી. (છેલ્લાં બે વર્ષમાં)

**બાળકોને ખ્યાલમાં રાખીને :**

(૧) બાળકોને છાત્રાલયમાં આવવાની પ્રેરણા કઈ રીતે થઈ ?

(૨) તમારા વાલી વર્ષમાં કેટલીવાર તમોને મળવા આવે છે ? આવે ત્યારે તમોને શું સૂચના આપે છે ?

(૩) બાળકને શિષ્યવૃત્તિ કેટલી મળે છે ? તેનો ઉપયોગ શું કરે છે ?

(૪) હાજત પછી બાળકો સંડાસમાં પાણી રેડે છે ?

(૫) જાજરૂની સફાઈ કેટલા દિવસે ? અને કઈ રીતે ?

(૬) નાવણિયાની સુવિધા અને તે બંધ કે ખુલ્લાં ? તેનાં બારણા બંધ થાય છે ખરાં ?

(૭) વીજળી દરરોજ રહે છે ?

(૮) બાળકોને પ્રાયોગિક જરૂરિયાતમાં શું અપાય છે ? જે અપાય છે તેમાંથી પાછું શું શું લેવામાં આવે છે ?

(૯) આ વસ્તુઓ ખરેખર બાળકો પાસે છે ખરી ?

(૧૦) રસોડાની સફાઈ, ધૂમાડો જવાની સગવડ વગેરે જોવું.

(૧૧) છાત્રાલયમાં રહીને અભ્યાસ પૂરો કરેલ બાળકોનો પોતાનો છાત્રાલય અંગેનો અભિપ્રાય

(૧૨) સમાજ, રાજનીતિ વગેરે વિષે જાણવું.

## પરિશિષ્ટ-૨

## ગુજરાતનાં આદિવાસી છાત્રાલય : મૂલ્યાંકન અભ્યાસ

**મુલાકાત માર્ગદર્શિકા**

(૧) છાત્રાલયમાં તાલુકા બહારના કેટલા વિદ્યાર્થીઓ

(૨) છાત્રાલય પાસે ખેતીની જમીન હોય તો ખેતી કામમાં બાળકોનો ઉપયોગ કરાય છે ? જો બાળકોનો ઉપયોગ કરાતો હોય તો તેને કંઈ વેતનરૂપે અપાય છે ?

(૩) છાત્રાલયમાં દાખલ થવા માટે ચાલુ સાલે કેટલી અરજી આવી હતી ?

(૪) છાત્રાલયમાં દાખલ થતા છાત્રોનાં વાલીના આવકના દાખલા લેવાય છે ?

(૫) છાત્રાલયમાં રજાના દિવસોનું કોઠાર પત્રક ભરાય છે કે કેમ ?

(૬) છાત્રાલયને કેટલા માસની ગ્રાન્ટ મળે છે ?

(૭) વર્ષમાં દરેક રજા સહિત છાત્રાલય કેટલા સમય માટે બંધ રહે છે ?

(૮) ગૃહપતિનો બાળકો અને તેનાં વાલી અંગેનો અભિપ્રાય

(૯) છાત્રાલયને ચલાવવામાં કઈ કઈ મુશ્કેલી નડે છે? તેના નિવારણ માટેના ગૃહપતિના અભિપ્રાયો.

(૧૦) ભોજન પત્રકની નોંધ, ભોજનનું સમય પત્રક

(૧૧) ભોજનની સામગ્રી વિદ્યાર્થીદીઠ કેટલી કાઢવામાં આવે છે ?

(૧૨) દૈનિક હાજરી અને કાઢેલ ભોજનની સામગ્રીની સરખામણી કરવી.

(૧૩) સમાજકલ્યાણ અધિકારી છાત્રાલય અંગે જે કાંઈ સૂચન કરે તેનો અમલ કઈ રીતે કરાય છે ?

(૧૪) છાત્રાલયમાં કર્મચારીની પસંદગી કઈ રીતે થાય છે ?

(૧૫) સંચાલક મંડળના હોદ્દેદારો, નામ, કામ, શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિની માહિતી

(૧૬) મનોરંજનની પ્રવૃત્તિ, તેમાં કેટલાં બાળકો ભાગ લે છે ?

(૧૭) વધારાના શિક્ષણ (કોચીંગ) ની વ્યવસ્થા છે ? કેટલા સમય માટે ? કયા વિષય માટે વગેરે અંગે જાણવું.

(૧૮) છાત્રાલયમાં કામ કરતા કર્મચારી : મૂળગામ/જમીન/અહીં (છાત્રાલયમાં) બીજું કોણ કોણ, તે નોકરી કરે છે ? તેઓ કયાં કામ કરે છે? તેઓ છાત્રાલયમાં સાથે રહે છે ?

## પરિશિષ્ટ-૩

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

**ગુજરાતનાં આદિવાસી છાત્રાલયો : મૂલ્યાંકન અભ્યાસ (૧૯૮૬-૮૭)**

**(ક) પરિચયાત્મક માહિતી :**

૧. છાત્રાલયનું નામ :

૨. ગામ : તાલુકો : જિલ્લો :

૩. સરકારી/સ્વૈચ્છિક :

૪. સ્થાપના વર્ષ :

૫. વહીવટ કરનાર સંસ્થાનું નામ
અને સરનામું :

૬. આ સંચાલન સંસ્થા હસ્તક નીચેનામાંથી
કેટલી અન્ય સંસ્થા છે ?

(૧) આશ્રમશાળા

(૨) છાત્રાલય

(૩) માધ્યમિક શાળા

(૪) ઉત્તર બુનિયાદી શાળા

(૫) અન્ય

૭. છાત્રાલય : કન્યા / કુમાર

૮. મુકરર કરેલ છાત્રોની સંખ્યા :

૯. છાત્રાલયમાં કેટલી શ્રેણી સુધીની વ્યવસ્થા છે ?

૧૦. છાત્રાલયમાં કઈ કઈ જાતિના બાળકો છે ? તેની જાતિવાર અને ધોરણવાર સંખ્યા

૧.

૨.

૩.

૧૧. છાત્રાલયની આજુબાજમાં (અંતર) કયાં સુધીની શૈક્ષણિક સુવિધા છે ?

૧૨. આ સ્કૂલનું નામ અને સંચાલન કરતી સંસ્થાનું નામ :

૧.

૨.

(ખ) **છાત્રાલયનું મકાન :**

૧. મકાન સરકારી / પોતાનું / ભાડાનું

૨. જો પોતાનું હોય તો સરકારી અનુદાનથી બંધાવેલ છે?
'હા' તો કેટલી રકમ મળેલી અને વર્ષ :

૩. ભાડાનું હોય તો મકાન ભાડું (માસિક) :

૪. આ ભાડા પેટે સરકાર તરફથી કેટલી રકમ મળે છે ?

૫. મકાન કોનું ભાડે લીધેલ છે ?

૬. છાત્રાલયમાં રૂમ કેટલા (લંxપxઉં) :

૭. આમાં કેટલા રૂમ કાચા/પાકા :

૮. મકાન ઉપર છાજ શેનું છે ?

૯. મકાનના રૂમનો ઉપયોગ

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ક્ષેત્રફળ** |
|---|---|---|---|
| ૧. | બાળકોને રહેવા માટે નિવાસખંડ | | |
| ૨. | રસોડું | | |
| ૩. | કોઠાર | | |
| ૪. | ભોજનાલય | | |
| ૫. | કાર્યાલય | | |
| ૬. | વાંચનાલય | | |
| ૭. | મહેમાનગૃહ | | |
| ૮. | ગ્રંથાલય | | |
| ૯. | કર્મચારી નિવાસ | | |
| ૧૦. | મુલાકાતી ખંડ | | |

૧૦. એક રૂમમાં કેટલાં બાળકોને રાખવામાં આવે છે ?

૧૧. એક રૂમમાં જે બાળકોને રાખવામાં આવે છે તે કઈ રીતે નક્કી કરાય છે ?
ઉંમર પ્રમાણે / જાતિ પ્રમાણે / ધોરણ પ્રમાણે / અન્ય (વિગત લખવી)

૧૨. જાજરૂ જવા કયા પ્રકારની સગવડ છે ?

| વિગત | સંખ્યા |
| --- | --- |
| ખાળ કૂવા | |
| ડબ્બા | |
| ફલશ | |
| અન્ય | |

૧૩. જાજરૂમાં પાણીની સગવડ છે ? હા / ના

'હા' તો કેવા પ્રકારની ?

૧૪. જાજરૂની સફાઈ કોણ કરે છે ?

૧૫. પેશાબખાનું છે ? હા / ના

જો 'હા' તો પ્રકાર :

૧૬. ન્હાવા માટેની શું સગવડ છે ?

નાવણિયા : ખુલ્લા / બંધ (સંખ્યા)

૧૭. ગોબર ગેસ છે ? (સંખ્યા)

૧૮. છાત્રાલયમાં લાઈટની સુવિધા છે ?

૧૯. પીવાના પાણીની શી સગવડ છે ?

૨૦. પ્રાથમિક આરોગ્ય માટેની શી સુવિધા છે ?

૨૧. દૈનિક વર્તમાનપત્રો અને સામયિકો કયાં કયાં આવે છે ?

નામ : પ્રકાશન સ્થળ :

૨૨. છાત્રો માટે નીચેનામાંથી શું અપાય છે ?

| ક્રમ | વિગત | કેટલાં બાળકોને |
| --- | --- | --- |
| ૧. | પલંગ | |
| ૨. | ગાદલું | |
| ૩. | શેતરંજી | |
| ૪. | ઓસીકું | |
| ૫. | ચાદર | |
| ૬. | કબાટ | |
| ૭. | થાળી / વાટકો/પ્યાલો | |

૮. ખુરશી / ટેબલ

૯. ગણવેશ

૧૦. પુસ્તકો

૧૧. નોટબુક

૧૨. અન્ય

(ગ) **છાત્રાલયના કાર્યકરો અને તેની માહિતી :**

૧: સરકાર માન્ય સેટ-અપ મુજબના કાર્યકરો (સંખ્યા) :

૨. હાલમાં કેટલાં કાર્યકરો કામ કરે છે ? (સંખ્યા) :

૩. માન્ય સેટ-અપ કરતાં વધુ કે ઓછી સંખ્યાના કાર્યકરો હાલમાં હોય તો વધઘટ અંગેની કોઈ કાર્યવાહી ચાલે છે ? જો 'હા' તો તેની વિગત :

૪. છાત્રાલયમાં હાલના કાર્યકરોની મદદથી છાત્રાલયનું કામ કાર્યદક્ષ રીતે ચાલી શકે છે ખરું ?
હા / ના
જો 'ના' તો શું કરવું જોઈએ ?

૫. છાત્રાલયના કાર્યકરો અંગેની વિગત :

| ક્રમ | નામ | જાતિ | લિંગ | ઉંમર | અભ્યાસ | હોદ્દો | કુલ માસિક પગાર મોંઘવારી અન્ય ભથ્થા | કામનો અનુભવ | સંસ્થામાં કેટલા વર્ષથી કામ કરો છો | વિ. નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | | | | | |
| ૨. | | | | | | | | | | |
| ૩. | | | | | | | | | | |
| ૪. | | | | | | | | | | |
| ૫. | | | | | | | | | | |
| ૬. | | | | | | | | | | |
| ૭. | | | | | | | | | | |
| ૮. | | | | | | | | | | |
| ૯. | | | | | | | | | | |
| ૧૦. | | | | | | | | | | |

૬. છાત્રાલયમાં વધુ સારું કામ થઈ શકે તે અંગેના તમારાં મંતવ્યો ?

૧.

૨.

૩.

૭. ગૃહમાતા / ગૃહપતિ છાત્રાલયમાં રહે છે ? હા / ના

'ના' તો કારણ

૮. ગૃહમાતા / ગૃહપતિ છાત્રાલયમાં કુટુંબ સાથે રહે છે ?

૯. ગૃહમાતા / ગૃહપતિ પાસેથી મકાનભાડું લેવામાં આવે છે ? હા / ના

જો 'હા' તો રકમ જણાવો.

૧૦. ગૃહપતિ / ગૃહમાતાએ છાત્રાલય સંચાલન અંગેની તાલીમ લીધી છે ? હા / ના

જો 'હા' તો ક્યારે / ક્યાં / કેટલા દિવસ / કોના દ્વારા આયોજિત

૧૧. રસોયાએ રસોઈના કામ અંગેની કોઈ તાલીમ લીધી હોય તો તેની વિગતો

**(ઘ) છાત્રાલયની સ્થાવર મિલકત :**

૧. મકાન : (સંખ્યા અને કિંમત)

૨. જમીન :

૧. ખેતીલાયક (એકરમાં)

૨. બિનખેતીલાયક (એકરમાં)

કુલ કિંમત :

૨.૧ ખેતીલાયક જમીનમાં ક્યારી / જરાયત / બાગાયત

૨.૨ ખેતીલાયકમાં પિયત / બિનપિયત

જો પિયત હોય, તો સિંચાઈની સગવડ શું છે ?

૨.૩ ખેતીમાંથી શું પાક લો છો ?

૨.૪ છેલ્લા વર્ષનું પાક પ્રમાણે ઉત્પાદન (કિંમતમાં)

૧.

૨.

૩.

૪.

૫.

૨.૫ જે ઉત્પાદન થાય છે તેનો ઉપયોગ શું ?

૩. અન્ય મિલકત :

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત |
|---|---|---|---|
| ૧. | પશુ | | |
| ૨. | ખેતીનાં સાધનો | | |
| ૩. | વાસણો | | |
| ૪. | કાર્યાલયનું રાચરચીલું | | |

**(ચ) છાત્રાલયના સંદર્ભમાં વિગત :**

૧. છાત્રાલયને લગતાં દફતર કોની પાસે રહે છે ?

૨. આ દફતરનું સંચાલન કોણ કરે છે ?

૩. સમાજ કલ્યાણ અધિકારી દ્વારા વર્ષમાં કેટલો વખત છાત્રાલયની મુલાકાત લેવાય છે ?

૪. છાત્રાલય માટે નિયંત્રણ સમિતિ છે ? હા / ના

જો 'હા' તો તેમાં કોણ કોણ સભ્ય તરીકે છે ?

૫. છાત્રાલયમાં ગ્રાન્ટ સિવાય બીજાં કોઈ નાણાંકીય સાધનો હોય તો તેની વિગત દર્શાવો

૬. છાત્રો માટેની જરૂરી વસ્તુ (અનાજ) વગેરે કયાંથી ખરીદવામાં આવે છે ?

૭. એ વસ્તુઓ કઈ રીતે કોના દ્વારા ખરીદાય છે ?

૮. સરકારશ્રી તરફથી અનાજ વગેરેનું નિયત કરેલ પ્રમાણ તમારા છાત્રાલયને સમયસર મળે છે ?

હા / ના

૯. છાત્ર- છાત્રાઓના વાલી પાસેથી વાલીફાળો લેવામાં આવે છે ? હા / ના

જો 'હા' તો કેટલા રૂપિયા ?

૧૦. વાલીફાળાની જે રકમ આવે છે તેનો શો ઉપયોગ થાય છે ?

૧૧. ધોરણ ૧૧ કે ૧૨ના વિદ્યાર્થીઓ પાસેથી તેમને મળતી શિષ્યવૃત્તિમાંથી કોઈ રકમ કપાય છે ?

હા / ના

જો 'હા' તો કેટલી અને તેનો ઉપયોગ

૧૨. જો છાત્રોના ગામમાં શાળા હોય તેને પ્રવેશ અપાય છે ? હા / ના

જો 'હા' તો શા માટે ?

૧૩. છાત્રાલયમાં છાત્રોની કઈ કઈ સમિતિ છે ?

૧૪. વર્ષમાં છાત્રોના આરોગ્યની તપાસ કેટલી વખત થાય છે ? ગયા વર્ષમાં આ તપાસ કરી હોય તેની વિગત

૧૫. સંસ્થા બાળકદીઠ કેટલો ખર્ચ કરે છે ? (માસિક)

૧૬. છાત્રોને જે ખોરાક આપવામાં આવે છે તે પૂરતો અને પૌષ્ટિક હોય છે કે કેમ ?

૧૭. પાછલા વર્ષની વાર્ષિક પરીક્ષાનું પરિણામ :

કુલ છાત્રોની સંખ્યા

પરીક્ષામાં બેઠેલ છાત્રોની સંખ્યા — ઉત્તીર્ણ થયેલા છાત્રોની સંખ્યા

પ્રાથમિક - માધ્યમિક — પ્રાથમિક - માધ્યમિક

૧૮. નાપાસ થયેલ વિદ્યાર્થીને બીજા વર્ષે પ્રવેશ અપાય છે ? હા / ના

૧૯. નાપાસ થયેલ વિદ્યાર્થીને ગ્રાન્ટ અપાય છે ? હા / ના

જો 'હા' તો શા માટે ?

**(છ) છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિઓ :**

૧. દૈનિક પ્રવૃત્તિની વિગત (સવારથી રાત્રિના શયન સુધીની)

૨. છાત્રોના વિકાસ માટે કઈ કઈ પ્રવૃત્તિ કરાય છે ?

૨.૧ શારીરિક વિકાસ માટેની હા / ના

'હા' તો કેવા પ્રકારની ?

૨.૨ બૌધ્ધિક વિકાસ માટેની હા / ના

'હા' તો કેવા પ્રકાર ?

૨.૩ ધાર્મિક ભાવનાના વિકાસ માટેની હા / ના

'હા' તો કેવા પ્રકારની ?

૨.૪ મનોરંજન પ્રવૃત્તિ હા / ના

'હા' તો કેવા પ્રકારની ?

૨.૫ સાંસ્કૃતિક પ્રવૃત્તિ

સંગીત હા /ના

કલાવર્ગ હા / ના

નાટ્ય તાલીમ હા / ના

ભજન હા / ના

નૃત્ય હા / ના

અન્ય હા / ના

૩. પ્રવાસનું આયોજન થાય છે ? હા / ના

'હા' તો છેલ્લે યોજેલ પ્રવાસની વિગત

(સ્થળ, કેટલા દિવસ, કેટલાં બાળકોએ ભાગ લીધો, બાળકદીઠ ખર્ચ)

૪. છાત્રાલયમાં વધારાના શિક્ષણ (કોચીંગ કલાસ)ની વ્યવસ્થા છે ? હા / ના

'હા' તો તેની વિગત :

## પરિશિષ્ટ-૪

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

## ગુજરાતમાં આદિવાસી છાત્રાલય : મૂલ્યાંકન અભ્યાસ

છાત્રાલયમાં રહેતા બાળકોની વિગત

૧. છાત્રનું નામ :

૨. જાતિ :

૩. ઉંમર :

૪. હાલમાં કયા ધોરણમાં છે ?

૫. ગામ / તાલુકો :

૬. પોતાના ગામથી છાત્રાલયનું અંતર (કિ.મી.માં)

૭. ગામમાં કેટલા ધોરણની શાળા છે ?

૮. પોતાના ગામમાં શિક્ષણની જે સુવિધા છે? તેનાથી વધુ અભ્યાસ કરવા માટે નજીકમાં સ્થળ કયું ? અંતર ?

૯. તમારા કુટુંબમાં અભ્યાસ કરેલી વ્યક્તિઓની સંખ્યા કેટલી ?

પુરૂષ : સ્ત્રી :

૧૦. આમાંથી કોઈએ છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો હતો ?

પુરૂષ : સ્ત્રી :

૧૧. હાલમાં તમારા કોઈ ભાઈ-બહેન છાત્રાલયમાં છે ? હા / ના

જો 'હા' તો કેટલાં ?

૧૨. તમે છાત્રાલયમાં જ શા માટે દાખલ થયા ?

૧૩. પિતાનો અભ્યાસ :

માતાનો અભ્યાસ :

૧૪. પિતાનો વ્યવસાય :

માતાનો વ્યવસાય :

૧૫. પિતા પાસે ખેતીની જમીન છે ? હા / ના

જો 'હા' તો કેટલા એકર ?

૧૬. છાત્રાલયની સગવડ અંગેના ફાયદા :

૧૭. છાત્રાલયમાં કોઈ અગવડ પડતી હોય તો જણાવો ?

૧૮. તમારી કયાં સુધીની અભ્યાસ કરવાની ઈચ્છા છે ?

૧૯. અભ્યાસ પછી તમે શું કરવા ઈચ્છો છો ?

## REFERENCES


1. Kurrien J. — University and College Hostels (Draft Report of living conditions of students in University and College Hostels in India) unit for Research in the society of education, Tata Institute of Social Sciences Deonar, Bombay-1979
2. Mukherjee P.K. — "The aim of Tribal Education" Vanyajati Bhartiya Adimjati Sevak Sangh, Delhi Vol. IX No.1 Jan., 1961
3. Naik D. J. — Ashram School Vanya Jati, Vol. XII Page-165 October - 1965
4. Naik T. B. — Impact of education on the Bhils (Cultural change in the Tribal Life of Madhya Pradesh)
5. Roy Burman B.K. — "Relative roles of Government and Voluntary Agencies in education of Tribal People" Report of the National Seminar on Tribal Education : India Tribal Education Unit, Department of Adult P.P. 121-132.
6. Shah Vimal — "Tribal Education in Gujarat" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, 1966, Vol. XIV, No.3 (July-1966) F.D.109-112,
7. Srivastav L.R.N. Kaul C.L. — "Hostal Facilities for Scheduled Tribes (Third all India Educational Survey).

૮. કટારા કાલીદાસ ધનાભાઈ — ''શામળાજી વિસ્તારનાં છાત્રાલયો'' મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય-૧૯૭૨

૯. કાલેલકર દત્તાત્રેય — ''છાત્રાલય સંહિતા'' ગ્રામ છાત્રાલય સંમેલનના નિબંધ અને વ્યાખ્યાનોનો સંગ્રહ - અમદાવાદ-૧૯૩૦

૧૦. ઘનશ્યામ વાઘેલા — ''અમદાવાદ જિલ્લાના હરિજનોનો શૈક્ષણિક વિકાસ'' મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય

| | | |
|---|---|---|
| | | ૧૫૯ |
| ૧૧. | છાત્રાલય મંડળ | ''છાત્રાલય સર્વ સંગ્રહ'' |
| ૧૨. | જોષી વિદ્યુતભાઈ | આશ્રમશાળા - અમરેલી- ૧૯૨૮ |
| ૧૩. | જોષી શાંતિકુમાર | છાત્રાલય પ્રશાસન'' શ્રી જી પ્રકાશન- રાજકોટ, ૧૯૭૨ |
| ૧૪. | દેસાઈ ધર્મિષ્ઠાબહેન ભીખુભાઈ | ''સુરત જિલ્લાના પછાત વર્ગનાં કન્યા છાત્રાલયો'' મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૫૬ |
| ૧૫. | નાનાભાઈ ભટ્ટ | ''ગૃહપતિને'' લોકભારતી સણોસરા, જિ. ભાવનગર- ૧૯૮૩ |
| ૧૬. | પટેલ કેશવલાલ આત્મારામ | ''છાત્રાલય અને જીવન ઘડતર'' મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૭૩ |
| ૧૭. | પટેલ કેશવલાલ આત્મારામ | ''અમદાવાદના નિવાસી સંસ્થાના છાત્રાલયો અને અન્ય પ્રકારનાં છાત્રાલયોના છાત્રોના પ્રશ્નોનો તુલનાત્મક અભ્યાસ.'' મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૭૪. |
| ૧૮. | પરમાર કીર્તિભાઈ ભગાભાઈ | ''છાત્રાલય દ્વારા શિક્ષણ અને રચનાત્મક પ્રવૃત્તિઓ : સંસ્કાર મંદિર બાલાશિનોર છાત્રાલયોની તપાસ. મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૭૩ |
| ૧૯. | પટેલ શિવાભાઈ ગો. | ''સમુહ જીવન અને છાત્રાલય'' ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૫ |
| ૨૦. | પટેલ શિવાભાઈ ગો. | ''જીવન દ્વારા શિક્ષણ'' |
| ૨૧. | બૂકર ટી. વોશિંગ્ટન લિખિત પ્રાયોજન વહોરા રસુલભાઈ ને. | ''છાત્રોને'' પુસ્તકાલય સહાયક સહકારી મંડળ, વડોદરા-૧૯૫૩ |
| ૨૨. | મલેક અમિરમિયાં કે. | 'ધોળકા તાલુકાના છાત્રાલયો'', મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૬૫ |
| ૨૩. | રાવળ પોપટભાઈ એ. | ''ગાંધી આશ્રમ જિલિયાના છાત્રાલયોમાં સમૂહ જીવનની કેળવણીનો અભ્યાસ'' મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ૧૯૮૧ |
| ૨૪. | શાહ ધીરજલાલ ટોકરશી | ''છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ'' શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઈ - ૨૫-૭-૭૯ |


**છાત્રાલય સંબંધી લેખ**

| | | |
|---|---|---|
| ૧. | કાલેલકર કાકાસાહેબ | છાત્રાલય જીવન - જૂન-૬૯ |

| | | |
|---|---|---|
| ૨. | કાલેલકર | જૂનાં છાત્રોનું સમાજઋણ |
| ૩. | કાલેલકર | હોપદી છાત્રાલય |
| ૪. | ગાંધીજી | આદર્શ છાત્રાલય |
| ૫. | ચંદારાણા કાંતિભાઈ | છાત્રાલયના પાયાના પ્રશ્નો |
| ૬. | જાદવ વસનજી | છાત્રાલય જીવનના મારા અનુભવો |
| ૭. | જોષી છગનલાલ ન. | સત્યાગ્રહ આશ્રમનું છાત્રાલય, ઓગષ્ટ-૬૯ |
| ૮. | ઠાકર ભોગીલાલ | જીવન્ત છાત્રાલય |
| ૯. | ત્રિવેદી હરભાઈ | છાત્રાલય દ્વારા ચારિત્ર ઘડતર- જાન્યુઆરી-૬૮ |
| ૧૦. | થાનકી હરજીવન | છાત્રાલય ધર્મ, ફેબ્રુઆરી-૬૮ |
| ૧૧. | દેસાઈ જયોતિભાઈ | છાત્રાલય અને સંગીત, એપ્રિલ-૬૮ |
| ૧૨. | દેસાઈ જયોતિભાઈ | કોલેજિયનનું છાત્રાલય, એપ્રિલ-૬૮ |
| ૧૩. | દેસાઈ જયોતિભાઈ | ઈંગ્લેન્ડના છાત્રાલયોમાં શિસ્ત, મે-૬૮ |
| ૧૪. | દેસાઈ જયોતિભાઈ | ગૃહપતિ થવું જ મારે |
| ૧૫. | દેસાઈ ભારતીબેન | આશ્રમશાળામાં છાત્રાલયની સુવિધા |
| ૧૬. | દેસાઈ રમાબેન | છાત્રાલય દ્વારા સમાજ નવરચના |
| ૧૭. | દેસાઈ સુરેશભાઈ ડી. | આદિવાસી છાત્રાલયોની આર્થિક વહીવટી મુશ્કેલીઓ |
| ૧૮. | દોશી બેચરદાસ | છાત્રાલયમાં ધર્મપાલન અને ધર્મ શિક્ષણ |
| ૧૯. | નાયક ઠા. ભા. | ગુજરાતેત્તર રાજયોમાં આદિવાસી છાત્રાવાસો : ગુજરાતની આદિવાસી છાત્રાવાસ વધારવાના સંદર્ભમાં એક અભ્યાસ |
| ૨૦. | પરીખ નરહરી | છાત્રાલયનાં આવશ્યક અંગો, માર્ચ-૬૮ |
| ૨૧. | પરીખ નરહરી | છાત્રાલયનાં આવશ્યક અંગો |
| ૨૨. | પરીખ સુરેશભાઈ | વિદ્યાર્થી ઘડતરમાં છાત્રાલયનો હિસ્સો, ડીસેમ્બર-૬૮ |
| ૨૩. | પારેખ નગીનદાસ | છાત્રાલયમાં સ્વાસ્થ્ય સંરક્ષણ |
| ૨૪. | પારેખ નગીનદાસ શાંતિલાલ ગાંધી | છાત્રાલયનું રસોડું |
| ૨૫. | પંચોલી મનુભાઈ | છાત્રાલય- આપણી આશા, ડીસેમ્બર-૬૮ |
| ૨૬. | પંચોલી મનુભાઈ | છાત્રાલય અને કુટુંબ જીવન, જાન્યુઆરી-૬૮ |
| ૨૭. | પંચોલી મનુભાઈ | છાત્રાલયમાં ઈતર વાંચન, માર્ચ-૬૮ |

| | | |
|---|---|---|
| ૨૮. | પંચોલી મનુભાઈ | છાત્રાલયોમાં ધર્મ સંસ્કાર, ડીસેમ્બર ૬૮ |
| ૨૯. | પટેલ કેશુભાઈ | છાત્રાલયના પ્રશ્નો - ઉકેલો |
| ૩૦. | પટેલ કેશુભાઈ | છાત્રાલયનું સંચાલન |
| ૩૧. | પટેલ રણછોડભાઈ | આદિવાસી છાત્રાલયોની શૈક્ષણિક સમસ્યા. |
| ૩૨. | પટેલ શિવાભાઈ | પાયખાનામાં ચિતરામણ અને છાત્રાલયમાં ચોરી, જાન્યુઆરી, ૬૮ |
| ૩૩. | પટેલ શિવાભાઈ | છાત્રાલય અને જીવન ઘડતર, ઓક્ટોબર-૬૮ |
| ૩૪. | પટેલ શિવાભાઈ | છાત્રાલયમાં શિસ્ત, ઓગષ્ટ, ૬૯ |
| ૩૫. | પટેલ અરૂણભાઈ | ગુજરાતના આદિવાસી છાત્રાલયોનો યથાસ્થિતિ અહેવાલ. |
| ૩૬. | પરમાર તખ્તસિંહ | છાત્રાલયના કેટલાક પ્રશ્નો |
| ૩૭. | ભટ્ટ ગિરિશભાઈ | આદિવાસી છાત્રાવાસોના ગૃહપતિઓની લાયકાત નક્કી કરવા માટેના કેટલાક સુઝાવો. |
| ૩૮. | ભાલરિયા કનુભાઈ | છાત્રાવાસનાં સંસ્મરણો, સપ્ટેમ્બર-૬૯ |
| ૩૯. | ભટ્ટ નાનાભાઈ | ગૃહપતિ અને વિદ્યાર્થીઓનો સંબંધ, ડીસેમ્બર, ૬૭ |
| ૪૦. | ભટ્ટ નાનાભાઈ | સારાં છાત્રાલયમાં પણ શું નથી, જાન્યુઆરી-૬૮ |
| ૪૧. | ભટ્ટ નાનાભાઈ | છાત્રાલયો અને મા-બાપ, જુન-૬૮ |
| ૪૨. | મહેતા દિનકર | રાષ્ટ્રીય છાત્રાલય |
| ૪૩. | માંકડ કોલરરાય | કાકાસાહેબના છાત્રાલય વિશેના વિચારો, જાન્યુઆરી-૬૮ |
| ૪૪. | માધડ દેવજીભાઈ | છાત્રાલયના છાત્રોને, ડીસેમ્બર ૬૭ |
| ૪૫. | મુનિ મુકુંદરાય | છાત્રાલયમાં જડ્યું, જુલાઈ-૬૮ |
| ૪૬. | રામાનુજ રણછોડદાસ | છાત્રાલયમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ, જુલાઈ-૬૯ |
| ૪૭. | રાસબિહારીલાલ | આદિવાસી સંસ્કૃતિ અને છાત્રાલય : એક નોંધ |
| ૪૮. | શાહ મનુભાઈ | છાત્રાલયમાં ચોરી, ફેબ્રુઆરી-૬૯ |
| ૪૯. | સોલંકી સિધ્ધરાજભાઈ | આદિવાસી છાત્રાલયો અને આદિવાસી સંસ્કૃતિ |
| ૫૦. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રો અને સિનેમા, જાન્યુઆરી-૬૮ |
| ૫૧. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રો અને પ્રાર્થના, ફેબ્રુઆરી-૬૮ |

| | | |
|---|---|---|
| ૫૨. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયમાં ધર્મ, ઓગષ્ટ૪ ૬૮ |
| ૫૩. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રો અને શ્રમ, ડીસેમ્બર, ૬૭ |
| ૫૪. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયની અંદર, ફેબ્રુઆરી, ૬૮ |
| ૫૫. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયના સ્વયંસેવકો, માર્ચ-૬૮ |
| ૫૬. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયમાં માંદગી, એપ્રિલ-૬૮ |
| ૫૭. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રો અને નિયમિતતા, એપ્રિલ-૬૮ |
| ૫૮. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયની સાયમિક સફાઈ, મે-૬૮ |
| ૫૯. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રોનાં અંદરોઅંદરના વ્યવહારો, ઓક્ટોબર-૬૮ |
| ૬૦. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રાલયનું વાતાવરણ, નવેમ્બર-૬૮ |
| ૬૧. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રોની સંસ્કારિકતા, જાન્યુઆરી-૬૯ |
| ૬૨. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રો અને નજીકની વનસ્પતિ, ડીસેમ્બર-૬૯ |
| ૬૩. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રોના મનોગ્રહો, મે-૬૯ |
| ૬૪. | ઈસ્માઈલભાઈ નાગોરી | છાત્રોની દંતરક્ષા, ઓગષ્ટ-૬૯ |
| ૬૫. | ઉપાધ્યાય ચંદ્રકાન્ત | છાત્રાલય : એક વૈજ્ઞાનિક અભિગમ |